॥ श्रीस्वामिनारायणो विजयते ॥

સત્સંગ શિક્ષણ શ્રેણી : પાઠ્યપુસ્તક ક્રમાંક : ૧૬

# ભગવાન સ્વામિનારાયણ
# પ્રબોધિત
# શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના

લેખક
કિશોર મહીપતરામ દવે

પ્રકાશક
**સ્વામિનારાયણ અક્ષરપીઠ**
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

# પ્રથમ આવૃત્તિનું પ્રાસ્તાવિક....

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત શુદ્ધ ઉપાસનાનું આ પુસ્તક વાચકોના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે. ઉપાસનાના ગહન અને સૂક્ષ્મ જ્ઞાનને સરળ ભાષામાં સત્સંગીઓ સમક્ષ મૂકવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે. ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં સત્સંગનું પાયાનું જ્ઞાન પ્રાપ્ત કરી, ઉપાસના સમજવા માટે યોગ્ય ભૂમિકા રચાયા પછી આ પુસ્તકને સમજવામાં બહુ મુશ્કેલી નહીં પડે. છતાં ઉપાસનાનું જ્ઞાન ઘણું ગૂઢ છે અને ઉપાસના અંગે સંપ્રદાયમાં પણ ઘણા મતમતાંતરો છે. તેથી આ પુસ્તકમાં શ્રીજીમહારાજનાં વચનામૃતો, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની વાતો, સંપ્રદાયના નંદ પરમહંસોનાં કીર્તનો તથા સંપ્રદાયનો ઈતિહાસ અને બ્રહ્મસ્વરૂપ સંતોના શ્રીમુખે સાંભળેલા ઈતિહાસ-પ્રસંગો અને અનુભવી કથનોને આધારે સિદ્ધાંતો સરળપણે સમજાવવા પ્રયાસ કર્યો છે.

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રવર્ધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસના એ સ્વામિનારાયણીય શુદ્ધ ઉપાસના છે, એ સમજણ આ પુસ્તકના ઊંડા અભ્યાસથી સુદૃઢ થશે એ નિઃશંક છે.

આ પુસ્તકના લેખનમાં પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજે રસ લઈ શરૂઆતથી જ ઉપયોગી સૂચનો અને પ્રેરણા આપ્યાં છે. આ ઉપરાંત, સંપ્રદાયના સંતોએ પણ યોગ્ય સુધારા-વધારા સૂચવી તેનું સ્વરૂપ ઘડ્યું છે. પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીના પ્રેમાળ સાથ અને અપૂર્વ જહેમત વગર આ શક્ય બન્યું ન હોત. આ પુસ્તક લખવામાં પૂજ્ય હર્ષદભાઈ દવે – જેમની પાસેથી શુદ્ધ ઉપાસનાના જ્ઞાનને શીખવાનો સુયોગ મળ્યો છે અને તેમનાં જ્ઞાનસભર પ્રકાશનોમાંથી ઉતારાઓ અને સંદર્ભો ટાંકવાની છૂટ લીધી છે – તેમનો મોટો ઉપકાર છે. પ્રૉ. રમેશભાઈ દવેએ પણ આ પુસ્તકનાં પ્રકરણો લખવામાં ઉપયોગી સૂચનો આપ્યાં છે. આ સૌના ઋણનો સ્વીકાર કરી તેમનો આભાર માનું છું.

સત્સંગ શિક્ષણ પરીક્ષાના અભ્યાસક્રમના એક ભાગરૂપે આ પુસ્તકની રચના

કરવામાં આવી છે. ચતુર્થ પરીક્ષા – 'સત્સંગ પ્રવીણ' પરીક્ષા માટેનું આ પુસ્તક આપના હાથમાં મૂકતાં અમને આનંદ થાય છે.

અત્રે નોંધવું ઘટે કે આ પુસ્તકમાં 'સ્વામીની વાતો'ના સંદર્ભો સન ૨૦૧૧ની નવી આવૃત્તિ અનુસાર મૂક્યા છે. આથી, તેના ક્રમાંકોમાં થયેલાં પરિવર્તનો નવી આવૃત્તિ અનુસાર સમજવાં.

સ્વામીશ્રીજી તથા પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજીને રાજી કરવા સત્સંગીઓ, બાળકો, યુવાનો તથા જિજ્ઞાસુઓ આ અભ્યાસક્રમ તૈયાર કરી સત્સંગની પરીક્ષાઓમાં ઉચ્ચ પ્રમાણપત્રો મેળવે એ જ અભ્યર્થના.

**– લેખક**

# નૂતન આવૃત્તિ વેળાએ....

સત્સંગ શિક્ષણ પરીક્ષા અન્વયે પ્રસ્તુત પુસ્તક પરીક્ષાર્થીઓ ઉપરાંત જિજ્ઞાસુ મુમુક્ષુઓ માટે પણ ખૂબ રસપ્રદ રહ્યું. અગાઉની આવૃત્તિઓ કરતાં આ આવૃત્તિ ઘણે અંશે પુષ્ટ અને સંવર્ધિત બની છે, જેમાં પૂજ્ય બ્રહ્મદર્શનદાસ સ્વામીએ ખૂબ જહેમત લીધી છે. તેમની સાંપ્રદાયિક અને અન્ય ગ્રંથોના અભ્યાસ દરમ્યાન ટપકાવેલી નોંધો શ્રીજીમાન્ય ઉપાસનાનું સમર્થન કરતી હોઈ અભ્યાસુને ગમશે.

'પ્રગટ' અને 'પ્રગટપણું સંત દ્વારા' આ બન્ને પ્રકરણો આ પુસ્તકમાં એક સ્વરૂપે રજૂ થયાં છે. અન્ય નાનાં નાનાં પેટા શીર્ષકો દ્વારા તે તે પ્રકરણને વધુ સરળ કરવા ઉપરાંત ઘણી ઘણી નવીનતા સાથે આ પુસ્તક પ્રાપ્ત થયું છે. આમ તો જ્ઞાનનો મહાસાગર ભર્યો છે, અહીં તો તેનું બુંદમાત્ર ચખાડ્યું છે.

આ પુસ્તકના પરિમાર્જનમાં પૂર્વે પૂજ્ય શ્વેતવૈકુંઠદાસ સ્વામી તથા પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામીએ સહયોગ આપ્યો હતો. આ આધુનિક બારમી આવૃત્તિના પ્રકાશનમાં દાર્શનિક દૃષ્ટિકોણથી તેને વધુ પરિમાર્જિત કરવામાં સહયોગ આપનાર પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામી, પૂજ્ય બ્રહ્મદર્શનદાસ સ્વામી તથા પૂજ્ય ભદ્રેશદાસ સ્વામી તેમજ અન્ય સહયોગીઓનો અહીં ઋણસ્વીકાર કરીએ છીએ.

**– સ્વામિનારાયણ અક્ષરપીઠ**

જાન્યુઆરી ૨૦૧૨

# અનુક્રમણિકા


**ક્રમ પ્રકરણ** **પૃષ્ઠ**

**૧. ઉપાસના ........................................................ ૧**

(૧) ઉપાસનાનું મહત્ત્વ ........................................................ ૧

(૨) ઉપાસના એટલે શું ? ........................................................ ૨

**૨. કર્તા ........................................................ ૪**

(૧) કર્તાપણું કેવી રીતે ? ........................................................ ૪

(૨) સર્વ-કર્તાહર્તા : શ્રીજીમહારાજ ........................................................ ૫

(૩) સર્વ-કર્તાહર્તા સમજવાની આવશ્યકતા ........................................................ ૬

**૩. સાકાર ........................................................ ૮**

(૧) સાકાર સ્વરૂપમાં રુચિ ........................................................ ૮

(૨) નિરાકાર સમજવાથી ખોટ ........................................................ ૧૦

(૩) ભગવાન નિરાકાર છે તે સમજણ ઉદ્‌ભવી ક્યાંથી ? ........................................................ ૧૧

(૪) સાકાર કેવી રીતે ? ........................................................ ૧૩

(૫) મૂર્તિમાન થકા વ્યાપક કેવી રીતે ? ........................................................ ૧૫

(૬) ધામમાં ને પૃથ્વી ઉપર – બંને ઠેકાણે સદા સાકાર ........................................................ ૧૬

(૭) દિવ્યભાવ ........................................................ ૧૮

(૮) દિવ્યભાવ સમજવાની આવશ્યકતા ........................................................ ૨૦

(૯) ભગવાન અને સંતમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ ........................................................ ૨૩

(૧૦) સર્વજ્ઞતા ........................................................ ૨૬

**૪. સર્વોપરી ........................................................ ૨૮**

(૧) સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક ........................................................ ૨૮

(૨) સર્વથી પર અક્ષરધામ અને અક્ષરધામાધિપતિ શ્રીહરિ સર્વોપરી .... ૨૯
(૩) શ્રીજીમહારાજનું સર્વોપરીપણું :
- શ્રીમુખનાં વચનોના આધારે .......... ૩૨
- 'સ્વામીની વાતું'ના આધારે .......... ૩૪
- અન્ય પરમહંસોનાં વચનોના આધારે .......... ૩૮

(૪) ઉત્પત્તિ સર્ગ .......... ૪૦
(૫) પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ : એક અને અદ્વિતીય .......... ૪૪
(૬) પ્રચલિત પ્રસંગો :
- શ્રીજીમહારાજે પ્રસંગોપાત્ત સમજાવેલું પોતાનું સર્વોપરીપણું ... ૪૫
- ગુણાતીતાનંદ સ્વામીએ પ્રસંગોપાત્ત સમજાવેલું મહારાજનું સર્વોપરીપણું .......... ૫૨

(૭) કેટલાક પ્રશ્નો .......... ૫૪
(૮) અનન્ય નિષ્ઠા છતાં સર્વનો આદર .......... ૬૦

**૫. પ્રગટ .......... ૬૩**

(૧) પ્રગટ એટલે શું ? અને તે કેવી રીતે .......... ૬૩
(૨) પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન .......... ૬૬
(૩) પ્રગટ ભક્તિનો મહિમા .......... ૬૭
(૪) પ્રગટની ભક્તિ એ જ શાંતિનો ઉપાય .......... ૬૯
(૫) મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત .......... ૭૦
(૬) પ્રગટને ઓળખ્યા વગર કસર .......... ૭૪
(૭) શ્રીજીમહારાજના અંતર્ધાન પછી પ્રગટપણું કેવી રીતે ? .......... ૭૬
(૮) પ્રગટપણું એક જ દ્વારા .......... ૭૯
(૯) ગુણાતીત સંતનાં લક્ષણો .......... ૮૨
(૧૦) ગુણાતીત સંતનો મહિમા :
- શ્રીજીમહારાજના શ્રીમુખે .......... ૮૫
- ગુણાતીતાનંદ સ્વામીના શ્રીમુખે .......... ૮૭
- પરમહંસોનાં પદોમાં .......... ૮૮
- પરોક્ષ ભક્ત-કવિઓનાં પદોમાં .......... ૯૦
- પરોક્ષ શાસ્ત્રોમાં .......... ૯૧

(૧૧) ગુણાતીત સંત એ ભગવાનનું પ્રગટ સ્વરૂપ છતાં
ભગવાનના દાસ ........................................................ ૯૨

**૬. અક્ષરબ્રહ્મ ........................................................ ૯૪**

(૧) અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી-સેવક ભાવે ઉપાસના ......... ૯૫
(૨) બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા :
- પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવા માટે ..................... ૯૭
- નિર્વિઘ્ન ભક્તિ માટે ................................................ ૯૭
- આત્યંતિકી મુક્તિ માટે ............................................. ૯૮

(૩) મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મની આવશ્યક્તા :
- બ્રહ્મરૂપ થવા માટે .................................................. ૯૯
- પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા માટે .......................... ૯૯

(૪) અક્ષરબ્રહ્મનો મહિમા ................................................ ૧૦૧
(૫) અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ................................................. ૧૦૨
(૬) અક્ષરનાં સ્વરૂપો ..................................................... ૧૦૩
(૭) અક્ષરબ્રહ્મ :
- સચ્ચિદાનંદ ચિદાકાશ તેજરૂપે ...................................... ૧૦૪
- ધામરૂપે ................................................................ ૧૦૪
- સાકાર, મૂર્તિમાન, સદા દિવ્યવિગ્રહ સેવકરૂપે ................. ૧૦૫
- પરમ એકાંતિક સત્પુરુષરૂપે ......................................... ૧૦૬

(૮) અક્ષરબ્રહ્મ : એક અને અદ્વિતીય ................................... ૧૦૭
(૯) અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સંબંધ ............................... ૧૦૮
(૧૦) બ્રહ્મને પરબ્રહ્મ લીન કરે એટલે શું ? ............................ ૧૦૯
(૧૧) અક્ષરબ્રહ્મનાં દિવ્યગુણો ............................................ ૧૧૦
(૧૨) અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું તાત્પર્ય ............................. ૧૧૦
(૧૩) અક્ષર તથા પુરુષોત્તમની સરખી સેવા-ભક્તિનો મહિમા ......... ૧૧૧
(૧૪) સદ્. ગુણાતીતાનંદ સ્વામી 'મૂળ અક્ષર' શાથી ? .................. ૧૧૩
- શાસ્ત્રોનાં પ્રમાણો ...................................................... ૧૧૪
- શ્રીજીમહારાજે સ્વમુખે કહેલા 'સ્વામી અક્ષર છે'
તે વિષેના પ્રસંગો ...................................................... ૧૧૫

- શ્રીજીમહારાજે કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા ....... ૧૧૯
- સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહેલા 'પોતે અક્ષર છે' તે વિષેના પ્રસંગો ........................................................ ૧૨૧
- સદ્. ગુણાતીતાનંદ સ્વામી 'પોતે અક્ષર છે' તે વિષેનાં 'સ્વામીની વાતું'નાં પ્રમાણો ........................................ ૧૨૪
- સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહેલો પોતાનો અસાધારણ મહિમા .................................................... ૧૨૫
- સદ્. ગોપાળાનંદ સ્વામીએ કહેલો 'સ્વામી અક્ષર છે' તે વિષેના પ્રસંગો ...................................................... ૧૨૬
- સદ્. ગોપાળાનંદ સ્વામીએ કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા .................................................... ૧૨૮
- અન્ય પરમહંસોએ કહેલા 'સ્વામી અક્ષર છે' તે વિષેના પ્રસંગો ...................................................... ૧૩૦
- અન્ય પરમહંસોએ કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા ... ૧૩૧
- 'સ્વામી અક્ષર છે' તે વિષેનાં અન્ય પ્રમાણો .................... ૧૩૪
- 'સ્વામી અક્ષર છે' – જીવન અને કાર્યના આધારે ............ ૧૩૭

**ઉપસંહાર .......................................................... ૧૪૧**

(૧) ઉપાસનામાં શું સમજવું ? ............................................... ૧૪૧

(૨) ઉપાસનામાં શું ન સમજવું ? ........................................... ૧૪૬

**પરિશિષ્ટ .......................................................... ૧૪૮**

અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત અને સંપ્રદાય અંગે કેટલાક પ્રશ્નો અને તેના ઉત્તરો ........................................ ૧૪૮

## પુસ્તકમાં ઉલ્લેખિત ગ્રંથોનાં સંક્ષિપ્ત નામોની સમજૂતી

| | | |
|---|---|---|
| વચ. | = | વચનામૃત |
| ગ.પ્ર. | = | ગઢડા પ્રથમ |
| ગ.મ. | = | ગઢડા મધ્ય |
| ગ.અં. | = | ગઢડા અંત્ય |
| કા. | = | કારિયાણી |
| લો. | = | લોયા |
| પં. | = | પંચાળા |
| વર. | = | વરતાલ |
| ઉપ. | = | ઉપનિષદ |
| શ્વે. | = | શ્વેતાશ્વતર |
| ભાગ. | = | શ્રીમદ્‌ભાગવત |
| શિક્ષા. | = | શિક્ષાપત્રી |
| સ્વા.વા. | = | સ્વામીની વાતું |
| ભ.ચિં. | = | ભક્તચિંતામણિ |
| નિ. કા. | = | નિષ્કુળાનંદ કાવ્ય |

# ૧ ઉપાસના

ઉપાસનાનો વિષય સમજવો એ સંપ્રદાયના આશ્રિતો માટે અત્યંત આવશ્યક છે. આ પુસ્તકમાં આપણે બને તેટલી સરળ ભાષામાં ભગવાન સ્વામિનારાયણે પ્રબોધેલી ઉપાસના સમજવા પ્રયત્ન કરીશું.

ઉપાસના અંગે, ભગવાન સ્વામિનારાયણના શ્રીમુખના શબ્દો અને તેમના અંગત પ્રસંગમાં આવી ગયેલા તેમના પરમ કૃપાપાત્ર પરમહંસોનાં વચનોનાં પ્રમાણ તથા બ્રહ્મસ્વરૂપ સત્પુરુષોનાં અનુભવસિદ્ધ પ્રમાણોના આધારે આપણે દૃઢ વિશ્વાસ અને પ્રતીતિપૂર્વક કહી શકીએ કે આ સંપ્રદાયમાં શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીએ સાચી ઉપાસના, ગુરુપરંપરા ન્યાયે સમજી અને પ્રવર્તાવી છે. તે પછી તેમની શિષ્યપરંપરા દ્વારા શુદ્ધ ઉપાસનાનું જ્ઞાન અનેક મુમુક્ષુઓ પામી રહ્યા છે અને એ જ્ઞાન જગતભરમાં પ્રસરી રહ્યું છે.

## ઉપાસનાનું મહત્ત્વ

દરેક મુમુક્ષુ બ્રહ્મભાવ પામવા પ્રયત્ન કરે છે. કલ્યાણના માર્ગે ચાલતા જીવો વ્રત, તપ, યોગ, યજ્ઞ, દાન સત્સંગ વગેરે અનેક શુભ પ્રવૃત્તિ કરી આત્યંતિક કલ્યાણ મેળવવા ઇચ્છે છે, જેથી જન્મ-મરણનો ચકરાવો ન રહે અને ભગવાનના ધામમાં જઈ ભગવાનની મૂર્તિનું અતિ અપાર સુખ પમાય. આ ધ્યેયની સિદ્ધિ માટે ઉપાસના એ સૌથી શ્રેષ્ઠ અને આવશ્યક સાધન છે.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : ‘‘કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે ઇત્યાદિક અનંત પ્રકારની

મોટપ પામે છે તથા પરમપદને પામે છે; **એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી.** ....માટે બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું.'' (વચ. ગ.પ્ર. ૫૬)

ઉપાસના વગર આત્મજ્ઞાન કે બ્રહ્મજ્ઞાન થતું જ નથી એમ શ્રીજીમહારાજ ભારપૂર્વક કહે છે : ''ઉપાસના વિના આત્મા બ્રહ્મને દેખવાને ઇચ્છવું તે કેમ છે ? તો જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તો પણ ક્યારેય ખાટો, ખારો સ્વાદ આવે જ નહિ, **તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા બ્રહ્મ દેખાય જ નહિ,** તે ગમે તેટલું જતન કરે તો પણ ન દેખાય. અને નિર્બીજ[1] એવા જે સાંખ્ય ને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે, તે ભલે કહ્યું છે, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી; માટે એ વાર્તા ખોટી છે.'' (વચ. ગ.અં. ૩૬)

વળી, ''મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે; માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ **બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે.** માટે અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે, પણ અંતસમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી.'' (વચ. ગ.પ્ર. ૬૧)

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : ''**ઉપાસનાથી મોક્ષ છે.**'' (સ્વા.વા. ૫/૧૩૫)

વળી, ''આપણી ઉપાસનાથી મોટાઈ છે ને ધર્મમાંથી લડથડે કે બીજાં સાધનમાંથી લડથડે પણ ઉપાસના દૃઢ હોય તો જીવ લડથડે નહિ.'' (સ્વા.વા. ૫/૭૦)

''ભગવાનની ઉપાસનાનું બળ હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તો પણ એમ સમજે જે દેહ તો પડી જાશે ને આપણે ભગવાનના ધામમાં જાશું એમ સમજીને સુખિયો રહે.'' (સ્વા.વા. ૧/૫૬)

## ઉપાસના એટલે શું ?

વચનામૃતોમાં અનેક સ્થળે શ્રીજીમહારાજે ઉપાસના સમજવા અને દૃઢ

---

૧. ભગવાન નિરાકાર છે – એવું પ્રતિપાદન કરતા સાંખ્ય અને યોગ.

કરવા, ભગવાનની નિષ્ઠા કરવા આદેશ આપ્યો છે. એ નિષ્ઠા એટલે ભગવાનને (૧) સર્વકર્તા (૨) સદા દિવ્ય સાકાર (૩) સર્વોપરી અને (૪) સદા પ્રગટ સમજવા. તેમ જ અક્ષરબ્રહ્મના સ્વરૂપને યથાર્થ સમજીને મનન દ્વારા અક્ષરબ્રહ્મનો સંગ કરીને પરબ્રહ્મની સેવા કરવી. આ પ્રકારની સમજણ કર્યા વિના મુમુક્ષુને ભગવાનના ધામની પ્રાપ્તિ થતી નથી.

હવે એ સમજણ અંતર્ગત પરમાત્મની નિષ્ઠાનાં ચાર અંગો અનુક્રમે જોઈએ.

# ૨ કર્તા

## કર્તાપણું કેવી રીતે ?

પરબ્રહ્મ પુરુષોત્તમ એક જ સર્વકર્તા છે. તેમની ઇચ્છા વિના સૂકું પાંદડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી. સર્વ જીવ-પ્રાણીમાત્રના કર્માનુસારે, તેમને ફળ દેનારા કર્મફળપ્રદાતા પરમાત્મા પરબ્રહ્મ છે. આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય પોતે કરતા નથી, પણ તેનું કારણ તો સ્વયં પોતે જ છે.

**अन्तः प्रविष्टः शास्ता जनानां सर्वात्मा ।**

*(તૈત્તિરીયારણ્યકમ્ : ૩/૧૧)*

અર્થાત્ સર્વજનોના આત્માપણે સર્વમાં અન્તઃપ્રવેશ કરીને સર્વનું શાસન કરનારા - નિયમન કરનારા ભગવાન છે.

ભગવાન જેવી રીતે જીવોનું નિયમન કરે છે, તેવી જ રીતે ઈશ્વર-કોટિનું પણ નિયમન કરે છે. ઈશ્વરોની ક્રિયાઓ પર દેખરેખ રાખે છે અને તેમને પોતાની ઇચ્છામાં વર્તાવે છે. પરમાત્મા પોતાની ઇચ્છાશક્તિ, ક્રિયા-શક્તિ અને જ્ઞાનશક્તિની પ્રેરણાથી જ જીવમાં તે તે શક્તિ જાગ્રત કરે છે. માયાને લીન કરવાની શક્તિ પણ પરમાત્મા ધરાવે છે. અક્ષરના આધાર હોવા ઉપરાંત અક્ષરને પણ લીન કરવાની શક્તિ પરમાત્મામાં છે. કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથાકર્તુમ્ શક્તિના ધારક પરમાત્મા છે.

આ રીતે, પરમાત્માને સર્વકર્તા સમજી તેમનો આશ્રય કરવો, એ શુદ્ધ ઉપાસકનું કર્તવ્ય છે.

વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે : ‘‘અને સર્વના કારણરૂપ એવા ભગવાન તે મનુષ્ય જેવા છે તો પણ પોતાના અંગમાંથી યોગકળાએ કરીને

અનંત કોટિ બ્રહ્માંડને ઉત્પન્ન કરવા સમર્થ છે ને પાછાં પોતાના વિષે લય કરવાને સમર્થ છે... તેને સમજુ હોય તે જાણે જે, ભગવાન મનુષ્ય જેવા જણાય છે તો પણ એ ભગવાન સર્વના કારણ છે અને **સર્વના કર્તા છે ને સમર્થ છે.**'' (વચ. લો. ૨)

''તેમ દેશ, કાળ, કર્મ, માયા તેનું પરમેશ્વર ચાલવા દે તેટલું ચાલે, પણ પરમેશ્વરના ગમતા બહાર અણુમાત્ર પણ ન ચાલે; માટે સર્વકર્તા તે પરમેશ્વર જ છે.'' (વચ. ગ.મ. ૨૧)

## સર્વ-કર્તાહર્તા : શ્રીજીમહારાજ

સર્વ-કર્તાહર્તા જે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે તે શ્રીજીમહારાજ પોતે જ છે, તે પ્રકારની સ્પષ્ટતા શ્રીજીમહારાજે પોતે જ ઘણાં વચનામૃતોમાં તેમજ અન્ય ગ્રંથોમાં 'એ જ આ પ્રત્યક્ષ', 'પ્રગટ પ્રમાણ', 'તમારા સર્વેના નયનગોચર', 'તમારા ઈષ્ટદેવ' વગેરે શબ્દો વાપરીને કરી છે.

તેમાંથી થોડાંક અવતરણો જોઈએ :

''ભગવાન તો સદા સાકાર જ છે ને અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા છે ને સદા પોતાના અક્ષરધામને વિષે વિરાજમાન છે ને રાજાધિરાજ છે ને તે જ આ પ્રત્યક્ષ છે.'' (વચ. ગ.અં. ૩૫)

''સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો **કર્તા પણ હું જ છું.** ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે **મારે તેજે કરીને તેજાયમાન છે** અને વળી હું કેવો છું તો મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચન્દ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે.'' (વચ. અમ. ૭)

ભક્તચિંતામણિમાં પણ શ્રીજીમહારાજ કહે છે :

''વળી કહું એક વારતા, સર્વે કીધું આપણું થાય છે;
સુખદુઃખ વળી જયપરાજય, યત્કિંચિત્ જે કહેવાય છે.
જે જે આપણને નવ ગમે, તે જીવ કેમ શકે કરી;
જુઓ સર્વે જક્તમાં, કોણ શકે છે ફેલ આચરી.
....તે માટે તમે સાંભળો, સત્સંગી સહુ નરનાર;

જે જે થાય છે જક્તમાં, તેનો બીજો નથી કરનાર.''

*(ભ. ચિં. પ્ર.૭૬)*

''મારું ધાર્યું અસત્ય સત્ય થાય છે, સમરથ મારું નામ સહિ;
મારી દૃષ્ટિએ જક્ત ઊપજે શમે, અનેક રૂપે માયા થઈ.''

*(ભ. ચિં. પ્ર.૬૮)*

ઓરડાના કીર્તનમાં પણ પોતાના કર્તાપણાની વાત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

''જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સૌને વશ કરું રે, સૌનો પ્રેરક હું ભગવાન....
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.''

*(સદ્. પ્રેમાનંદ સ્વામી)*

## સર્વ-કર્તાહર્તા સમજવાની આવશ્યકતા

જીવના કલ્યાણનું પરમ સાધન ભગવાનને સર્વકર્તા સમજવા એ જ છે. તે જણાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''કલ્યાણને અર્થે તો ભગવાનને સર્વ-કર્તાહર્તા જાણવા એ જ છે.'' (વચ. ગ.મ. ૨૧)

વળી, ''જીવનું કલ્યાણ તો આટલી જ વાતમાં છે જે, પ્રકટ પ્રમાણ એવા જે શ્રીકૃષ્ણ નારાયણ તેનું જ કર્યું સર્વે થાય છે પણ કાળ, કર્મ ને માયાદિક કોઈનું કર્યું કાંઈ થતું નથી. એવી રીતે ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે... અને જે જીવ ભગવાનને સર્વ-કર્તાહર્તા નથી જાણતો તો તેથી બીજો કોઈ પાપી નથી અને ગૌહત્યા, બ્રહ્મહત્યા, ગુરુસ્ત્રીનો સંગ તથા બ્રહ્મવેત્તા સદ્‌ગુરુનો દ્રોહ તે થકી પણ એને વધુ પાપી જાણવો. કાં જે, ભગવાન વિના બીજાં જે કાળ-કર્માદિક તેને એ કર્તા જાણે છે. માટે એવો જે નાસ્તિક ચંડાળ હોય તેની તો છાયામાં પણ ઊભું રહેવું નહિ.'' (વચ. કા. ૧૦)

વળી, ''ભગવાન સર્વના કર્તાહર્તા છે તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયા તેને જગતના કર્તાહર્તા કહે છે, માટે એ ભગવાનનો અતિ દ્રોહ છે.'' (વચ. વર. ૨)

માટે સાચો ઉપાસક છે તે, ‘‘ભગવાનને કાળ જેવા ન જાણે, કર્મ જેવા ન જાણે, સ્વભાવ જેવા ન જાણે, માયા જેવા ન જાણે, પુરુષ જેવા ન જાણે, અને સર્વ થકી ભગવાનને જુદા જાણે અને એ સર્વના નિયંતા જાણે, અને સર્વના કર્તા જાણે અને એ સર્વના કર્તા થકા પણ એ નિર્લેપ છે એમ ભગવાનને જાણે.’’ (વચ. ગ.પ્ર. ૬૨)

પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અનન્ય આશ્રયથી જ નિર્ભય થવાય છે. આ જગતમાં જે કાંઈ થાય છે તેના કર્તા ભગવાન જ છે એવી દૃઢ સમજણ હોય તો ભક્તને કાળ, કર્મ, માયા કે બીજા કોઈ દેવ, દેવી કે મંત્ર, જંત્ર, તંત્ર વગેરેનો ભય ન રહે અને સુખ-દુઃખમાં પણ સ્થિર મતિ રહે છે.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ વાતુંમાં કહ્યું છે : ‘‘જો માર માર કરતો કોઈ આવતો હોય તો એમ સમજવું જે, મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે પણ તે વિના કોઈનું હલાવ્યું પાંદડું પણ હલતું નથી.’’ (સ્વા.વા. ૧/૮૮)

આ રીતની દૃઢ સમજણ કરવાથી આવા અતિ સમર્થ અને સર્વકર્તા પરમેશ્વરના આશ્રયથી તેમની આજ્ઞા પાળવાનું બળ મળે છે. તેમનો મહિમા દૃઢ થવાથી ભક્તનું અંગ વૃદ્ધિ પામે છે અને તેથી એકાંતિક ભાવ સિદ્ધ થાય છે. ક્યારેક વિપરીત દેશકાળમાં અંતરની અતિ દૃઢતા હોવા છતાં કોઈ આજ્ઞાનો લોપ થઈ જાય તો પણ આ નિશ્ચયના બળે તેના અંતરમાં ઝાંખપ આવતી નથી અને ખરેખર, મોક્ષમાર્ગમાં આવી ઝાંખપ, નાદારી કે ‘મારું કલ્યાણ થશે કે નહિ’ એવી સંશયાત્મક બુદ્ધિ ઘણી અવરોધરૂપ બને છે. તેથી ભગવાનને વિષે કર્તાપણાની સમજણ દૃઢ કરવી એ ઉપાસનાનો પ્રાથમિક સિદ્ધાંત છે.

# 3 સાકાર

## સાકાર સ્વરૂપમાં રુચિ

ઉપાસનાની સમજણ જે શ્રીજીમહારાજે પોતે પ્રવર્તાવી છે તેમાં શ્રીજીમહારાજે ભગવાનના કેવળ તેજમાં રુચિ બતાવી નથી અને સાધકે ત્યાં અટકી જવાનું નથી. શ્રીજીમહારાજે ભગવાનના સાકાર સ્વરૂપમાં પોતાની રુચિ બતાવી છે. (વચ. લો. ૧૪ના આધારે)

સાકારપણામાં પોતાની રુચિ જણાવતાં શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : ''અમે પણ **એ જ પક્ષ**(સાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે તે)નું ગ્રહણ કરીએ છીએ.' (વચ. ગ.પ્ર. ૭૧)

વળી, પોતાનામાં રહેલા સ્વાભાવિક ગુણની વાત કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''(અમારે) **સાકારપણાની દૃઢ પ્રતીતિ છે,** તે કેટલાક વેદાંતના ગ્રંથ વંચાવ્યા ને સાંભળ્યા તો પણ પ્રતીતિ ટળી નહિ.'' (વચ. ગ.મ. ૩૯)

સાકારપણાની એવી નિઃશંક દૃઢ પ્રતીતિનું કારણ દર્શાવતાં શ્રીજી-મહારાજ કહે છે : ''આ જે વાર્તા (સાકારપણાની) તે અમે **પ્રત્યક્ષ દેખીને** કહી છે માટે એમાં કોઈ સંશય નથી.'' (વચ. ગ.પ્ર. ૬૪)

શ્રીજીમહારાજને ભગવાનના સાકારપણામાં અતિશય રુચિ હોવાથી જે કોઈ મુમુક્ષુ ભગવાનને સાકાર માનીને ઉપાસના કરતો હોય તે મહારાજને ગમે છે.[૨]

આ વાતને વિશેષ સ્પષ્ટ કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''આ ભગવાન ને ભગવાનના ભક્ત તે સદા સાકાર જ છે એમ સમજતો હોય અને ગમે તેવા

---

૨. વચ. ગ.અં. ૩૦ના આધારે.

વેદાંતીના ગ્રંથ સાંભળે પણ ભગવાન ને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહિ.... એવી જેને ભગવાનને વિષે સાકારપણાની દૃઢ પ્રતીતિ હોય ને **તે જેવો તેવો હોય તો પણ એ અમને ગમે છે.**'' (વચ. ગ.પ્ર. ૩૭)

વળી, જેને સાકારપણાની નિષ્ઠા છે તેને જ મહારાજે ઉપાસનાવાળો કહ્યો છે : ''ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય ને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તો પણ તે નિષ્ઠા જાય જ નહિ અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તો પણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે, પણ પોતાની ઉપાસનાનું ખંડન થવા દે જ નહિ. એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને **ઉપાસનાવાળો કહીએ.**'' (વચ. ગ.પ્ર. ૪૦). પણ ''જો (ભગવાનને) સાકાર ન સમજે તો તેની ઉપાસના પણ દૃઢ ન કહેવાય.'' (વચ. ગ.અં. ૩૫). માટે ''ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું.'' (વચ. ગ.પ્ર. ૭૧)

શ્રીજીમહારાજના સ્વમુખનાં આ સર્વે વચનો પરથી સ્પષ્ટપણે જણાય છે કે શ્રીજીમહારાજને પોતાને સાકારપણામાં દૃઢ પ્રતીતિ ઉપરાંત રુચિ પણ છે.

શ્રીજીમહારાજને પોતાને તો સાકારપણાની પ્રતીતિ છે જ, પણ પોતાના આશ્રિતો પણ સાકારપણાની પ્રતીતિ રાખે તે માટે, સાકારપણાની નિષ્ઠાથી ગમે તેવાં પાપ પણ બળી જશે ને કલ્યાણ થશે તે લાભ જણાવીને સાકારપણાની પ્રતીતિ રાખવા પોતાના આશ્રિતોને આજ્ઞા કરતાં કહે છે : ''ભગવાનને સાકાર જાણીને નિષ્ઠા રાખી હોય ને કદાચિત્ તેથી કાંઈક પાપ થઈ ગયું હોય તો એનો શો ભાર છે ? એ પાપ તો ભગવાનને પ્રતાપે કરીને સર્વે બળી જશે ને એનો જીવ ભગવાનને પામશે. **માટે ભગવાનના આકારને વિષે દૃઢ પ્રતીતિ રાખીને એની દૃઢ ઉપાસના કરવી, એમ અમે તમને સર્વેને કહીએ છીએ. તે આ વાર્તાને સર્વે દૃઢ કરીને રાખજ્યો.**'' (વચ. ગ.મ. ૩૯)

કદાચ કોઈ કાચી મતિવાળો હોય અને અતિ દૃઢપણે સાકારપણાની પ્રતીતિ ન હોય અને તેને નિરાકારપણાના શબ્દોની અસર ન થાય તે માટે આજ્ઞા કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''જે શાસ્ત્રમાં ભગવાનનું સાકારપણું પ્રતિપાદન ન કર્યું હોય... તે ગ્રંથ **શુદ્ધ વેદાંતના હોય ને એક અદ્વિતીય નિરાકારનું પ્રતિપાદન કરતા હોય** ને તે ગ્રંથ સુધા બુદ્ધિવાનના કરેલા હોય, તો

પણ તે ગ્રંથને કોઈ દિવસ ભણવા નહિ ને સાંભળવા પણ નહિ.'' (વચ. લો. ૬). તથા નિરાકારપણાની પ્રતીતિવાળા શુષ્કવેદાંતીનો સંગ કરવાની પણ મહારાજે ના પાડી છે.[૩]

આ રીતે, ભગવાનના સાકાર સ્વરૂપમાં શ્રીજીમહારાજે પોતાની રુચિ સ્પષ્ટ બતાવી છે પણ નિરાકારની સમજણ તરફ પોતાનો સ્પષ્ટ અણગમો બતાવ્યો છે.

શ્રીજીમહારાજ કહે છે : ''અમે શુષ્કજ્ઞાનીનો[૪] મત જાણવા સારુ તેના શાસ્ત્રનું શ્રવણ કર્યું, તે શ્રવણમાત્ર કરીને જ અમારા અંતરમાં આવો ઉદ્વેગ થઈ આવ્યો.'' તે ઉદ્વેગથી શ્રીજીમહારાજના ''મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તે છૂટીને શિથિલ થઈ ગયો... નેત્રમાંથી જળ પડવાં લાગ્યાં.'' (વચ. ગ.મ. ૧૯)

## નિરાકાર સમજવાથી ખોટ

નિરાકાર સમજણના ખંડનના અને સાકાર સમજણના પ્રતિપાદનના શબ્દો અનેક વચનામૃતોમાં આવે છે પણ આપણે તો થોડાં જ અવતરણો જોઈશું. ભગવાનને નિરાકાર સમજવાથી જે સ્વરૂપને પામવું છે, જેનું ધ્યાન-ભજન કરવું છે એ જ સ્વરૂપનું ખંડન થાય છે. તેથી તો શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાનને જે નિરાકાર સમજે, એ તો **પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે.** એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.'' (વચ. ગ.મ. ૩૯; ગ.પ્ર. ૭૧)

''ભગવાન છે તે કરચરણાદિક સમગ્ર અંગે સંપૂર્ણ છે... તેને અરૂપ કહેવા... એ જ ભગવાનનો દ્રોહ છે... અને ચંદન-પુષ્પાદિકે કરીને પૂજે છે તે પણ ભગવાનનો દ્રોહી છે.'' (વચ. વર. ૨)

''નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો **દ્રોહ કર્યો કહેવાય.**'' (વચ. ગ.મ. ૯).

લોક વ્યવહારમાં કે ભક્તિમાર્ગમાં ગમે તેટલો આગળ વધેલો હોય, શાસ્ત્રમાં પારંગત હોય તેને ઉદ્દેશીને પણ શ્રીજીમહારાજ કહે છે : ''સર્વે ગુણે સંપન્ન હોય ને જો ભગવાનને અલિંગ સમજતો હોય, પણ મૂર્તિમાન ન

૩. વચ. ગ.પ્ર. ૪૮; ગ.મ. ૧૮, ૧૯; ગ.અં. ૩૬.

૪. નિરાકારવાદી.

સમજે, એ મોટો દોષ છે; એણે કરીને એના બીજા **સર્વે ગુણ દોષરૂપ થઈ જાય છે.**'' (વચ. લો. ૧૬)

''અને જે એ ભગવાનને નિરાકાર જાણીને ધ્યાન-ઉપાસના કરે છે તે તો **બ્રહ્મ સુષુપ્તિને વિષે લીન થાય છે,** તે પાછો કોઈ દિવસ નીસરતો નથી અને ભગવાન થકી **કોઈ ઐશ્વર્યને પણ પામતો નથી.**'' (વચ. ગ.પ્ર. ૬૪)

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : ''ભગવાનના સ્વરૂપને જે નિરાકાર કહેનારા છે ને જાણનારા છે ને સત્શાસ્ત્રના અર્થને અવળા અર્થના કરનારા છે, તે તો અનંત જન્મ સુધી ને ત્રેતાયુગમાં દસ હજાર વર્ષ સુધી ને દ્વાપર-યુગમાં હજાર વર્ષ સુધી ને કળિયુગમાં સો વર્ષ સુધી એને ગર્ભમાંથી શસ્ત્રે કાપી કાપીને કાઢશે પણ બાળો સાદ કાઢીને રોશે નહિ ને એમ ને એમ **અનંત કલ્પ સુધી દુઃખને ભોગવશે, પણ સુખ તો નહિ જ થાય.**'' (સ્વા.વા. ૩/૧૬)

## ભગવાન નિરાકાર છે તે સમજણ ઉદ્‌ભવી ક્યાંથી ?

આપણે આગળ જોયું તે પ્રમાણે ભગવાનને નિરાકાર સમજવાથી પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ થાય, ભગવાનનો દ્રોહ થાય અને ગુણમાત્ર દોષરૂપ થઈ જાય છે. તો પ્રશ્ન એ થાય કે નિરાકાર સમજણ ઉદ્‌ભવી ક્યાંથી ?

ભગવાન નિરાકાર છે તે પ્રતિપાદન પણ શાસ્ત્રના આધારે કેટલાક લોકો કરે છે. શ્રીજીમહારાજ આના ઉત્તરમાં કહે છે : ''શ્રીમદ્‌ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે, પણ જે વાંચનારા હોય તેને **જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્‌ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે.**'' (વચ. ગ.મ. ૧૦)

શ્રીમદ્‌ભાગવત તો શુકજીએ ગાયું છે. ભક્તિમાર્ગના પ્રણેતા નારદજી તથા શૌનકાદિક ઋષિઓએ તેની કથા કરી છે. શુકજી તો ભગવાનના ધ્યાનમાંથી નીકળીને ભગવાનની કથા કરતા હતા :

**परिनिष्ठितोऽपि नैर्गुण्ये उत्तमश्लोकलीलया ।**
**गृहीतचेता राजर्षे ! आख्यानं यदधीतवान् ॥**

*(શ્રીમદ્‌ભાગવત : ૨-૧-૯)*

અર્થાત્ ''હે રાજર્ષે ! સત્ત્વાદિગુણના કાર્યભૂત ત્રણ દેહથી વિલક્ષણ આત્મસ્વરૂપમાં સમ્યક્ નિષ્ઠાને પામેલો એવો હું (શુક) ઉત્તમશ્લોક

ભગવાનની લીલાથી આકર્ષિત ચિત્તવાળો થઈને શ્રીમદ્‌ભાગવત પુરાણરૂપ જે આખ્યાન તેને ભણતો હવો.''

આમ, નિરંતર ભગવાનના ગુણ ગાતા શુકજી તો ભગવાનને નિરાકાર ન નિરૂપે, પણ ભગવાનનાં મનુષ્યચરિત્રોનું જ્યારે વર્ણન કરે ત્યારે તે દિવ્ય છે માયિક નથી તેમ દર્શાવવા, ભગવાનના સ્વરૂપમાં માયિક રૂપ-ગુણનો નિષેધ કરે. અજ્ઞાનીઓ અને ભક્તિરહિત મનુષ્યો આ પ્રકારના નિરૂપણથી ભગવાનને નિરાકાર સમજી બેસે છે. પછી તંત કે મમત્વથી પકડી રાખે છે. શાસ્ત્રમાંથી પણ એવા જ કાલ્પનિક મતની પુષ્ટિના શબ્દો શોધી પોતાના મમત્વને દૃઢ કરે અને મુમુક્ષુઓને ગેરમાર્ગે દોરે છે.

શ્રીજીમહારાજ કહે છે : ''જેમ કોઈકે ગાયનું પૂંછડું દીઠું, કોઈકે મુખ દીઠું, ખુર દીઠો, પેટ દીઠું, સ્તન દીઠો, તેણે જે જે અંગ દીઠું તે ગાયનું જ દીઠું છે, પણ જેવી ગાય છે તેવી કોઈએ દીઠી નથી. અને એક અંગ દીઠું, માટે ગાય દીઠી પણ કહેવાય. તેમ આત્માના પ્રકાશનું દર્શન જેટલું જેને ઇન્દ્રિયો દ્વારા અથવા અંતઃકરણ દ્વારા થયું તેટલો તે આત્મદર્શી કહેવાય, પણ સમ્યગ્ આત્મદર્શન એને કહેવાય નહિ.'' (વચ. લો. ૧૫)

માટે જેમને સમ્યગ્ આત્મદર્શન કે ભગવાનનો સાક્ષાત્કાર થયો નથી અથવા જેને ભગવાનને વિષે ભક્તિ નથી અથવા જેને ભગવાનના સ્વરૂપને વિષે સાકારપણાની પ્રતીતિ નથી, એવા લોકોએ શાસ્ત્રના રહસ્યને યથાર્થપણે નહિ સમજીને કે શાસ્ત્રના અવળા અર્થ કરીને નિરાકારની સમજણ પ્રવર્તાવી છે; કારણ કે ''શાસ્ત્રમાં જે શબ્દ છે તે **એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી.** તે કયા શબ્દ, તો જે 'ભગવાન અરૂપ છે, જ્યોતિઃસ્વરૂપ છે, **નિર્ગુણ છે ને સર્વત્ર વ્યાપક છે.' એવાં વચન** સાંભળીને મૂર્ખ હોય તે એમ જાણે જે, શાસ્ત્રમાં તો ભગવાનને અરૂપ કહ્યા છે.'' (વચ. ગ.પ્ર. ૬૬)

આ પ્રમાણે જ્યારે નિર્ગુણપણે કહ્યા હોય ત્યારે સાંભળનારાની ને વાંચનારાની મતિ ભ્રમી જાય છે અને જાણે છે જે, ''ભગવાનને તો આકાર નથી.' તે **સમજનારાની અવળી સમજણ છે.**'' (વચ. ગ.પ્ર. ૬૬)

કેટલીક વખત એક જ શાસ્ત્રનો આધાર લઈ ભગવાનના સ્વરૂપને સમજવા જાય તો તેની સમજણ અધૂરી રહી જાય છે. આથી જ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : ''વેદમાં તો ભગવાનનું સ્વરૂપ બહુ રીતે વર્ણવીને

નારાયણે પોતે પોતાને મુખે કહ્યું છે, પણ તે કોઈના સમજ્યામાં આવ્યું નહિ... એવી રીતે સાંખ્યશાસ્ત્ર ને યોગશાસ્ત્ર તેણે ભગવાનનું સ્વરૂપ કહ્યું તો પણ સાક્ષાત્કાર ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ન થયું અને અનુમાન પ્રમાણે થયું.... પણ તે ભગવાન કાળા છે કે પીળા છે ? કે લાંબા છે કે ટૂંકા છે ? કે સાકાર છે કે નિરાકાર છે ? એવું કાંઈ જ્ઞાન ન થયું. પછી પોતે વાસુદેવ ભગવાને પંચરાત્ર નામે તંત્ર કર્યું. તેને વિષે એમ પ્રતિપાદન કર્યું જે, શ્રીકૃષ્ણ પુરુષોત્તમ ભગવાન છે તે પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છે... એવી રીતે સાકાર મૂર્તિનું પ્રતિપાદન કર્યું છે... તેમ **વેદાદિક ચાર શાસ્ત્રે**[૫] **કરીને ભગવાનના સ્વરૂપને સમજે, ત્યારે સંપૂર્ણ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે.**'' (વચ. વર. ૨)

''....અને જો એક વેદાંતશાસ્ત્રે કરીને જ ભગવાનના સ્વરૂપને સમજે તો એ દોષ આવે જે ભગવાનને સર્વકારણ, સર્વવ્યાપક અને નિર્ગુણ કહ્યા છે તેને નિરાકાર સમજે, પણ પ્રાકૃત-કરચરણાદિકે રહિત અને દિવ્ય અવયવે સહિત એવો સનાતન જે ભગવાનનો આકાર છે તેને ન સમજે.'' (વચ. ગ.પ્ર. ૫૨)

એટલા માટે સત્પુરુષ થકી જ સર્વશાસ્ત્રનો પરસ્પર સમન્વય સમજવામાં આવે તો ભગવાનના સાકારપણાની પ્રતીતિ થાય. તેથી તો શ્રીજીમહારાજ કહે છે : ''આ વાર્તા (સાકારપણાની) તો જેને એ **ભગવાનના સ્વરૂપમાં સદા દિવ્ય સાકારપણે ઉપાસનાની દૃઢ નિષ્ઠા થઈ હોય તે થકી જ પમાય છે,** પણ બીજા થકી તો પમાતી જ નથી.'' (વચ. ગ.પ્ર. ૬૪)

## સાકાર કેવી રીતે ?

ભગવાન સાકાર છે તે સમજણ તાર્કિક રીતે શ્રીજીમહારાજે કેટલાંક વચનામૃતોમાં નિરૂપી છે :

''ભગવાનનું સ્વરૂપ નિરાકાર નથી. કાં જે, ભગવાન થકી જ સર્વ સ્થાવર-જંગમ સૃષ્ટિ થાય છે, તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ કેમ થાય ? જેમ આકાશ નિરાકાર છે તો તે થકી, જેવા પૃથ્વી થકી ઘટાદિક આકાર થાય છે તેવા થતા નથી; **બ્રહ્માદિક જે સૃષ્ટિ તે સાકાર છે**

---

૫. ચાર શાસ્ત્રો = સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર.

**તો તેના કરનારા જે પરમેશ્વર તે પણ સાકાર જ છે.**'' (વચ. ગ.મ. ૧૦)

આ જ મુદ્દાને વિશેષપણે દૃઢાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાન સદા સાકાર જ છે... અને **સાકાર ન હોય તેને વિષે આકાશની પેઠે કર્તાપણું ન કહેવાય** તથા એક દેશને વિષે રહેવાપણું ન કહેવાય.'' (વચ. ગ.અં. ૩૫, પં. ૧, ગ.મ. ૩૯)

'ભગવાન સાકાર જ છે' આ મુદ્દાને બીજી રીતે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''જે ભગવાન પુરુષોત્તમ છે તે તો સદા સાકાર જ છે અને મહાતેજોમય મૂર્તિ છે. અને અંતર્યામીપણે કરીને સર્વત્ર પૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેનું તેજ છે અને શ્રુતિએ પણ એમ કહ્યું છે જે, **'તે ભગવાન માયા સામું જોતા હવા' અને જ્યારે જુએ ત્યારે તેને શું એકલી આંખ્ય જ હોય ? હાથ-પગ પણ હોય, માટે સાકાર રૂપનું પ્રતિપાદન થયું.** અને વળી, જેમ સમગ્ર જળ છે તેના જીવરૂપ જે વરુણ તે પોતાના લોકને વિષે સાકાર છે ને જળ નિરાકાર કહેવાય છે, અને જેમ અગ્નિની જે જ્વાળા છે તે નિરાકાર કહેવાય છે અને તેના દેવતા જે અગ્નિ તે અગ્નિલોકને વિષે સાકાર છે, અને જેમ સમગ્ર તડકો નિરાકાર કહેવાય છે ને સૂર્યના મંડળને વિષે જે સૂર્યદેવ છે તે સાકાર છે; **તેમ સચ્ચિદાનંદ જે બ્રહ્મ તે નિરાકાર છે અને પુરુષોત્તમ જે ભગવાન તે સાકાર છે.** અને એ સર્વત્ર એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમ ભગવાનનું તેજ છે. અને કોઈ એમ કહેશે જે, શ્રુતિમાં એમ કહ્યું છે જે, 'પરમેશ્વર તો કરચરણાદિકે રહિત છે ને સર્વત્ર પૂર્ણ છે' તો એ જે શ્રુતિએ કરચરણાદિકનો નિષેધ કર્યો છે તે તો માયિક કરચરણાદિકનો નિષેધ કર્યો છે અને ભગવાનનો આકાર છે તે તો દિવ્ય છે પણ માયિક નથી. એવી રીતે ભગવાન પુરુષોત્તમ તો **સદા સાકાર જ છે પણ નિરાકાર નથી,** અને જે નિરાકાર કહે છે તે તો સમજતા નથી.'' (વચ. ગ.પ્ર. ૪૫)

આ વાત વધુ દૃઢ રીતે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''એકાંતિક ભક્ત હોય તે તો એમ જાણે જે, શાસ્ત્રમાં ભગવાનને જે અરૂપ ને નિર્ગુણ કહ્યા છે તે તો **માયિક એવાં જે રૂપ ને ગુણ તેના નિષેધને અર્થે કહ્યા છે,** પણ ભગવાન તો નિત્ય દિવ્યમૂર્તિ છે અને અનંત કલ્યાણગુણે યુક્ત છે. અને **તેજના પુંજરૂપ કહ્યા તે તો મૂર્તિ વિના તેજ હોય નહિ,** તેજ તે મૂર્તિનું છે... તેમ

બ્રહ્મ સત્તારૂપ છે... જે કોટિ સૂર્ય જેવો પ્રકાશ છે તે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનો પ્રકાશ છે... માટે કોઈ ગમે તેવાં શાસ્ત્ર વંચાતાં હોય અને તેમાં ભગવાનનું નિર્ગુણપણે કરીને પ્રતિપાદન આવે તે ઠેકાણે એમ જાણવું જે, એ ભગવાનની મૂર્તિનો મહિમા કહ્યો છે, પણ ભગવાન તો સદા **મૂર્તિમાન જ છે.**'' (વચ. ગ.પ્ર. ૬૬)

## મૂર્તિમાન થકા વ્યાપક કેવી રીતે ?

વેદાંતાદિક શાસ્ત્રોમાં ભગવાનને વ્યાપક કહ્યા છે. તો ભગવાન વ્યાપક થકા મૂર્તિમાન અને મૂર્તિમાન થકા વ્યાપક કેવી રીતે હોઈ શકે ? મુક્તાનંદ સ્વામીના આ પ્રશ્નના ઉત્તરરૂપે શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : ''**બ્રહ્મ તો એકદેશી છે** પણ સર્વદેશી નથી... અને ભગવાનને ગ્રંથમાં વ્યાપક કહ્યા છે તે તો મૂર્તિમાન છે તે જ પોતાની સામર્થિએ કરીને એક ઠેકાણે રહ્યા થકા સર્વને દર્શન આપે છે એમ વ્યાપક કહ્યા છે, પણ **આકાશની પેઠે અરૂપ થકા વ્યાપક નથી.** ભગવાન તો સદા મૂર્તિમાન જ છે. તે મૂર્તિમાન ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા જ અનંત કોટિ બ્રહ્માંડમાં ભાસે છે.'' (વચ. વર. ૧૩)

વળી જીવમાં ભગવાન અલિંગપણે (નિરાકારપણે) રહ્યા છે કે મૂર્તિમાન ? અને મૂર્તિમાન હોય તો વ્યાપક કેમ કહેવાય ? એ નિત્યાનંદ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાન તો ઇન્દ્રિયો, દેવતા, અંતઃકરણ અને જીવ એ સર્વના આશ્રયપણે રહ્યા છે. તે શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવ ભેળે ગોપીઓને કહેવરાવ્યું છે જે, ...'હું આ મથુરામાં રહ્યો છું તે તો જેમ મહાભૂત વિશેષપણે કરીને બ્રહ્માંડને વિષે રહ્યાં છે તેમ રહ્યો છું. અને જેમ એ ભૂત જીવોના દેહોમાં સામાન્યપણે રહ્યાં છે તેમ હું તમારે પાસે રહ્યો છું. અને જે દેખાતો નથી તે તો તમારા ચિત્તની વૃત્તિનો મારે વિષે નિરોધ થાય તેને અર્થે નથી દેખાતો; પણ **રહ્યો તો મૂર્તિમાન છું.**'' (વચ. લો. ૧૫)

આ રીતે જીવમાં ભગવાન મૂર્તિમાન જ છે. તે વ્યાપક કેમ હોય તે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''**મૂર્તિમાન હોય તે પણ વ્યાપક હોય.** જેમ અગ્નિદેવ છે તે પોતાના લોકને વિષે મૂર્તિમાન છે ને પોતાની શક્તિએ કરીને કાષ્ઠને વિષે રહ્યો છે, તેમ ભગવાન પણ પોતાના અક્ષરધામને વિષે મૂર્તિમાન થકા પોતાની અંતર્યામી શક્તિએ કરીને જીવોને વિષે વ્યાપીને રહ્યા છે ને

મૂર્તિમાનની પેઠે ક્રિયાને કરે છે; માટે એને પણ મૂર્તિમાન જાણવા.'' (વચ. કા. ૪)

આ વચનામૃતોના શબ્દો પરથી સ્પષ્ટ થાય છે કે ભગવાન અક્ષરધામમાં વ્યતિરેક સ્વરૂપે એકદેશસ્થપણે મૂર્તિમાન થકા વિરાજમાન છે, તેમ છતાં પોતે જે અંતર્યામી શક્તિએ કરીને સર્વત્ર વ્યાપક છે તે અંતર્યામી સ્વરૂપને પણ મૂર્તિમાન જાણવાનો મહારાજનો અભિપ્રાય છે. તે મુદ્દો સ્પષ્ટ કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''અંતર્યામીપણે કરીને જીવ, ઈશ્વરને વિષે વ્યાપક એવું જે પુરુષોત્તમ ભગવાનનું બ્રહ્મરૂપ તેજ તે નિરાકાર છે, તો પણ જીવ, ઈશ્વર સર્વેને તેમનાં કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મનાં ફળને દેવાને વિષે નિયંતાપણું છે ને સાકારની પેઠે નિયંતારૂપ ક્રિયાને કરે છે, માટે તે તેજને પણ સાકાર જેવું જાણવું.'' (વચ. ગ.પ્ર. ૪૫)

આ રીતે પુરુષોત્તમ નારાયણ **સર્વત્ર મૂર્તિમાન થકા વ્યાપક જ છે.**

## ધામમાં અને પૃથ્વી ઉપર – બન્ને ઠેકાણે સદા સાકાર

કેટલાક આ લોકમાં ભગવાન મનુષ્યરૂપ ધારણ કરી દર્શન આપે છે ત્યારે તેમને સાકાર કહે છે, સગુણ કહે છે; અને તે જ ભગવાનને ધામમાં નિરાકાર કહે છે, નિર્ગુણ કહે છે; પણ આ સમજણ શ્રીજીમહારાજને માન્ય નથી.

અક્ષરધામમાં પણ ભગવાન સાકાર જ છે એવું સ્પષ્ટપણે શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાનના અક્ષરધામને વિષે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર છે, તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે.'' (વચ. ગ.અં. ૩૮)

''ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન **સદાય સાકાર** મૂર્તિમાન વિરાજમાન છે.'' (વચ. ગ.અં. ૭)

પ્રેમાનંદ સ્વામીના કીર્તનમાં શ્રીજીમહારાજ કહે છે :

''મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદા સાકાર.''

અક્ષરધામમાં રહેલી ભગવાનની આ દિવ્યમૂર્તિનું વર્ણન કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''તે તેજને વિષે (અક્ષરધામને વિષે) એક ભગવાનની

મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ જણાતી નથી, અતિશય શ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે. પણ ચાર ભુજ કે અષ્ટભુજ કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે.'' (વચ. ગ.મ. ૧૩)

આ ઉપરાંત, અનેક વચનામૃતોમાં શ્રીજીમહારાજે સ્પષ્ટતા કરી છે કે અક્ષરધામમાં પણ ભગવાન સાકાર જ છે અને પૃથ્વી ઉપર પ્રગટ થાય તોય સાકાર જ છે. આમ, ભગવાન સદા સાકાર જ છે.

આ વાતને સ્પષ્ટ કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''જેવા (સાકાર) પ્રગટ ભગવાન પૃથ્વી ઉપર વિરાજે છે અને જેવા(સાકાર)તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે વિરાજે છે તેવાને તેવા જ જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ (સાકાર) રહે છે. અને આ ભગવાન ને ભગવાનના ભક્ત તે **સદા સાકાર જ છે.**'' (વચ. ગ.પ્ર. ૩૭)

એટલે કે પૃથ્વી ઉપર જેમ સાકાર છે તેમ આત્યંતિક પ્રલય થાય છે ત્યારે અક્ષરધામમાં પણ સાકાર છે અને જેવા અક્ષરધામમાં સાકાર રૂપે છે તેવા જ મનુષ્ય રૂપે છે તે જણાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ ભગવાન ને ભગવાનના ભક્ત તે **દિવ્ય સાકાર રૂપે કરીને અક્ષરધામને વિષે** (દર્શનરૂપ) દિવ્ય ભોગને ભોગવતાં થકા રહે છે. અને તે ભગવાનનું રૂપ ને ભગવાનના ભક્તનાં રૂપ તે અનંત સૂર્ય ચંદ્રના પ્રકાશ સરખા પ્રકાશે યુક્ત છે.... અને એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વે શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે ભગવાનનું સ્વરૂપ **અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે** તેને સમજે છે; પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે[૬] **લેશમાત્ર** ફેર સમજતા નથી.'' (વચ. પં. ૭)

આ રીતે ભગવાન તો **સદા સાકાર** જ છે.

---

૬. અર્થાત્ પુરુષોત્તમ નારાયણને વિષે, કારણ કે અહીં તેનું મિષ લઈ મહારાજ પોતાની જ વાત કરે છે.

## દિવ્યભાવ

કેટલાક એમ માનતા હોય છે કે ભગવાન પોતાના ધામમાં દિવ્ય તથા સાકાર હોય છે અને અહીં આ લોકમાં પધારે ત્યારે મનુષ્ય રૂપે આવે છે અને તેમને મનુષ્યના જેવાં જ પંચભૂતનાં દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ હોય છે. તેથી એ સ્વરૂપ દિવ્ય ન કહેવાય. પણ શ્રીજીમહારાજ કહે છે : ''પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વી વિષે પ્રકટ થાય છે ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે **સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે.** કાં જે, રામકૃષ્ણાદિક અવતારને વિષે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે તથા ઈન્દ્રિયો, પંચપ્રાણ ઈત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે, પણ એ સર્વે બ્રહ્મ છે, પણ માયિક નથી.'' (વચ. ગ.પ્ર. ૭૧)

આ જ વાતને દૃઢાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાનનું સ્વરૂપ જ એવું છે જે માયામાં અન્વય થયા થકા પણ વ્યતિરેક જ છે. પણ ભગવાનને એમ બીક નથી જે, 'રખે હું માયામાં જાઉં ને અશુદ્ધ થઈ જાઉં.' ભગવાન તો માયાને વિષે આવે ત્યારે **માયા પણ અક્ષરધામરૂપ** થઈ જાય છે અને ચોવીશ તત્ત્વને વિષે આવે તો **ચોવીશ તત્ત્વ પણ બ્રહ્મરૂપ** થઈ જાય છે.'' (વચ. વર. ૭)

એમ છતાં, ''ભગવાનને વિષે જે બાળક-યુવાન-વૃદ્ધપણું દેખાય છે તથા જન્મ-મરણપણું દેખાય છે, તે તો એની **યોગમાયાએ કરીને** દેખાય છે પણ **વસ્તુગત્યે તો ભગવાન જેવા છે તેવા ને તેવા જ છે.** (એટલે કે સદા દિવ્ય જ છે) એવી રીતે સર્વના કારણ ને **સદા દિવ્ય સાકાર એવા** જે પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ તેની મૂર્તિને વિષે **સાકરના રસની મૂર્તિની પેઠે ત્યાગભાગ સમજવો નહિ....** અને તે ભગવાનમાં જે દેહભાવ જણાય છે તે તો **નટની માયાની પેઠે** સમજવો.'' (વચ. પં. ૭)

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : ''ભગવાનમાં તો મનુષ્યભાવ કહેવાય જ નહિ ને આપણે જેમ દેહ ને જીવ જુદા છે તેમ ભગવાનમાં કહેવાય નહિ.'' (સ્વા.વા. ૪/૪૦). કારણ કે ''ભગવાનમાં મનુષ્યભાવ દેખાય છે તે નટની માયાની પેઠે છે.'' (સ્વા.વા. ૫/૬૬)

આ રીતે ભગવાને અંગીકારેલાં સર્વે તત્ત્વો બ્રહ્મરૂપ ચૈતન્ય જ થઈ જાય

છે, તેમાં ત્યાગભાવ સમજવો જ નહિ. તેથી તો ભગવાનમાં તત્ત્વનાં ચૂંથણાં કરવાની ના પાડતાં શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે સહિત સમજે છે તે પણ પાપી છે અને જે તત્ત્વે રહિત ભગવાનના સ્વરૂપને સમજે છે તે પણ પાપી છે. ભગવાનના સ્વરૂપમાં તો ભગવાનના ભક્ત હોય તેને તત્ત્વ છે કે નથી એવું ચૂંથણું કરવું ગમે જ નહિ. ભક્ત હોય તે તો એમ જાણે જે, **'ભગવાન તે ભગવાન, એને વિષે ભાગત્યાગ કર્યાનો માગ નથી.'**' (વચ. ગ.મ. ૧૭)

આ જ મુદ્દાની દૃઢતા કરાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''તેજને વિષે (અક્ષરધામને વિષે) દિવ્યમૂર્તિ એવા જે પુરુષોત્તમ ભગવાન વાસુદેવ તે અખંડ વિરાજમાન રહે છે. અને તે જ પોતે દિવ્યમૂર્તિ થકા જીવના કલ્યાણને અર્થે મનુષ્યાકૃતિએ કરીને પૃથ્વીને વિષે સર્વ જનને નયનગોચર થકા વિચરે છે. ત્યારે જે જગતમાં અણસમજુ મૂર્ખ જીવ છે તે તે ભગવાનને માયિક ગુણે યુક્ત કહે છે પણ **એ માયિક ગુણે યુક્ત નથી; એ તો સદા ગુણાતીત દિવ્યમૂર્તિ જ છે.** અને તેનું તે જે ભગવાનનું સાકાર દિવ્ય સ્વરૂપ તેને જે વેદાંતશાસ્ત્ર છે તે નિર્ગુણ, અછેદ્ય, અભેદ્ય, સર્વત્ર, વ્યાપક એવી રીતે કરીને પ્રતિપાદન કરે છે, તે જીવની બુદ્ધિમાંથી માયિક ભાવ ટાળવાને અર્થે નિર્ગુણપણે કરીને પ્રતિપાદન કરે છે. અને એ ભગવાન તો ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય એ **સર્વે કાળને વિષે એકરૂપે કરીને જ** વિરાજમાન છે; પણ માયિક પદાર્થની પેઠે વિકારને પામતા નથી; **સદા દિવ્ય રૂપે** કરીને વિરાજમાન રહે છે.'' (વચ. કા. ૭)

વળી, ''ભગવાન તો **પરમ દિવ્યમૂર્તિ** છે ને ભગવાનને વિષે તો એ મનુષ્યભાવનો લેશ નથી. માટે એ ભગવાનમાંથી મનુષ્યભાવને ટાળીને દેવભાવ લાવવો, પછી બ્રહ્માદિકનો ભાવ લાવવો, પછી પ્રધાનપુરુષનો ભાવ આવે, પછી પ્રકૃતિપુરુષનો ભાવ આવે, પછી અક્ષરનો ભાવ આવે, પછી અક્ષરાતીત એવા પુરુષોત્તમ તેનો ભાવ આવે છે.'' (વચ. લો. ૧૮)

આ દિવ્યભાવની વધુ સ્પષ્ટતા કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''ધામમાં રહી મૂર્તિ ને આ પ્રકટ શ્રીકૃષ્ણની મૂર્તિ (સહજાનંદ સ્વામી) તેમાં અધિકપણે સાદૃશ્યપણું છે... માટે ગુણાતીત એવું જે અક્ષરધામ તેને વિષે જે મૂર્તિ છે તે જ મૂર્તિ પ્રત્યક્ષ છે. એ બેમાં ફેર નથી. **જેમ ધામની મૂર્તિ ગુણાતીત છે તેમજ**

**મનુષ્યમૂર્તિ પણ ગુણાતીત છે.**'' (વચ. ગ.અં. ૩૧)

આ રીતે ભગવાન તો સદા દિવ્ય ગુણાતીત મૂર્તિ જ છે, તેમ છતાં આ લોકમાં પ્રગટ થાય ત્યારે ભક્તોને સુખ અને સેવા આપવા, તેમના મનોરથ પૂરા કરીને અંતે તેમનું કલ્યાણ કરવા અને અસુરોને મોહ પમાડવા મનુષ્યભાવનું અનુકરણ કરે છે, પણ ભગવાનમાં તો લેશમાત્ર દોષ નથી. આ જ વાતને શ્રીજીમહારાજે સત્સંગિજીવનમાં સમજાવી છે.[૭]

## દિવ્યભાવ સમજવાની આવશ્યકતા

આપણે આગળ જોયું તે પ્રમાણે, ભગવાન તો ધામમાં અને અહીં પણ સંપૂર્ણપણે દિવ્યમૂર્તિ છે જ; છતાં ભક્તોને સજાતીય થવા પોતાનામાં મનુષ્યભાવ ગ્રહણ કરે છે. તેમાં સમ્યગ્ દિવ્યભાવ રાખવો તે સાચા ભક્તનો ધર્મ છે. આ દિવ્યભાવની સમજણ માયાની નિવૃત્તિ કે આત્યંતિક મુક્તિ માટે આવશ્યક છે.

આ પ્રકારની છણાવટ શ્રીજીમહારાજે ઘણાં વચનામૃતોમાં કરી છે. તેમાંથી થોડાં અવતરણો જોઈએ :

''ક્ષર અક્ષરથી પર એવા જે પુરુષોત્તમ ભગવાન છે, તે જ્યારે જીવના કલ્યાણને અર્થે બ્રહ્માંડને વિષે મનુષ્ય જેવી મૂર્તિ કરીને વિચરે છે ત્યારે સર્વે મનુષ્યના જેવાં જ ચરિત્ર કરે છે અને જેમ મનુષ્યને વિષે હારવું, જીતવું, ભય, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા, ઈર્ષા ઇત્યાદિક માયિક સ્વભાવ હોય તેવા જ સ્વભાવ ભગવાન પણ પોતામાં દેખાડે છે, તે **સર્વે જીવના કલ્યાણને અર્થે છે.** પછી જે ભક્ત હોય તે તો એ ચરિત્રને ગાઈને **પરમપદને પામે છે...** ભગવાન મનુષ્ય જેવી મૂર્તિ ધારીને જેવાં જેવાં ચરિત્ર કરે છે, તે સર્વે ગાન કરવા યોગ્ય છે; પણ એમ ન સમજવું જે, 'ભગવાન થઈને એમ શું કરતા હશે ?' અને **ભગવાનનાં ચરિત્ર તો સર્વ કલ્યાણકારી જ સમજવાં એ જ ભક્તનો ધર્મ છે અને એવું સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય છે.**'' (વચ. ગ.પ્ર. ૭૨)

આ જ મુદ્દાને શ્રીજીમહારાજ અન્ય વચનામૃતમાં આ પ્રમાણે સ્પષ્ટ કરે

૭. असुराणां विमोहाय दोषा विष्णोर्नहि क्वचित्।

– સત્સંગિજીવન : ૩-૨૯-૧૦૭, ૧૦૮.

છે :

“ભગવાને ગીતામાં કહ્યું છે જે,

**जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः।**
**त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥**

એ શ્લોકનો એમ અર્થ છે જે, ‘હે અર્જુન ! મારાં જન્મ ને કર્મ તે દિવ્ય છે. તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે.’ માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત ને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય, પણ કોઈ રીતે ભગવાનનાં તે ચરિત્રમાં અભાવ આવે નહિ એવી જેની બુદ્ધિ હોય તેને **પરમેશ્વરની ભક્તિ** કહેવાય અને એવી ભક્તિ કરે તે જ **ભક્ત** કહેવાય. અને એ શ્લોકમાં કહ્યું જે ફળ તે આવા ભક્તને જ થાય છે.... માટે જે જે ભગવાન ચરિત્ર કરે તે સર્વેને ગોપીઓની પેઠે દિવ્ય જાણે, પણ કોઈ રીતે પ્રાકૃત જાણીને અભાવ તો આવે જ નહિ. એવી જે ભક્તિ તે તો **મહાદુર્લભ** છે... અને એવી ભક્તિ છે તે જ **પરમપદ** છે. માટે આવી રીતની ભક્તિ તે **જ્ઞાન, વૈરાગ્ય થકી અધિક** છે. અને જેના હૃદયને વિષે આવી રીતની ભક્તિ હોય તેને ભગવાનને વિષે પ્રીતિમાં શું બાકી છે ? કાંઈ બાકી નથી.” (વચ. ગ.મ. ૧૦)

વળી, “પરમેશ્વર ગમે તેવાં ચરિત્ર કરે તો પણ તેને કોઈ રીતે ભગવાનને વિષે દોષ ભાસતો જ નથી, એવો જેને મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય હોય તે નિર્ભય થઈ ચૂક્યો.” (વચ. વર. ૧૨)

તપ, ત્યાગ, વૈરાગ્ય, વ્રત, ધ્યાન, અષ્ટાંગ યોગાદિક અનંત સાધનોથી જે સ્વભાવ, દોષ વાસના ન ટળે, તે ટાળવાનો સહેલો ઉપાય બતાવતાં શ્રીજીમહારાજ કહે છે : “પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ **અતિશય નિર્દોષ થઈ જાય છે.**” (વચ. ગ.પ્ર. ૨૪)

“ભગવાનના સ્વરૂપને વિષે **કોઈ પ્રકારે માયિકભાવ નથી** અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે. એવો જેને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો તે ભગવાનની **માયાને તરી ચૂક્યો છે.** અને પોતામાં તો માયાના ગુણનું કાર્ય જે ભૂત, ઇન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે

પોતપોતાની ક્રિયાને વિષે પ્રવર્તે છે તો પણ એ માયાને તર્યો કહેવાય.'' (વચ. વર. ૫)

''એ (ભગવાન) તો સમર્થ છે. તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે. એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય.'' (વચ. લો. ૪)

''ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું (દિવ્ય) રહ્યું છે તેવું જ (દિવ્ય) પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે **તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય.** અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ. અને આવી રીતે જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય ન થતો હોય ને તેને કદાચિત્ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તો પણ તેનું કલ્યાણ થાય.'' (વચ. પં. ૭)

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''દિવ્યભાવ અને મનુષ્યભાવ એક થઈ જાય ત્યારે ભગવાન ભજવાનું સુખ આવે.'' (સ્વા.વા. ૫/૧૦૦). ''ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે.'' (સ્વા.વા. ૫/૧૨૪)

ભગવાનની જેમ જ ગુણાતીત સંતને પણ સદા દિવ્ય અને નિર્દોષ સમજવાની મહત્તા દર્શાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''ભગવાનનું સ્વરૂપ નિર્દોષ સમજવું ને **મોટા એકાંતિક સાધુને** પણ એમ સમજવા, તે બરોબર કોઈ સાધન નથી.'' (સ્વા.વા. ૨/૧૭૦)

શ્રીજીમહારાજ પણ કહે છે : ''અતિશય જે મોટા પુરુષ હોય (ગુણાતીત સંત) તેને જે અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય... અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ **સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.**' (વચ. ગ.પ્ર. ૫૮)

''મોટાપુરુષને વિષે જે નિર્દોષબુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે.'' (વચ. ગ.પ્ર. ૭૩)

માટે ભગવાન અને સંતને દિવ્ય સમજવા અનિવાર્ય છે.

## ભગવાન અને સંતમાં મનુષ્યભાવ પરઠે તો ખોટ

આપણે આગળ જોયું છે તે પ્રમાણે ભગવાન અને બ્રહ્મસ્વરૂપગુણાતીત સંત મનુષ્યદેહ રૂપે પ્રગટ થાય છે છતાં સદા દિવ્ય-નિર્દોષ અને ગુણાતીત જ છે. તેમાં માયા કે મનુષ્યભાવનો લેશ પણ નથી; છતાં, ''તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો **એકે દોષ નથી;** પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ. તેમાં જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે, અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે, ને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે, ને જે ભગવાનને ઈર્ષાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષાવાન થઈ જાય છે. એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે, તે તો જેમ સૂર્ય સામી ધૂળની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે, તેમ **ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે.**'' (વચ. ગ.પ્ર. ૨૪)

આ મુદ્દાની વધુ છણાવટ કરતાં શ્રીજીમહારાજ કહે છે :

''**अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।**
**परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥**

માટે જે મૂઢ છે તે ભગવાનના એવા પરમ ભાવને જાણ્યા વિના ભગવાનને વિષે પોતાના જેવા મનુષ્યના ભાવ પરઠે છે, તે મનુષ્યભાવ તે શું ? તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા ઈત્યાદિક અંતઃકરણના ભાવ છે તથા હાડ, ચામ, મળ, મૂત્રાદિક તથા જન્મ, મરણ, બાળ, યૌવન, વૃદ્ધ એ સર્વે દેહના ભાવ છે ઈત્યાદિક જે મનુષ્યભાવ તે સર્વે ભાવને ભગવાનને વિષે પરઠે છે. માટે એવા ભાવનો પરઠનારો જે હોય તેને ભગવાનના નિશ્ચય જેવું જણાય છે, તો પણ તેનો **નિશ્ચય કાચો છે. અને એ જરૂર સત્સંગમાંથી પડશે...** જ્યારે ભગવાનને વિષે એવો દિવ્યભાવ ન સમજે ત્યારે એને વાતે વાતે ધોખો થાય ને ગુણ-અવગુણ લીધા કરે જે, '(ભગવાન) આનીકોરનો પક્ષ રાખે છે ને અમારો પક્ષ રાખતા નથી તથા આને વધુ બોલાવે છે ને અમને નથી બોલાવતા અને આને ઉપર વધુ હેત છે ને અમારી ઉપર નથી' – એવી રીતે

ગુણ-અવગુણ પરઠ્યા કરે છે, તેણે કરીને **એનું અંતર દિવસે દિવસે પાછું પડીને અંતે તે વિમુખ થાય છે.**'' (વચ. લો. ૧૮)

''ભક્તને જો ક્યારેક અસત્ દેશ, અસત્ કાળ, અસત્ સંગ ને અસત્ શાસ્ત્રાદિકને યોગે કરીને અથવા દેહાભિમાને કરીને ભગવાનના ચરિત્રને વિષે સંદેહ થાય ને ભગવાનનો અભાવ આવે તો એ જીવ **પૂર્ણમાસીના ચંદ્રમા** જેવો હતો, પણ પાછો **અમાવાસ્યાના ચંદ્ર જેવો** થઈ જાય છે. માટે પોતામાં જે કાંઈક થોડી ઘણી ખોટ્ય હોય તે એ જીવને ઝાઝી નડતી નથી; પણ પરમેશ્વરના ચરિત્રમાં કોઈ રીતે સંદેહ થાય અથવા પરમેશ્વરનો કોઈ રીતે અભાવ આવે ત્યારે એ જીવ **કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે.** જેમ વૃક્ષનાં મૂળ કપાણાં ત્યારે તે વૃક્ષ એની મેળે જ સુકાઈ જાય, તેમ જેને ભગવાનને વિષે દોષબુદ્ધિ થઈ એ જીવ કોઈ રીતે **વિમુખ થયા વિના રહે નહિ.**'' (વચ. વર. ૧૨). ''એવા જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે ને તે ભગવાનની સમજણ તેને વિષે જે દોષ દેખે છે તેને **વિમુખ ને અધર્મી** જાણવો અને સર્વે **મૂર્ખનો રાજા** જાણવો.'' (વચ. ગ.મ. ૫૩)

પોતે ગમે તેવો મોટો હોય, પણ ભગવાનમાં કુતર્ક કરે તો તે માયા પર થઈ શકે નહિ. તેની સ્પષ્ટતા શ્રીજીમહારાજ કરે છે : ''ભગવાનની યોગકળામાં બ્રહ્માદિક જેવાને કુતર્ક થાય તો એ ભગવાનની માયાના બળના પારને ન પામ્યા કહેવાય.'' (વચ. લો. ૪)

વળી, ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : ''ભગવાનમાં મનુષ્યભાવ રહી જાય તો કલ્યાણ ન થાય.'' (સ્વા.વા. ૫/૧૧૫)

ભગવાનની જેમ જ ભગવાનના ભક્તમાં પણ મનુષ્યભાવ પરઠે, અવગુણ લે, તો પણ ખોટ છે અને તે વિમુખ થયા વગર રહે નહિ, એકાંતિક ધર્મમાંથી જરૂર પડે વગેરે સ્પષ્ટતા કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાન ને ભગવાનના ભક્ત તેની તો અલૌકિક સમજણ હોય, તેને દેહાભિમાની જીવ ક્યાંથી સમજે શકે ? માટે પોતાની મૂર્ખાઈએ કરીને ભગવાન ને ભગવાનના જે ભક્ત તેનો અવગુણ લઈને વિમુખ થઈ જાય છે.'' (વચ. ગ.મ. ૫૩)

''એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી, એને તો એકાંતિક ધર્મમાંથી પડી જવાય એ જ મરણ છે. તે જ્યારે ભગવાન કે ભગવાનના સંત તેનો હૃદયમાં અભાવ આવ્યો ત્યારે એ ભક્ત એકાંતિકના

ધર્મમાંથી પડ્યો જાણવો... પંચમહાપાપ થકી પણ ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ લેવો એ મોટું પાપ છે.'' (વચ. ગ.મ. ૪૬)

વળી, મોટાપુરુષમાં જેવા દોષ પરઠે તેવો પોતે થાય છે તેની સ્પષ્ટતામાં શ્રીજીમહારાજ કહે છે : ''જો મોટાપુરુષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તો પણ અતિશય કામી થાય અને મોટાને વિષે ક્રોધી-લોભીપણું પરઠે તો પોતે ક્રોધી-લોભી થાય.'' (વચ. ગ.પ્ર. ૫૮)

વળી, ''મોટાપુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે, તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે.'' (વચ. સા. ૧૮)

તેથી તો ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''**આ સાધુને વિષે મનુષ્યભાવ આવે છે, તેથી બીજું કાંઈ ભૂંડું નથી.**'' (સ્વા.વા. ૩/૩૬)

ભગવાન કે ભગવાનના એકાંતિક અને ગુણાતીત સંતને વિષે મનુષ્યભાવ પરઠવાથી અનેક પ્રકારની ખોટ રહી જાય છે તે ન રહે, તેનું કલ્યાણ ન બગડે, તે માટે જ પોતાના આશ્રિતજનને ચેતાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''માટે ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો.... આ જે વાત છે તે સૂઝે તો આજ સમજો તો એટલી સમજવી છે અને સૂઝે તો સો વર્ષે કરીને સમજો તો પણ એટલી સમજવી છે. અને **આ વાત સમજીને એની દૃઢતાની ગાંઠ પાડ્યા વિના છૂટકો નથી.** માટે આ અમારી વાત છે તે સર્વે હરિભક્તને યાદ રાખીને પરસ્પર કરવી અને જ્યારે કોઈને અણસમજણે કરીને ધોખો થાય ત્યારે તેને આ વાત કરીને **ચેતાવી દેવો.** અને આ જે અમારી વાર્તા છે તેને **નિત્ય પ્રત્યે દિવસમાં એકવાર કરવી, એમ અમારી આજ્ઞા છે. તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા.''** (વચ. લો. ૧૮)

આમ, શ્રીજીમહારાજે ભગવાન અને ભગવાનના ભક્તમાંથી સંપૂર્ણપણે મનુષ્યભાવ દૂર કરીને દિવ્યભાવની ગાંઠ વાળવાની આજ્ઞા કરી છે.

ભગવાન અને સંત દિવ્ય અને નિર્ગુણ છે. એમના સંબંધમાં જે કંઈ આવે તે સર્વે નિર્ગુણ થાય છે. તે વાતની શ્રીજીમહારાજ છણાવટ કરે છે : ''ભગવાન તો મનુષ્યદેહ ધારણ કરે છે તો પણ કૈવલ્યરૂપે જ છે અને તે ભગવાન જે જગ્યામાં વિરાજતા હોય તે જગ્યા પણ નિર્ગુણ છે અને ભગવાનનાં વસ્ત્ર, અલંકાર તથા વાહન તથા પરિચર્યાના કરનારા સેવક તથા

ખાન-પાનાદિક જે જે પદાર્થ ભગવાનના સંબંધને પામે છે તે સર્વે નિર્ગુણ છે.'' (વચ. ગ.મ. ૧૩)

આ જ વાતને શ્રીજીમહારાજ સત્સંગિજીવનમાં કહે છે :

**दिव्यं कृष्णस्य रूपं भवति च सततं तस्य लोकोऽपि दिव्यो**
**दिव्या भोगाश्च भोग्यान्यपि च भगवतस्तस्य दिव्यानि सन्ति ।**
**दिव्या वै पार्षदाश्च प्रकटितनृतनोः शक्तयस्तस्य दिव्या**
**दिव्या भक्ताश्च सर्वे जगति यदुपतेः सन्ति दिव्याः क्रियाश्च ॥**

*(સત્સંગિજીવન : ૩-૨૯-૧૪૩)*

અર્થાત્ અક્ષરધામમાં વિરાજમાન ભગવાનનું સ્વરૂપ જેમ દિવ્ય છે, એમ પૃથ્વી ઉપર પ્રાદુર્ભાવ થઈ નરાકાર ધારી રહેલા ભગવાનનું સ્વરૂપ પણ નિત્ય દિવ્ય છે. તેમનો લોક પણ દિવ્ય છે. તેમના બધા ભોગો દિવ્ય છે. ભોગયોગ્ય વસ્તુઓ પણ દિવ્ય છે. વળી, તેમના પાર્ષદો દિવ્ય છે, તેમની શક્તિઓ પણ દિવ્ય છે. તેમના સર્વે ભક્તો દિવ્ય છે. તેમની ક્રિયાઓ દિવ્ય જ છે.

શ્રીજીમહારાજે આ સત્સંગને દિવ્ય, બ્રહ્મરૂપ અને મહાવિષ્ણુરૂપ કહ્યો છે. તેથી સત્સંગનો કે તેના એકેય અંગનો અભાવ મુમુક્ષુએ ન લેવો જોઈએ. ભગવાનના ભક્તને બ્રહ્મની મૂર્તિ જ જાણવા જોઈએ. આ છતાં, ભક્તિનું ઓઠું લઈ અધર્મમાં પ્રવર્તતા હોય કે ભગવાને સ્થાપેલી પંચવર્તમાનની મર્યાદામાં રહેતા ન હોય, છતાં નિર્દોષબુદ્ધિની ઢાલ ધરી, પોતાની નબળાઈઓ ઢાંકી, પોતાના સ્વાર્થી હેતુ માટે કે માન-મોટપ કે પદાર્થ માટે સત્સંગ કરતા હોય, તેવાનો અવગુણ આવે એ અવગુણ નથી. સાચા ભક્તો જે પંચવર્તમાન પાળી શ્રીજીની મર્યાદામાં રહી ભક્તિ કરે છે, તેમાં કાંઈક સ્વાભાવિક દોષ હોય, પ્રકૃતિના ભાવ હોય તે ન જોવા; પરંતુ તેમનામાં દિવ્યબુદ્ધિ રાખી સત્સંગ કરવો. શ્રીજીમહારાજના સ્વરૂપમાં દિવ્યભાવ[૮] દૃઢ થાય ત્યારે આ સ્થિતિ સહેજે જ થાય છે.

## સર્વજ્ઞતા

પરમાત્માનાં જે અસાધારણ લક્ષણ વાયુપુરાણમાં વર્ણવ્યાં છે તેમાંનું

૮. આ સિદ્ધાંત વચ. ગ.પ્ર. ૫૬, ૫૮; ગ.મ. ૧૦, ૧૭; પં. ૪; લો. ૧૮ વગેરે વચનામૃતોનો અભ્યાસ કરવાથી દૃઢ થાય છે.

પ્રથમ લક્ષણ સર્વજ્ઞતા છે.[૯] પરમાત્મા સર્વજ્ઞ છે, આ શબ્દનો સ્થૂળ અર્થ લેવાનો નથી; કારણ કે સર્વજ્ઞપણું તો ઈશ્વરાદિકમાં હોય છે અને મુક્તમાં પણ હોય છે. પરમેશ્વરમાં સર્વજ્ઞપણું જુદા પ્રકારનું છે. અનંત કોટિ બ્રહ્માંડના પદાર્થમાત્ર તથા જીવમાત્ર, ઈશ્વર કોટિના પ્રત્યેક ઈશ્વર, પોતાના ધામમાં વિરાજમાન અનંત કોટિ મુક્તો તથા મૂળ અક્ષર તેમની ક્રિયાને એકકાળાવિચ્છિન્ન[૧૦] જાણવું તે પરમાત્માનું સર્વજ્ઞપણું છે.

પરમાત્મા સર્વના હૃદયને વિષે સાક્ષીરૂપ રહીને જાણે છે. જીવોના હૃદયમાં રહ્યા થકા જીવોનાં સ્થૂળ-સૂક્ષ્મરૂપે કરેલાં સર્વ કર્મોને જાણે છે. તેમના ભૂત, ભવિષ્ય, વર્તમાનને પણ જાણે છે. તેમના ગુણ, દોષ, સ્વભાવ અને સંકલ્પમાત્રને જાણે છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ, લય સંબંધી ઈશ્વરના સંકલ્પો પણ જાણે છે.

---

૯. सर्वज्ञता तृप्तिरनादिबोधः स्वतंत्रता नित्यविलुप्तदृष्टिः ।
अनन्तशक्तिश्च विभोर्विभुज्ञाः षडाहुरङ्गानि महेश्वरस्य ॥

૧૦. यो वेत्ति युगपत्सर्वं प्रत्यक्षेण सदा स्वतः ॥

# ૪ સર્વોપરી

## સર્વોપરીપણાની નિષ્ઠા આવશ્યક

શ્રીજીમહારાજ ભગવાન છે એવી નિષ્ઠા રાખી આપણે તેમનો આશ્રય કરીએ જ છીએ. તેમનું ધ્યાન, ભજન પણ કરીએ છીએ. પરંતુ મહારાજ સર્વોપરી અને સર્વ અવતારના અવતારી છે તે સમજવું શ્રીજીના આશ્રિત માટે અતિ આવશ્યક છે.

તેમના સ્વરૂપનો આવો દૃઢ નિશ્ચય કરવાથી જીવને જન્મ-મરણનો ભય ટળી જાય છે. તેમને વિષે દૃઢ નિષ્ઠા થવાથી જ આત્મા-અનાત્માનો વિવેક દૃઢ થાય છે. શ્રીજીમહારાજે કહ્યું છે : ''જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય **તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે.**'' (વચ. ગ.પ્ર. ૫૬)

અને એમ પણ કહ્યું છે : ''જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં **પ્રયાસ થશે નહિ, સહજે જિતાઈ જશે...** પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો **કોઈ રીતે વાંધો ભાંગશે નહિ.**'' (વચ. ગ.મ. ૧૩). માટે એ સ્વરૂપના નિશ્ચયની દૃઢતા આત્મારૂપ થવામાં, દોષ ટાળવામાં ઉપકારક છે. સાધક માટે આધ્યાત્મિક સાધનામાં ઉન્નતિ માટે આ પાયાની ભૂમિકા છે, જે અવગણી શકાય જ નહિ.

કારણ કે ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''**મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ.**'' (સ્વા.વા. ૩/૧૨)

તેથી તો શ્રીજીમહારાજ કહે છે : ''જ્ઞાનમાર્ગ તો એવો સમજવો જે,

કોઈ રીતે ભગવાનના સ્વરૂપનો દ્રોહ થાય નહિ... માટે જે સમજુ હોય તેને ભગવાનના વચનમાં તો જેટલું પોતાની સામર્થી પ્રમાણે રહેવાય તેટલું અવશ્ય રહેવું, પણ **ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરી ને સદા દિવ્ય સાકારમૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.** અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે. અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી નહિ હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્માના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે, પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય. તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને **બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.**'' (વચ. ગ.મ. ૯)

શ્રીજીમહારાજને સર્વોપરી સર્વ અવતારના અવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તરીકે વચનામૃતમાં અને સંપ્રદાયના બીજા ગ્રંથોમાં કહ્યા છે. આપણે એ બધા ગ્રંથોના આધારે શ્રીજીમહારાજનું સર્વોપરીપણું વિચારીશું.

## સર્વથી પર અક્ષરધામ અને અક્ષરધામાધિપતિ શ્રીહરિ સર્વોપરી

અક્ષરધામ એ શ્રીહરિનું ધામ છે અને એ અન્ય અવતારો તથા દેવોનાં ધામ(સ્થાનકો)થી ભિન્ન અને પર છે. પરમેશ્વરની આજ્ઞાથી અવતારો અને તેમના ભક્તો તથા દેવો અલગ અલગ સ્થાનકમાં રહ્યા છે. આ વાત સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ સ્પષ્ટપણે સમજાવી છે :

બ્રહ્મા રાખ્યા સત્યલોકમાં, શિવને રાખ્યા કૈલાસ;
વિષ્ણુને રાખ્યા વૈકુંઠમાં, એમ આપ્યો જુજવો નિવાસ.
ઈન્દ્ર રાખ્યો અમરાવતી, શેષજીને રાખ્યા પાતાળ;
જ્યાં જ્યાં કરી હરિએ આજ્ઞા, તિયાં રહ્યા સુખે સદાકાળ.

બદ્રીતળે રાખ્યા ઋષીશ્વર, નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વીપમાં;
ગોપીગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં.
*(નિ. કા. વચનવિધિ : ૩૭)*

અક્ષરધામ સિવાય આ સર્વે લોક માયાની અંદર જ આવેલ છે, તેથી ત્યાં ત્રિવિધ તાપ પણ છે.

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે :

'ચૌદ લોક વૈકુંઠ લગી, માયાની પાગી રે;
તેથી અનુભવી અળગા રહે, ત્રિય તાપ આગી રે.'

પરંતુ અક્ષરધામ માયાથી પર હોવાથી ત્યાં ત્રિવિધ તાપ નથી. પરિણામે, ત્યાંનું સુખ પણ અતિ અધિક છે. તે સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે :

''પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે, ને તેથી દેવતાનું સુખ અધિક છે, ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે. અને તેથી **ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે.**'' (વચ. પં. ૧)

નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

'જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે;
સર્વે પર છે સુખની ખાણી, કેવું કહીએ તેને કથી રે.
અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા, રહે છે પ્રભુજીની પાસ રે;
સુખ સુખ જ્યાં સુખના દરિયા, ત્યાં વસી રહ્યા વાસ રે;
એવા ધામની આગળ બીજાં, શી ગણતીમાં ગણાય રે...'
*(ચોસઠપદી : ૫૫, ૫૬)*

તેથી તો શ્રીજીમહારાજ કહે છે :

''જે ભગવાનનું અક્ષરધામ છે તેની આગળ બીજા જે દેવતાના લોક છે તેને મોક્ષધર્મને વિષે નરક તુલ્ય કહ્યા છે.'' (વચ. સા. ૧, ૪, ૧૧; ગ.અં. ૨૮)

વળી, અક્ષરધામ સિવાયનાં અન્ય સ્થાનકો નાશવંત છે, જ્યારે અક્ષરધામ તો અવિનાશી છે. તે વાત કરતાં સદ્. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'મા'પ્રલય કાળના અગ્નિમાં સીજાં, હંમેશ જે હણાય રે.
પ્રકૃતિપુરુષ પ્રલયમાં આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે,

ચૌદ લોક ધામ રહેવા ન પામે, સર્વે સંહાર હોય રે.'

*(ચોસઠપદી : ૫૬)*

શ્રીજીમહારાજ પણ કહે છે : ''ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના જે જે લોક છે ને તે લોકને વિષે રહ્યા એવા જે દેવ છે ને તે દેવના વૈભવ છે, તે સર્વે નાશવંત છે.'' (વચ. ગ.મ. ૨૪)

બીજાં ધામો નાશવંત હોવાથી ત્યાં ગયા પછી પણ પાછું પડવાનું છે. પણ અક્ષરધામમાં ગયા પછી પુનરાગમન નથી.

**न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः।**
**यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम॥**

અર્થાત્ જે ધામને પામીને પુનરાગમન પામતા નથી, જે ધામને સૂર્ય, ચંદ્ર અને અગ્નિ પ્રકાશિત કરી શકતા નથી, તે મારું પરમધામ છે. (ગીતા : ૧૫-૬)

બીજાં ધામોમાં ગુણના ભાવ છે, માયા છે. (જેમ કે ગોલોકમાં રાધિકાજી ને શ્રીદામા સાથે તકરાર-તમોગુણનો ભાવ અને વૈકુંઠમાં જય-વિજય ઉપર સનકાદિકનો ક્રોધ) પણ અક્ષરધામમાં માયા નથી.

બીજાં ધામોની અવધિ છે. દા.ત. ગોલોક, વૈકુંઠ વગેરે અમુક જોજન સુધી વિસ્તરેલાં છે – એવું શાસ્ત્રોમાં વર્ણન છે. જ્યારે અક્ષરધામની અવધિ નથી, એ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે. (વચ. લો. ૧૪)

બીજાં ધામોના વર્ણનમાં મણિમય મહોલો, રત્નો વગેરે લૌકિક પદાર્થો છે, જ્યારે અક્ષરધામમાં સર્વત્ર અલૌકિક દિવ્ય તેજ છે અને એ તેજના સમૂહમાં પુરુષોત્તમ, અક્ષર અને અક્ષરમુક્તો છે.

શ્રીજીમહારાજ ઓરડાના પદમાં કહે છે :

'મારું ધામ છે રે, અક્ષર અમૃત જેનું નામ;
સર્વ સામ્રથી રે, શક્તિ ગુણે કરી અભિરામ.
અતિ તેજોમય રે, રવિ શશિ કોટિક વારણે જાય;
શીતળ શાંત છે રે, તેજની ઉપમા નવ દેવાય.'

*(સદ્ગુરુ પ્રેમાનંદ સ્વામી)*

સદ્. નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

'તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે,

તેજોમય જ્યાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાં રે.
તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી રે,
નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે.'

*(ચોસઠપદી : ૫૫)*

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની વાતુંમાં બીજાં ધામો કરતાં અક્ષરધામ શ્રેષ્ઠ છે તે સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે. (સ્વા.વા. ૩/૧૧, ૨૩, ૪૯)

વળી, શ્રીહરિ પોતે જ પોતાના અક્ષરધામની સર્વોત્કૃષ્ટતા બતાવતાં કહે છે : ''એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે.'' (વેદરસ : પૃ. ૧૪૬)

અગણોતેરા કાળમાં શ્રીજીમહારાજ બીમાર હતા ત્યારે પોતાની યોગશક્તિએ કરીને સર્વે લોકમાં જઈને પછી અક્ષરધામમાં ગયા હતા. તેનું વર્ણન કરતાં તેઓ કહે છે : ''અમે એકલા જ તે **સર્વે થકી પર એવું જે શ્રીપુરુષોત્તમનું ધામ** તેમાં ગયા. ત્યાં પણ **હું જ પુરુષોત્તમ છું.** મારા વિના બીજો મોટો કોઈ દેખ્યો નહિ... ને જે જે જીવ મારે શરણે આવ્યા છે... તેને સર્વેને હું **સર્વોપરી એવું જે મારું** ધામ છે તેને પમાડીશ.'' (વચ. અમ. ૭)

આમાં શ્રીજીમહારાજે અક્ષરધામને સર્વથી પર કહ્યું છે અને તે ધામ પોતાનું છે તથા તેમાં પોતે જ સર્વોપરી છે તેની સ્પષ્ટતા કરી છે. આવા સર્વથી પર અને દિવ્ય એવા અક્ષરધામના અધિપતિ શ્રીજીમહારાજ પણ સર્વોપરી હોય તે સ્વાભાવિક જ છે.

## શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : શ્રીમુખનાં વચનોના આધારે

શ્રીજીમહારાજે શ્રીમુખે પોતાના સ્વરૂપના સર્વોપરી ભાવના શબ્દો કેટલાક ઠેકાણે ઉચ્ચાર્યા છે. સામાન્ય રીતે તો ભગવાન જ્યારે મનુષ્ય રૂપે પૃથ્વી પર પ્રગટ થાય છે ત્યારે પોતાનો દિવ્યભાવ અને સમગ્ર ઐશ્વર્ય છુપાવે છે. પોતાના સ્વરૂપની વાત કરતાં પણ અચકાય છે. કારણ કે :

''શું જાણીએ વાત કરીએ ને તેમાંથી કોઈને અવળું પડે ? ને તેણે જે પોતાના અંગની દૃઢતા કરી હોય તે અંગ આ વાતે કરીને ત્રુટી જાય તો મૂળગેથી જાય અને એ વાત કર્યા વિના પણ ચાલતું નથી. અને એ વાત જો સમજતાં ન આવડે તો દૂષણ પણ ઘણાં આવે.'' (વચ. લો. ૧૮)

છતાં જેમ સૂર્ય ઊગે ત્યારે જ સૂર્યનું જ્ઞાન થાય છે, તેમ પુરુષોત્તમ નારાયણ પોતાનું સ્વરૂપ પોતે ઓળખાવે છે ત્યારે તેમના સ્વરૂપનો મહિમા સમજાય છે.

શ્રીજીમહારાજ ભગવાન છે તેમ સમજીને આપણે તેમનું વંદન, પૂજન અને ભજન-ભક્તિ કરીએ છીએ, તો ભગવાન તરીકે તેમને સત્યસ્વરૂપ અને સત્યવક્તા જાણી આપણે સૌ પ્રથમ સ્વતઃપ્રમાણ કહેતાં તેમના શ્રીમુખના શબ્દો જોઈશું.

શ્રીજીમહારાજે જૂના ખરડામાં લખાવ્યું છે : ''દૂસરા અવતાર હૈ સો કાર્ય-કારણ અવતાર હુઆ હૈ ઔર મેરા યહ અવતાર હૈ સો તો જીવોકું બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે **અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જૈસા બન્યા હૂં.**''

પૂર્વે શ્રીકૃષ્ણ પર્યંત સર્વ અવતારો કોઈ કાર્ય નિમિત્તે (અસુરોના સંહાર વગેરે માટે) થયા હતા અને એ કાર્ય પૂરું થતાં જ પૃથ્વી પરથી અંતર્ધાન થઈ ગયા. પણ ભગવાન સ્વામિનારાયણ તો જીવોને બ્રહ્મરૂપ કરવા અને તેમનું આત્યંતિક કલ્યાણ કરવા જ પધાર્યા હતા.

આ રીતે, પૃથ્વી પરના પ્રાગટ્યનો શ્રીજીમહારાજનો હેતુ પણ અન્ય અવતારો કરતાં શ્રેષ્ઠ છે. શ્રીજીમહારાજે વચનામૃતમાં પણ પોતાનું સર્વાવતારીપણું સ્પષ્ટ કહ્યું છે :

''અને એવા **સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે** જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા **સર્વ જનના નયનગોચર વર્તે છે ને તમારા ઈષ્ટદેવ છે** ને તમારી સેવાને અંગીકાર કરે છે અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી; એ બે એક જ છે. અને એવા જે **આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે, ને સર્વ કારણના પણ કારણ છે, ને સર્વોપરી વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે, ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.** અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે.'' (વચ. ગ.અં. ૩૮)

વળી, ''જે એકરસ તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને

અક્ષરધામ કહીએ, અને એ પ્રકાશને વિષે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ... **જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.**'' (વચ. ગ.મ. ૧૩)

''**આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે** (શ્રીજીમહારાજ) **તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થયા છે.** ને પોતે તો અવતારી છે ને એ જ સર્વેના અંતર્યામી છે, અને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે ને સદા સાકાર રૂપ છે ને અનંત ઐશ્વર્યયુક્ત છે. ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે.'' (વચ. અમ. ૬)

શ્રીજીમહારાજના આ શબ્દો તેમના જ સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા દૃઢ કરવાનો સંકેત કરી જાય છે. મોક્ષમાર્ગમાં આ સર્વોપરી સ્વરૂપનિષ્ઠાની દૃઢતા એ આવશ્યક અંગ છે.

## શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : 'સ્વામીની વાતું'ના આધારે

પોતાના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા જીવોને દૃઢ કરાવવા માટે જ શ્રીજીમહારાજ પોતાનું અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ પાર્ષદો સાથે લાવ્યા હતા. (વચ. ગ.પ્ર. ૭૧). તેમાં પણ શ્રીજીમહારાજના શબ્દો 'જેવા પોતે અક્ષરમાં છે તેવા પ્રકૃતિ-પુરુષાદિકમાં નથી', એટલે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જેવો અને જેટલો મહારાજનો મહિમા કહી શકે, તેવો ને તેટલો મહિમા બીજા કોઈ કહી શકે નહિ. આ વાતની પ્રતીતિ તેમની વાતોના બળભર્યા, કેસરી સિંહના નાદ સમા શબ્દોના પડછંદા સાંભળવાથી થાય છે. તેમની વાતોના શબ્દે શબ્દ શ્રીજીમહારાજના સર્વોત્કૃષ્ટ ભાવનું સ્પષ્ટ નિરૂપણ કરે છે.

તેમને બીક કે શાસ્ત્રની તંતી નડી નહિ. તેમણે તો નિર્ભયપણે આ વાતનું જોરશોરથી પ્રતિપાદન કર્યું.

તેમને કોઈ પૂછે કે શ્રીજીમહારાજના સર્વોપરી મહિમાની વાતો તો શાસ્ત્રોમાં નથી. તો તેઓ કહેતા કે શાસ્ત્રમાં આ વાત ક્યાંથી હોય ? ''જન્મ થયા મોર શાદી (લગ્ન) ક્યાંથી લખાય ? તેમ પુરુષોત્તમ (આ બ્રહ્માંડમાં) આવ્યા નહોતા તેની વાત શાસ્ત્રમાં ક્યાંથી લખાણી હોય ?'' (સ્વા.વા. ૫/૩૯૯).

શ્રીજીમહારાજ આ પહેલાં આ લોકમાં પધાર્યા જ ન હતા, તો તેમની

વાત શાસ્ત્રમાં મળે જ કેમ ?

પોતાની વાતોનો મહિમા પોતે જ પરભાવમાં આવીને કહે છે : ''આ વાતું તો 'ખમીયાળાના તીર જેવી છે', 'અંગ્રેજના લોઢા જેવી,' 'અડતામાં અળગું કરે એવી...' 'અનંત સંશયોને છેદનારી', 'ભગવાન પુરુષોત્તમની વાતું છે.'

તેથી જૂનાગઢમાં સ્વામીની અનરાધાર વાતુંના પડકારાથી આનંદિત થઈને એક વખત ગોપાળાનંદ સ્વામી એમ બોલી ઊઠ્યા હતા : ''વરતાલમાં ચાર આની, ગઢડામાં આઠ આની વાતો થાય છે, પણ પેટ ભરીને પૂરેપૂરી વાતો તો આ જૂનાગઢમાં જ થાય છે.''

આવી અદ્‌ભુત વાતોમાંથી થોડીક શબ્દપ્રસાદી લઈએ :

(૧) ''આજ તો પુરુષોત્તમ, અક્ષર ને અક્ષરના મુક્તે સહિત પધાર્યા છે, તે ભેળા અનંત ધામના ભગવાન તેમના મુક્તે સહિત આવ્યા છે. તે શા સારુ, તો પોતપોતાની ખોટ કાઢવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવા આંહીં આવ્યા છે.'' (સ્વા.વા. ૩/૪૧)

શ્રીજીમહારાજના પ્રાગટ્યના છ હેતુઓ પૈકી ચોથો હેતુ પણ આ જ હતો : અવતાર તથા તેમના ભક્ત - તેમને પોતાની ઉપાસનાનો તથા પોતાના સ્વરૂપ-જ્ઞાનનો બોધ કરીને, તેમને અક્ષરધામમાં લઈ જવા.[૧૧]

★

(૨) ''બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા.'' (સ્વા.વા. ૩/૩૮)

★

(૩) ''મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ.'' ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછ્યો છે જે, ''પુરુષોત્તમ કેમ જાણવા ? ને બ્રહ્મરૂપ કેમ થવાય ?'' ત્યારે કહ્યું જે, ''મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ છે.'' તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીસમું વચનામૃત વંચાવીને કહ્યું જે, ''**આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે**

૧૧. વચનામૃત, પૂર્વ ભાગ પૃ. ૬, સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ પ્રત, સંવત ૧૯૫૫.

**સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું.**'' (સ્વા.વા. ૩/૧૨)

★

(૪) ''અવતારમાત્ર તો ચમકપાણ જેવા છે. તેમાં કેટલાક તો મણ જેવા છે ને કેટલાક તો દસ મણ જેવા છે... ને લાખ મણ ચમક હોય તો આખા પરગણાના લોઢાને તાણે. ને આજ તો બધો ચમકનો પર્વત આવ્યો છે, નહિ તો બધું બ્રહ્માંડ તણાય કેમ ?'' એમ વાત કરીને બોલ્યા જે, ''પૂર્વના અવતારમાં જેમાં જેટલું ઐશ્વર્ય છે તેમાં તેટલા જીવ તણાય છે. **આજ તો સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ એવા જે પુરુષોત્તમ તે જ પધાર્યા છે** ને તેને જોઈને તો અનંત ધામના પતિ, તે ધામના મુક્ત, તે મહારાજની મૂર્તિને વિષે તણાઈ ગયા; જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ.'' (સ્વા.વા. ૩/૪)

★

(૫) ''વાદી, ફૂલવાદી ને ગારડી, તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી હોય તે તો હાથ આવે તો ઝાલે, નહિ તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને ગારડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલ્યા કરે. એ તો દૃષ્ટાંત છે એનું સિદ્ધાંત તો એ છે જે, દત્તાત્રેય, કપિલ તે તો વાદીને ઠેકાણે છે, તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કરે. ને રામચંદ્ર ને શ્રીકૃષ્ણ તે તો ફૂલવાદીને ઠેકાણે છે, તે તો પોતાનું વચન માને તેનું કલ્યાણ કરે ને ન માને તો તરવારે સમાધાન કરીને કલ્યાણ કરે. ને **મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે.**'' (સ્વા.વા. ૩/૫)

★

(૬) ''પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીના છોકરા સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે; તો મોટા મોટા હરિભક્ત ને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ?'' (સ્વા.વા. ૩/૭૨)

★

(૭) ''એમ તો પહેલાં ગણેશને પ્રભુ કહે છે. બ્રહ્મા, વિષ્ણુ ને શિવને

કહે છે. અનિરૂદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણને કહે છે, ત્યારે એમાંથી કેને પ્રભુ માનવા ? ત્યારે એનું તો એમ છે જે જીવની કોટિયું, ઈશ્વરની કોટિયું, બ્રહ્માની પણ કોટિયું ને કોટિયું છે. **એ સૌનાં કારણ તો મહારાજ પોતે એમ સમજે ત્યારે મજકૂર મળ્યું કહેવાય** ને અનંત કોટિ રામ, અનંત કોટિ કૃષ્ણ ને અનંત કોટિ અક્ષરમુક્ત એ સર્વેના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે ત્યારે જ્ઞાન થઈ રહ્યું.'' (સ્વા.વા. ૬/૨૫૪)

★

(૮) ''પુરુષોત્તમના ભક્તમાં ને બીજા અવતારના ભક્તમાં કેમ ભેદ છે ? તો જેમ હાથણી વિયાય ત્યારે તેને ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિયાય ત્યારે તેને લીખ આવે એમ ભેદ છે.'' (સ્વા.વા. ૨/૧૦૭)

★

(૯) ''શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવે ત્યાગ કર્યો ને આજ તો વીસ વીસ વરસના સંસાર મૂકીને ચાલ્યા આવે છે, ને પૂર્વે શાસ્ત્રમાં સ્ત્રી તો કોઈએ ત્યાગી નથી ને આજ તો હજારો બાઈયું ત્યાગ કરે છે, ને પૂર્વે ભગવાન બે-ત્રણને તેડવા આવ્યા છે તે શાસ્ત્રમાં લખ્યું છે ને આજ તો ઘરોઘર ભગવાન તેડવા આવે છે, ને **બીજા અવતાર મોટા મોટા તે પારસમણિ જેવા છે ને પુરુષોત્તમ તો ચિંતામણિ છે.**'' (સ્વા.વા. ૨/૧૬૯)

★

(૧૦) આ ઉપરાંત અનેક પ્રસંગે સ્વામીએ વાતો કરતાં **અવતાર-અવતારીનો ભેદ** સમજાવતાં કહ્યું છે : **તીર અને તીરનો નાખનારો** જેમ જુદા છે, તીરનો નાખનાર તીરનું કારણ છે તેમ સમજવું, પણ ભવાયો જેમ જુદા જુદા વેશ કાઢે છે તેમ અવતાર-અવતારીનો ભેદ નથી. વળી, જેમ **ચક્રવર્તી રાજા** અને **ખંડિયા રાજા** વચ્ચે ભેદ છે, તેમ અવતારના અવતારીનો ભેદ સમજવો. પણ અવતાર બધા સરખા ને સાધુ બધા સરખા એ સમજણ તો શાસ્ત્ર વિરુદ્ધ છે.

★

(૧૧) ''એકથી તે લાખ બકરાં બોલે પણ બીક ન લાગે ને એક કેસરી સિંહ બોલે તે બધાયનાં અંતર ભેદાઈ જાય ને હાથીનાં કુંભસ્થળ ફાટી જાય, તેમ મહારાજને અવતારાદિક જેવા કહે તેમાં કોઈને થડકો લાગે નહિ પણ

**અવતારાદિક સર્વે મહારાજનું દીધું ઐશ્વર્ય ભોગવે છે ને ભજી ભજીને એવા થયા છે,** એમ જે કહેવું તે તો કેસરી સિંહના નાદથી જેમ હાથીનાં કુંભસ્થળ ફાટે તેવું કઠણ પડતું છે.'' (સ્વા.વા. ૫/૧૯૭)

## શ્રીજીમહારાજનું સર્વોપરીપણું : અન્ય પરમહંસોનાં વચનોના આધારે

શ્રીજીમહારાજના દિવ્ય અને અનંત ઐશ્વર્યયુક્ત પ્રભાવશાળી વ્યક્તિત્વથી આકર્ષાયેલા કેટલાક પરમહંસોને તુરત જ શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે તેવી પ્રતીતિ થઈ. જેમને માત્ર શ્રીજીમહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય હતો પણ સર્વોપરીપણાનો ભાવ ન હતો તેમને પણ શ્રીજીમહારાજના અસાધારણ ઐશ્વર્ય અને લોકોત્તર કાર્યને અનુભવીને શ્રીજીમહારાજના સર્વોત્કૃષ્ટ શબ્દોમાં પ્રતીતિ આવી અને તેમને પણ ધીમે ધીમે શ્રીજીમહારાજનો સર્વોપરીપણાનો નિશ્ચય થયો. એવા પરમહંસોએ પોતાની કૃતિઓમાં શ્રીજીમહારાજનું સર્વોપરીપણું વણી લીધું છે. તેમાંથી કેટલાંક અવતરણો જોઈએ :

(૧) સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ તો તેમના સર્વ ગ્રંથોમાં મહિમાસભર શબ્દો મૂકી શ્રીજીમહારાજને પરબ્રહ્મ પુરુષોત્તમ, સર્વાવતારી જ લખ્યા છે :

(અ) 'આદ્ય મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર,
પણ સર્વેના કારણ જેહ, તે તો **સ્વામી સહજાનંદ એહ.**'

*(નિ. કા. અવતાર ચિંતામણિ : ૩૨)*

(બ) 'વિધિપર તે વિરાટ કહીએ, તે પર પ્રધાન પુરુષ લહીએ,
તે પર મૂળ પ્રકૃતિ પુરુષ, તેથી પર અક્ષર સુજશ.
અક્ષર પર પુરુષોત્તમ જેહ, તેણે ધર્યું મનુષ્યનું દેહ,
તેનું દર્શન ને સ્પર્શ ક્યાંથી, સહુ વિચારોને મનમાંથી.
જે છે મન વાણીને અગમ, તે તો આજ થયા છે સુગમ;'

*(ભ. ચિં. પ્ર. ૭૭)*

(ક) 'પછી બોલિયા પ્રાણજીવન, તમે સાંભળજ્યો સહુ જન,
તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ.
અતિઅપાર અક્ષરાતીત, થઈ તમારે તે સાથે પ્રીત,
ભક્ત જક્તમાંહી છે જો ઘણા, ઉપાસક અવતાર તણા.

જે જે મૂરતિ જનને ભાવે, તે મૂરતિ નિજધામ પહોંચાવે,
પણ **સર્વે પાર જે પ્રાપતિ, તે છે તમારે કહે પ્રાણપતિ.**'

*(ભ.ચિં. પ્ર. ૭૯)*

'પુરુષોત્તમ પ્રકાશ'માં શ્રીજીમહારાજના પુરુષોત્તમપણાના અનેક શબ્દો છે. તેમાંના થોડાકનો આસ્વાદ કરીએ :

(૧) 'કળશ ચડાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ.
પુરુષોત્તમ પ્રગટી રે...
ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહિ જોડ. પુ૰
ધામી જે અક્ષરધામના રે, તેણે આપ્યો છે આનંદ. પુ૰
બંધ કીધાં બીજાં બારણાં રે, વે'તી કીધી અક્ષરવાટ. પુ૰
**અષાઢી મેઘે આવી કર્યાં રે, ઝાઝાં બીજાં ઝાકળ. પુ૰**'

*(નિ. કા. પુરુષોત્તમપ્રકાશ-૫૫)*

શ્રીજીમહારાજને અષાઢી મેઘની ઉપમા આપી કે જે મેઘવર્ષાથી પૃથ્વી સચેતન થઈ ફળવતી બને, જ્યારે બીજા અવતારોને ઝાકળ જેવા કહ્યા છે, જે ઝાકળના બિંદુની પૃથ્વી ઉપર કોઈ અસર થતી નથી. આવા પરભાવના શબ્દોથી તેમણે પોતાના ઈષ્ટદેવના મહિમાનું ગાન કર્યું છે.

(૨) 'સહજાનંદ સ્વામી રે, પોતે પરબ્રહ્મ છે રે,
સ્વામિનારાયણ જેનું નામ રે.

*(સદ્. મુક્તાનંદ સ્વામી)*

(૩) દિવ્ય ચૈતન્ય અક્ષર જેનું ઘર છે જો,
ક્ષર અક્ષર થકી એ તો પર છે જો... *(સદ્. પ્રેમાનંદ સ્વામી)*

(૪) 'કોટિ વિષ્ણુ બ્રહ્મા કર જોડી, શંકર કોટિ સુરત આની,
શારદા શેષ અરુ નારદ બરને, નહિ માનત નર અભિમાની.
**પરબ્રહ્મ પૂરણ પુરુષોત્તમ, સ્વામિનારાયણ** સુમરાની,
સુખાનંદ શરણે સુખ પાયો, ભજન ભરોસા ઉર આની.'

*(સદ્. સુખાનંદ સ્વામી)*

આ ઉપરાંત અષ્ટ કવિ પરમહંસોનાં અન્ય કીર્તનોમાં તથા શ્રીજીના પ્રકાંડ વિદ્વાન એવા નિત્યાનંદ સ્વામી દ્વારા લિખિત હરિદિગ્વિજય ગ્રંથમાં, ગુણાતીતાનંદ સ્વામીની પ્રેરણાથી અચિંત્યાનંદ બ્રહ્મચારી દ્વારા લખાયેલા

શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથમાં વગેરે અનેક સ્થળે શ્રીજી સર્વોપરી છે એ પ્રકારનો ઉલ્લેખ મળે છે.

પોતાના ઈષ્ટદેવની સર્વોપરી નિષ્ઠા દૃઢ થવાથી એવા પરમહંસોને પ્રકૃતિ-પુરુષ પર્યંત ક્યાંય માલ મનાતો ન હતો. તેથી તો જ્યારે સદ્‌ગુરુ સ્વરૂપાનંદ સ્વામીને મહારાજે પૂછ્યું : ''તમને ગોલોકમાં મોકલીએ તો ?''

ત્યારે તેમણે કહ્યું : ''ઇસ ખડ્ડે મેં તો પડે હી હૈ.''

## ઉત્પત્તિ સર્ગ

શ્રીજીમહારાજ સર્વોપરી છે તે સમજવા આપણે ઉત્પત્તિ સર્ગ જોઈએ :

શ્રીજીમહારાજે ઉત્પત્તિ સર્ગ સમજાવતાં જુદા જુદા દેવો, ઈશ્વરો વગેરેની ઉત્પત્તિ, તેમનું સ્થાન વગેરે સ્પષ્ટ કર્યું છે. તત્ત્વજ્ઞાનમાં પાંચ તત્ત્વોનો ભેદ અનાદિ કહ્યો છે. તેમાં જીવમાં ચાર પ્રકારની યોનિ(ઉદ્‌ભિજ, જરાયુજ, અંડજ અને સ્વેદજ)માં જન્મ લેતા ઇન્દ્રાદિક દેવો તથા જીવમાત્ર આવી જાય. ઈશ્વરકોટિમાં બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશથી પ્રધાનપુરુષ પર્યંત આવી જાય. માયા ભગવાનની શક્તિ કહી છે. માયા અક્ષરબ્રહ્મના પ્રકાશને વિષે લય પામે છે.

શ્રીજીમહારાજ કહે છે : ''વેદ, પુરાણ, ઇતિહાસ ને સ્મૃતિઓ એ સર્વ શાસ્ત્રમાંથી અમે એ સિદ્ધાંત કર્યો છે જે, જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર એ સર્વે અનાદિ છે અને માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે. અને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે. અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે તે પરમેશ્વરની ઇચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિ કાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે, પણ નવા જીવ નથી થતા. માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે પણ એ જીવ પરમેશ્વરના અંશ નથી, એ તો અનાદિ જીવ જ છે. તે જીવ જ્યારે પરમેશ્વરને શરણે જાય ત્યારે ભગવાનની માયાને તરે ને નારદ-સનકાદિકની પેઠે બ્રહ્મરૂપ થઈને ભગવાનના ધામમાં જાય છે ને ભગવાનનો પાર્ષદ થાય છે. એવી રીતે અમારો સિદ્ધાંત છે.'' (વચ. ગ.અં. ૧૦)

"અને જ્યારે બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે ત્યારે આ પ્રગટ ભગવાન છે તે જ એક[૧૨] રહે છે અને પછી સૃષ્ટિ રચવાને સમે પણ પ્રકૃતિપુરુષ દ્વારે કરીને અનંત કોટિ બ્રહ્માંડોને એ જ ભગવાન ઉપજાવે છે." (વચ. ગ.પ્ર. ૫૬)

આ પ્રમાણે ઉત્પત્તિ અને પ્રલય તે ભગવાન સ્વામિનારાયણને આધીન છે. ત્યાં શ્રુતિવાક્યનું પ્રમાણ છે : **तदैक्षत। बहु स्यां प्रजायेयेति।**

*(છાંદોગ્યોપનિષદ : ૬-૨-૩)*

ઉત્પત્તિક્રમ શ્રીજીમહારાજ આ રીતે સમજાવે છે : "અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાન સૃષ્ટિ સમયે અક્ષર સામી દૃષ્ટિ કરે છે ત્યારે તે અક્ષરમાંથી[૧૩] પુરુષ પ્રગટ થઈ આવે છે. પછી તે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે ને પુરુષ રૂપે થઈને પ્રકૃતિને પ્રેરે છે, એવી રીતે જેમ જેમ પુરુષોત્તમનો પ્રવેશ થતો ગયો તેમ તેમ સૃષ્ટિની પ્રવૃત્તિ થઈ અને પછી તે પ્રકૃતિપુરુષ થકી પ્રધાનપુરુષ થયા અને તે પ્રધાનપુરુષ થકી મહત્તત્ત્વ થયું. ને મહત્તત્ત્વ થકી ત્રણ પ્રકારનો અહંકાર થયો ને અહંકારથી[૧૪] ભૂત, વિષય ઇન્દ્રિયો અંતઃકરણ અને દેવતા તે થયાં.[૧૫] ને તે થકી વિરાટ-પુરુષ થયા ને તેના નાભિકમળમાંથી બ્રહ્મા થયા ને તે બ્રહ્મા થકી મરીચ્યાદિક પ્રજાપતિ થયા ને તે થકી કશ્યપ પ્રજાપતિ થયા ને તે થકી ઇન્દ્રાદિક દેવતા થયા ને દૈત્ય થયા અને સ્થાવર જંગમ સર્વ સૃષ્ટિ થઈ." (વચ. ગ.પ્ર. ૪૧)

---

૧૨. એક કહેતા ભગવાન સહજાનંદ સ્વામી પરબ્રહ્મની સાથે અક્ષરબ્રહ્મ અને અક્ષર-મુક્ત પણ સમજી લેવા.

૧૩. અક્ષર અનંત કોટિ મુક્તો સામે જુએ છે ત્યારે તે મુક્તોમાંથી એક પુરુષ ઊભો થાય છે. આટલું સ્વા.વા. ૭/૧૫ના આધારે અહીં વિશેષ સમજવું. આ પુરુષને શાસ્ત્રમાં મૂળપુરુષ કહ્યો છે.

૧૪. સાત્ત્વિક અહંકાર થકી મન અને ઇન્દ્રિયોના દેવતા ઉત્પન્ન થતા હવા અને રાજસ અહંકાર થકી દસ ઇન્દ્રિયો, બુદ્ધિ અને પ્રાણ એ ઉત્પન્ન થતાં હવાં અને તામસ અહંકાર થકી પંચભૂત અને પંચ તન્માત્રા એ ઊપજતાં હતાં. (વચ. ગ. પ્ર. ૧૨)


૧૫. દેવતા : દિશા (દિગ્પાલ), વાયુ, સૂર્ય, વરુણ, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇન્દ્ર, ઉપેન્દ્ર, પ્રજાપતિ (બ્રહ્મા), મૃત્યુ (યમ).

દસ ઇન્દ્રિયો : શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, રસના, ઘ્રાણ, (પાંચ જ્ઞાન ઇન્દ્રિયો), વાક્, પાણિ (હાથ), પાદ, શિશ્ન, ગુદા (પાંચ કર્મ ઇન્દ્રિયો).

પંચવિષય (તન્માત્રા) : શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ.

પંચભૂત : આકાશ, વાયુ, તેજ, જળ પૃથ્વી.

## ઉત્પત્તિ સર્ગ


પરબ્રહ્મ
(પુરુષોત્તમ)
અક્ષરબ્રહ્મ
(અક્ષર)
અક્ષરપુરુષ (મુક્ત)
(મૂળપુરુષ)
મહામાયા
(મૂળપ્રકૃતિ)
પ્રધાન-પુરુષ (અનંત જોડલાં)
મહત્તત્ત્વ
(ચિત્ત)
સાત્ત્વિક અહંકાર
રાજસ અહંકાર
તામસ અહંકાર
મનઇન્દ્રિયોના દેવતા
ઇન્દ્રિયો, બુદ્ધિ, પ્રાણ
પંચભૂત, પંચવિષય
વિરાટ પુરુષ
બ્રહ્મા
મરીચ્યાદિક પ્રજાપતિ
કશ્યપ પ્રજાપતિ
ઇન્દ્રાદિક દેવતા
દૈત્ય
સ્થાવર-જંગમ સૃષ્ટિ

આ પ્રમાણે પરબ્રહ્મ-પરમાત્મા જ્યારે આ સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા કરે છે ત્યારે પોતાના અનાદિ સેવક અક્ષર સામી દૃષ્ટિ કરે છે. અક્ષર પોતાના સ્વામી જે પરબ્રહ્મ પુરુષોત્તમ તેમની ઈચ્છા જાણીને પુરુષ (અક્ષરમુક્ત-પુરુષ) સામે દૃષ્ટિ કરી તેને પુરુષોત્તમના સંકલ્પની જાણ કરી તેને ઉત્પત્તિ માટે પ્રેરે છે. આથી તે અક્ષરાત્મક મુક્તપુરુષ પરબ્રહ્મની ઈચ્છા હોવાથી મહામાયા સાથે જોડાઈ માયામાં પ્રલયકાળે જે અનંત પ્રધાન અને પુરુષ લીન હતાં તેમને વ્યક્ત કરે છે. (કાર્યોન્મુખ કરે છે.) અને તે દ્વારા સમગ્ર બ્રહ્માંડની રચના કરાવે છે.

આ અક્ષરાત્મક પુરુષ પ્રકૃતિને પ્રેરે છે કહેતાં પુરુષરૂપે થઈને મહામાયાને વિષે પોતાની શક્તિને પ્રેરે છે. માયા પોતાની સામ્યાવસ્થામાંથી ચલિત થાય છે.'[૧૬] પુરુષ ને પ્રકૃતિના સંયોગથી અનંત પ્રધાન અને પુરુષનાં જોડલાં, અનંત બ્રહ્માંડના સર્જન માટે ઉત્પન્ન થાય છે. આવી રીતે જેમ જેમ પુરુષોત્તમનો પ્રવેશ થતો ગયો તેમ તેમ સૃષ્ટિની પ્રવૃત્તિ થતી ગઈ.

ઉપર કહ્યા જે અક્ષરાત્મક પુરુષ અથવા અક્ષરધામના બ્રહ્મરૂપ મુક્ત તે ''નિરન્ન છે ને મુક્ત છે ને બ્રહ્મ છે ને માયાના કારણ છે. તે માયાને વિષે લોમપણે (સન્મુખ) વર્તે છે તો પણ એને માયાનો બાધ થતો નથી ને માયાને વિષે એને ભોગની ઈચ્છા નથી. એ તો પોતે બ્રહ્મસુખે સુખિયા છે ને પૂર્ણકામ છે.'' (વચ. ગ.મ. ૩૧)

શાસ્ત્રોમાં ઘણુંખરું આ પુરુષને જ પુરુષોત્તમ કહ્યા છે તેથી પરબ્રહ્મ પુરુષોત્તમ નોખા છે તેવો ખ્યાલ આવતો નથી અને સમજણમાં ભ્રમ થઈ જાય છે, પરંતુ શ્રીજીમહારાજ તો વચનામૃતમાં સ્પષ્ટપણે સમજાવે છે : ''જેમ આ જીવને વિષે ને વૈરાજપુરુષ-ઈશ્વરને વિષે ભેદ છે અને વળી જેમ ઈશ્વરને વિષે ને પુરુષને વિષે ભેદ છે, તેમ પુરુષ ને પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એવો ઘણો ભેદ છે ને પુરુષોત્તમ વાસુદેવ તો સર્વના સ્વામી છે અને એવા અક્ષરાત્મક પુરુષ[૧૭] ઘણાક છે. તે જે તે વાસુદેવનાં ચરણારવિંદની ઉપાસના કરે છે ને સ્તુતિ કરે છે... તે એવી રીતે વાર્તા અમે ઘણીક વાર કરી છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ્ય

૧૬. સામ્યાવસ્થા કહેતા મહામાયાના ત્રણેય ગુણો સમતા ભોગવી શાંત હતા.

૧૭. અક્ષરમુક્તો, બ્રહ્મરૂપ મુક્તો.

બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી.'' (વચ. ગ.મ. ૩૧)

આ રીતે સૃષ્ટિનો ક્રમ જોતાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એવા શ્રીજીમહારાજ સૌના પ્રેરક, અંતર્યામી અને કારણ છે તે સ્પષ્ટ સમજાય છે. શ્રીજીમહારાજની જ શ્રીમુખની વાણી સાંભળી સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ લખ્યું છે :

'જીવ ઈશ્વર તણો રે માયા કાળ પુરુષ પ્રધાન,
સૌને વશ કરું રે સૌનો પ્રેરક હું ભગવાન;
અગણિત વિશ્વની રે ઉત્પત્તિ પાલન પ્રલય થાય,
મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય.'

*(ઓરડાનાં પદો)*

## પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ : એક અને અદ્વિતીય

આ રીતે આપણે જોયું કે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સર્વોપરી, સર્વાવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વના નિયંતા છે. અને તે ભગવાન સ્વામિનારાયણ છે. વળી તે એક અને અદ્વિતીય છે. અક્ષરપર્યંત પણ પરબ્રહ્મ થવા સમર્થ નથી. તે વિષે શાસ્ત્રોનાં થોડાંક પ્રમાણો જોઈએ.

◆ શ્રુતિમાં કહ્યું છે : 'एकमेवाद्वितीयं ब्रह्म' ભગવાન એક જ અને અદ્વિતીય છે.

◆ આ સિદ્ધાંતની સ્પષ્ટતા કરતાં શ્રીજીમહારાજ કહે છે, ''એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે પણ બીજો કોઈ એ જેવો થતો નથી.'' (વચ. લો. ૧૩, કા. ૮, કા. ૧૦)

◆ ''જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે અને ભગવાનને ભજી ભજીને ઘણાક ભગવાનના સાધર્મ્યપણાને પામ્યા છે તો પણ તે ભગવાન જેવા તો થતા જ નથી.'' (વચ. ગ.અં. ૩૯)

◆ ''ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે અને તે ભગવાન અતિ સમર્થ છે ને તે જેવો થવાને કાજે અક્ષરપર્યંત કોઈ સમર્થ થતો નથી, એ સિદ્ધાંત છે.'' (વચ. લો. ૪).

◆ **न तत्समश्चाप्यधिकश्च दृश्यते।**

અર્થાત્ 'તે પરબ્રહ્મની સમાન કે તેથી અધિક કોઈ જણાતું નથી.'
(શ્વેતાશ્વતર ઉપનિષદ ૬/૮ તથા ભવસંભવસંહિતા ઉપનિષદ ૨/૨૪)

# પ્રચલિત પ્રસંગો

## શ્રીજીમહારાજે પ્રસંગોપાત્ત સમજાવેલું પોતાનું સર્વોપરીપણું

હવે આપણે સંપ્રદાયમાં પ્રચલિત એવા કેટલાક પ્રસંગોથી શ્રીજીમહારાજનું સર્વોપરીપણું જોઈશું.

(૧) શીતળદાસ નામે મુમુક્ષુ બ્રાહ્મણ રામાનંદ સ્વામીની ખ્યાતિ સાંભળી તેમનાં દર્શન કરવા આવ્યા. પરંતુ રામાનંદ સ્વામી થોડા દિવસ પહેલાં જ અંતર્ધાન થયા છે તે સમાચાર સાંભળીને અત્યંત નિરાશ થઈ ગયા. તેથી તેમણે પાછા જવાનો વિચાર કર્યો. તેવામાં શ્રીજીમહારાજે તેને સમાધિ કરાવી જેમાં ચોવીસે અવતારો અને રામાનંદ સ્વામી શ્રીજીમહારાજની સ્તુતિ કરે છે તેવાં તેને દર્શન થયાં. સમાધિ અવસ્થામાં જ તેમણે શ્રીજીમહારાજની પ્રેમથી પૂજા કરી, પરંતુ પછી તેમને અક્ષરધામના અનંત મુક્તોની પૂજા કરવાની ઇચ્છા થઈ. તેમની આ ઇચ્છા જાણી શ્રીજીમહારાજે તેમને સંકલ્પ કરવા કહ્યું કે ''આ એક એક અવતાર અને રામાનંદ સ્વામી પુરુષોત્તમ હોય તો મારાં અનંત સ્વરૂપ થાઓ.'' પણ તેમ સંકલ્પ કરવા છતાં તેમનાં અનેક સ્વરૂપો ન થયાં. પછી મહારાજે કહ્યું :

'ચિંતવન એવું મુજ વિષે, હવે કરો કહે પરમેશ.'

''શ્રીજીમહારાજ પુરુષોત્તમ હોય તો મારાં અનંત સ્વરૂપ થાઓ.'' એમ સંકલ્પ કરતાં જ તેમનાં અનંત રૂપ થયાં અને તેમણે અનંત મુક્તોની એકી સાથે પૂજા કરી. સમાધિમાંથી બહાર આવીને શીતળદાસે મહારાજની સ્તુતિ કરી. તેમને શ્રીજીમહારાજનો સર્વોપરી નિશ્ચય થયો. તેથી તેમને જગત ખોટું થઈ ગયું. અને તેઓ મહારાજ પાસે દીક્ષા લઈ પરમહંસ બની ગયા. મહારાજે તેમનું નામ વ્યાપકાનંદ સ્વામી પાડ્યું.

'સર્વ અવતાર એમાં સમાય, પોતે કોઈમાં લીન ન થાય,
એવી વાત કહી જેહ વાર, થયા લીન બધા અવતાર.'

*(હરિલીલામૃત : ૫-૩)*

★

(૨) મહારાજના અનન્ય ભક્ત, ગામ અગતરાઈના પર્વતભાઈને એક વખત ખેતી કરતાં મહારાજમાં વૃત્તિ જોડાઈ ગઈ અને શ્રીજીમહારાજની તેજોમય મૂર્તિનાં પ્રથમ દર્શન થયાં. અને તે પછી તે તેજમાં એક પછી એક ચોવીસ અવતારોએ દર્શન આપ્યાં અને પાછા શ્રીજીમહારાજની મૂર્તિમાં એ સર્વે અવતારો સમાઈ ગયા. આવાં દિવ્ય દર્શનથી પર્વતભાઈ ઘણા પ્રસન્ન થયા. આ ઉપરથી પ્રતીતિ થાય છે કે જે સમર્થ હોય, સર્વશ્રેષ્ઠ હોય તે જ બીજાને પોતામાં લીન કરી શકે.

શ્રીજીમહારાજે સમાધિ દ્વારા પોતાનું અપરિમિત ઐશ્વર્ય બતાવી પોતાનું સર્વોપરીપણું સિદ્ધ કરી બતાવ્યું હતું. જ્ઞાની-અજ્ઞાની, ભક્ત-અભક્ત, પશુ-પંખી, જીવ-જંતુ વગેરે સૌને સમાધિ કરાવી મહારાજે અભૂતપૂર્વ ઐશ્વર્ય બતાવ્યું હતું. માછલાંઓ, મગર વગેરેને પણ મહારાજ સમાધિ કરાવતા. આ ઉપરાંત જુદા જુદા સંપ્રદાયના અનુયાયીઓને સમાધિ કરાવી પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવતા અને પોતાનામાં લીન થઈ જતા બતાવતા. આવા અપાર ઐશ્વર્યથી ખેંચાઈને દેશદેશના ખૂણે ખૂણેથી મુમુક્ષુઓ આવીને તેમનો આશ્રય કરતા.

વચનામૃત પંચાળાના ૬નો આ જ ભાવાર્થ છે કે જેમ શ્રીકૃષ્ણ ભગવાને તેમના પૂર્વે થઈ ગયેલા અવતારોનું કે બીજી મૂર્તિઓનું ઐશ્વર્ય પોતાને વિષે જણાવ્યું છે તેથી તેમને શાસ્ત્રો સર્વોપરી કહે છે, તેમ શ્રીજીમહારાજે પૂર્વે થયેલા સર્વે અવતારોને (શ્રીકૃષ્ણ સહિત) પોતાને વિષે લીન કરવા રૂપ ઐશ્વર્ય બતાવ્યું છે. તેથી આ અવતાર સર્વોત્કૃષ્ટપણે વર્તે છે. એવા પરભાવના શબ્દો શ્રીજીમહારાજે પોતાને માટે વાપર્યા છે.

આ વિષે શ્રીજીમહારાજનાં તેર ઐશ્વર્યો વર્ણવતાં સદ્. ગોપાળાનંદ સ્વામીએ લખ્યું છે : ''પોતાના પૂર્વે અવતારોને પોતાની મૂર્તિને વિષે લીન થયેલા ઘણા મનુષ્યોને દેખાડે પણ પોતે તે અવતારોમાં લીન ન થાય તે આશ્ચર્યકારક ધર્મસુતનું લક્ષણ છે.''[૧૮]

★

(૩) લોજ-માંગરોળમાં રામાનંદ સ્વામીના અંતર્ધાન પછી શ્રીજી-

---

૧૮. सन्दर्शयेत् पूर्वनिजावतारॉंल्लीनान् स्वमूर्तौ शतशो मनुष्यान् ।
लीनो न तेषु स्वयम् अद्‌भुतन्तत् त्रयोदशं धर्मसुतस्य लक्ष्म ॥

મહારાજે અપાર ઐશ્વર્ય બતાવ્યું અને સમાધિ પ્રકરણ ચલાવ્યું. મહારાજ ગાદી પર પધાર્યા પછી એક વખત કાલવાણી ગામમાં ભીમભાઈ નામના ભક્તે શ્રીજીમહારાજને વિનંતી કરી કહ્યું કે ''જ્યારે નવો રાજા ગાદીએ બેસે ત્યારે બંદીવાનોને છોડી મૂકે છે. તો આપ તો સર્વ અવતારના અવતારી છો. આપ ગાદી પર બિરાજ્યા એ નિમિત્તે નરકના કુંડમાં અપાર યાતના ભોગવી રહેલા જીવોની મુક્તિ કરો.''

શ્રીજીમહારાજે તેમની આ પ્રાર્થના સાંભળી પોતાના મુક્ત સ્વરૂપાનંદ સ્વામીને સમાધિમાં યમપુરીમાં મોકલ્યા. ત્યાં યમયાતના ભોગવતા જીવોનો કકળાટ સાંભળી તેમને દયા આવી અને તેમણે એ જીવો પાસે 'સ્વામિનારાયણ' નામના મંત્રની ધૂન કરાવી. એ મંત્રના પ્રતાપે સૌ જીવોને નરક યાતનામાંથી મુક્ત કરી, ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરાવી, ભૂમાપુરુષના લોકમાં મોકલી આપ્યા. આવું અપાર ઐશ્વર્ય પોતાના પરમહંસો દ્વારા, મુક્તો દ્વારા બતાવ્યું.

આ પરથી સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીએ કીર્તન બનાવ્યું છે.

'પોતે પરબ્રહ્મ રે, સ્વામી સહજાનંદ<br>
નારાયણ પ્રબળ પ્રતાપ છે.<br>
સ્વામિનારાયણ મુખે ઉચ્ચરે, તેને જન્મમરણ જમનો ભય જાય.<br>
સરવે નરકના કુંડ ખાલી થયા, ભૂખ્યા જમગણ રે કર ઘસી પસ્તાય.'<br>
'સહજાનંદ સ્વામી રે, ન પ્રગટત આ સમે રે,<br>
પ્રાણી કોઈ પામત નહિ ભવપાર....'

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું છે :

'જીવ સંયમનીએ (યમપુરીમાં) શીદ જાય રે<br>
પ્રગટ પ્રભુ છે પૃથ્વી માંય રે.....'<br>
બેસે રાજા ગાદી પર કોય રે, છોડે બંધિવાનના બંધ સોય રે;<br>
તેમ બંધથી છોડ્યા બહુ જન રે, પોતે પ્રગટ શ્રી ભગવન રે;<br>
મહામોટો પ્રતાપ પ્રગટાવી રે, રીત નૌતમ ન્યારી ચલાવી રે;<br>
જેને ઉપર નહીં બીજો કોય રે, તે તો જેમ કરે તેમ હોય રે;<br>
સૌના નાથ નિયંતા સ્વામી રે, સૌ ધામતણા પણ ધામી રે;<br>
તે તો અઢળક આજ ઢળિયા રે, થયા સુખી જન જેને મળિયા રે;

★

(૪) ગઢડામાં શ્રીજીમહારાજે 'સત્સંગિજીવન' ગ્રંથ લખાવ્યો ત્યારે તેમાં ઉપાસના સંબંધી ચર્ચા થઈ. નિત્યાનંદ સ્વામીએ, મહારાજને સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ સમજવા અને લખવા આગ્રહપૂર્વક કહ્યું. બીજા પરમહંસોએ શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ જેવા લખવાનું પ્રતિપાદન કર્યું. શ્રીજીમહારાજે ચોવીસ અવતારો પોતાના સ્વરૂપમાં લીન કર્યા તે તથા બીજાં ઐશ્વર્યોની નિત્યાનંદ સ્વામીએ વાત કરી. પોતાની દલીલ મક્કમતા-પૂર્વક રજૂ કરી, મહારાજને બીજા અવતારો જેવા કહીએ તો મહારાજનાં અદ્‌ભુત અને અલૌકિક ઐશ્વર્યો ખોટાં પડે તેમ પણ કહ્યું. શ્રીજીમહારાજે પોતે બીજા પરમહંસોની દલીલમાં સૂર પુરાવી કહ્યું કે ''અમે શ્રીકૃષ્ણ જેવા જ છીએ. તેથી વધુ ન લખાય.''

આ ઉપરાંત, આવો આગ્રહ સેવવા માટે નિત્યાનંદ સ્વામી સાથે ઘણી દલીલો કરી, એટલું જ નહિ, પણ નિત્યાનંદ સ્વામીને એકલા પાડીને તેમની સાથે સાત દિવસ સુધી મહારાજ બોલ્યા નહિ અને તેમનો બહિષ્કાર કર્યો. આ છતાં નિત્યાનંદ સ્વામી તેમની સમજણમાં અડગ રહ્યા. છેલ્લે શ્રીજીમહારાજે તેમની સમજણની પ્રશંસા કરી, તેમને પોતાની પ્રસન્નતાનો હાર આપ્યો અને કહ્યું : ''ઉપાસક તો આવા જ હોય, કારણ કે અમે સર્વ ભેગા ભળી ગયા અને તેમનો તિરસ્કાર કર્યો છતાં તેમણે સાચી વાત મૂકી નહિ.'' આમ, નિત્યાનંદ સ્વામીના પ્રસંગથી શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠાની વાત દૃઢ થાય છે.

આ છતાં મોટા મોટા પરમહંસોના આગ્રહથી મનુષ્યરૂપમાં ભગવાન-પણાનું અને સર્વોપરીપણાનું આરોપણ કરવાથી લોકમાં ખોટું દેખાશે એ ભયથી અથવા શાસ્ત્રમાં આ વાત મળતી નહિ આવે એવી બીકથી ને શાસ્ત્રની તંતીથી 'સત્સંગિજીવન'માં શ્રીજીમહારાજને આગ્રહપૂર્વક શ્રીકૃષ્ણ જેવા ગ્રંથકારે નિરૂપ્યા છે. તેથી શ્રીજીમહારાજે કહ્યું હતું કે અમારા મહિમાનાં શાસ્ત્રો તો આગળ ઉપર થશે અને અમારી મૂર્તિ પણ પધરાવાશે.

તથા શ્રીજીમહારાજ ઘણી વખત કહેતા કે 'અમે ગુણાતીતાનંદ સ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામીને સંસ્કૃત ભણાવ્યું હોત તો સત્સંગમાં બહુ સમાસ થાત. વળી, દીનાનાથ ભટ્ટનું પણ કામ ન પડત અને અમારા સ્વરૂપનો મહિમા અને ઐશ્વર્ય જેવાં છે તેવાં યથાર્થ લખત.'

★

(૫) શ્રીજીમહારાજ તીર્થોમાં ફરતાં ફરતાં લોજપુર પધાર્યા. રામાનંદ સ્વામી તે વખતે ભૂજનગર બિરાજમાન હતા. રામાનંદ સ્વામી વર્ણીની મોટપ જાણતા હતા. તેથી તેમણે તેમના બધા જ શિષ્યોને લોજપુર જઈ વર્ણીનાં દર્શન કરવા આજ્ઞા કરી. શેખપાટના લાલજી સુતાર(પાછળથી સદ્. નિષ્કુળાનંદ સ્વામી)ને ગુરુ રામાનંદ સ્વામીમાં અપાર સ્નેહ હતો અને તેમને વિષે ગુરુભાવ હતો, તેથી તેઓ લોજ ન જતાં ભૂજ ગયા. તેથી રામાનંદ સ્વામીએ તેમને પૂછ્યું : ''મારી આજ્ઞાની અવજ્ઞા કરી કેમ અહીં આવ્યા ? એ વર્ણી તો અતિ મોટા છે અને દર્શન કરવા યોગ્ય છે.''

લાલજી ભક્તે પૂછ્યું : ''એ વર્ણી કેવા મોટા છે ? આપના જેવા ?''

રામાનંદ સ્વામીએ કહ્યું : ''અમારાથી પણ મોટા છે. શ્રીકૃષ્ણથી પણ મોટા છે. એ વર્ણી સર્વ અવતારોના કારણ પરાત્પર, અપ્રાકૃત ગુણૈશ્વર્યવાળા પુરુષોત્તમ છે.''

આ પ્રમાણે રામાનંદ સ્વામીએ મહારાજનો ઘણો મહિમા કહ્યો અને લાલજી ભક્તને લોજ ન જવા માટે ઠપકો આપ્યો.

આ પ્રસંગ 'હરિલીલામૃત'માં આ પ્રમાણે લખ્યો છે :

'કહે લાલજી તે મોટા કેવા, દત્તાત્રિ કે ઋષભદેવ જેવા;
કે શું છે રામચંદ્ર સમાન, રામાનંદ કહે સુણો કાન.
**જેમ કૃષ્ણ મોટા સરવેથી, તેમ આ છે મોટા વળી એથી;**
**આ છે અવતારના અવતારી, ઘણું શું કહીએ વિસ્તારી....**
એવા મોટાનાં દર્શન મૂકી, કેમ આવ્યા છો કચ્છમાં ચૂકી ?'

*(હરિલીલામૃત : ૪-૩)*

★

(૬) શ્રીજીમહારાજે એક વખત પરમહંસોને મરમ કરતાં કહ્યું કે ''તમે લોકોને ઉપદેશ દેવા દેશમાં ફરો ત્યારે દત્તાત્રેય, કપિલ, નારદ, શુક, સનકાદિક જેવા અમો મોટાપુરુષ છીએ તેમ કહેવું પણ વધુ મોટપ કહેવી નહિ.''

પરમહંસોએ કહ્યું : ''ભલે.''

પછી જુદા જુદા દેશોમાં વિચરણ કરી સંતો જ્યારે ગઢપુર પધાર્યા ત્યારે શ્રીજીમહારાજે તેમને પૂછ્યું કે ''તમે અમને કેવા ઓળખાવ્યા ?''

પરમહંસોએ કહ્યું : ''હે મહારાજ ! અમે તમને દત્તાત્રેય, કપિલ,

નારદ, શુક, સનકાદિક જેવા મોટાપુરુષ તરીકે ઓળખાવ્યા છે.''

આ સાંભળી શ્રીજીમહારાજ ઉદાસ થઈ બોલ્યા કે ''કબૂતરના કબૂતર રહ્યા (અર્થાત્ સાવ ભોળા રહ્યા). અમારી સાથે આટલું રહ્યા, અમારાં ચરિત્રો જોયાં-જાણ્યાં છતાં અમને યથાર્થ ઓળખી ન શક્યા ? મૂળો ખાધો હોય તો પણ બીજા પકવાનના સ્વાદને દબાવીને તેનો ઓડકાર આવે છે અને અમારા સ્વરૂપના મહિમાની વાતનો તમને ઓડકાર નથી આવતો ! અમે તો સર્વ અવતારના અવતારી, સર્વોપરી પુરુષોત્તમ છીએ, તેમ તમે સમજો અને એ સમજણ પ્રવર્તાવો.''

પરમહંસોએ હાથ જોડી કહ્યું : ''હે મહારાજ ! અમે એમ જ સમજીશું અને સમજાવીશું.''

★

(૭) ગઢડામાં એક વખત શ્રીજીમહારાજ બિરાજમાન હતા ત્યારે લાડુબા, જીવુબા વગેરે ભક્તોએ શ્રીજીમહારાજને કહ્યું : ''હે મહારાજ ! અમારાં અતિ ધન્ય ભાગ્ય છે કે ગોપી-ગોવાળને જે ભગવાનની પ્રાપ્તિ થઈ હતી તે અમને થઈ છે.''

આ સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા : ''ગોપી-ગોવાળને જે ભગવાનની પ્રાપ્તિ થઈ હતી તે ભગવાનને તો આ મૂર્તિનાં દર્શન પણ થયાં નથી, તમારે તો બહુ મોટી પ્રાપ્તિ થઈ છે.''

★

(૮) અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા થઈ તે વખતે શ્રીજીમહારાજ આનંદાનંદ સ્વામી આગળ એમ બોલ્યા : ''આ ભરતખંડના રાજા શ્રી નરનારાયણ છે. તેમની મૂર્તિની પ્રતિષ્ઠા આપણે કરી ને જે સાક્ષાત્ શ્રી નરનારાયણ દેવ શ્રી બદરિકાશ્રમવાસી છે તથા વૈકુંઠવાસી શ્રી લક્ષ્મી-નારાયણ દેવ આદિક સર્વે તે પ્રગટ પુરુષોત્તમ દ્વિભુજ એવા આ ભગવાન (સ્વામિનારાયણ) તેમની ઉપાસના તથા સેવા કરે છે.'' એવી રીતે પોતાના પુરુષોત્તમપણાની વાત કરી.

★

(૯) શ્રીજીમહારાજ જ્યારે સૌરાષ્ટ્રમાં બિરાજતા હતા ત્યારે હિંદુસ્તાનમાં ખૂણે ખૂણે તેમની ખ્યાતિ પ્રસરી હતી. પશ્ચિમમાં જીવનમુક્તાનો

નવો પંથ શરૂ થયો છે. તેવી વાત ચારે બાજુ ફેલાઈ ગઈ હતી. આશ્ચર્ય તો એ હતું કે 'જીવનમુક્તા' શબ્દ ઉચ્ચારતાં જ તેજ છવાઈ જતું. સૌ વિચાર કરતા કે જેમના નામમાં એવો અદ્‌ભુત પ્રતાપ છે, તેમના સ્વરૂપમાં તો કેવોય હશે ? આમ વિચારી, દેશને ખૂણે ખૂણેથી ખેંચાઈને મુમુક્ષુઓ સૌરાષ્ટ્રમાં આવતા, તેમના આશ્રિતો થતા. કેટલાક તો સંપ્રદાયોના, મઠોના અધિપતિઓ પોતાના શિષ્ય-વૃંદ સાથે આવી મહારાજનો આશ્રય કરતા.

ફક્ત ત્રેવીસ વર્ષની ઉંમરે, તેમનાથી ઉંમરમાં ઘણા મોટા તથા વિદ્વાન, તેજસ્વી અને તપસ્વી એવા પાંચસો મુમુક્ષુઓને તેમણે ઉપદેશ આપી એક જ રાતમાં પરમહંસ દીક્ષા આપી. કેવી દિવ્ય અલૌકિક તેમની પ્રભા હશે ? કેવું કામણગારું તેમનું વ્યક્તિત્વ હશે ? કેવી અપરિમિત તેમનામાં શક્તિ હશે ? એ પરમહંસો કોઈ સામાન્ય પુરુષો ન હતા. સાહિત્ય સંગીત, શિલ્પ, ચિત્ર, નૃત્ય વગેરે અનેક કળામાં પારંગત વિદ્વત્તાપૂર્ણ, સાધન અને સંપત્તિ સંપન્ન એવા આ પરમહંસોએ આ યુવાનમાં શું જોયું હશે કે તેમણે પોતાનાં ઘરબાર, કુટુંબ-પરિવાર, સમૃદ્ધિ, માન-મોટપ, વર્ણ અને આશ્રમની દૃઢ માન્યતાઓ મૂકી તેમને ચરણે ઝુકાવી દીધું ? શ્રીજીનું આ ચરિત્ર જ તેમને સર્વોપરી સમજવા પૂરતું છે.

એ પરમહંસોએ શ્રીજીમહારાજ સાથે રહી મહારાજના સ્વરૂપની સર્વોપરી નિષ્ઠા દૃઢ કરી. ત્યારે તેમની કસોટી કરતાં શ્રીજીમહારાજે એક વખત તેમને પૂછ્યું : "હે પરમહંસો ! પૂર્વે જે જે અવતારો થઈ ગયા તેમણે અનેક અસુરોનો સંહાર કર્યો છે અને અનેક અદ્‌ભુત કાર્યો કર્યાં છે. અમે ભગવાન કહેવાઈએ એવું કશું જ કર્યું નથી. અમે સમુદ્રમંથન કર્યું નથી, પૃથ્વી નક્ષત્રી કરી નથી, નથી રાવણ સંહાર્યો કે નથી સમુદ્ર પર સેતુ બાંધ્યો, નથી ગોવર્ધન ઊંચક્યો કે નથી જરાસંધ માર્યો, આવાં કોઈ પરાક્રમ અમે કર્યાં નથી. છતાં તમે અમને કેમ ભગવાન કહો છો ? નક્કી તમારી કાંઈ ભૂલ છે."

પણ પરમહંસો તેમના આ શબ્દના છળમાં લોભાય તેવા ન હતા. તેમનો નિશ્ચય અડગ હતો. તેમણે કહ્યું કે "હે મહારાજ ! જો આકાશ કહે કે હું આકાશ નથી, સૂર્ય કહે કે હું સૂર્ય નથી, તો કોઈ માનશે નહિ. ભગવાનની તો અલમસ્ત જાતિ કહેવાય. તે ગમે તેમ બોલે પણ તેમાં અમે ભૂલા પડીએ તેમ નથી. તમે ભલે અસુરોનો સંહાર નથી કર્યો પણ તે અસુરો તો કામ, ક્રોધ,

લોભ, મોહ, ઈર્ષા, અસૂયા અભિમાન વગેરે દોષોથી હણાયેલા જ હતા. એ દોષ તો એવા છે કે સ્વર્ગલોક, વિધિલોક કે વૈકુંઠથી પણ પાડી નાખે. તમે અમારા એ દોષો સાવ નિર્મૂળ કર્યા.''

''માટે એને દિયે જ વિદારી તે તો અવતારના અવતારી.''

*(ભ. ચિં. ૧૦૫)*

''તમે દૈવી જીવોને તો તાર્યા પણ આસુરી જીવોને પણ તાર્યા. તમે ભલે સમુદ્ર પર સેતુ નથી બાંધ્યો પણ ભવસાગર પર સેતુ બાંધી અક્ષરની વાટ વહેતી મૂકી છે. તમે અમને માયામાંથી મુક્ત કરી વિહદ એવું અક્ષરધામ, તેની પ્રાપ્તિ કરાવી છે.'' પરમહંસોની અડગ નિષ્ઠાનાં આવાં વચનો સાંભળી શ્રીજીમહારાજ ઘણા પ્રસન્ન થયા. *(ભ. ચિં. ૧૦૪, ૧૦૫)*

## સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રસંગોપાત્ત સમજાવેલું મહારાજનું સર્વોપરીપણું

ગુણાતીતાનંદ સ્વામીના ગુણાતીત જ્ઞાનના ઉત્કૃષ્ટ ભાવના શબ્દોથી જ શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠાની સમજણ સત્સંગમાં પ્રવર્તી. જીવોને આ સમજણ થાય તેવી શ્રીજીમહારાજની અત્યંત રુચિ હતી, કારણ કે આ સમજણ વિના માયાના તમને ભેદીને આગળ ગતિ થતી નથી. તેથી જ મહારાજે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને ઉમરેઠમાં સ્વપ્નમાં દર્શન દઈ કહ્યું હતું કે ''મારું પુરુષોત્તમપણું પ્રવર્તાવો, નહિ તો આ દેહમાં હજાર વર્ષ સુધી રાખીશ.''

★

(૧) સદ્. ગોપાળાનંદ સ્વામી જ્યારે અવતાર-અવતારીના ભેદની વાતો કરતા ત્યારે મોટા આત્માનંદ સ્વામી – જે તેમના કરતાં ઉંમરમાં મોટા હતા તે કહેતા : ''છોકરા, ભગવાન તોળ મા.'' (ભગવાનની તુલના ન કર).

ગોપાળાનંદ સ્વામી તેમને હસીને કહેતા : ''સ્વામી ! આ વાત તમને આજે નહીં સમજાય પણ ભવિષ્યમાં કોઈ સાધુ મળશે તે સમજાવશે.''

પરંતુ જ્યારે આત્માનંદ સ્વામીને એકસો ને સોળ વરસ થયાં છતાં આયુષ્યનો અંત ન આવ્યો ત્યારે તેમને વિચાર થયો કે ''મને કંઈ વાસના નથી, છતાં મહારાજ કેમ તેડવા આવતા નથી ?''

ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ સર્વોપરી ઉપાસનાની વાત તેમને પોતાને

જ મહારાજે સ્વમુખે સર્વોપરીપણાના પ્રસંગો કહેલા તે યાદ કરાવીને કરી. ત્યારપછી સમજણની એ કસર ટાળ્યા બાદ તેમને મહારાજ તરત જ ધામમાં તેડી ગયા.

આવા ઘણા મોટા પરમહંસોને ગુણાતીતાનંદ સ્વામી વાત કરતા.

★

(૨) સદ્. મુક્તાનંદ સ્વામી સ્નાન કરતાં તીર્થોનાં નામ લેતા. ગુણાતીતાનંદ સ્વામીએ તેમના શિષ્ય શાંતાનંદ સ્વામી દ્વારા કહેવરાવ્યું કે **"સ્વામિનારાયણ નામ સર્વોપરી છે, જેમાં તીર્થમાત્ર આવી જાય છે."**

મુક્તાનંદ સ્વામીને તેમની ભૂલ સમજાઈ ને તેમણે તે સુધારી લીધી.

★

(૩) સદ્. પ્રેમાનંદ સ્વામી જૂનાગઢ રહેતા ત્યારે નાગર ભક્તોની સંગીત-મંડળીમાં કૃષ્ણલીલાનાં પદો ગાતા. તેથી ગુણાતીતાનંદ સ્વામી તેમને વારંવાર કહેતા : "સ્વામી ! હવે થોડો વખત દેહ રહેશે. માટે **કુંજગલીની લીલા મૂકી, શ્રીજીલીલામાં તાન જોડો."**

(૪) સદ્. શુક સ્વામીને, વચનામૃત ગ.મ. ૯ ગુણાતીતાનંદ સ્વામીએ સમજાવી, મહારાજના સર્વોપરીપણાની નિષ્ઠા કરાવી ત્યારે તેમણે કહ્યું કે **"આ વચનામૃત તો લખ્યું મેં અને શોધ્યું પણ મેં, પણ સમજાયું તો આજે જ."**

★

(૫) ગુણાતીતાનંદ સ્વામીને મહારાજનું સર્વોપરીપણું પ્રવર્તાવવામાં ક્યારેય પણ શાસ્ત્રની તંતી નડી નથી.

શાસ્ત્રની તંતીઓવાળા માટે તેઓ કહેતા : "જીવ બીજે ક્યાંઈએ અટકતો નથી, મહારાજને પુરુષોત્તમ કહેવા તેમાં અટકે છે."

મોટા પરમહંસોએ શ્રીજીમહારાજનાં ચરિત્રો જોયાં-સાંભળ્યાં હતાં છતાં લખતાં અટક્યા હતા. તે ઉપર સ્વામીએ કહ્યું કે "શાસ્ત્રના શબ્દની ભ્રાંતિ પડી છે તે આમ ને આમ નિરંતર ધડાકા ને પડકારા કરીશું તો મૂકી દેશે." એટલી વાત કરી પછી રઘુવીરજી મહારાજની ગાદી ઉપર ચંપાનાં ત્રણ ફૂલ મૂકીને બોલ્યા જે, "કેટલાક આ ફૂલ સુધી પૂગે છે ને કેટલાક આ ફૂલ સુધી પૂગે છે, પણ આ ફૂલ સુધી તો કોઈ પૂગતા જ નથી." (સ્વા.વા. ૩/૧૯)

અર્થાત્ કેટલાક મહારાજને રામચંદ્રજી જેવા સમજે છે, કેટલાક બીજા

ફૂલ એટલે કે શ્રીકૃષ્ણ જેવા સમજે છે, પણ આ ત્રીજું ફૂલ એટલે કે શ્રીજીમહારાજ જેવા છે તેવા સર્વોપરી, સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જેવા કોઈ સમજતા નથી. એ સમજણ અનેક જીવોને દૃઢ કરાવવા ત્રીજું ફૂલ સ્વામીએ પ્રસન્નતાપૂર્વક અચિંત્યાનંદ બ્રહ્મચારીને આપ્યું અને આજ્ઞા કરી કે આ ત્રીજા ફૂલ સુધી સૌને તમારે પહોંચાડવા એટલે કે શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપનું વર્ણન કરતો એક અપૂર્વ ગ્રંથ, જેમાં શબ્દે શબ્દે મહારાજનો મહિમા આવે તે લખવો, જેથી શ્રીજીમહારાજનો મહિમા સત્સંગમાં પ્રવર્તે.

અચિંત્યાનંદ બ્રહ્મચારીએ સ્વામીની આજ્ઞા શિરોમાન્ય કરી 'શ્રીહરિલીલાકલ્પતરુ' જેવા અદ્‌ભુત ગ્રંથની રચના કરી અને મહારાજનો અપાર મહિમા લખ્યો.

આ રીતે ગુણાતીતાનંદ સ્વામીએ પોતે તો વાતો કરીને સર્વોપરીપણું પ્રવર્તાવ્યું, સાથે સાથે પોતાના શિષ્ય દ્વારા પણ શ્રીજીનું સર્વોપરીપણું ગ્રંથસ્થ કરાવ્યું.

આવા તો ઘણા પ્રસંગો સંપ્રદાયમાં પ્રચલિત છે, જે મોટા સદ્‌ગુરુઓએ લખ્યા છે અને શુદ્ધ ગુરુપરંપરા દ્વારા આપણને જાણવા મળ્યા છે, પણ વિસ્તારભયથી આપણે આટલા પ્રસંગોથી સંતોષ માનીશું. જિજ્ઞાસુ મુમુક્ષુઓએ આ સમજણની પુષ્ટિ માટે સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં લખેલા બીજા પ્રસંગો વાંચી લેવા.

## કેટલાક પ્રશ્નો

હવે આ સર્વોપરી સમજણ અંગે કેટલાક પ્રશ્નો ઊઠે છે તે આપણે ચર્ચીશું :

**પ્રશ્ન :**

ભગવાન સ્વામિનારાયણ સર્વોપરી છે તો વચનામૃત તથા સંપ્રદાયના કેટલાક ગ્રંથોમાં અને પરમહંસોનાં કીર્તનોમાં પણ કેટલીક જગ્યાએ તેમને શ્રીકૃષ્ણ જેવા કેમ લખ્યા છે ?

**ઉત્તર :**

શ્રીજીમહારાજના પ્રાગટ્ય સમયે અનેક મતપંથ, શક્તિપંથ, અસત્ સંપ્રદાયો, ગુરુઓ, વહેમો, જંત્ર-મંત્ર-તંત્ર વગેરેનું જોર હતું. તે સૌને આ નવા

સંપ્રદાય સામે વિરોધ જબ્બર હતો. એવા કપરા સમયમાં મનુષ્યધારી જો પોતાને જ પરમાત્મા છડે ચોકે કહે તો લોકો ભડકીને આ સંપ્રદાયમાં આવે જ નહિ. જેમ પથ્ય પડે તેમ ઔષધ અપાય એ ન્યાયે પ્રથમ સત્પુરુષ જેવા, પછી અવતાર જેવા અને તે પછી સર્વાવતારી પુરુષોત્તમ જેવા કહ્યા અને પરમહંસોએ જેમ જેમ મુમુક્ષુઓને નિષ્ઠા થઈ તેમ તેમ મહારાજના ઉત્કૃષ્ટ ભાવના શબ્દોથી તેમને નિરૂપ્યા.

જેમ મુક્તાનંદ સ્વામીએ પ્રથમ મહારાજને સદ્‌ગુરુ કહ્યા. કાલવાણીમાં આરતી બનાવી ત્યારે ‘જય સદ્‌ગુરુ સ્વામી’ તે પછી ‘છાંડી કે શ્રીકૃષ્ણદેવ’ અને છેલ્લે ‘માઈરી મેં તો પુરુષોત્તમ વર પાયો’ તથા ‘પિયા પાયા તો ફિર ક્યા સોના’ એમ લખ્યું.

જીવોને પોતાના સ્વરૂપમાં જોડવા જ શ્રીજીમહારાજે જ્યાં જે ઉપાસના પ્રધાન હોય ત્યાં તે દેવોની મૂર્તિઓ પધરાવી, જેથી મુમુક્ષુઓ પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરવા આવે અને પછી સંતના સમાગમથી શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની ઉપાસના દૃઢ કરે. આ રીતે આ સંપ્રદાયમાં સર્વોપરી ઉપાસના ક્રમશઃ પ્રસિદ્ધ થઈ.

સંપ્રદાયના મોટા સદ્‌ગુરુઓ એક સ્થૂળ દૃષ્ટાંતથી **स्थूलारुन्धतीन्याय** સમજાવે છે. નાના બાળકને જ્યારે બીજનો ચંદ્ર બતાવતા હોય ત્યારે આપણે કહીએ છીએ કે જો પેલા ખોરડા ઉપર બીજ છે. ચંદ્ર બતાવવા ખોરડાનો નિર્દેશ કરાય છે. આનો અર્થ એ નથી કે ખોરડા ઉપર બીજનો ચંદ્ર છે. ચંદ્ર તો તેથી ઘણો દૂર છે. તેવી જ રીતે ભગવાન પુરુષોત્તમનો મહિમા સમજાવવા પ્રથમ તેમને સત્પુરુષ જેવા, પછી અવતાર જેવા ને પછી અવતારી જેવા કહેવાય.

કેટલાંક વચનામૃતોમાં પણ શ્રીજીમહારાજે પોતાને શ્રીકૃષ્ણ જેવા કહ્યા છે. કેટલાક ઠેકાણે શ્રીજીમહારાજે પોતાને ઉપદેષ્ટા, ગુરુ, આચાર્ય, સાધુ કે સાધક જેવા કહ્યા છે. પણ જે સાચો મુમુક્ષુ છે તે તો પોતાના ઈષ્ટદેવને સર્વથી પર માને અને એમ સમજે કે એ જે શબ્દો છે તો બીજાને માટે છે. તેમ સમજી ઉત્કૃષ્ટ ભાવના શબ્દોને જ ગ્રહણ કરે.

શ્રીહરિએ શિક્ષાપત્રીમાં પણ એ જ આજ્ઞા કરી છે કે –

**एतेषु यानि वाक्यानि श्रीकृष्णस्य वृषस्य च ।**
**अत्युत्कर्षपराणि स्युस्तथा भक्तिविरागयोः ॥**

**मन्तव्यानि प्रधानानि तान्येवेतरवाक्यतः।**
**धर्मेण सहिता कृष्णभक्तिः कार्येति तद्रहः॥**

*(શિક્ષાપત્રી : ૧૦૧-૧૦૨)*

"અને એ સર્વે સત્શાસ્ત્રને વિષે જે વચન, તે જે તે શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય, એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતાં હોય તે વચન જે તે બીજા વચન કરતાં પ્રધાનપણે માનવાં અને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે ધર્મ સહિત જ કરવી, એવી રીતે તે સર્વે સત્શાત્રનું રહસ્ય છે."

ભગવાનના સ્વરૂપ માટેના જે શબ્દો તેમના સર્વોપરી સ્વરૂપને સ્પષ્ટપણે ન બતાવતા હોય કે મહિમા ઓછો કહેતા હોય, તો સત્શાસ્ત્રોના તે શબ્દો સર્વોપરી ઉપાસના સમજવા માટે ગ્રહણ ન કરવા પણ ઉત્કૃષ્ટ ભાવના શબ્દો જ ગ્રહણ કરી, એ શબ્દનો દેહ બાંધવો એવી શ્રીજીમહારાજની આજ્ઞા છે.

★

**પ્રશ્ન :**

શાસ્ત્રોમાં કેટલાય સંતો અને અવતારોએ પોતાના માટે પરભાવના-પુરુષોત્તમ ભાવના શબ્દો કહ્યા છે. જેમ કે કપિલ ભગવાને કહ્યું છે :

"સમગ્ર જગતને સુખ આપનારો આ વાયુ મારા ભયથી વાય છે, સૂર્ય મારા ભયથી તપે છે, ઈન્દ્ર મારા ભયથી વર્ષે છે, અગ્નિ મારા ભયથી બાળે છે, મૃત્યુ મારા ભયથી પ્રાણીઓમાં વિચરે છે."[૧૯]

તથા શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે :

"હું આ ક્ષરથી પર છું અને અક્ષરથી પણ ઉત્તમ છું તેથી લોકમાં અને વેદમાં હું 'પુરુષોત્તમ' (એ નામથી) પ્રસિદ્ધ છું."[૨૦]

તથા "મારે શરણે આવે છે તે જ માયાને તરે છે."[૨૧] તથા "હું જ અગ્નિરૂપ થઈને ચાર પ્રકારના અન્નને પચાવું છું."[૨૨] તથા "હે અર્જુન !

---

૧૯. मद्भयाद्वाति वातोऽयं सूर्यस्तपति मद्भयात्।
वर्षतीन्द्रो दहत्यग्नि मृत्युश्चरति मद्भयात्॥

૨૦. यस्मात् क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः।
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः॥

૨૧. मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते। (ગીતા : ૭/૧૪)

૨૨. अहं वैश्वानरो भूत्वा... (ગીતા : ૧૫/૧૪)

મારાથી પર કોઈ છે જ નહિ.''[૨૩]

આ શબ્દો વિચારતાં તો તે ભક્તો કે અવતારો પુરુષોત્તમ થયા. તો પુરુષોત્તમ કોણ ?

**ઉત્તર :**

પુરુષોત્તમ તો સહજાનંદ સ્વામી જ છે. આ અવતારો ભગવાનની ઇચ્છાથી આ પૃથ્વી પર લોકોનાં કલ્યાણ કરવા પધાર્યા ત્યારે લોકો અધર્મને મૂકી તેમનો આશરો કરે, તેમનામાં જોડાય તે જરૂરી છે. તેથી શ્રીજીમહારાજે તેમનામાં અનુપ્રવેશ કરી આ શબ્દો બોલાવ્યા છે, પણ કલ્યાણના કર્તા તો શ્રીજીમહારાજ પુરુષોત્તમ જ છે. એ પ્રવેશ જ્યારે નીકળી જાય છે ત્યારે વિરાટ પણ પોતાની પ્રવૃત્તિ કરી શકતા નથી તો બીજા તો ક્યાંથી જ કરી શકે ? આથી, આવા શબ્દો ભગવાન સ્વામિનારાયણના છે. ભગવાન જ્યારે જેમનામાં પ્રવેશ કરે છે ત્યારે તેમના સામર્થ્યને દબાવીને પોતાનું સામર્થ્ય પ્રગટ કરે છે, પણ તેથી કંઈ તે અવતારો પરબ્રહ્મ પુરુષોત્તમ થઈ જતા નથી. પુરુષોત્તમનો પ્રવેશ જ્યારે નીકળી જાય છે ત્યારે તે પોતાની અસલ સ્થિતિમાં આવી જાય છે.

અને એ જ પુરુષોત્તમ નારાયણ તે કોઈ કાર્યને અર્થે પુરુષરૂપ થાય છે એ પુરુષ છે તે પુરુષોત્તમના પ્રકાશમાં લીન થઈ જાય છે. ને પુરુષોત્તમ જ રહે છે. તેમજ માયારૂપે થાય છે ત્યારે માયા પણ પુરુષોત્તમના તેજમાં લીન થઈ જાય છે ને તે રૂપે ભગવાન જ રહે છે અને પછી એ ભગવાન મહત્તત્ત્વ-રૂપે થાય છે ને તેમજ મહત્તત્ત્વમાંથી થયાં જે બીજાં તત્ત્વ તે રૂપે થાય છે.... એવી રીતે અનેક પ્રકારના કાર્યને અર્થે જેને જેને વિષે પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે, તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે.... અને જે કાર્યને અર્થે જેમાં પોતે પ્રવેશ કર્યો હતો, તે કાર્ય તે કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જેવો હોય તેવો રહે છે અને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું એમ જાણવું. (વચ. પં. ૭)

સત્સંગમાં અવલબાનું દૃષ્ટાંત પ્રચલિત છે. તેમનામાં જ્યારે મહારાજનો પ્રવેશ થયો ત્યારે પોતે શ્રીજીમહારાજ જ છે એવા પરભાવના શબ્દો ઉચ્ચારતાં; પણ જ્યારે શ્રીજીમહારાજનો પ્રવેશ નીકળી ગયો ત્યારે બોલ્યા :

---

૨૩. मत्तः परतरं नान्यत्किञ्चिदस्ति धनञ्जय। (ગીતા : ૭/૭)

''મારી આગળ તમે સૌ કેમ વીંટળાઈને બેઠા છો ?''

શ્રીકૃષ્ણમાં અતિ સ્નેહથી જ્યારે ગોપીઓ જોડાઈ જતી ત્યારે કહેતી કે 'ગોવર્ધન મેં તોળ્યો છે,' 'અઘાસુર મેં માર્યો છે' વગેરે, પણ તેથી કાંઈ ગોપી કૃષ્ણ બની ગઈ ન હતી. તેવી જ રીતે વામદેવ અને પ્રહ્‌લાદનાં દૃષ્ટાંતો પણ શાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે.

આ વાત સ્થૂળ રીતે સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''**मद्‌भयाद्वाति....** એ શ્લોક બોલીને કહ્યું જે, બળ તો બહુ દેખાડ્યું, પણ કલ્યાણ તો એક માતાનું જ કર્યું છે, એમ જાણતાં એ શ્લોક કોઈના બળનો જણાય છે, પણ પોતાના બળનો નથી.'' (સ્વા.વા. ૩/૭૨)

માટે આ શબ્દો તો ભગવાન પુરુષોત્તમના છે એમ સમજવું.

★

**પ્રશ્ન :**

અવતારો કેટલા છે ? તે સર્વે સરખા છે ? કે તેમાં ભેદ છે ?

**ઉત્તર :**

શાસ્ત્રોમાં ક્યાંક ચોવીસ અવતારો લખ્યા છે, ને ક્યાંક દસ અવતારો લખ્યા છે પણ શ્રીમદ્‌ભાગવતમાં એમ લખ્યું છે : 'જેમ અખૂટ સરોવરમાંથી હજારો ઝરણાં નીકળે છે તેમ જ સત્ત્વગુણના નિધિ એવા શ્રીહરિમાંથી પણ અસંખ્ય અવતારો થાય છે.[૨૪]

ગીતામાં કહ્યું છે : ''**बहूनि ने व्यतीतानि जन्मानि तव चार्जुन !** હે અર્જુન ! મારા ને તારા અનેક જન્મો થઈ ગયા છે, તે બધા હું જાણું છું, પણ હે પરંતપ ! તું નથી જાણતો.'' (ગીતા : ૪/૫)

આ સર્વ અવતારના કારણ તે સહજાનંદ સ્વામી છે એમ નિષ્કુળાનંદ સ્વામી કહે છે. અવતારો અસંખ્ય છે અને તે સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ પુરુષોત્તમ નારાયણ શ્રી સહજાનંદ સ્વામી છે.[૨૫] એ પુરુષોત્તમ નારાયણ જીવો ઉપર કેવળ દયા કરી તેમનું આત્યંતિક કલ્યાણ કરવા વેદોની સ્તુતિ સાંભળી પધાર્યા.

---

૨૪. अवतारा ह्यसंख्येयाः हरेः सत्त्वनिधेर्द्विजाः ।
यथाविदासिनः कुल्याः सरसः स्युः सहस्रशः ॥ (ભાગ. : ૧-૩-૨૬)

૨૫. નિ. કા. અવતારચિંતામણિ : ૩૨

શ્રીજીમહારાજ સ્વયં લખે છે : ''જ્યોં વેદોકો વચન જ્યોં અવિદ્યાકું નાશ કરો ઐસી જો મેરી સ્તુતિ કિયા હૈ સો વચન આજ મૈં સત્ય કરતા હૂઁ.''

વળી વૈરાટનારાયણે પણ તેના પચાસ વર્ષ અને દોઢ પહોર દિવસ ચઢ્યો ત્યાં સુધી સ્તુતિ કરી ત્યારે મહારાજ આ બ્રહ્માંડમાં પ્રથમવાર પધાર્યા. આ વાત સમગ્ર સત્સંગમાં પ્રચલિત છે.

'એવો કર્યો મોટો ઉપકાર, જેમાં અનેક જનનો ઉદ્ધાર'

(ભ. ચિં. પ્ર. ૮૩/૪૫)

આ વખતે પુરુષોત્તમ નારાયણ પોતે પધાર્યા, કારણ કે આગળ અનંત અવતારો થઈ ગયા પણ જીવના મૂળ અજ્ઞાનનો નાશ ન થઈ શક્યો. **तत्सृष्ट्वा तदनुप्राविशत्** એટલે કે વાસુદેવ નારાયણ તે પુરુષરૂપે કરીને વૈરાટપુરુષને વિષે આવીને વિરાજમાન હોય ત્યારે અવતાર કહ્યા છે. એટલે પુરુષથી લઈને બ્રહ્માદિક સ્તંબપર્યંત જ્યારે જેમાં વાસુદેવનો અનુપ્રવેશ જ્યારે થાય છે ત્યારે તે સ્વરૂપોને અવતાર સંજ્ઞા આપવામાં આવી છે.

આચાર્ય શ્રી ભગવત્પ્રસાદજી મહારાજ શ્રીમદ્ભાગવતની સંસ્કૃત ટીકા 'ભક્ત-મનોરંજની'માં સમજાવતાં લખે છે : '**अवतारान् क्रमिष्यन् प्रथमं पुरुषावतारमाह।**' (ભાગ. ૩/૩/૧) અવતારોનો અનુક્રમ સમજાવતાં પ્રથમ પુરુષાવતાર કહે છે. તે પુરુષાવતાર નાના પ્રકારના અવતારોનું ઉદ્ભવ-સ્થાન અને લયસ્થાન છે, અને તેમનું મૂળ કારણ પણ છે.

આ રીતે ચોવીસ અવતારો થયા અને ત્યાર પછી હરિના અસંખ્ય અવતારો થયા, પણ એ સર્વે પરમેશ્વરના અંશ અને કળાવતારો ગણાય છે. આ તમામ અવતારોમાં પુરુષોત્તમ નારાયણનું ઐશ્વર્ય, સર્વજ્ઞતા વગેરે ગુણોથી કદાચ તે સર્વ અવતારો સરખા છે એવું કહેવું સંભવે પણ પુરુષોત્તમ નારાયણના સ્વરૂપનો અનુપ્રવેશ તો એકસરખો નથી તેથી તેમાં ભેદ છે. ધામના ભેદથી એટલે કે દરેક અવતારમાં ધામ જુદાં જુદાં છે તેથી પણ તેમાં ભેદ છે.

શ્રીજીમહારાજે પણ આ ભેદ સમજાવતાં કહ્યું છે : ''એ સર્વે અવતાર (અનુપ્રવેશથી) નારાયણના છે તો પણ તે અવતારના ઋષભદેવજી બહુ ગમે, તેથી ઊતરતા કપિલજી તથા દત્તાત્રેય એ બે સરખા છે.... અને બીજા જે મચ્છકચ્છાદિક ભગવાનના અવતાર છે તેમાં અમારી રુચિ નથી.'' (વચ.

લોયા-૧૪)

આ પ્રમાણે શ્રીજીમહારાજ એ સર્વોપરી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વે દેવો, ઈશ્વરો, અવતારો, અક્ષરમુક્તો અને મૂળ અક્ષરથી પર, તેમને ઉપાસ્ય અને સર્વના કર્તા છે. સદા સાકાર છે. તેઓ સર્વના ઉપરી છે અને તેમનાથી પર કોઈ નથી. તેમની બ્રહ્મરૂપે ભક્તિ કરવી, એ તેમનો આદેશ છે.

## અનન્ય નિષ્ઠા છતાં સર્વનો આદર

શ્રીજીમહારાજે સર્વ દેવો, આચાર્યો અને અવતારો પ્રત્યે અત્યંત આદર-ભાવ રાખ્યો છે. અવતારો, તેમનું કાર્ય અને તેમના ભક્તો, સર્વોપરી ભગવાન શ્રીજીમહારાજ, તેમનું કાર્ય કે તેમના ભક્તોથી અધિક નથી એ સિદ્ધાંત સમજવા જ તુલના કરી છે. શ્રીજીમહારાજે સર્વ દેવમંદિરમાં તે તે દેવનાં સ્વરૂપો પધરાવી તેમનો આદર કર્યો છે, પણ પોતાના ઈષ્ટદેવને વિષે અનન્ય નિષ્ઠા અને પતિવ્રતાની ટેક એ સાચા ઉપાસકનું લક્ષણ છે, એ વાત ઉપર એમણે ખૂબ ભાર મૂક્યો છે.

શ્રીજીમહારાજ કહે છે :

''જેમ પતિવ્રતા સ્ત્રી હોય.... (તેને) પોતાના પતિના જેવી બીજા પુરુષમાત્ર સંગાથે લેશમાત્ર પ્રીતિ ન હોય અને પોતાના પતિના જેવો બીજા પુરુષનો ગુણ પણ ન આવે ને પોતાના પતિની મરજી પ્રમાણે જ વર્તે, એવી રીતે પતિવ્રતા સ્ત્રીને પોતાના પતિ સંગાથે દૃઢ ટેક છે તેમ જ ભગવાનના ભક્તને પણ તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ.'' (વચ. ગ.અં. ૧૬)

શ્રીજીમહારાજ 'સર્વજીવ-હિતાવહ' એટલે જીવમાત્રનું હિત કરનાર વિભૂતિ હતા. શિક્ષાપત્રીમાં તેમનો આદેશ છે :

''**तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि।**'' અને ભગવાનની ભક્તિ આ પૃથ્વીને વિષે સર્વ મનુષ્યોએ કરવી. (શિક્ષાપત્રી : ૧૧૩)

સાચા મુમુક્ષુઓએ સર્વોપરી પ્રાપ્તિનું બળ જરૂર રાખવાનું છે, પરંતુ માહાત્મ્યના કેફથી છકી જઈ કોઈ દેવ-દેવી કે અવતારોની નિંદા કરવાની શ્રીજીમહારાજે સ્પષ્ટ ના કહી છે. એટલું જ નહિ, પણ એવો ભાવ બતાવનાર

પ્રત્યે અણગમો પણ બતાવ્યો છે. શ્રીજીમહારાજે એવી ક્ષુલ્લક અહંવૃત્તિ ધારવાની મનોવૃત્તિ પોતે સ્થાપેલા આ સંપ્રદાયમાં માન્ય કરી નથી.

બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે પણ આ જ રીત રાખી છે. અક્ષરપુરુષોત્તમ મંદિરોમાં અવતારોની મૂર્તિઓ પણ પધરાવી છે. અવતારોના તેમજ શુક, સનકાદિક, નારદ, ધ્રુવ, પ્રહ્લાદ, ગોપીઓ જેવાં ભક્તોનાં જીવનમાંથી પ્રેરણા મળે અને ભક્તિ દૃઢ થાય, તેથી તેઓ શ્રીમદ્‌ભાગવતની કથા પણ કરતા ને કરાવતા. આ સંપ્રદાયમાં સૌને એવી વિશાળ દૃષ્ટિ થાય અને સંકુચિતતા ન રહે તેવી ભાવના કેળવવાનો આ રીતે તેમણે આગ્રહ રાખ્યો છે.

અનેક જીવો મહારાજના સ્વરૂપને ઓળખે, તેમાં જોડાય અને તેમની ભક્તિ કરે એવી પરમ કલ્યાણકારી દૃષ્ટિ રાખી મહારાજના સંતો, પરમહંસો, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે અવિરત પરિશ્રમ કર્યો છે. વર્તમાનકાળે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય સ્વામીશ્રી નારાયણ-સ્વરૂપદાસજી - પ્રમુખસ્વામી મહારાજ પણ અવિરત વિચરણ કરી દેશદેશમાં સ્વામિનારાયણ ભગવાનની વિજયપતાકા લહેરાવી રહ્યા છે. જેમને સાચી જ્ઞાનદૃષ્ટિ છે એ એવી કોઈ અહંવૃત્તિ ધારતા નથી કે મારું જ શ્રેષ્ઠ છે, પરંતુ જે સારું છે તે મારું છે એમ સમજી, ગુણગ્રાહક દૃષ્ટિ રાખી કાર્ય કરે છે.

આજે અધર્મ અને નાસ્તિકવાદનું બહુ જોર વધ્યું છે ત્યારે આ નિષ્ઠા તે આસુરી તત્ત્વોને મા'ત કરવા ઘણું બળ પ્રેરશે એ નિઃશંક છે. તેથી તો આ સ્વામિનારાયણ અર્થાત્ અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય જગતમાં એક જીવંત સંપ્રદાય તરીકે પ્રસિદ્ધિ પામતો જાય છે અને તેમાં અનેક બુદ્ધિજીવીઓ તથા મુમુક્ષુઓ, ખાસ કરીને યુવાનો આવીને જોડાય છે. દરેકના પ્રશ્નોનો ઉકેલ અહીં જડે છે. બ્રહ્મરૂપ થવાની ભાવનાનો તો સૌ સ્વીકાર કરે છે પણ બ્રહ્મરૂપ થવાનું સાધન તો સ્વામિનારાયણ ભગવાને પોતાની સાથે અનાદિ બ્રહ્મને લાવી, બતાવ્યું છે; તેથી ભવિષ્યમાં અન્ય સંપ્રદાયો સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતો સાથે સમન્વય સાધશે, તેમાંથી પ્રેરણા મેળવશે એ રીતે સંગઠિત થઈ જગતમાં પ્રવર્તી રહેલ આસુરી તત્ત્વના બળને હઠાવી શકાશે. આ સંપ્રદાયનો તેમાં મહત્ત્વનો ફાળો અને નેતૃત્વ હશે તેની પ્રતીતિ આપણને થાય છે, કારણ,

આવી શુદ્ધ સર્વોપરી ઉપાસનાના પ્રવર્તક ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી પર સંત દ્વારા સદા પ્રગટ છે તેથી આ શક્ય બનશે એ નિઃશંક છે.

# ૫ પ્રગટ

## પ્રગટ એટલે શું ? અને તે કેવી રીતે ?

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અતિ કરુણા કરીને આ પૃથ્વી ઉપર પ્રગટ થયા. તેમણે અનંત જીવોના આત્યંતિક કલ્યાણનો માર્ગ ખુલ્લો મૂક્યો અને અનંત સાધનો કરવાનો પરિશ્રમ ટાળ્યો. સાધનોથી પ્રાપ્ત થતાં અન્ય લોકાંતરનાં બારણાં બંધ કરીને પ્રગટ ઉપાસનાનો સરળ રાહ બતાવી અક્ષરધામની વાટ વહેતી કરી. તેથી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'બંધ કીધાં બીજાં બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ પુરુષોત્તમ પ્રગટી રે.'

શ્રીજીમહારાજે અક્ષરધામની પ્રાપ્તિ માટે પ્રગટ ઉપાસનાનો અલૌકિક સિદ્ધાંત સમજાવ્યો છે. તો ભગવાનનું પ્રગટપણું એટલે શું ? અને તે કેવી રીતે પ્રગટ રહે છે ? તે વિચારીએ.

ભગવાન ધામમાં વિરાજતા હોય તે પરોક્ષ અને પૃથ્વી ઉપર પોતે સ્વયં વિચરતા હોય તે પ્રગટ. શ્રીજીમહારાજ આ પૃથ્વી પર પ્રગટ હતા અને ભક્તોને જ્યારે નયનગોચર હતા ત્યારે તે સ્વરૂપ પ્રગટ કહેવાય. શ્રીજીમહારાજ આ લોકમાં વિચરતા હતા તે સમયની પૂરતી જ ભગવાનના પ્રગટપણાની અને જીવોના આત્યંતિક કલ્યાણની વ્યવસ્થા હોય તો તે વ્યવસ્થા અધૂરી જ કહેવાય, પછીના જીવો માટે મુક્તિનો માર્ગ બંધ થઈ જાય, સંપ્રદાય ભાંગી પડે.

પણ શ્રીજીમહારાજે શાસ્ત્રનો સિદ્ધાંત સમજાવ્યો છે કે ભગવાનનું પ્રગટપણું પૃથ્વી ઉપર અખંડ હોય જ અને જીવો અનંતકાળ સુધી એ પ્રગટ સ્વરૂપનો આશ્રય કરી પોતાનું કલ્યાણ કરી શકે. આચાર્યશ્રી રઘુવીરજી

મહારાજે શિક્ષાપત્રીના ભાષ્યમાં સંપ્રદાયનો અર્થ કરતાં લખ્યું છે : **'गुरुपरम्पराप्राप्तः सदुपदेशः सम्प्रदायः।'** (શિક્ષાપત્રી ભાષ્ય : ૨૦૭)

અર્થાત્ ગુરુપરંપરા ન્યાયે જે સદ્દુપદેશ (બ્રહ્મ-પરબ્રહ્મના સિદ્ધાંતનો) જ્યાં મળે તે જ (સાચો) સંપ્રદાય છે.

વળી, હલાયુધકોષમાં સંપ્રદાયનો અર્થ ગુરુક્રમમાં સમજાવ્યો છે. **'सम्प्रदायो गुरुक्रमः।'** જો આવો ગુરુક્રમ સચવાય તો જ સંપ્રદાય ચાલુ રહે અને કલ્યાણનો માર્ગ પણ ચાલુ રહે.

સ્વસ્થાપિત સંપ્રદાય અને મોક્ષનો પંથ હમેશાં ચાલુ રહે તે માટે ભગવાન કદી પરોક્ષ થતા જ નથી. તે તો એક યા બીજા સ્વરૂપે પ્રગટ જ રહે છે. ભગવાને તો શ્રીમુખે કહ્યું છે જે, ''મારી અષ્ટ પ્રકારની જે પ્રતિમા તથા જે સંત તેને વિષે હું અખંડ નિવાસ કરીને રહું છું.'' (વચ. ગ.પ્ર. ૬૮)

આ સિદ્ધાંત અનુસાર શ્રીજીમહારાજ આ સંપ્રદાયમાં પોતાની મૂર્તિ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ દ્વારા અખંડ પ્રગટ છે. સત્સંગનાં અંગો – મૂર્તિ, સંત અને શાસ્ત્ર – કલ્યાણકારી છે પણ સર્વેમાં સૌથી શ્રેષ્ઠ સંત છે, કારણ કે તેની શ્રેષ્ઠતા શ્રીજીમહારાજનાં વચનથી વધુ પુષ્ટ થાય છે.

વળી, શ્રીમદ્દ્ભાગવત પણ મૂર્તિ અને તીર્થો કરતાં સંતને શ્રેષ્ઠ કહે છે :

**'न ह्यम्मयानि तीर्थानि न देवा मृच्छिलामयाः।**
**ते पुनन्त्युरुकालेन दर्शनादेव साधवः॥'**

અર્થાત્, તીર્થો કેવળ જળમય જ નથી, દેવતાની મૂર્તિઓ પણ ફક્ત મૃત્તિકા અને પાષાણમય નથી. (અર્થાત્ તેમાં પણ દૈવત છે.) પણ તે ઉરુકાળે પાવન કરે છે. જ્યારે સંતના તો દર્શનમાત્રથી પાવન થવાય છે.'

(શ્રીમદ્દ્ભાગવત : ૧૦-૮૪-૧૧).

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ પણ લખ્યું છે :

'ભગવાન પરોક્ષ હોય ત્યારે કેમ સંબંધ રહે ?' પછી ઉત્તર કર્યો જે, 'કથા, કીર્તન, વાર્તા, ભજન ને ધ્યાન તેણે કરીને સંબંધ કહેવાય. ને તે કરતાં પણ મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું જ સુખ આવે. કેમ જે, 'તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે ને પ્રત્યક્ષ હતા ત્યારે પણ જેવા છે તેવા ન જાણ્યા તો સંબંધ ન કહેવાય ને એમ જાણ્યા વિના તો પ્રત્યક્ષ હોય તો પણ શું ! ને તેમજ જે સંતમાં ભગવાન સર્વ

પ્રકારે રહ્યા છે તેને જાણે તો આજે પ્રત્યક્ષ છે ને એમ જાણ્યા વિના તો આજે પરોક્ષ છે.' ત્યારે એક સાધુએ કહ્યું જે, 'મૂર્તિયું પ્રત્યક્ષ નહિ ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'પ્રત્યક્ષ ભગવાન તથા સંતના ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે. તેમ મૂર્તિયું શું ચરિત્ર કરે જે તેનો અવગુણ આવે ને ઘટી જાય ? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ કહેવાય ને મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે. પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણ મળીને એક સાધુ ન કરે ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે.' (સ્વા.વા. ૫/૩૯૨)

વળી શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'' (વચ. વર. ૧૦)

આ વચન સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ તેમના પદમાં યથાર્થ ઉતાર્યાં છે :

'કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે.
પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે.'

*(નિ. કા. પુરુષોત્તમપ્રકાશ : ૪૨)*

માટે શ્રીજીમહારાજ સમ્યક્પણે અને સર્વાંશે સંપૂર્ણ તો સંત દ્વારા જ અખંડ પ્રગટ રહે છે, કારણ કે શ્રીજીમહારાજ પોતાના છ હેતુઓમાં એવો એક હેતુ લઈને પધાર્યા હતા કે જેથી પોતે પોતાના પરમ એકાંતિક સંત દ્વારા પૃથ્વી પર અખંડ પ્રગટ રહીને અનંત જીવોનું કલ્યાણ કરી શકે.

આ રીતે ભગવાન જ્યારે સ્વયં પૃથ્વી ઉપર વિરાજમાન હોય ત્યારે તે પ્રગટ ભગવાન કહેવાય અને ભૌતિક દેહે અંતર્ધાન થવા છતાં જે સંત દ્વારા આ પૃથ્વી ઉપર વિચરતા હોય ત્યારે તે સંતને ભગવાનનું પ્રગટ સ્વરૂપ કહેવાય.

સદ્. નિષ્કુળાનંદ સ્વામી રચિત પુરુષોત્તમપ્રકાશમાં શ્રીજીમહારાજ કહે છે :

'સંત હું ને હું તે વળી સંત રે એમ શ્રીમુખે કહે ભગવંત રે,
**સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતી રે,**'

*(નિ. કા. પુરુષોત્તમપ્રકાશ : ૪૧)*

## પ્રગટને ઓળખવા એ જ જ્ઞાન

શ્રુતિમાં કહ્યું છે : **'ऋते ज्ञानान्न मुक्तिः।'**

અર્થાત્ 'જ્ઞાન વિના મુક્તિ ન થાય.'

વળી,

**'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय॥'**

અર્થાત્ 'પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થયા બાદ જ જીવ સંસારથી મુક્ત થાય છે. મુક્તિ માટે આ સિવાય બીજો માર્ગ નથી.'

સદ્ય મુક્તિ માટે આવશ્યક એવા આ જ્ઞાનની વ્યાખ્યા શી ? કોને જ્ઞાની ગણવો ? આ જ્ઞાન એટલે કેવળ શાસ્ત્રનું વાચ્યાર્થ જ્ઞાન નહિ પણ અનુભવ-મૂલકજ્ઞાન, કારણ કે શ્રીજીમહારાજ કહે છે : ''જેણે શાસ્ત્રે કરીને ભગવાનને જાણ્યા તેણે કરીને પણ જન્માંતરે કલ્યાણ થાય છે.'' (વચ. લો. ૭)

જ્ઞાનની વ્યાખ્યા કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''એ સર્વેને વિષે ભગવાન જે તે અંતર્યામીરૂપે કારણપણે કરીને રહ્યા છે અને **તે જ ભગવાન આ પ્રત્યક્ષ પ્રમાણ છે.** એવી રીતે મહિમાએ સહિત જે ભગવાનને જાણે ને દેખે તેને **પરિપૂર્ણ જ્ઞાન** કહીએ.'' (વચ. લો. ૭)

''ઇન્દ્રિયો, અંતઃકરણ તથા અનુભવ એ ત્રણે કરીને યથાર્થપણે **પ્રત્યક્ષ ભગવાનને જાણે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય.** અને એ ત્રણ પ્રકારમાંથી જો એકે ઓછો હોય તો તેને આત્યંતિક જ્ઞાન ન કહેવાય ને તેણે કરીને જન્મ-મૃત્યુને પણ ન તરે. અને કોઈ સાધને કરીને બ્રહ્મસ્વરૂપને પામ્યો હોય તે પણ **જો પ્રત્યક્ષ ભગવાનને એવી રીતે ન જાણે તો તે પણ પૂરો જ્ઞાની ન કહેવાય.**'' (વચ. લો. ૭)

''ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું મનુષ્ય સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે, પણ તે સ્વરૂપને વિષે ને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાને જાણ્યા કહેવાય અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ.'' (વચ. પં. ૭)

''એવો જે જ્ઞાની તે તો **સદા સાકાર મૂર્તિ એવા જે પ્રત્યક્ષ ભગવાન** તેને પ્રકૃતિપુરુષ, અક્ષર તે થકી પર ને સર્વના કારણ સર્વના આધાર જાણીને

અનન્યપણે સેવે છે. એવી રીતે જે સમજવું તેને જ્ઞાન કહીએ અને એ જ્ઞાને કરીને આત્યંતિક મોક્ષ થાય છે.'' (વચ. લો. ૭)

ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

''આત્યંતિક જ્ઞાન તો આ સાધુને ઓળખ્યા એ જ છે.'' (સ્વા.વા. ૫/૭).

નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

'એ જ જ્ઞાની એ જ તત્ત્વવેત્તા, જેણે પ્રગટ પ્રભુને પેખિયા;
એ વિના રખે જ્ઞાની ગણો, જેણે હરિ નયણે નથી દેખિયા.'

*(નિ. કા. સારસિદ્ધિ : ૩૦)*

## પ્રગટ ભક્તિનો મહિમા

ભગવાન પૃથ્વી ઉપર હંમેશાં સ્વયં અથવા બીજા સ્વરૂપે વિચરતા જ હોય છે. આપણે આગળ જોયું તેમ એ પ્રગટ ભગવાનને ઓળખવા એ જ જ્ઞાન છે તેમ એ પ્રગટ ભગવાનને જે ઓળખે તે જ ભક્ત છે અને આવી રીતે પ્રગટ ભગવાનને ઓળખીને દૃઢ આશ્રય કરવો એ જ ભક્તિ છે. આ વાતનું સમર્થન કરતાં શ્રીજીમહારાજ કહે છે :

''આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાન સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.'' (વચ. વર. ૧૯)

''**પ્રત્યક્ષ ભગવાનના** કલ્યાણકારી ગુણને જે જાણવા ને પરમેશ્વરનો દૃઢ આશ્રય કરવો તેનું જ નામ ભક્તિ છે.'' (વચ. ગ.મ. ૧૦)

પ્રગટ ભક્તિનો મહિમા ગાતાં મુક્તાનંદ સ્વામી કહે છે :

'કલ્પતરુ સર્વના સંકલ્પ સત્ય કરે,
પાસે જઈ પ્રીતશું સેવે જ્યારે,
તેમ જે પ્રગટ પુરુષોત્તમ પ્રીછશે,
થાશે હરિજન તત્કાળ ત્યારે...
પ્રગટ ને ભજી ભજી પાર પામ્યાં ઘણાં,
ગીધ ગણિકા કપિવૃંદ કોટી,

વ્રજતણી નાર વ્યભિચાર ભાવે તરી,
પ્રગટ ઉપાસના સૌથી મોટી.'
'પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ,
ઉર થકી નાશ પામે અંધારું.'

પ્રગટ પ્રભુની ભક્તિ મોટાં ભાગ્ય હોય તો જ મળે છે. પ્રગટભક્તિ વિના બીજી ભક્તિ છે તે મત અને મમત્વના તાણની છે, એમ નિષ્કુળાનંદ સ્વામી સારસિદ્ધિમાં કહે છે :

'મોટે ભાગ્યે ભેટે ભગતિ, પ્રગટ પ્રભુ પરમાણની;
તેહ વિનાની જે ભગતિ, તે તો મત મમતના તાણની.'
*(નિ. કા. સારસિદ્ધિ : ૨૨)*

'ભક્તિનિધિ'માં નિષ્કુળાનંદ સ્વામીએ પ્રગટની ભક્તિને 'સારમાં સાર' કહી છે. વ્રજના વાસીઓને પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન-સ્પર્શનું સુખ મળ્યું એ સાંભળી શિવજીને પણ અફસોસ થયો કે મને પણ ગોવાળનો જન્મ મળ્યો હોત તો હું પણ એ સુખ મેળવી શકત. બ્રહ્મા પણ એ પ્રગટની પ્રસાદીનું સુખ લેવા માછલું થયા એવો પ્રગટની ભક્તિનો મહિમા છે.

સદ્. નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

'એમ **પ્રગટ ભક્તિ સહુ ઉપરે,** એથી ઉપરાંત નથી કાંઈ;
નિષ્કુળાનંદ નિશ્ચે વારતા, સૌને સમજવી મનમાંઈ.'
*(નિ. કા. ભક્તિનિધિ : ૧૫)*

સદ્. બ્રહ્માનંદ સ્વામીએ પણ લખ્યું છે :

'પ્રગટ સ્વરૂપ ઉપાસી, ધન્ય સો પ્રગટ સ્વરૂપ ઉપાસી.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''પ્રગટ ભગવાન છે, પ્રગટ વાતું છે ને બીજા તો ચિત્રામણના સૂરજ જેવા છે.'' (સ્વા.વા. ૫/૬૪)

પ્રત્યક્ષ ભગવાનની નિષ્ઠારૂપી ભક્તિથી થતી પ્રાપ્તિ જણાવતાં શ્રીજીમહારાજ કહે છે :

''**પ્રત્યક્ષ ભગવાનને વિષે દૃઢ નિષ્ઠા** રાખે છે અને તેને દર્શને કરીને જ પોતાને પરિપૂર્ણ માને છે અને બીજું કાંઈ નથી ઇચ્છતો તેને તો ભગવાન પોતે બલાત્કારે પોતાના ધામને વિષે જે પોતાનાં ઐશ્વર્ય છે અને પોતાની મૂર્તિઓ છે તેને દેખાડે છે.'' (વચ. ગ.પ્ર. ૯)

"ભગવાન જે **પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ તેની મૂર્તિ** વિના બીજા કોઈ પદાર્થને ઇચ્છે નહિ તેને આત્મનિષ્ઠા, વૈરાગ્ય જો થોડાં હોય તો પણ એ દેહ મૂકીને ભગવાનના ધામમાં **બહુ મોટા સુખને પામે છે.**" (વચ. ગ.અં. ૫)

પ્રગટ ભગવાનના સંબંધથી જ દોષની નિવૃત્તિ થાય છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતુંમાં કહ્યું : "ઇન્દ્રે વિશ્વરૂપને માર્યો તેની ચાર હત્યા લાગી... પછી તેને નારદજી મળ્યા. તેણે કહ્યું જે, તારા ભાઈ વામનજી છે, તે ભગવાનનો અવતાર છે. માટે તેનો તું આશરો કર. પછી ઇન્દ્રે વામનજીનો નિશ્ચય કર્યો. તેણે કરીને બ્રહ્મહત્યા ટળી ગઈ. એમ પ્રગટનો આશરો કરવાથી કામ થાય છે." (સ્વા.વા. ૧/૨૯૩)

## પ્રગટની ભક્તિ એ જ શાંતિનો ઉપાય

પ્રગટ પ્રભુની ભક્તિથી જ અંતરે સુખ અને શાંતિ વર્તે છે. સદ્. મુક્તાનંદ સ્વામીએ એક વખત શ્રીજીમહારાજને શાંતિ પામવાનો ઉપાય પૂછ્યો. મહારાજે તેમના પોતાના જન્મથી માંડીને બધાં ચરિત્રોની વાત કરી. પણ મુક્તાનંદ સ્વામીને સમજાયું કે મહારાજ બીજી વાતે ચડી ગયા છે. બીજે દિવસે ફરી પૂછ્યું. ફરી મહારાજે એની એ જ પોતાની વાત કરી છતાં મુક્તાનંદ સ્વામીને ન સમજાયું. મહારાજે પછી કહ્યું : "સ્વામી ! ગામડે ફરવા જાઓ; શાંતિ થશે."

મુક્તાનંદ સ્વામી ગઢડાથી નીકળ્યા. નિત્યાનંદ સ્વામી તેમની પાછળ ગયા ને સમજાવ્યું કે શ્રીજીમહારાજ પ્રગટ ભગવાન છે ને પ્રગટનાં ચરિત્રોમાં શાંતિ છે તેવી ક્યાંય નથી. મહારાજને તમને આ સમજાવવું હતું તેથી પોતાનાં ચરિત્રોની વાત કરી હતી. મુક્તાનંદ સ્વામીને પાયાની ભૂલ સમજાઈ.

વ્યાસજીએ ઘણાં શાસ્ત્રોની રચના કરી છતાં અંતરમાં અશાંતિ ટળી નહિ પણ નારદજીના કહેવાથી પ્રગટ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્રોનું ગાન કરતું શ્રીમદ્‌ભાગવત શાસ્ત્ર રચ્યું ત્યારે શાંતિ થઈ.

આથી જ શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઇષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહપર્યંત કર્યા કરજ્યો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે." (વચ. ગ.મ. ૫૮)

મુક્તાનંદ સ્વામીએ એ આજ્ઞા મસ્તકે ચડાવી પોતાના દેહપર્યંત સંપ્રદાયના સાહિત્યની સેવા કરી અને સ્પષ્ટ લખ્યું :

'પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ,
ઉર થકી નાશ પામે અંધારું... ભજન કર ભાવશું.'

તેવી જ રીતે સ્વરૂપાનંદ સ્વામીને પ્રગટ મહારાજ કરતાં અંતરમાં દેખાતી મહારાજની મૂર્તિ વિષે વધુ લગની લાગી ગઈ. તેમને પ્રગટનો સિદ્ધાંત સમજાવવા મહારાજે મંદવાડ પ્રેરીને અંતરમાં મૂર્તિ દેખાતી હતી તે દેખાતી બંધ કરી. સ્વરૂપાનંદ સ્વામી મૂંઝાયા. દીન થઈ મહારાજ પાસે આવ્યા. મહારાજની સ્તુતિ કરી. મહારાજે કહ્યું : ''પર્વતભાઈ પાસે જાવ, શાંતિ થઈ જશે.''

પર્વતભાઈએ તેમને વાતો કરતાં કહ્યું : ''દાદાખાચરનાં નળિયાંનું ધ્યાન કરો.''

સ્વરૂપાનંદ સ્વામીને આ વચનોથી પોતાની ભૂલ સમજાઈ ગઈ કે મહારાજના સંબંધે દરબારનાં નળિયાં પણ નિર્ગુણભાવ પામવાથી ધ્યાન કરવા યોગ્ય બન્યાં છે. તે મહારાજની પ્રત્યક્ષ મૂર્તિમાં મારે વધુ લગની લગાડવી જોઈએ. પછી તેમ કરવાથી તેમને શાંતિ થઈ ગઈ.

## મોક્ષ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત

ઘણા મુમુક્ષુઓ મોક્ષ માટે પરોક્ષપણે ભગવાનની ભક્તિ કરતા હોય છે. પરંતુ સર્વશાસ્ત્રનો સમન્વય કરીએ તો જરૂર પ્રતીતિ થાય કે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત વગર આત્યંતિક કલ્યાણ ન જ થાય. કલ્યાણનો મુદ્દો બતાવતાં શ્રીજીમહારાજ કહે છે :

''જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઇત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે તેવું જ **પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈયે સમજવું બાકી રહ્યું નહિ.** તે આ વાર્તા એક વાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો. આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ **એ વાત સમજે જ છૂટકો છે...**(અને) એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને **સર્વે મુદ્દો હાથ**

**આવ્યો** અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહિ... માટે **સર્વે શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે.**'' (વચ. ગ.મ. ૨૧)

★

''જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી **જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે** આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વે અર્થ તેને પ્રાપ્ત થાય છે. અને જ્યારે આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'' (વચ. ગ.અં. ૨)

''જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના **પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે,** ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે. અને અતિ મોટાઈને પામે છે. અને ભગવાનનું જે અક્ષરધામ તેને પામે છે.'' (વચ. ગ.મ. ૩૨)

★

''માટે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તે તે લક્ષણે કરી તે ભગવાનને ઓળખીને તે ભગવાનને શરણે થવું અને તેનો દૃઢ વિશ્વાસ રાખવો ને તેની આજ્ઞામાં રહીને તેની ભક્તિ કરવી એ જ કલ્યાણનો ઉપાય છે. અને ભગવાન જ્યારે પૃથ્વીને વિષે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે **ભગવાનને મળેલા જે સાધુ** તેનો આશ્રય કરવો. તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'' (વચ. વર. ૧૦)

★

''માયા તરવાનો ઉપાય એ છે જે જ્યારે સર્વ કર્મ અને માયા તેનો નાશ કરનારા ને માયાથી પર **જે સાક્ષાત્કાર શ્રી પુરુષોત્તમ ભગવાન અથવા તે ભગવાનના મળેલ સંત** તેમની જીવને પ્રાપ્તિ થાય છે ત્યારે તેમના આશ્રયથી માયા ઉલ્લંઘાય છે.'' (વચ. જેતલપુર-૧)

આ ઉપરાંત અનેક વચનામૃતમાં શ્રીજીમહારાજે આત્યંતિક કલ્યાણ માટે તો પ્રત્યક્ષ ભગવાન કે પ્રત્યક્ષ સંત જ બતાવ્યા છે. ટૂંકમાં, સર્વ શાસ્ત્રના સારરૂપે શ્રીજીમહારાજ કહે છે :

''ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે **ભગવાન ને ભગવાનના સંત જ કલ્યાણકારી છે...** તે ભગવાન કે ભગવાનના સંતની જ્યારે

પ્રાપ્તિ થઈ ત્યારે એ જીવને એથી ઉપરાંત બીજું કોઈ કલ્યાણ નથી. એ જ **પરમ કલ્યાણ** છે.'' (વચ. ગ.મ. ૫૯)

સર્વે શાસ્ત્ર અને શ્રીજીમહારાજના હૃદગત અભિપ્રાયને જાણનારા ગુણાતીતાનંદ સ્વામી પણ તેમની વાતુંમાં કલ્યાણ માટે પ્રગટ ભગવાન કે પ્રગટ સંત જ બતાવે છે.

''મોક્ષના દાતા તો ભગવાનને સાધુ એ બે જ છે.'' (સ્વા.વા. ૧/૨૦)

★

''પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે પણ કલ્યાણ ન થાય અને પ્રગટ ભગવાન ને આ પ્રગટ સાધુની આજ્ઞાથી એક નિયમ રાખે તો કલ્યાણ થાય.'' (સ્વા.વા. ૪/૩૬)

★

''આત્યંતિક કલ્યાણ થાય તે જ મોક્ષ કહેવાય... ને એવો મોક્ષ તો પ્રગટ ભગવાન ને પ્રગટ ભગવાનના એકાંતિકનો આશરો કર્યાથી થાય, બીજાથી થાય નહિ.'' (સ્વા.વા. ૫/૫)

★

સદ્. નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

'બીજા કહે મુવા પછી મોક્ષ રે, વળી પ્રભુ બતાવે છે પ્રોક્ષ રે...
જ્યારે એમ જ અર્થ જો સરે રે, ત્યારે હરિ તન શિદ ધરે રે;
જ્ઞાન વિના તો મોક્ષ ન થાય રે, એમ શ્રુતિ સ્મૃતિ સહુ ગાય રે.
માટે પ્રગટ જોઈએ ભગવંત રે, એવું સર્વ ગ્રંથનું સિદ્ધાંત રેઃ
જેમ પ્રગટ રવિ હોય જ્યારે રે, જાય તમ બ્રહ્માંડનું ત્યારે રે.
જેમ પ્રગટ જળને પામી રે, જાય પ્યાસીની પ્યાસ તે વામી રે;
જેમ પ્રગટ અન્નને જમે રે, અંતર જઠરાઝાળ વિરમે રે.
તેમ પ્રગટ મળે ભગવાન રે, ત્યારે જનનું કલ્યાણ નિદાન રે;
માટે પ્રગટ ચરિત્ર સાંભળવું રે, હોય પ્રગટ ત્યાં આવી મળવું રે.
માટે પ્રગટ પ્રભુ જો ન હોય રે, ન થાય એ નિષ્પાપ કોય રે;
જાણો પ્રગટ મૂર્તિ ભવપાજ રે, સહેજે ઉતારવાનો સમાજ રે.'

*(ભક્તચિંતામણિ : ૧૬૪)*

★

'પ્રગટ પ્રભુ કે પ્રભુના સંત રે, તેહ વિના ન ઉદ્ધરે જંત રે.'

*(નિ. કા. કલ્યાણનિર્ણય : ૧૩-૨૮)*

★

'આત્યંતિક કલ્યાણ કારણે જાવું પ્રગટ પ્રભુને પાસ;
મોક્ષદાયક એહ મૂર્તિ કે મોક્ષદાતા એના દાસ.'

*(નિ. કા. કલ્યાણનિર્ણય : ૧૬-૪)*

★

'માટે કલ્યાણકારી સાંભળ્યા રે, એક હરિ કે હરિ ના મળ્યા રે;
સાચી વાત તું માનજે સહિરે, એહ બેઉ વિના મોક્ષ નહિ રે.'

*(નિ. કા. કલ્યાણનિર્ણય : ૧૬-૧૦)*

★

**'મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના તો કોટી ઉપાય રે, આત્યંતિક કલ્યાણ ન થાય રે.'**

*(નિ. કા. કલ્યાણનિર્ણય : ૨-૧૮)*

સદ્. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે :

'આ ભવસાગર પાર ઉતાર, હરિ કે હરિ કો દાસ.'

શ્રી સ્કંદપુરાણના વિષ્ણુખંડમાં 'શ્રીવાસુદેવમાહાત્મ્ય'માં પણ વૈરાગ્ય ભક્તિનિરૂપણના પ્રકરણમાં આ પ્રમાણે લખ્યું છે :

**साक्षाद्‌भगवतः सङ्‌गात्तद्‌भक्तानां च वेदृशाम् ।
धर्मो ह्येकान्तिकः पुम्भिः प्राप्यते नान्यथा क्वचित् ॥**

*(વાસુદેવમાહાત્મ્ય : ૨૫-૬૫)*

**અર્થાત્ :** સાક્ષાત્ ભગવાનના સંબંધથી અથવા પૂર્વશ્લોકમાં કહેલાં લક્ષણોએ યુક્ત એવા એકાંતિક ભક્તના સંબંધી જ મનુષ્યોને એકાંતિક ધર્મની પ્રાપ્તિ થાય છે. આ સિવાય બીજા કોઈ પણ ઉપાયથી ક્યારેય પણ તેની પ્રાપ્તિ થતી નથી.

શ્રીજીમહારાજ પણ વચનામૃતમાં આ જ સિદ્ધાંતને દઢાવતાં કહે છે :

''એકાંતિક ધર્મ તે તો જે એવા નિર્વાસનિક પુરુષ હોય અને જેને ભગવાનને વિષે સ્થિતિ થઈ હોય તેને વચને કરીને જ પમાય પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને નથી પમાતો. અને કોઈક સાંભળીને તેવી ને

તેવી વાત કહેવા જાય તો કહેતાં પણ આવડે નહિ. માટે **જેને એકાંતિકના ધર્મમાં સ્થિતિ થઈ હોય તે થકી જ એકાંતિકનો ધર્મ પમાય છે.**''

(વચ. ગ.પ્ર. ૬૦)

## પ્રગટને ઓળખ્યા વગર કસર

જીવમાં અનાદિ કાળથી અનંત પ્રકારની કસર રહેલી છે. તે સર્વે ભગવાનના પ્રગટ સ્વરૂપને યથાર્થ ઓળખીને તેમને આશરે જવાથી ટળી જાય છે. પણ પ્રગટ ભગવાનના સ્વરૂપની ઓળખાણ અને તેના સંબંધ વગર કોઈ રીતે વાંધો ભાંગે તેમ નથી.

★

શ્રીજીમહારાજ કહે છે : ''**ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ.**'' (વચ. ગ.મ. ૧૩)

★

''બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે જે, **જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થતી નથી.**''

(વચ. ગ.અં. ૨)

★

''જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય પણ પરિપૂર્ણ હોય ને કામ, ક્રોધ, લોભાદિકે કરીને વિક્ષેપને ન પામતો હોય ને અતિશય ત્યાગી ને અતિ વૈરાગ્યવાન ને અતિ આત્મનિષ્ઠાવાળો હોય અને જો તે **પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ વિના કાંઈક બીજું ઇચ્છે તો તેને ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે.**'' (વચ. ગ.અં. ૫)

★

સદ્. ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

''જેવા મહારાજ છે ને જેવા આ સાધુ છે તેને જેમ છે તેમ ન જાણે તે નિરંતર અભાગિયા છે; કેમ જે, છોતેરાનો મેઘ વરસ્યો ને વુઠે મેહે કાળ પડ્યો ને ગંગામાં નહાયો ને માથું કોરું રાખ્યું ! અને એમ જાણ્યા વિના આ સત્સંગમાં રહ્યા છે, તે તો જેમ છોકરાં, વાછરડાં રહ્યાં છે એમ રહ્યા છે.''

(સ્વા.વા. ૩/૩૫)

★

''ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ આ પ્રત્યક્ષ ભગવાન ને **આ પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવો છે.** ને તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહિ.'' (સ્વા.વા. ૩/૬૮)

★

''આજ તો પ્રગટ ભગવાન છે, પ્રગટ સાધુ છે, પ્રગટ ધર્મ છે, ને આ સમામાં જેને નહિ ઓળખાય તેને પછવાડેથી માથું કૂટવું પડશે.''

(સ્વા.વા. ૪/૪૯)

★

સદ્. મુક્તાનંદ સ્વામી કહે છે :

'પરોક્ષથી ભવતણો પાર આવે નહિ, વેદ વેદાંત કહે સત્ય વાણી.'

★

'મંગળ રૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે;
તપ તીરથ કરે દેવ દેરાં, મન ન ટળે મસાણી રે.'

પ્રગટ ભગવાનના સ્વરૂપને મૂકીને પરોક્ષ ભક્તિ તથા વ્રત, તપ, તીર્થ, દેવદર્શન કરવા છતાં મન અમન થતું નથી.

★

'કોઈ કહે હરિ હો ગયે, કોઈ કહે હરિ હોવન હાર;
મુક્ત **પ્રગટકી પ્રીછ બિન,** ભટકત સબ સંસાર.'

★

''શાસ્ત્રમાં ભગવાનની વાતો લખી હોય તે વાંચે કે તેનું વર્ણન સાંભળે પણ તેથી નથી કોઈ સુખ આવતું કે નથી કોઈ ખોટ ટળતી. તે માટે પ્રભુ પ્રગટ જ જોઈએ.''

સદ્. નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

'વાંચી કાગળ કોઈ કંથનો, જેમ નાર અપાર રાજી થઈ;
પણ પ્રગટ સુખ પિયુતણું, અણું જેટલું આવ્યું નઈ.'

*(નિ. કા. ભક્તિનિધિ : ૧૪)*

★

પ્રગટની ભક્તિ મૂકી જે પરોક્ષની ભક્તિ કરે છે તે કેવા ભૂલેલા છે તેનું વર્ણન કરતાં સદ્. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'જેમ કોઈ ફૂલવાડીનાં ફૂલ મેલી, આકાશ ફૂલની આશા કરે;
પાર વિના પરિશ્રમ પડે, સાર થોડું જ મળે સરે.
તેમ પ્રગટ પ્રભુને પરહરી, પરોક્ષમાં કરે પ્રતીત;
તે તો પીયૂષનો તરુ પરહરી, કરી છાશ પીવા ચાહે ચિત્ત.'

*(નિ. કા. સારસિદ્ધિ : ૪૭)*

★

'પ્રગટ ભજી ઋષિપતની, પરોક્ષ ભજ્યા ઋષિરાય;
ઋષિ પત્નિએ હરિ રાજી કર્યા, ઋષિ રહ્યા પરિતાપમાંય.
પ્રભુ પ્રગટના પ્રસંગ વિના, રહી ગઈ એવા મોટાને ખોટ;
આજ કાલના અભાગિયા, દશ વિના દિયે છે દોટ.
પ્રગટ વિના છે પાંપળાં, ભક્ત કરે છે ભવમાંય;
ખરાં ખાંડતાં કુસકા, કણ નહિ નિસરે તે માંય.
હરિ લાડીલા લાડુ જમી ગયા, કેડે પડ્યાં રહ્યાં પતરાવળાં;
જેથી ભૂખ ન જાય સુખ ન થાય, વણ સમજે ચાટે છે સઘળાં.'

*(નિ. કા. સારસિદ્ધિ : ૨૪)*

★

સદ્. બ્રહ્માનંદ સ્વામી પણ કહે છે :

'પ્રગટ પ્રમાણ હરિબીન પ્રાણી, ક્યું જહાં તહાં ભટકંતા હૈ;
ઓર ઉપાય કીયે તે કોઈ વિધિ, આત ન ભવકો અંતા હૈ;
પ્રગટ પ્રમાણ પુરાણ બતાવે, ગીતા પ્રગટ કથંતા હૈ;
પ્રગટ પ્રમાણ બિના બ્રહ્માનંદ, સબ હી જગત ભરમંતા હૈ;'

## શ્રીજીમહારાજના અંતર્ધાન પછી પ્રગટપણું કેવી રીતે ?

શ્રીજીમહારાજ આ લોકમાં લૌકિક દૃષ્ટિએ તો સં. ૧૮૮૬ના જેઠ સુદ ૧૦ના દિવસે અંતર્ધાન થયા. તેમની પ્રત્યક્ષ મૂર્તિનાં દર્શન તે પછી ભક્તોને થયાં નહિ. તો તેમને તે પછી પ્રગટ કેવી રીતે માનવા ? અને તેમના સ્વધામ ગમન બાદ જીવના કલ્યાણની તેમણે કેવી વ્યવસ્થા કરી ?

આ પ્રશ્નોના ઉત્તર શ્રીજીમહારાજે પોતે જ આપ્યા છે :

"જેને જ્ઞાનદૃષ્ટિ છે એવા ભક્તને મતે તો ભગવાન ક્યારેય પરોક્ષ થતા જ નથી. જેમ શ્રીકૃષ્ણ ભગવાને દેહ મૂક્યો ત્યારે એ ભગવાનની પત્નીઓ જે રુક્મિણી આદિક હતી, તે એ ભગવાનના દેહને લઈને બળી મરી, ત્યારે અજ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું કે હવે એ નાશ થઈ ગયા અને જે જ્ઞાની હતા તેણે તો એમ જાણ્યું જે અહીંથી અંતર્ધાન થઈને બીજે ઠેકાણે જણાણા છે." (વચ. પં. ૭)

આ રીતે અનંતકાળ સુધી જીવોના આત્યંતિક કલ્યાણ માટે શ્રીજી-મહારાજ સ્થૂળ રીતે અંતર્ધાન થઈ બીજે ઠેકાણે એટલે કે **મૂળ અક્ષરબ્રહ્મ દ્વારા** આ લોકમાં દર્શાયા.

કારણ કે શ્રીજીમહારાજ કહે છે :

"પુરુષોત્તમ ભગવાન જે તે સર્વમાં કારણપણે અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે. પણ **જેવા અક્ષરમાં છે તેવી રીતે પુરુષપ્રકૃતિમાં નથી** ને જેવા પુરુષપ્રકૃતિમાં છે તેવા પ્રધાનપુરુષમાં નથી.... તેમ એ પુરુષોત્તમ ભગવાન જે દ્વારે જેટલું કાર્ય કરાવવું હોય તેને વિષે તેટલી સામર્થિએ યુક્ત થકા રહે છે અને અક્ષર ને પુરુષ પ્રકૃતિ આદ્યે સર્વને વિષે પુરુષોત્તમ ભગવાન તે અંતર્યામી રૂપે રહ્યા છે. પણ પાત્રની તારતમ્યતાએ કરીને સામર્થિમાં તારતમ્યપણું છે." (વચ. ગ.પ્ર. ૪૧)

આ રીતે સમ્યક્‌પણે સમગ્ર સામર્થિએ યુક્ત અક્ષરબ્રહ્મમાં જેવા ભગવાન રહે છે તેવા તો મુક્તાદિકમાં પણ નથી રહેતા. તેથી શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મ દ્વારા જ પૃથ્વી પર પ્રગટ રહે છે.

વળી, આ સિદ્ધાંતને વધુ સ્પષ્ટ કરતાં વચનામૃતમાં શ્રીજીમહારાજે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવાનો આદેશ આપ્યો છે તથા ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરવા માટે ધામરૂપ જે અક્ષર તે રૂપે પોતે રહીને પુરુષોત્તમની ઉપાસના કરવાનું કહ્યું છે. તેથી એ સિદ્ધ થાય છે કે બ્રહ્મરૂપ થવા કે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય માટે ધામરૂપ અક્ષરનો પ્રસંગ અનિવાર્ય છે. વળી માયાનું કપટ ટાળીને ભગવાનના સ્વરૂપનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય કરવા માટે પણ અક્ષરબ્રહ્મ આવશ્યક છે (વચ. પં. ૭, ગ.મ. ૪૨). કારણ કે જેવો ભગવાનનો મહિમા અક્ષરબ્રહ્મ જાણે તેવો બીજા કોઈ જાણી ન શકે.

બીજા મુક્તના પ્રસંગથી નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ થતો નથી. અને જો અક્ષરબ્રહ્મ વગર મુક્ત દ્વારા પણ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ થતો હોત તો શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મને પોતાની સાથે પૃથ્વી ઉપર શા માટે લાવે ? શ્રીજીમહારાજ પૃથ્વી ઉપર અક્ષરબ્રહ્મ સાથે લાવ્યા છે અને તેમની દરેકને ઓળખાણ પણ કરાવી છે, તે જ બતાવે છે કે અક્ષરબ્રહ્મ થકી જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય સિદ્ધ થાય છે. વળી, ગુણાતીતાનંદ સ્વામી પછી પણ અનંત જીવોને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામની પ્રાપ્તિ કરાવવી એ હેતુ મહારાજનો છે, તેથી ફલિત થાય છે કે પૃથ્વી ઉપર અક્ષરબ્રહ્મને પણ હંમેશાં રહેવું જ જોઈએ કે જેમના દ્વારા શ્રીજીમહારાજ પ્રગટરૂપે સદાય વિચરે.

વેદરસમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે : **"વેદ એ બ્રહ્મનું ગાન કરે છે. તે કલ્યાણનો માર્ગ પણ એ (બ્રહ્મ) થકી જ છે."** (વેદરસ : પૃ. ૧૬૫)

બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા પ્રગટ થયેલા વચનામૃતમાં લખેલા આશીર્વાદમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે લખ્યું છે :

**''તેમાં (વચનામૃતમાં) મોક્ષનું દ્વાર સંતને જ કહેલા છે, તે અનાદિ સંત મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીને મહારાજે કહ્યા છે.''**

આવી રીતે સ્પષ્ટપણે કહી શકાય કે શ્રીજીમહારાજનું પ્રગટપણું આ લોકમાં અક્ષરબ્રહ્મ દ્વારા જ છે. શ્રીજીમહારાજે પોતાની સાથે લાવેલા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ પોતાની હયાતિ દરમિયાન અનેક પ્રસંગે કરાવી છે તે આપણે આ પછીના અક્ષરબ્રહ્મ પ્રકરણમાં જોઈશું.

એ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા જ શ્રીજીમહારાજ આ લોકમાં પ્રગટ રહ્યા. મહારાજના અંતર્ધાન થયા પછી તેમના ભૌતિક દેહનો લક્ષ્મીવાડીમાં અગ્નિસંસ્કાર થયો. ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામી તુંબડી લઈ બહિર્ભૂમિ જતા હતા. રસ્તામાં લીલી ધ્રોને જોઈને સ્વામીને વિચાર આવ્યો કે 'આ ધ્રોનું જીવન જળ છે તેથી કેવી લીલી પલ્લવ છે જ્યારે, આપણું જીવન મહારાજ હતા તે તો ગયા.'

આ વિચાર આવતાં જ તેમને મૂર્છા આવી ગઈ અને પડી ગયા. તરત જ શ્રીજીમહારાજે દર્શન આપી સ્વામીને ઉઠાડ્યા અને તેમને ભેટીને કહ્યું : 'સ્વામી ! શોક શા માટે કરો છો ? **હું ક્યાં ગયો છું. હું તો તમારામાં અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું, અખંડ રહ્યો છું.**' એમ ત્રણ વખત કહ્યું.

એ રીતે શ્રીજીમહારાજે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પોતાનું પ્રગટપણું રાખીને અનેક મુમુક્ષુને પોતાના સંબંધનું સુખ આપીને અક્ષરધામના અધિકારી બનાવ્યા.

સ્થૂળરૂપે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના અંતર્ધાન થયા પછી પણ શ્રીજીમહારાજ **અક્ષરબ્રહ્મની જ** પરંપરા દ્વારા પ્રગટ રહ્યા છે, કારણ કે સ્વામીએ પોતે જ કહ્યું છે : ''**હું ચિરંજીવી છું ને તમારા બધાના દેહ પાંચ-દસ વરસમાં પડી જશે.**'' (સ્વા.વા. ૫/૬૭)

એ જ ગુણાતીત-ગુરુપરંપરામાં બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ રહ્યા અને વર્તમાન કાળે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ રહીને પોતાની મૂર્તિનું સુખ આપી રહ્યા છે.

## પ્રગટપણું એક જ દ્વારા

ભગવાન જેમના દ્વારા સમ્યક્‌પણે પ્રગટ છે તેવા અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુણાતીત સંત, અખંડ પૃથ્વી ઉપર વિચરે છે એ જ અનંત જીવોને માટે મોક્ષનું દ્વાર છે અને તે એક જ હોય.

ભગવાનનું પ્રગટપણું અક્ષરબ્રહ્મ દ્વારા જ છે. અને અનાદિ **અક્ષરબ્રહ્મ એક જ છે તેથી ભગવાનનું પ્રગટપણું પણ એક જ દ્વારા હોય તે સ્વાભાવિક છે.**

એક કરતાં વધારે ભગવાન હોય તો શું પરિસ્થિતિ થાય તેનું વર્ણન કરતાં શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે :

''ભગવાન ઘણાક થાય ત્યારે તો જગતની સ્થિતિ તે એક જાતની જ ન રહે. કેમ જે, એક ભગવાન કહેશે, હું જગતની ઉત્પતિ કરીશ ને બીજો કહેશે, હું જગતનો પ્રલય કરીશ. અને વળી એક ભગવાન કહેશે હું વરસાદ કરીશ ને બીજો કહેશે, હું નહિ કરું ને એક કહેશે, હું માણસના ધર્મ પશુમાં કરીશ ને બીજો કહેશે હું પશુના ધર્મ માણસમાં કરીશ. એવી રીતે સ્થિતિ ન રહે અને આ તો જુવોને, જગતમાં કેવી રીતે બરાબર અદલ પ્રમાણે સર્વત્ર ક્રિયાની પ્રવૃત્તિ થાય છે પણ તલભાર પણ ફેર પડતો નથી. માટે સર્વ ક્રિયાના પ્રવર્તાવનારા અને સર્વના સ્વામી એક જ ભગવાન છે.'' (વચ. ગ.અં. ૩૯)

તેવી જ રીતે એક કરતાં વધારે સંતો દ્વારા જો ભગવાન પ્રગટ રહેતા

હોય તો આત્યંતિક કલ્યાણની અવ્યવસ્થા ઊભી થાય.

જેમ એક રાજાને એકથી વધુ પુત્રો હોય છતાં ગાદીનો વારસદાર તો એક જ ગુણિયલ સમર્થ પુત્ર જ હોઈ શકે, એક જ ગાદી પર બધાં જ સંતાનો રાજા ન થઈ શકે તેમ પ્રગટપણાની ગાદીમાં એકી સાથે અનેક ન હોઈ શકે.

સદ્‌ગુણોથી વિભૂષિત ઘણા સંતો-ભક્તો હોય એ સંપ્રદાયની શોભા છે, પણ ભગવાનના અનંત કલ્યાણકારી ગુણોનું ધારક સ્વરૂપ એક જ હોય.

નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે :

‘બીજા ગુણવાન તો ઘણા મળશે, પણ નહિ મળે હરિના મળેલ;<br>
નિષ્કુલાનંદ એવા સંત સંબંધે, અનંતનાં પાપ બળેલ.’

*(નિ. કા. સારસિદ્ધિ : ૩૮/૧૦)*

અહીં સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ ‘હરિના મળેલ’ એમ જે લખ્યું છે તથા શ્રીજીમહારાજે પણ (વચ. વર. ૧૦ અને જે. ૧) વચનામૃતમાં ‘ભગવાનના મળેલ’ એવા જે શબ્દો વાપર્યા છે, તો ‘ભગવાનના મળેલ’ એટલે શું ? શ્રીજીમહારાજના મળેલા પાંચસો પરમહંસો હતા તો શું સર્વે થકી આત્યંતિક કલ્યાણની વાત કહી છે ? વળી, આ પરમહંસો તથા હરિભક્તો કાંઈ સામાન્ય ન હતા. અગતરાયના પર્વતભાઈ, ગઢડાના દાદાખાચર, નેનપુરના દેવજીભક્ત વગેરે માળાના મણકા જેવા અનેક હરિભક્ત શ્રીજીમહારાજના મળેલ હતા.

સંતોમાં પણ સાધુતાનું મૂર્તિમાન સ્વરૂપ અને સત્સંગની મા સમાન મુક્તાનંદ સ્વામી, મહાન અષ્ટાંગ યોગી ગોપાળાનંદ સ્વામી, પ્રખર વિદ્વાન નિત્યાનંદ સ્વામી, અદ્‌ભુત કવિત્વશક્તિવાળા વ્યવહારદક્ષ બ્રહ્માનંદ સ્વામી અને પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી, ત્યાગ-વૈરાગ્યનું મૂર્તિમાન સ્વરૂપ નિષ્કુળાનંદ સ્વામી, મરતાને જીવતા કરે એવા વ્યાપકાનંદ સ્વામી, ઈન્દ્રને પડકારીને વરસાદ વરસાવે એવા સચ્ચિદાનંદ સ્વામી, નરકના કુંડ ખાલી કરાવી શકે એવા સ્વરૂપાનંદ સ્વામી, સ્વદેહે બદરિકાશ્રમમાં આવ-જા કરનાર સમાધિવાળા સંતદાસ આવા અનેક ગુણો અને સામર્થિએ યુક્ત પરમહંસો શ્રીજીમહારાજને મળેલા હતા. ‘હરિના મળેલ’ એટલે આ લાખો હરિભક્તો અને પાંચસો પરમહંસો દ્વારા આત્યંતિક કલ્યાણ કે બ્રહ્મરૂપ થવાની વાત નથી.

અને જો સ્થૂળ રીતે શ્રીજીમહારાજને મળેલા હોય તેટલા જ સંતો

હરિભક્તો દ્વારા આત્યંતિક કલ્યાણની વાત હોય તો તેમના પછી કલ્યાણનો માર્ગ બંધ થઈ જાય, પણ એ શ્રીજીમહારાજને અભિપ્રેત નથી. શ્રીજીમહારાજને તો અનંત જીવો માટે આત્યંતિક કલ્યાણનો પંથ હંમેશાં ચાલુ રાખવો છે, તો 'હરિના મળેલ' એટલે ફક્ત શ્રીજીમહારાજની હયાતીના જ હોય એ અર્થ અભિપ્રેત નથી, પણ 'હરિના મળેલ' એટલે શ્રીહરિ સાથે અપૃથક્સિદ્ધ સંબંધથી જોડાયેલ. એવો સંબંધ અક્ષરબ્રહ્મને જ છે. બીજા કોઈને નથી. અક્ષરબ્રહ્મ એક જ છે. તો તે દ્વારા પ્રગટપણું પણ એકસ્વરૂપે જ હોય તે સ્પષ્ટ છે.

ગુણાતીતાનંદ સ્વામીએ વાતુંમાં કહ્યું છે : "જે સમયમાં જેને હાથ કલ્યાણ કરવાનું ભગવાને સોંપ્યું હોય તેનાથી કલ્યાણ થાય, જેમ પરીક્ષિતને શાપ થયો ત્યારે વ્યાસજી આદિ ઘણા મોટા હતા પણ શુકજી આવ્યા ત્યારે કલ્યાણ થયું." (સ્વા.વા. ૪/૪૮)

અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીએ અમદાવાદમાં કેશવપ્રસાદજી મહારાજને કહ્યું હતું કે જેમ તમારા પિતાએ ખજાનાની કૂંચીઓ તમને આપી છે તેમ સ્વામિનારાયણે કલ્યાણની કૂંચી અમને સોંપી છે.

પાંચસો પરમહંસોથી ફક્ત એક જ ગુણાતીતાનંદ સ્વામીને સોંપેલ કલ્યાણની કૂંચી આજ પર્યંત ગુણાતીત ગુરુપરંપરામાં જળવાયેલ છે. જેમના થકી આત્યંતિક કલ્યાણની પ્રતીતિ થતી હોય અને અનંત જીવો જેમના સંબંધે બ્રહ્મરૂપ થઈને અક્ષરધામના અધિકારી થતા હોય એવો ગુરુપરંપરાનો જીવતો જાગતો વેલો અન્ય કોઈ પરમહંસનો આજ પર્યંત જળવાયેલો નથી.

ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં અને પછી પણ આ સંપ્રદાયનો ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે કે સાધુતાવાળા, અલૌકિક સ્થિતિવાળા, નિરાવરણ સ્થિતિવાળા અને આશ્ચર્યકારક ઐશ્વર્યયુક્ત સંતો એકી સાથે ઘણા વિચરતા હતા છતાં શ્રીજીમહારાજના અખંડ ધારક અને મોક્ષના દ્વારરૂપ એવું સ્વરૂપ સર્વકાળે એક જ રહ્યું છે અને બીજા મોટા મોટા તેમનામાં જોડાયા છે અને પોતાના હેતવાળાને પણ તેમાં જોડ્યા છે.

વળી, આપણી ગુરુપરંપરામાં જે વખતે જે ગુણાતીત સ્વરૂપ દ્વારા શ્રીજીમહારાજ પ્રગટ હતા, તેમનાં જીવન અને કાર્યો પણ એ વાતની સાક્ષી પૂરે છે કે તેઓ અદ્વિતીય સત્પુરુષો હતા.

કેટલાક અક્ષર અને પુરુષોત્તમ બંને સ્વરૂપો આ પૃથ્વી પર પ્રગટ વિચરે છે તેમ માને છે (જેમ શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી બંને સ્વરૂપો હતાં તેમ). પણ શ્રીજીમહારાજે ઉદ્‌બોધેલ તત્ત્વજ્ઞાન અનુસાર શ્રીજીમહારાજ ગુણાતીત દ્વારા જ પ્રગટ રહે છે પણ શ્રીજીમહારાજ એક વાર અંતર્ધાન થયા પછી પણ વારંવાર અક્ષરબ્રહ્મ સાથે પ્રગટ થતા નથી પણ અક્ષરબ્રહ્મ દ્વારા જ પ્રગટ રહીને અનંત જીવોનું કલ્યાણ કરે છે.

શ્રીજીમહારાજના અંતર્ધાન પછી આજ સુધી તેમનું પ્રગટપણું એક જ ગુણાતીત સંત દ્વારા રહ્યું છે અને ભવિષ્યમાં પણ એક જ દ્વારા રહેશે એ શ્રીજીમહારાજનો સ્પષ્ટ અભિપ્રાય છે. જેમને જે વખતે જે પ્રગટ સ્વરૂપ મળે તેમને તે સ્વરૂપને વિષે પતિવ્રતાની ટેક રાખવાની વાત કરતાં શ્રીજીમહારાજ કહે છે : ''જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતા જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ.'' (વચ. ગ.અં. ૧૬)

## ગુણાતીત સંતનાં લક્ષણો

જે ગુણાતીત સંત દ્વારા શ્રીજીમહારાજ આ પૃથ્વી ઉપર પ્રગટ રહ્યા છે તેવા સંતનાં લક્ષણો પણ મુમુક્ષુએ જાણવાં જોઈએ અને શાસ્ત્રોમાં કહ્યા એવા જે ગુણાતીત સંતનાં લક્ષણો જે સંતમાં હોય તેવા સંતને ઓળખીને તેમનો આશ્રય કરે તો આત્યંતિક કલ્યાણ થાય. કેવળ કપડાંથી, વાક્છટાથી, શાસ્ત્રોના વાચ્યાર્થ જ્ઞાનથી, લૌકિક કળાકૌશલ્યથી કે એવાં બાહ્ય લક્ષણોથી અથવા કોઈ સિદ્ધિ કે ચમત્કારોથી ભોળવાઈને તેમને પ્રગટ સ્વરૂપ માનીને તેમનો પ્રસંગ કરે તો અક્ષરધામને બદલે નરકની પ્રાપ્તિ થાય.

સદ્. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

સાચા સંતનાં અંગ એંધાણ રે, જોઈ લેવા જીવડિયે,
જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડિઘડિયે.

*(ચોસઠ પદી : ૯)*

સદ્. બ્રહ્માનંદ સ્વામી પણ કહે છે :

'જડબુદ્ધિ જીવ, પ્રભુપદને ઇચ્છે તો કર સંતનું પારખું,
રંગપીતપણે, સોનું ને પિત્તળ ન હોય એક સરખું.'

માટે સંતની શરણાગતિ પહેલાં તેમનાં લક્ષણ જોવાં અનિવાર્ય છે. શાસ્ત્રોમાં જ્યાં જ્યાં સંતનો મહિમા કહ્યો છે ત્યાં ત્યાં સંતનાં લક્ષણો પણ બતાવ્યાં છે.

ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો, બારમા અધ્યાયમાં પોતાના પ્રિય ભક્તનાં લક્ષણો, ચૌદમા અધ્યાયમાં ગુણાતીત સંતનાં લક્ષણો કહ્યાં છે.

રામાયણમાં તુલસીદાસ ભગવાન તુલ્ય સંતનાં લક્ષણ બતાવતાં કહે છે :

'નારી નયન શર જાહિ ન લાગા
ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા
લોભ પાશ જેહિ ગર ન બંધાયા
**સો નર તુમ્હ સમાન રઘુરાયા.'**

*(કિષ્કિન્ધા કાણ્ડ-૨૦મા દોહા પછીની ચોપાઈ)*

શ્રીમદ્ભાગવતમાં લખ્યું છે :

**तस्माद् गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम् ।**
**शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥**

*(ભાગવત : ૧૧-૩-૨૧)*

તે માટે જિજ્ઞાસુએ પોતાના શ્રેયને માટે શબ્દ બ્રહ્મના જ્ઞાનમાં નિષ્ણાત અને બ્રહ્મને વિશે ઉપશમને પામેલા ગુરુનું શરણું સ્વીકારવું.

સર્વશાસ્ત્રના સારરૂપે વચનામૃતમાં પણ અનેક સ્થાને ગુણાતીત સંતનાં લક્ષણો બતાવ્યાં છે, તેમાંથી થોડાંક અવતરણો જોઈએ :

''ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઇન્દ્રિયો અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચવર્તમાનમાં દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, **એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ. અને એવા સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.''** (વચ. ગ.અં. ૨૬)

★

''શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતનાં લક્ષણો જ્યાં દેખાય... **એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય.**'' (વચ. ગ.અં. ૨૭)

★

''દેહાભિમાને રહિત ને વૈરાગ્યે યુક્ત ને ભગવાનનું અલ્પ વચન હોય તેમાં ફેર પડે તો તે મહત્ વચનમાં ફેર પડ્યો હોય તેમ માનતા હોય એવા જે ભગવદ્ભક્ત મોટા સાધુ તે સંગાથે પોતાના જીવને જડી દેવો ને તેના વચનમાં મન કર્મ વચને વર્તવું.'' (વચ. ગ.અં. ૩૮)

★

''જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિષે સાધુપણું આવતું નથી. માટે દેહ ને દેહના સંબંધીને વિષે અહંમમત્વનો ત્યાગ કરીને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને સર્વ વાસનાનો ત્યાગ કરીને સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે.'' (વચ. ગ.પ્ર. ૪૪)

''સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે **ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે, અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.**'' (વચ. ગ.પ્ર. ૫૪)

★

''જેનું મન ભગવાનને વિષે આસક્ત થયું છે ને વિષયને યોગે કરીને ટાઢું ઊનું થતું નથી તેને જ સાધુ જાણવા.'' (વચ. ગ.મ. ૨૩)

ગુણાતીતાનંદ સ્વામીએ વડવાનળ જેવા સંતનાં લક્ષણ જણાવતાં કહ્યું છે : ''**पुष्पहाराय सर्पाय** એવું જે વર્તે, તથા ભગવાનની મૂર્તિને અખંડ ધારે તથા સત્સંગ શબ્દનો અર્થ કર્યો છે (આત્મા-પરમાત્માનો વેગ લગાડવો તે) તેવાં લક્ષણ હોય તથા ઘણાક જીવને ભગવાન ભજાવે ને પોતે શુદ્ધ રહે, લગાર આજ્ઞા લોપે નહિ એવા હોય.'' (સ્વા.વા. ૫/૧૪૨)

આ ઉપરાંત, જે સંતમાં ભગવાન અખંડ વાસ કરીને રહે તેવા સંતનાં લક્ષણ ગ.પ્ર. ૨૭; ગ.અં. ૩૫ વગેરે વચનામૃતોમાં તથા સાચા ત્યાગીનાં લક્ષણ ગ.પ્ર. ૩૬, ૩૭માં તથા અન્ય ઘણાં વચનામૃતમાં સાચા ભક્ત,

એકાંતિક ભક્તનાં લક્ષણો બતાવ્યાં છે.

સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં તથા સદ્ગુરુ મુક્તાનંદ સ્વામી, સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામી વગેરે પરમહંસોએ પોતાનાં કીર્તનોમાં સંતનાં લક્ષણો સ્પષ્ટપણે જણાવ્યાં છે.

# ગુણાતીત સંતનો મહિમા

જેમના દ્વારા ભગવાન અખંડ પ્રગટ રહીને અનંત જીવોનું આત્યંતિક કલ્યાણ કરે છે તેવા ગુણાતીત સંતનો મહિમા વચનામૃત, સ્વામીની વાતો, અન્ય શાસ્ત્રો, પરમહંસો અને અન્ય ભક્ત કવિઓનાં પદોમાં અપરંપાર કહ્યો છે, તેને હવે અનુભવીએ :

## શ્રીજીમહારાજના શ્રીમુખે

''**એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચઢાવીએ છીએ અને તેને દુખવતા થકા મનમાં બીએ છીએ અને તેનાં દર્શનને પણ ઈચ્છીએ છીએ....એવા યથાર્થ ભગવાનના ભક્ત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શનતુલ્ય છે અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય એવા એ મોટા છે.**'' (વચ. ગ.પ્ર. ૩૭)

★

''**....તે સંત થકી ભગવાન અથવા ભગવાનના ધામ તે અણુમાત્ર છેટે નથી....એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.**'' (વચ. સા. ૧૦)

★

''....જેને એવું સાધુપણું આવ્યું તેને ને **પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી.**'' (વચ. ગ.પ્ર. ૪૪)

★

''....એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે ને **અનંત જીવના ઉદ્ધારને કરે છે....** સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ. એવી રીતે

જરણા કરે તેને અતિમોટા જાણવા. અને એ સમર્થ તો કેવો જે, એના નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલાં જીવ પ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે. એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોની ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે, માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.'' (વચ. ગ.પ્ર. ૨૭)

★

''**ભગવાનના સાધુ તે તો ભવબ્રહ્માદિક દેવ થકી પણ અધિક છે.**'' (વચ. ગ.મ. ૫૯)

★

''જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી બીજી કોઈ મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો રાણીનો પણ હુકમ ચાલે, તેમ **ભગવાનનો પ્રતાપ છે તેવો જ એ સાધુનો પ્રતાપ છે.**'' (વચ. ગ.મ. ૨૨)

★

''**એવા જે (વડવાનળ અગ્નિ જેવા) મોટાપુરુષ છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાખે છે.... અને વડવાનળ અગ્નિ જેવા તો સિદ્ધ દશાવાળા ભગવાનના પરમ એકાંતિક સાધુ છે.**'' (વચ. વર. ૩)

આ રીતે વચનામૃતમાં અનેક સ્થળે શ્રીજીમહારાજે ગુણાતીત સંતનો મહિમા ભગવાન જેવો જ કહ્યો છે. તેથી ભગવાનની સેવા કરવાથી, આજ્ઞા પાળવાથી; તેમને પ્રસન્ન કરવાથી કે સમાગમ કરવાથી જે ફળ થાય તે જ એવા ગુણાતીત સંત થકી પણ થાય છે.

★

વળી, શ્રીજીમહારાજ કહે છે :

''**એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે.**'' (વચ. ગ.અં. ૩૫)

★

"એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિપ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે **આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.**" (વચ. વર. ૫)

★

"અતિશય જે મોટાપુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા **મલિન સંસ્કાર હોય તો નાશ પામે** અને મોટાપુરુષનો રાજીપો થયો હોય તો **રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય.**" (વચ. ગ.પ્ર. ૫૮)

★

"**સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.**" (વચ. વર. ૧૧)

આ ઉપરાંત અનેક વચનામૃતમાં લખ્યું છે કે એવા ગુણાતીત સંતનાં પ્રસંગથી, સેવાથી, પ્રસન્નતાથી જ શુભ સંસ્કારો થાય છે, ભગવાનમાં પ્રીતિ થાય છે, સ્વભાવ ટળે છે, વાસના બળે, ધર્મ-જ્ઞાનાદિક અનંત કલ્યાણકારી ગુણે યુક્ત ભક્તિ ઉદય થાય છે અને જીવનું અતિશય રૂડું પણ એ થકી જ થાય છે, એટલે કે સંત થકી જે જે ચિંતવીએ તે તે પ્રાપ્ત થાય છે. તેથી શ્રીજીમહારાજ કહે છે :

"**સંતનો સમાગમ** મળ્યો તે તો મને **પરમ ચિંતામણિ** અને **કલ્પવૃક્ષ** મળ્યો છે." (વચ. ગ.પ્ર. ૧૪)

## ગુણાતીત સંતનો મહિમા : ગુણાતીતાનંદ સ્વામીના શ્રીમુખે

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : "મોટા છે, ભગવાનના મળેલા છે, ભગવાનના વચનમાં વર્તે છે, ભીડો ખમે છે, ભગવાન એને વશ છે, ભગવાન એ કહે એમ કરે છે, ભગવાન એ કહે એમ ફરે છે, ભગવાનને એણે જીત્યા છે, ભગવાનના અભિપ્રાયના જાણનારા છે, મોક્ષના દાતા છે, એને

દર્શને ભગવાનનું દર્શન થયું, એને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, ગર્ભવાસ, જમપુરી ને ચોરાશીઓ એ મુકાવે છે ને વિહદ જે ભગવાનનું અક્ષરધામ તેને પમાડે છે, ને ભગવાનના સાધર્મ્યપણાને પમાડે છે, એવા મોટા છે, એના વિના ભગવાનને ચાલતું નથી, એનાં દર્શને પંચમહાપાપ બળી જાય છે, એની ઇન્દ્રિયુંની ક્રિયાએ કરીને બ્રહ્માંડ સચેતન થાય છે, એનાથી કાળ, કર્મ ને માયા થર થર કંપે છે, જેમ દેહને પૂજ્યે જીવ પૂજાઈ રહ્યો તેમ આ સાધુને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, એ અન્નદાતા છે, અંતર્યામી છે, સર્વજ્ઞ છે, એનું કર્યું થાય છે, ને એ મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા નથી, ભગવાન એના ભેળા રહ્યા છે, અવિનાશી ધામને પમાડે છે, કર્તા થકા અકર્તા છે, વૃક્ષની પેઠે એનો દેહ પરને અર્થે છે. સંતનાં લક્ષણ કહ્યાં છે એવા છે, 'કામીલ, કાબીલ સબ હુન્નર તેરે હાથ' એવા છે.'' (સ્વા.વા. ૪/૧૩૯)

★

'સર્વ કરતાં સંત મોટા. તેનો મહિમા કહ્યો તેની વિક્તિ જે, સર્વ કરતાં પૃથ્વી મોટી ને તેથી જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાન-પુરુષ, ને મૂળ પ્રકૃતિપુરુષ ને અક્ષર સુધી એકબીજાંથી મોટાં છે ને તે સર્વેના આધાર ભગવાન છે, એવા મોટા ભગવાન તેને સંત પોતાના હૃદયમાં અખંડ ધારી રહ્યા છે, માટે તે મોટા છે.'' (સ્વા.વા. ૨/૧૧૦)

## ગુણાતીત સંતનો મહિમા : પરમહંસોનાં પદોમાં

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ એવા પરમ એકાંતિક સંત, જે દ્વારા ભગવાન વિચરે છે અને કલ્યાણ કરે છે તેનો મહિમા પુરુષોત્તમપ્રકાશ, ભક્તચિંતામણિ, ચોસઠપદી તથા અન્ય કીર્તનોમાં ઘણો લખ્યો છે.

પુરુષોત્તમપ્રકાશમાં લખ્યું છે :

'સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે;
સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાત રે.
સંત જુવે તે ભેળો હું જોઉં રે, સંત સૂતા પછી હું સોઉં રે,
સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું રે.
સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડ્યે હું ભમું રે,
સંત દુખાણે હું દુખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે.

સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે,
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતી રે.'

★

ચોસઠપદીમાં લખ્યું છે :

'એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા;
જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા.
એવા સંત મળ્યે મળ્યા સ્વામી, ખામી કોયે ન રહી;
કહે નિષ્કુળાનંદ શીશ નામી, સાચી સહુને કહી.'

*(નિ. કા. ચોસઠપદી : ૩)*

★

ભક્તચિંતામણિમાં સંતનો અપાર મહિમા કહેતાં સદ્. નિષ્કુળાનંદ સ્વામી લખે છે :

'સંતકૃપાએ સુખ ઊપજે, સંત કૃપાથી સરે કામ;
સંતકૃપાથી પામીએ, પૂરણ પુરુષોત્તમ ધામ.
સંત કૃપાથી સદ્‌મતિ જાગે, સંત કૃપાથી સદ્‌ગુણ;
સંત કૃપા વિના સાધુતા, કહોને પામ્યા કુણ.
સંત સેવ્યા તેણે સર્વ સેવ્યા, સેવ્યા શ્રીહરિ ભગવન;
ઋષિ મુનિ સેવ્યા દેવતા, જેણે સંત કર્યા રાજી મન.
કામદુઘા કલ્પતરુ, પારસ ચિંતામણિ ચાર;
સંત સમાન એકે નહિ, મેં મનમાં કર્યો વિચાર.'

*(ભક્તચિંતામણિ : ૨)*

★

ધન્ય ધન્ય એ સંત સુજાણને, જેનું ઊલટી પલટ્યું આપ,
સંત તે સ્વયં હરિ.
આપ ટળી મળ્યા ભગવાનમાં, જેના આપમાં હરિનો વ્યાપ,
સંત તે સ્વયં હરિ.

*(સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત કીર્તન)*

★

સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી કહે છે :

'ઐસે મેરે જન એકાંતિક, તેહી સમ ઔર ન કોઈ
મુક્તાનંદ કહત યું મોહન, **મેરો હિ સર્વસ્વ સોઈ.**'
'મુક્તાનંદ મહા સંતને, પ્રભુ પ્રગટ પાસે રે.
અનુભવીને અંતરે રહે રામ વાસે રે.'

★

સદ્. બ્રહ્માનંદ સ્વામી કહે છે :

'બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે પ્રગટ મુરારી,
જગતમાંહી સંત પરમ હિતકારી.'

★

સદ્. પ્રેમાનંદ સ્વામી લખે છે :

'આઠે પહોર આનંદ જેના અંગમાં,
રમે ગોવિંદ એવા સંતના રે સંગમાં'....
'એવા સંત હરિને પ્યારા રે,
તેથી ઘડીએ ન રહે વાલો ન્યારા રે'....
'એવા સંતની બલિહારી રે,
જેને ગુણે રીઝ્યા ગિરધારી રે'....

## ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ ભક્ત-કવિઓનાં પદોમાં

પરોક્ષ ભક્ત કવિઓ નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રીતમ, દયારામ, સૂરદાસ, તુલસીદાસ વગેરેએ ગુણાતીત સંતનો અતિ અપાર મહિમા કહ્યો છે અને તેમને ભગવાન તુલ્ય જ કહ્યા છે.

નરસિંહ મહેતાએ લખ્યું છે :

'પ્રાણ થકી મુને વૈષ્ણવ વહાલા, રાત દિવસ હૃદે ભાવું રે.
તપ તીરથ વૈકુંઠ પદ મેલી, મારા હરિજન હોય ત્યાં હું આવું રે.
લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે,
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે.'

★

તુલસીદાસ કહે છે :

'રામસિંધુ ઘન સજજન ધીરા, ચંદનતરુ હરિ સંત સમીરા;

મોરે મન પ્રભુ અસ બિસ્વાસા, રામ તે અધિક રામ કર દાસા.'

*(ઉત્તરકાંડ-૧૧૯મા દોહા પછીની ચોપાઈ)*

પ્રીતમ કહે છે :

'સંત હરિજન એક હૈ, ભિન્ન ન માનો કોઈ;
પ્રીતમ સદ્‌ગુરુ મીલે, તાકુ માલુમ હોય.'

★

કબીર કહે છે :

'સાહબકા ઘર સંતનમાંહી, સંત સાહબ કછુ અંતર નાહીં.'

## ગુણાતીત સંતનો મહિમા : પરોક્ષ શાસ્ત્રોમાં

ભગવદ્‌ગીતા, રામાયણ વગેરે અનેક શાસ્ત્રોમાં સંતનો અતિશય મહિમા કહ્યો છે. થોડાંક અવતરણો જોઈએ :

**'यस्य देवे पराभक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता हार्थाः प्रकाशन्ते महात्मनः ॥'**

અર્થાત્ ''જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા અર્થ તેને પ્રાપ્ત થાય છે.'' (શ્વેતાશ્વતરોપનિષત્ : ૬-૨૩)

★

**'साधवो हृदयं मह्यं साधूनां हृदयं त्वहम् ।
मदन्यत्ते न जानन्ति नाहं तेभ्यो मनागपि ॥'**

અર્થાત્ ''સાધુ પુરુષ મારું હૃદય છે અને હું તેમનું હૃદય છું. મારા સિવાય અધિક જેમ તે બીજાને જાણતા નથી તેમ હું પણ એથી અધિક બીજાને જાણતો નથી.'' (ભાગવત : ૯-૪-૬૮)

★

**'निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम् ।
अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ॥'**

અર્થાત્ ''નિરપેક્ષ, મનનશીલ, શાંતચિત્ત, વૈરરહિત, સમદર્શી સંતાત્માઓની પાછળ પાછળ તો હું એ માટે ફરું છું કે જો એમની ચરણરજ મળી જાય તો પવિત્ર થઈ જાઉં.'' (ભાગવત : ૧૧-૧૪-૧૬)

શું ભગવાન પવિત્ર નથી ? ભગવાન તો પવિત્ર છે જ, પણ સંતનું અપાર માહાત્મ્ય દર્શાવવા તેઓ આવા શબ્દો ઉચ્ચારે છે.

## ગુણાતીત સંત એ ભગવાનનું પ્રગટ સ્વરૂપ છતાં ભગવાનના દાસ

ગુણાતીત સંતને સાક્ષાત્ ભગવાન તુલ્ય કે ભગવાનથી પણ અધિક કહીને તેમનો અપરંપાર મહિમા શાસ્ત્રોએ તથા શ્રીજીમહારાજે અને ભક્ત કવિઓએ કહ્યો છે તે આપણે જોયું. છતાં ગુણાતીત સંત શ્રીજીમહારાજને સદા સ્વામી-સેવકભાવે ઉપાસે છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતુંમાં પોતાને સર્વના સ્વામી પણ પુરુષોત્તમના દાસ કહ્યા છે.

સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે :

'સામ્રથ પાય કબુ નહિ છલકત, જ્યું ઉદધિ કે તોય;
બ્રહ્માનંદ કહ્યો શ્રીમુખસે, એસો જન પ્રિય મોય.'

એવા ગુણાતીત સંતનું સામર્થ્ય ભગવાન જેવું છે છતાં એ હકીકત છે કે સંતનું આ સામર્થ્ય, ઐશ્વર્ય, પ્રતાપ, મહિમા જે કંઈ છે તે પુરુષોત્તમ નારાયણને લઈને છે.

શ્રીજીમહારાજ કહે છે : ''એ નારાયણને લઈને તો જેને વિષે મોટપ કહીએ તેને વિષે સંભવે અને એને લઈને બ્રહ્મા, શિવ, નારદ, સનકાદિક એ સર્વને ભગવાન કહેવાય. મુક્તાનંદ સ્વામી એમને પણ ભગવાન જેવા કહેવાય અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાર્તા કહેવી ?'' (વચ. લો. ૧૩)

ગુણાતીત સંત કદી પોતે ભગવાન થઈ જતા નથી પણ તેમાં ભગવાનનો સાક્ષાત્કારપણે સમ્યક્ રીતે વાસ છે તેથી તેમનાં દર્શને ભગવાનનું દર્શન થાય છે. તાત્ત્વિક રીતે તો ''બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે.'' (વચ. ગ.મ. ૩)

આપણી ગુરુપરંપરામાં પણ કોઈએ ભગવાન હોવાનો કે થવાનો ક્યારેય સ્વપ્નામાં પણ દાવો કર્યો નથી. વરતાલની સભામાં ગુણાતીતાનંદ સ્વામીના અપમાનના પ્રસંગમાં કોઈએ કહ્યું : ''ગુણાતીતાનંદ સ્વામીને ભગવાન થવું છે.''

તો તે વખતે તેઓ નિધડકપણે બોલ્યા : ''કોઈનાથી ભગવાન થવાતું નથી. ભગવાન તો એક શ્રીજીમહારાજ છે. મને કોઈ ભગવાન કહેશે તો ગધેડો લેખાશે.''

શાસ્ત્રીજી મહારાજ પણ કહેતા : ''આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.'' વળી પોતે કહેતા : ''ભગવાન તો શ્રીજીમહારાજ છે. મને જે કોઈ ભગવાન માનીને ભજન કરશે તે નરકના અધિકારી થશે.''

શાસ્ત્રીજી મહારાજ પછી યોગીજી મહારાજ અને વર્તમાનકાળે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ પણ સદા દાસભાવે, સેવકભાવે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ પ્રત્યે પરાભક્તિ કરી રહ્યા છે. તેની પ્રતીતિ તેમના નિરહંકારી જીવન પરથી થયા વગર રહેતી નથી.

ભગવાન અક્ષરબ્રહ્મ દ્વારા પ્રગટ રહે છે. તે મૂળ અક્ષરનું સ્વરૂપ, તેનો મહિમા, મોક્ષ માર્ગમાં અક્ષરબ્રહ્મની જરૂર વગેરે મુદ્દાઓ હવે આપણે જોઈશું.

# ૯ અક્ષરબ્રહ્મ

પરબ્રહ્મ એક સર્વોચ્ચ અને સર્વોપરી તત્ત્વ છે તેમ સર્વ વૈદિક દર્શનોને અને ભાષ્યકારોને સ્વીકાર્ય છે. પરંતુ અક્ષરબ્રહ્મ શું છે તેનો ખ્યાલ સ્પષ્ટપણે કોઈપણ વેદાંતદર્શનમાં અપાયો નથી. શાસ્ત્રોમાં બ્રહ્મનો મહિમા, સ્વરૂપ અને લક્ષણો વિષે ઘણું પ્રતિપાદન થયું છે. શાસ્ત્રોમાં ઘણું ખરું બ્રહ્મને જ પરબ્રહ્મ લખ્યા છે. ઘણે ઠેકાણે બ્રહ્મ એ પરબ્રહ્મનો પર્યાય છે એમ શાસ્ત્રોનાં ભાષ્ય કરનાર વિદ્વાન આચાર્યોએ પણ સમજાવ્યું છે. આમ છતાં કેટલીક શ્રુતિઓમાં બ્રહ્મને જુદા પણ વર્ણવ્યા છે. બ્રહ્મતત્ત્વનું જેવું નિરૂપણ શ્રીજીમહારાજે કર્યું છે તેવું સ્પષ્ટ નિરૂપણ બીજા કોઈએ કર્યું નથી એમ કહ્યા સિવાય રહેવાતું નથી. શ્રી સ્વામિનારાયણ વેદાંતમાં જીવ, ઈશ્વર અને માયાના આધાર, તેનાં કારણ (તેમાં વ્યાપક) અને આ ત્રણેથી પર પરંતુ પરબ્રહ્મથી નિમ્ન એવું ચોથું તત્ત્વ અક્ષરબ્રહ્મ છે. 'અક્ષર' અને 'બ્રહ્મ' એ સંજ્ઞાથી આ તત્ત્વ પ્રચલિતપણે ઓળખાય છે.

સ્વામિનારાયણીય ઉપાસનામાં અક્ષરબ્રહ્મનું સ્થાન વિશિષ્ટ છે. મુક્તિમાં અંતિમ ધ્યેય અક્ષરબ્રહ્મના ભાવને પામી પરબ્રહ્મ પરમાત્મા શ્રી સહજાનંદ સ્વામીની સેવા કરવી તે જ છે. આ સંપ્રદાયના સમગ્ર આશ્રિતોને સહજાનંદ સ્વામીની જ ઉપાસના છે. છતાં અક્ષરબ્રહ્મ વિના એ ઉપાસના સિદ્ધ થતી નથી, કારણ કે અક્ષરબ્રહ્મના સંબંધથી પરબ્રહ્મની તત્ત્વે સહિત ઓળખાણ થાય છે, માયાનો ભાવ ટળે છે, બ્રહ્મરૂપ થવાય છે અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે. એ અક્ષરનો સંબંધ પુરુષોત્તમના સંબંધ માટે આવશ્યક છે. તે હવે આપણે જોઈએ.

## અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી-સેવક ભાવે ઉપાસના

શ્રીજીમહારાજે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરવાનું કહ્યું છે. એ નિર્વિકલ્પ નિશ્ચયથી જ પુરુષોત્તમ નારાયણના સર્વોત્કૃષ્ટ સ્વરૂપની પ્રતીતિ થાય છે. આ સંપ્રદાયના આશ્રિત સત્સંગી નિત્ય સાયં પ્રાર્થનામાં તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની યાચના કરે છે :

**'निर्विकल्प उत्तम अति निश्चय तव घनश्याम...'**

– સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી

તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયની વાત શ્રીજીમહારાજે વચનામૃતમાં આ પ્રમાણે સમજાવી છે :

''**અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ.**'' (વચ. લો. ૧૨)

અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના કરવી તે જ શ્રીજીમહારાજના આ વચન અનુસાર ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય !

વળી ''એ બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે, એમ સમજીને **પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.**'' (વચ. ગ.મ. ૩)

'શિક્ષાપત્રી'માં પણ મહારાજે આ પ્રમાણે આજ્ઞા કરી છે :

**निजात्मानं ब्रह्मरूपं देहत्रय-विलक्षणम् ।**
**विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥**

અર્થાત્ ''સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ દેહ, તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ, જે તે સર્વકાળને વિષે કરવી.'' (શિક્ષા. : ૧૧૬)

'સત્સંગિજીવન'માં પણ કહ્યું છે : ''સાંખ્યજ્ઞાન તેણે કરીને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ થકી પોતાનો આત્મા પૃથક્ જાણવો અને વિરાટ,

સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ દેહ થકી ઈશ્વરને પૃથક્ જાણવા. ત્યારબાદ અક્ષરબ્રહ્મ(મૂર્તિમાન)ની સાથે પોતાના આત્માની તાદાત્મ્ય સંબંધે કરીને એકપણાની ભાવના કરવી. પછી બ્રહ્મભૂત કહેતાં બ્રહ્મરૂપ થયો એવો જે મુમુક્ષુ ભક્તજન તે વાસુદેવ કહેતાં શ્રીજીમહારાજને ભજે.''[૨૬]

શ્રીજીમહારાજ આ અક્ષરને ઓળખવા અને તેમની સાથે એકતા કરવાના સિદ્ધાંત પર ભાર મૂકતાં 'વેદરસ'માં કહે છે : ''**પોતાના જીવને ને અક્ષરબ્રહ્મને એક માનીને જે પુરુષોત્તમની ઉપાસના કરે છે તે પુરુષ ધન્ય છે** અને અક્ષરને ને પોતાના જીવને ભેદપણે કરીને જાણે છે ને પોતાના જીવને વિષે અક્ષરને એકપણે કરીને નથી વિચારતા ને સ્વામી-સેવકપણે કરીને વિચારે છે તેને ધિક્કાર છે.'' (વેદરસ : પૃ. ૨૨૦)

''**અક્ષરને પોતાના આત્માને વિષે એકપણે કરીને જે પુરુષોત્તમ પરમાત્મા છે, તેની ઉપાસના કરે છે** તે પુરુષને ધન્ય છે અને જે પુરુષોત્તમને વિષે સ્વામી-સેવકપણે નથી વર્તતા ને એકત્વપણે વર્તે છે તેને પણ ધિક્કાર છે.'' (વેદરસ : પૃ. ૨૨૦)

આ પરથી સમજવું ઘટે કે અક્ષર સાથે પોતાના જીવની એકતા કરીને પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી.

શ્રીજીમહારાજના આ હૃદગત અભિપ્રાયને યથાર્થ સમજનારા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ એક વખત ગ.પ્ર. ૨૩, ગ.મ. ૩૦, ૪૫ તથા અમ. ૨, ૩ – આ પાંચ વચનામૃતો બે-ત્રણ વાર વંચાવીને કહ્યું : ''આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે, **કોટિ કલ્પ સુધી એમ (અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ) કર્યા વિના છૂટકો નથી.** તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી, કેમ જે **એ પણ મહારાજનો મત છે.**'' (સ્વા.વા. ૩/૧૩)

---

૨૬. एतेन सांख्यज्ञानेन कारणादिवपुस्त्रयात् ।
स्वात्मा ज्ञेयः पृथक् चेशोऽव्याकृतादिवपुस्त्रयात् ॥
तादात्म्येन ततश्चैक्यं ब्रह्मणा स्वस्य भावयेत् ।
ब्रह्मभूतस्ततो भक्त्या वासुदेवं भजेत्पुमान् ॥
– સત્સંગિજીવન : ૪-૭૨-૧, ૨.

આ પ્રમાણે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી અર્થાત્ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સ્વામી-સેવકભાવે ઉપાસના કરવી એ શ્રીજી પ્રતિપાદિત સનાતન સિદ્ધાંત છે. તે માટે એમના આશ્રિત તરીકે પણ આપણે અક્ષરરૂપ થવું-બ્રહ્મરૂપ થવું આવશ્યક છે. વળી અક્ષરરૂપ થવાની આવશ્યકતાને શ્રીજીમહારાજે અન્ય વચનામૃતોમાં બીજી રીતે પણ સમજાવી છે તે આપણે જોઈએ :

## બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા

### ૧. પુરુષોત્તમની ભક્તિના અધિકારી થવા માટે

ભગવાનની ભક્તિ તો સર્વે કરે છે પણ ભગવાનની ભક્તિનો ખરો અધિકાર કોને છે ? તે શ્રીજીમહારાજ જણાવે છે : **"જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે."** (વચ. લો. ૭)

શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં પણ આ સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે :

**ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति ।**
**समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥**

"જે બ્રહ્મરૂપ થયો છે અને જેનું મન સદા પ્રસન્ન છે અને જે કોઈ પ્રકારનો શોક કરતો નથી, તેમ કોઈ પદાર્થને ઇચ્છતો નથી, સર્વભૂતમાં જેને સમભાવ છે, તે પુરુષ મારી પરાભક્તિને પામે છે." (ગીતા : ૧૮-૫૪)

### ૨. નિર્વિઘ્ન ભક્તિ માટે

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : "એવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નો'તા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નો'તા વર્તતા તો પરણ્યાનું મન થયું અને ઇન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યાં." (વચ. ગ.પ્ર. ૨૩)

આથી ભગવાનની ભક્તિ નિર્વિઘ્ન કરવી હોય તો અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામવું જ પડશે, નહિ તો એ ભક્તિમાંથી પડી જવાનો સતત ભય રહે છે. કારણ કે, એવી સ્થિતિના અભાવે દેહ, ગુણ કે અવસ્થાના ભાવ સાથે એકાકાર થઈ, પંચવિષયમાં આસક્ત થઈ જવાય. તેથી ભગવાનને વિષે

પણ પ્રાકૃતભાવ બુદ્ધિમાં પેસી જાય.

મુમુક્ષુ માટે કંચન અને કામિની – એ બે સૌથી મોટાં વિઘ્નો છે. તે બેથી કોણ મુક્ત રહી શકે ? – તે જણાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''સોનું ને સ્ત્રી એ બે અતિ બંધનકારી છે અને એ બે પદાર્થનું બંધન તો ત્યારે ન થાય, **જ્યારે પ્રકૃતિપુરુષ થકી પર એવું જે શુદ્ધ ચૈતન્યબ્રહ્મ તેને જ એક સત્ય જાણે ને તે બ્રહ્મને જ પોતાનું સ્વરૂપ માને ને તે બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ભજન કરે.''** (વચ. ગ.મ. ૩૦)

તથા ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : ''બ્રહ્માંડમાં એવો કોઈ પુરુષ નથી જેને સ્ત્રી ન જોઈએ, ને એવી કોઈ સ્ત્રી નથી જેને પુરુષ ન જોઈએ. તેમાંથી નોખા પાડવાનો તો મહારાજે એક શ્લોક લખ્યો છે જે, **'निजात्मानं ब्रह्मरूपम्.....'** જેમ ગુજરાતની પૃથ્વીમાં પાતાળ સુધી ખોદીએ તો પણ પાણો ન મળે, તેમ બ્રહ્મરૂપ થાવું તેમાં કોઈ દોષ જ ન મળે.'' (સ્વા. વા. ૧/૧૪૧) વળી, **'निजात्मानं ब्रह्मरूपम्.....'** એ આજ્ઞા પળે તો.... કારણ દેહનો નાશ થાય છે. (સ્વા.વા. ૫/૭૨)

માટે ભક્તિમાર્ગમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન આવે તે માટે દેહભાવ ટાળીને બ્રહ્મરૂપ થવું અતિ આવશ્યક છે.

## ૩. આત્યંતિકી મુક્તિ માટે

''પ્રજાપતિ આદિ લઈને જે જગતના સ્રષ્ટા છે તે પણ વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે ને પાછા અંતે માયાને વિષે લીન થાય છે તે શા સારુ તો તેમની સમજણમાં ભૂલ છે.'' (વચનામૃત અશ્લાલીનું) એમ કહીને એમની ચાર ભૂલોમાંની બીજી ભૂલ બતાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''બીજું **અક્ષર-રૂપ થઈને જે શ્રી પુરુષોત્તમ નારાયણની સેવા કરવી તે જ મુક્તિ છે એમ નથી માનતા એ ભૂલ છે.''** (વચનામૃત અશ્લાલીનું)

આત્યંતિક મુક્તિ માટે સમર્થ એવા પ્રજાપતિ આદિક જગતના સ્રષ્ટાઓને પણ બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા હોય તો પછી આપણે તો શા હિસાબમાં ? તેથી તો શ્રીજીમહારાજ કહે છે :

''માટે **બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય.''** (વચ. લો. ૭)

# મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મની આવશ્યકતા

## ૧. બ્રહ્મરૂપ થવા માટે

**'तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥'**

*(શિક્ષા. : ૧૨૧)*

શ્રીજીમહારાજ મુક્તિ અર્થાત્ મોક્ષની વ્યાખ્યા સમજાવતાં કહે છે : ''તે (અક્ષર) ધામને વિષે બ્રહ્મરૂપે કરીને પરબ્રહ્મની સેવા કરવી તે અમે મુક્તિ (મોક્ષ) માની છે.''

આ રીતે બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા સમજ્યા પછી સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊઠે કે પછી બ્રહ્મરૂપ થવું કેવી રીતે ? શ્રીજીમહારાજના મત મુજબ જીવોનું અનાદિ અજ્ઞાન, વાસના તથા દેહભાવ એ કોઈ સાધનોથી ટળતાં નથી પણ બ્રહ્મના સંગે જ નાશ પામે છે. માયાનો ભાવ બ્રહ્મના સંગથી દૂર થાય છે, કારણ કે બ્રહ્મના સ્વરૂપમાં માયાનો કોઈ ભાવ નથી, કોઈ હેય ઉપાધિ નથી.

શ્રીજીમહારાજ કહે છે : **''નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.''** (વચ. ગ.મ. ૩૧)

શ્રુતિ પણ કહે છે : **'ब्रह्म वेद ब्रह्मैव भवति'** અર્થાત્ બ્રહ્મને જાણે છે તે બ્રહ્મરૂપ થાય છે. (મુંડકોપનિષદ : ૩-૨-૯)

માટે માયાનાં આવરણ ટાળીને બ્રહ્મરૂપ થવા અક્ષરબ્રહ્મને ઓળખવા જાણવા અને તેનો સંગ કરવો એ અનિવાર્ય છે.

ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે :

**''બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન કર્મ વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.''** (સ્વા.વા. ૩/૧૨)

## ૨. પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા માટે

નરાકૃતિ ધારેલ પરબ્રહ્મ પણ સદા દિવ્ય હોવા છતાં ''એ જ પ્રત્યક્ષ ભગવાનને મૂઢ જીવ છે તે માયિક દૃષ્ટિએ કરીને જુએ છે, કારણ કે દસ ઇન્દ્રિયો તે તો રજોગુણની છે અને ચાર અંતઃકરણ તે તો સત્ત્વગુણનાં છે. માટે એ સર્વે ઇન્દ્રિયો ને અંતઃકરણ તે તો માયિક છે ને ભગવાન તો માયાથી પર

છે તેનો માયિક અંતઃકરણે કરીને કેમ નિશ્ચય થાય ?'' (વચ. ગ.પ્ર. ૫૧)

તેથી ''જ્યારે **ભગવાનના એકાંતિક સાધુના વચનને વિષે વિશ્વાસ લાવીને** નિષ્કપટભાવે કરીને ભગવાનના ચરણકમળને ભજે છે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે. તે પછી એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય સત્ ચિત્ આનંદમય જાણે છે.'' (વચ. પં. ૭)

''વળી જે જીવ **સંતનો સમાગમ કરીને** એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઇન્દ્રિયો-અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે.'' (વચ. ગ.પ્ર. ૫૧)

શ્રીજીમહારાજ પોતાના પુરુષોત્તમ સ્વરૂપની અદ્ભુત વાતો કરતાં સમજાવે છે : **''આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા** તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ... **જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે,** પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.'' (ગ.મ. ૧૩)

આમ, સત્પુરુષ થકી જ મહારાજના પુરુષોત્તમપણાનો નિશ્ચય થાય છે તે અહીં સ્પષ્ટ થાય છે. **તે સત્પુરુષ પણ ગુણાતીત જ.** કારણ કે ગુણાતીત અર્થાત્ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજ્યા વિના પુરુષોત્તમ નારાયણનો તત્ત્વે સહિત નિશ્ચય થતો જ નથી.

મનુષ્ય દેહધારી પરબ્રહ્મમાં સમ્યક્પણે દિવ્યભાવ દેખવો તે જ્ઞાનની સ્થિતિ છે. જ્ઞાન કેવું છે ? તો પ્રકૃતિપુરુષથી પર છે. (વચ. ગ.પ્ર. ૨૪)

પ્રકૃતિપુરુષથી પર અક્ષર છે એટલે અક્ષર એ જ પુરુષોત્તમના જ્ઞાનનું મૂર્તિમાન સ્વરૂપ છે. અર્થાત્ અક્ષર એ પુરુષોત્તમનું સ્વરૂપ સમજવાનું માધ્યમ છે.

''જેમ પૃથ્વી થકી જળ મોટું છે અને તે પૃથ્વીનું કારણ છે અને તે થકી સૂક્ષ્મ પણ છે અને જળ થકી તેજ મોટું છે અને તેજ થકી વાયુ મોટો છે અને વાયુ થકી આકાશ મોટો છે. એવી રીતે અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ અને અક્ષર એ સર્વે એકબીજાથી મોટાં છે અને એકબીજાથી સૂક્ષ્મ છે ને કારણ છે... **એ સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે. અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે.''** (વચ. ગ.પ્ર. ૬૩)

માટે ઉત્તરોત્તર એક એક તત્ત્વનો મહિમા સમજ્યા પછી અક્ષરનો

મહિમા સમજાય અને અક્ષરનો મહિમા સમજાયા પછી જ અક્ષરથી પર એવા પુરુષોત્તમ નારાયણનો મહિમા સમજાય તે સ્વાભાવિક જ છે. એટલે પુરુષોત્તમ નારાયણની તત્ત્વે સહિત ઓળખાણ માટે પ્રથમ અક્ષરબ્રહ્મની ઓળખાણ કરવી જરૂરી છે.

વળી શ્રીજીમહારાજે કહ્યું છે : ''પુરુષોત્તમ ભગવાન જે તે સર્વમાં કારણપણે, અંતર્યામીરૂપે પ્રવેશ કરીને રહ્યા છે પણ **જેવા અક્ષરમાં છે તેવી રીતે પુરુષપ્રકૃતિમાં નથી.''** (વચ. ગ.પ્ર. ૪૧)

એટલે કે અક્ષરબ્રહ્મ પુરુષોત્તમની સૌથી વધુ નિકટ છે તેથી પુરુષોત્તમનો જેવો અને જેટલો મહિમા અક્ષરબ્રહ્મ જાણે તેવો અને તેટલો મહિમા મુક્ત પણ ન જાણી શકે તો બીજાની વાત જ ક્યાં રહી ? તેથી પુરુષોત્તમ નારાયણનો યથાર્થ મહિમા સમજવા અક્ષરબ્રહ્મના સંબંધની અતિશય આવશ્યક્તા છે. એટલા માટે શ્રીજીમહારાજ કહે છે : **''અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ છે તેમ છે, તે સૂર્ય જ્યારે માથે આવે ત્યારે સૂર્યને યોગે કરીને દશે દિશાઓ કલ્પાય છે તેમ અક્ષરધામ છે.''** (વચ. ગ.મ. ૪૨)

એટલે કે અક્ષરને યોગે પુરુષોત્તમ ઓળખાય છે. આ પ્રમાણેની સમજણ કુંચીની-પાયાની સમજણ છે. માટે પુરુષોત્તમ નારાયણનો તત્ત્વે સહિત નિશ્ચય કરવા અને યથાર્થ મહિમા સમજવા માટે અક્ષરબ્રહ્મને ઓળખવા અને તેમનો મહિમા સમજીને, તેમનો મન-કર્મ-વચને પ્રસંગ કરવો તે અનિવાર્ય છે. તે શ્રુતિમાં પણ કહ્યું છે : **'ब्रह्मविदाप्नोति परम्'** અર્થાત્ બ્રહ્મને જાણે છે તે પરબ્રહ્મને પામે છે. (તૈત્તિરીયોપનિષદ : ૨-૧)

•

હવે પરબ્રહ્મને પામવા માટે દ્વારરૂપ એવા અક્ષરબ્રહ્મનો મહિમા અને તેનું સ્વરૂપ જાણીએ :

## અક્ષરબ્રહ્મનો મહિમા

અક્ષરબ્રહ્મનો અપાર મહિમા વેદો, ઉપનિષદો, ભગવદ્ગીતા વગેરે શાસ્ત્રોમાં તથા શ્રીજીમહારાજે વેદરસ અને વચનામૃતમાં કહ્યો છે.

''દસ ઇન્દ્રિયો, પંચભૂત અને મન, આ સોળ વિકારથી યુક્ત અને ઉત્તરોત્તર દસ દસ ગણાં પૃથિવી આદિ અષ્ટાવરણોથી યુક્ત પચાસ કોટી

યોજન વિસ્તારવાળું બ્રહ્માંડ પણ જેની પાસે પરમાણુ તુલ્ય જણાય છે અને આવા અનંત કોટિ બ્રહ્માંડો જેની પાસે પરમાણુ તુલ્ય જણાય છે તે અક્ષરબ્રહ્મ, સર્વના કારણ જે પ્રકૃતિપુરુષ તેનું પણ કારણ છે અને સાક્ષાત્ પુરુષાકૃતિ પરમાત્માનું ધામ છે.''[૨૭] (ભા. ૩/૧૧/૪૦)

**''અક્ષર સર્વના દ્રષ્ટા છે, સર્વના સાક્ષી છે.** માટે એ સર્વેનું બ્રહ્મને જાણપણું છે ને સર્વનું ઈશ્વરપણું (પ્રશાસકપણું) છે ને સર્વેનું નિયંતાપણું છે ને કર્તાપણું છે ને એ બ્રહ્મ કૂટસ્થ છે. પુરુષ પ્રકૃતિ આદિક સર્વમાં મળી (વ્યાપી) રહ્યા છે. સર્વના અંતર્યામી છે ને સર્વના પ્રેરક છે ને એકરસ સ્વરૂપ છે ને અખંડ જ્ઞાનેયુક્ત છે... અને જેની સત્તાએ કરીને પુરુષ પ્રકૃતિમય જે સમસ્ત પ્રપંચ ઊપજે છે ને જેની સત્તાએ કરીને થોભે છે, તે બ્રહ્મ અનંત શક્તિએ કરીને યુક્ત છે.. અને અતિ સૂક્ષ્મમાં અતિશે સૂક્ષ્મ છે.'' (વેદરસ : પૃષ્ઠ ૧૫૭ થી ૧૫૯ તથા ૧૬૫, ૨૧૩ના આધારે)

## અક્ષરબ્રહ્મનું સ્વરૂપ

અક્ષરબ્રહ્મના સ્વરૂપની વાત શ્રીજીમહારાજે વેદરસ તથા વચનામૃતમાં કરી છે તે જોઈએ.

''જે બ્રહ્મ છે તે તો **નિર્વિકાર** છે ને **નિરંશ** છે, માટે એ વિકારને પામે નહિ ને એના અંશ પણ થાય નહિ. અને એ બ્રહ્મને જે સર્વરૂપે કહે છે તેનું તો એમ છે જે, 'એ બ્રહ્મ જે તે પ્રકૃતિ પુરુષ આદિક સર્વેના કારણ છે ને આધાર છે ને સર્વને વિષે અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક છે. માટે જે કારણ ને આધાર ને વ્યાપક હોય તે કાર્ય થકી પૃથક્ હોય નહિ.' એમ સમજણને લઈને એ બ્રહ્મને શાસ્ત્ર જે તે સર્વરૂપે કહે છે પણ એ બ્રહ્મ જ વિકાર પામીને ચરાચર જીવ રૂપે થઈ ગયા એમ ન સમજવું.'' (વચ. ગ.મ. ૩)

''નિત્ય, સનાતન અને અખંડ એવું આ અક્ષરબ્રહ્મ અન્વય સ્વરૂપે તો માયા અને માયાનાં કાર્ય જે અનંત કોટિ બ્રહ્માંડ તેને વિષે આકાશની પેઠે

---

૨૭. दशोत्तरादिकैर्यत्र प्रविष्टः परमाणुवत् ।
लक्ष्यतेऽन्तर्गताश्चान्ये कोटिशो ह्यण्डराशयः ॥
तदाहुरक्षरं ब्रह्म सर्वकारणकारणम् ।
विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः ॥

વ્યાપક છે અને વ્યતિરેક સ્વરૂપે તો એ સર્વથી પર સચ્ચિદાનંદ રૂપે છે કે જે સ્વરૂપને વિષે પુરુષ, પ્રકૃતિ આદિ કોઈ ઉપાધિ રહેતી નથી. એક પુરુષોત્તમ ભગવાન જ રહે છે.'' (વચ. ગ.પ્ર. ૭, સા. ૫, ગ.મ. ૬૪ના આધારે).

## અક્ષરબ્રહ્મનાં સ્વરૂપો

અક્ષરબ્રહ્મ એક જ છે, પરંતુ તેઓ વિવિધ સેવાકાર્ય કરતા હોવાથી તેમની અલગ અલગ સંજ્ઞાઓ આપવામાં આવી છે. સૌ પ્રથમ આ સિદ્ધાંતનો નિર્દેશ વચ. ગ.પ્ર. ૨૧માં મળે છે. તેમાં શ્રીજીમહારાજ કહે છે કે

'એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિમાર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે; તે અક્ષરનાં બે સ્વરૂપ છે, એક તો નિરાકાર એકરસ ચૈતન્ય છે તેને ચિદાકાશ કહીએ, બ્રહ્મમહોલ કહીએ; અને એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે.'

આમ, શ્રીહરિએ અક્ષરનાં બે સ્વરૂપનો અહીં નિર્દેશ કર્યો છે, પરંતુ એ બે સ્વરૂપમાં જ બીજાં બે સ્વરૂપો પણ સમાયેલાં છે. તેને શોધવા માટે વચનામૃતના જ બીજા સંદર્ભોનો સહકાર લેવો આવશ્યક છે.

અહીં ભગવાન સ્વામિનારાયણે પ્રથમ સ્વરૂપના વર્ણનમાં નિરાકાર, એકરસ ચૈતન્ય, ચિદાકાશ અને બ્રહ્મમહોલ – આટલાં વિશેષણો વર્ણવ્યાં છે. તે વિશેષણોમાં બ્રહ્મમહોલ શબ્દથી વચ. ગ.પ્ર. ૬૩માં વર્ણવેલ ભગવાનના ધામરૂપ અક્ષરબ્રહ્મને સમજવું તથા ચિદાકાશ શબ્દથી વચ. ગ.પ્ર. ૪૬માં વર્ણવેલ અણુએ અણુમાં વ્યાપ્ત એવા ચિદાકાશ સ્વરૂપને સમજવું.

તેવી જ રીતે બીજે રૂપે સેવામાં બિરાજમાન કહેલ અક્ષરબ્રહ્મ દ્વારા ધામમાં તથા વચ. ગ.પ્ર. ૭૧ મુજબ આ લોકમાં જીવોના કલ્યાણ અર્થે પૃથ્વી પર પધારેલ તથા પૃથ્વીનું તળ રહે ત્યાં સુધી ગુણાતીત ગુરુપરંપરારૂપે જીવોના કલ્યાણરૂપ સેવા કરનાર બ્રહ્મસ્વરૂપ સત્પુરુષને સમજવા.

સંક્ષેપમાં કહીએ તો અક્ષરબ્રહ્મ ચાર સ્વરૂપે સેવાકાર્ય કરે છે : (૧) ચિદાકાશરૂપ અક્ષરબ્રહ્મ, (૨) ધામરૂપ અક્ષરબ્રહ્મ, (૩) ધામમાં મૂર્તિમાન સેવકરૂપે અક્ષરબ્રહ્મ, (૪) સંસારમાં બ્રહ્મસ્વરૂપ સત્પુરુષરૂપે અક્ષરબ્રહ્મ.

આ વિવિધરૂપે સેવાકાર્ય કરનાર અક્ષરબ્રહ્મનાં સ્વરૂપો વિષે હવે જોઈએ.

## (૧) અક્ષરબ્રહ્મ : સચ્ચિદાનંદ ચિદાકાશ તેજરૂપે

અક્ષરબ્રહ્મનું આ નિરાકાર સ્વરૂપ છે. એ ચિદાકાશ રૂપે સર્વત્ર વ્યાપક છે. સર્વપદાર્થમાં વ્યાપક છે. રજે રજમાં વ્યાપક છે. રજના કોટાન કોટિ કટકા કરીએ તો તેમાં પણ વ્યાપક છે. **એવું જે ચિદાકાશ તે અવિનાશી છે, નિર્વિકારી છે, અને અનાદિ છે. તેની ઉત્પત્તિ-વિનાશ નથી.** (વચ. ગ.પ્ર. ૪૬ના આધારે)

આ ચિદાકાશ તે ધામરૂપ જે અક્ષર તેનું સચ્ચિદાનંદ બ્રહ્મસંજ્ઞક તેજ છે. **તે બંનેમાં કોઈ કાર્યકારણ ભેદ નથી.** વચાનામૃત ગઢડા મધ્ય-૪૨ પ્રમાણે આ ચિદાકાશમાં બ્રહ્માંડોની કોટિઓ છે.

અક્ષરબ્રહ્મ આ સચ્ચિદાનંદ ચિદાકાશ તેજ રૂપ પોતાની અંતર્યામી શક્તિએ કરીને પુરુષ ને પ્રકૃતિ તથા પ્રકૃતિના સર્વ કાર્યને વિષે બાહ્યાંતર વ્યાપક છે ને તેનો આધાર છે. **અક્ષરબ્રહ્મનું આ નિર્ગુણ સ્વરૂપ છે.**

## (૨) અક્ષરબ્રહ્મ : ધામરૂપે

**અક્ષરબ્રહ્મનું આ અતિ અપાર એવું સાકાર અને સગુણ સ્વરૂપ છે.**

બ્રહ્મપુર કેવું છે તે અંગેના કુબેરસિંહના પ્રશ્નના ઉત્તરમાં શ્રીજીમહારાજ કહે છે :

''અક્ષરરૂપ જે બ્રહ્મ છે તે જ શ્રી પુરુષોત્તમ નારાયણને રહેવા સારુ ધામરૂપ થયું છે ને સર્વ અક્ષરબ્રહ્મ[૨૮] થકી **ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે..** ને એને કોઈ ધામની ઉપમા ન દેવાય તેવું છે... ને અપાર છે ત્યાં દૃષ્ટાંત છે : જેમ આકાશ અપાર છે. તેની ચારે કોરે જોઈએ તે કોઈ દિશામાં અંત આવતો નથી તેમ એ ભગવાનના ધામનો હેઠે, ઉપર અને ચારે કોરે અંત નથી કેમ જે એ અપાર છે તેનો જો પાર લેવા માંડે તો પાર આવે નહિ એવું મોટું બ્રહ્મપુર છે... ને તે ધામને વિષે અસંખ્ય પાર્ષદ રહ્યા છે તે સર્વ ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહ્યા છે.'' (વચ. અમ. ૬)

''**સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે.** (રહેવાનું સ્થાનવિશેષ છે.) અને તે અક્ષરની સંકોચ ને વિકાસ અવસ્થા થતી નથી, સદાય એકરૂપે રહે છે અને તે (ધામરૂપ) અક્ષર-મૂર્તિમાન

૨૮. અક્ષરબ્રહ્મ સંજ્ઞક મુક્તો.

છે પણ અતિ મોટા છે માટે કોઈની નજરે અક્ષરનું રૂપ આવતું નથી. જેમ ચોવીસ તત્ત્વનું કાર્ય જે બ્રહ્માંડ તે પુરુષાવતાર કહેવાય છે અને તે વિરાટ પુરુષ જે તે કરચરણાદિકે કરીને યુક્ત છે પણ તેની મૂર્તિ અતિશય મોટી છે માટે નજરે આવતી નથી.. **તેમ અક્ષરધામ મૂર્તિમાન છે પણ કોઈને નજરે આવે નહિ, તે શા માટે જે, એવાં એવાં બ્રહ્માંડ એક એક રોમમાં અસંખ્યાત ઊડતાં જ ફરે છે એવડાં મોટાં છે.** તે અક્ષરધામને વિશે પુરુષોત્તમ ભગવાન પોતે સદા વિરાજમાન છે...'' (વચ. ગ.પ્ર. ૬૩)

શ્રીજીમહારાજે આ રીતે ધામરૂપ અક્ષરબ્રહ્મને પણ સાકાર, મૂર્તિમાન જ બતાવ્યું છે. તેનું રૂપ દૃષ્ટિગોચર થતું નથી, કારણ કે તે અતિ મોટું છે. તેની સંકોચ અને વિકાસ અવસ્થા નથી તેથી તેના રૂપનો ભાસ થતો નથી. મૂળ માયાના અધિપતિ મૂળપુરુષ (મુક્ત) સુધી કોઈ પણ તેના પારને પામી શકતા નથી, તે સૌને એ બ્રહ્મ અનંત અપાર ભાસે છે. તેથી તેને શાસ્ત્રકારોએ કેટલેક ઠેકાણે અરૂપ, અલિંગ અને નિરાકાર કહ્યા છે. વસ્તુતાએ તો ધામરૂપ અક્ષરબ્રહ્મ ભગવાનનું નિવાસસ્થાન હોવાથી તથા અસંખ્ય કોટિ મુક્તોનું ધારક હોવાથી તે મૂર્ત - સાકાર છે અને કોટિ કોટિ સૂર્ય-ચંદ્ર સરખું તેજોમય છે. (સેતુ. તરંગ : ૬૩, ૪૫ થી ૪૯)

## (૩) અક્ષરબ્રહ્મ : સાકાર, મૂર્તિમાન, સદા દિવ્યવિગ્રહ સેવકરૂપે

અક્ષરબ્રહ્મ અક્ષરધામમાં મનુષ્યાકૃતિ, દિવ્યવિગ્રહ સદાય પુરુષોત્તમ નારાયણની સેવામાં તત્પર છે અને એ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ સર્વોત્કૃષ્ટ ભક્તિ અને પરમ સેવાનું મૂર્તિમાન આદર્શ સ્વરૂપ છે. આપણે અગાઉ વચ. ગ.પ્ર. ૨૧માં ''એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે.'' એવા શ્રીજીમહારાજના પ્રાસાદિક શબ્દો જોયા. તે ઉપર હરિવાક્યસુધાસિંધુમાં કહ્યું છે :

**'मूर्तं तत्रास्ति कृष्णस्य सेवायां दिव्यविग्रहम्।'**

**અર્થ :** ''ત્યાં અક્ષરધામમાં પુરુષોત્તમની સેવામાં (અક્ષરબ્રહ્મ) **દિવ્ય વિગ્રહ મૂર્તિમાન સ્વરૂપે છે.**'' (હ.વા.સુ.સિં.ત. ૨૧/૨૨)

હવે હરિવાક્યસુધાસિંધુ ઉપરની સેતુમાલા ટીકાનાં વિશેષ પ્રમાણો જોઈએ :

(૧) 'મૂર્ત (સાકાર) અક્ષરબ્રહ્મ દિવ્યવિગ્રહ છે, અને શ્રીહરિના રૂપને અનુરૂપ એવાં **કરચરણાદિ સર્વે અવયવોથી યુક્ત હોવાથી અતિશય સુંદર પુરુષાકાર મૂર્તિમાન છે.** અને પોતાથી પણ અત્યધિક, નિરતિશય શરીરની શોભાવાળા એવા પોતાના ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ પુરુષોત્તમ નારાયણની નિત્ય સેવામાં દાસની જેમ વર્તે છે.'[૨૯]

(૨) "શ્રીહરિ પોતાના અક્ષરધામમાં અક્ષરબ્રહ્મના ભાવને (સાધર્મ્યને) પામેલા અનંત કોટિ મુક્તો તથા **મૂર્તિમાન અક્ષરબ્રહ્મ વડે** પોતાની (શ્રીહરિની) ઈચ્છાનુસાર સેવા કરાઈ રહ્યા છે."[૩૦]

(૩) "તે અક્ષર, પુરુષોત્તમ નારાયણના **મુખ્ય પરિચારક,** (મુખ્ય સેવક, આદર્શ સેવક, અનાદિના સર્વોત્કૃષ્ટ સેવક) હોવાથી **અને દિવ્ય, અતિ મનોહર એવાં હાથ, પગ, મુખ વગેરે અવયવોથી સંપન્ન હોવાથી પુરુષાકાર સાકાર છે.**"[૩૧]

અક્ષરધામમાં સમગ્ર મુક્તોમાં અક્ષર એ પુરુષોત્તમના મુખ્ય પરિચારક - સેવક છે એવું અહીં સ્પષ્ટ થાય છે.

## (૪) અક્ષરબ્રહ્મ : પરમ એકાંતિક સત્પુરુષરૂપે

"ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે ઐશ્વર્ય તે સહિત પધારે છે.. **માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.**" (વચ. ગ.પ્ર. ૭૧)

શ્રીજીમહારાજ - પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ - અતિશય કરુણા કરી

---

૨૯. मूर्तं तु दिव्यविग्रहं रूपानुरूपकरचरणाद्यवयवविशिष्टत्वेन अतिसुन्दरपुरुषाकारमूर्ति सत् कृष्णस्य ततोऽप्यतिनिरतिशयशरीरशोभावतः स्वेष्टदेवस्य... सेवायाम् अस्ति दासवत् सदा वर्तते। (सेतु. २१/२२)

૩૦. हरिः स्वकीयाक्षरधामन्यक्षरभावापन्नमुक्तकोटिभिर्मूर्तेनाऽक्षरब्रह्मणा च छन्दाऽनुवृत्तितया कृतपरिचर्यः । (सेतु. १५९/५)

૩૧. 'तदक्षरं' कृष्णस्य सेवकत्वाद् मुख्यपरिचारकत्वादिहेतोः दिव्यैरतिमनोहरैः पाणिपादमुखादिभिः अवयवैः प्रतीकैः उपलाक्षितत्वात् साकृति पुरुषाकारमुच्यते । (सेतु. ६३/४५)

આ પૃથ્વી પર નરતનુ ધરી નયનગોચર થયા. પોતાની સાથે પોતાના ધામરૂપ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીને લાવ્યા. આ લોકમાં ૪૯ વર્ષ રહી પોતાના ભક્તોને અપાર સુખ આપ્યું અને અસંખ્ય મુમુક્ષુઓનું કલ્યાણ કર્યું અને પોતાની જીવનલીલા સંકેલી લીધા બાદ પણ તેમણે પોતાનું પ્રાકટ્ય સમ્યક્ પ્રકારે અક્ષરબ્રહ્મ દ્વારા અને ઉત્તરોત્તર એ જ અક્ષરબ્રહ્મ સ્વરૂપ સંત દ્વારા જારી રાખ્યું છે અને આત્યંતિક મોક્ષનો માર્ગ મોકળો રાખ્યો છે.

•

## અક્ષરબ્રહ્મ : એક અને અદ્વિતીય

આપણે આગળ જોયું તેમ અક્ષરબ્રહ્મ ચિદાકાશ તેજરૂપે, ધામરૂપે, ધામમાં નિત્ય નિકટતમ સેવકરૂપે અને મૃત્યુલોકમાં મનુષ્ય દેહધારીરૂપે સેવા કાર્ય કરે છે. છતાં **કાર્યભેદથી તત્ત્વભેદ સમજવો નહિ. અક્ષરબ્રહ્મ સદા એક અને અદ્વિતીય છે.**

વળી, જીવો અસંખ્યાત છે અને ઈશ્વરો પણ અસંખ્યાત છે. અને તે જીવેશ્વરો, અક્ષરબ્રહ્મના તથા પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના સાક્ષાત્ પ્રસંગ અને અનુગ્રહથી આત્યંતિક મોક્ષ પામીને ‘અક્ષરમુક્ત’ સંજ્ઞાને પ્રાપ્ત કરે છે. તેવા અક્ષરમુક્તો પણ અસંખ્ય જ છે. પરંતુ જેમ પરબ્રહ્મ એક અને અદ્વિતીય છે, તેમ અક્ષરબ્રહ્મ પણ એક અને અદ્વિતીય છે. ભગવાન સ્વામિનારાયણે આ વાત વચનામૃત તથા વેદરસમાં સમજાવી છે.

‘‘અક્ષરરૂપ પુરુષ અક્ષરના સાધર્મ્યપણાને પામ્યા તે ઘણા છે ને **અક્ષર પોતે એક છે.**’’ (વેદરસ : પૃ. ૨૧૩-૨૧૪)

ગુણાતીતાનંદ સ્વામી પણ આ જ વાતનું પ્રતિપાદન કરે છે. ‘‘**ધામરૂપ અક્ષર એક જ છે ને બીજા અક્ષરમુક્ત અનંત કોટિ છે.**’’ (સ્વા. વા. ૫/૧૭૭)

‘હરિવાક્યસુધાસિંધુ’ની આચાર્યશ્રી રઘુવીરજી મહારાજકૃત સેતુમાલા ટીકામાં આ સિદ્ધાંત રજૂ થયો છે :

‘‘શ્રીહરિ પોતાના ધામમાં અક્ષરબ્રહ્મના ભાવને (સાધર્મ્યને) પામેલા **અનંત કોટિ મુક્તો તથા મૂર્તિમાન અક્ષરબ્રહ્મ** વડે પોતાની (શ્રીહરિની) ઇચ્છાનુસાર સેવા પરિચર્યા કરાઈ રહ્યા છે.’’ (સેતુ. ટી. ૫૯/૫)

અહીં અક્ષરમુક્તો અનંત કોટિ કહ્યા છે અને મૂર્તિમાન અક્ષરબ્રહ્મ એક

જ છે. (આ એકવચનનો પ્રયોગ છે.) આ જ પ્રમાણે અક્ષરબ્રહ્મ માટે એકવચનનો પ્રયોગ વચનામૃતમાં તથા વેદરસમાં અનેક ઠેકાણે કર્યો છે : ''**અક્ષર તે આવો છે** ને આવું એ અક્ષરસંબંધી સુખ છે.'' (વચ. લો. ૧૭)

''**એવો જે અક્ષરરૂપ ધામ તે પરાત્પર છે.**'' (વેદરસ; પૃ. ૧૪૬)

તેથી સ્પષ્ટ થાય છે કે અક્ષરબ્રહ્મ એક અને અદ્વિતીય છે. વળી, આ એક અને અદ્વિતીય અક્ષરને જ મહારાજે અનાદિ કહ્યા છે. બીજા અક્ષર-મુક્તો તો અનાદિ અક્ષર થકી થયેલા છે.

''અક્ષરબ્રહ્મ સંજ્ઞાને પામેલા અનંત કોટિ મુક્તો તે થકી **ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે.**'' (વચ. અમ. ૬)

## અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સંબંધ

અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે **શરીર-શરીરી સેવક અને સ્વામીભાવનો વિશિષ્ટ સંબંધ છે.**

શ્રીજીમહારાજ કહે છે : ''જ્યાં એ પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.'' (વચ. ગ.મ. ૪૨) વળી ''જે સ્વરૂપને વિષે પુરુષ-પ્રકૃતિ આદિક કાંઈ ઉપાધિ રહેતી નથી, એક પુરુષોત્તમ ભગવાન જ રહે છે એ અક્ષરનું વ્યતિરેક સ્વરૂપ છે.'' (વચ. સા. ૫) આમ, અક્ષર અને પુરુષોત્તમને અન્યોન્ય વિશિષ્ટ સંબંધ છે.

અક્ષરબ્રહ્મ પરબ્રહ્મના પ્રિયતમ, નિકટતમ, આદર્શ, ઉત્તમ સેવક-ભક્ત રૂપે ધામમાં તથા જે જે બ્રહ્માંડમાં, પુરુષોત્તમ ભગવાન પધારે છે ત્યાં ત્યાં તેમની સાથે જ હોય છે (વચ. ગ.પ્ર. ૭૧, ગ.મ. ૪૨ના આધારે). તેથી જ એ અક્ષરબ્રહ્મ, પરબ્રહ્મ પુરુષોત્તમ કરતાં ભિન્ન તત્ત્વ હોવા છતાં તેમની સાથે સદા સંલગ્ન છે. અર્થાત્ પરબ્રહ્મ સાથે અક્ષરબ્રહ્મ **'સ્વમી-સેવકભાવથી વિશિષ્ટરૂપે** જોડાયેલા છે. ક્યારેય પણ તેમને પરબ્રહ્મથી એકલા કે અળગા કલ્પવા અશક્ય છે. આથી, તેમને અને પરબ્રહ્મને વિશિષ્ટ સંબંધ છે. પરબ્રહ્મ વગર અક્ષરબ્રહ્મનો વિચાર જ અશક્ય છે. તેમજ બ્રહ્મ વગર પરબ્રહ્મની ભક્તિનો અધિકાર મળતો નથી.

અક્ષર સર્વના સ્વામી છે, પણ પુરુષોત્તમના દાસ છે. અક્ષરબ્રહ્મ પર પરબ્રહ્મ પુરુષોત્તમ વિના કોઈનું શાસન નથી.

‘‘પુરુષોત્તમ ભગવાન.... આત્મા ને (તથા) અક્ષર એ સર્વેના પ્રેરક છે ને સ્વતંત્ર છે ને નિયંતા છે ને સકળ ઐશ્વર્ય-સંપન્ન છે ને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે.’’ (વચ. ગ.પ્ર. ૬૪)

આમ, પરબ્રહ્મ પુરુષોત્તમ એ બ્રહ્મના પણ આધાર, કારણ અને પ્રેરક છે.

‘‘પુરુષોત્તમ ભગવાનનું સામર્થ્ય અનંત અપાર છે. એ ધારે તો તે અક્ષરને પણ લીન કરીને પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંત કોટિ મુક્તને પોતાને ઐશ્વર્યે કરીને ધારવાને સમર્થ છે.’’ (વચ. લો. ૧૩)

આ રીતે પુરુષોત્તમ સ્વતંત્ર છે પણ અક્ષર તેમનો આધાર નથી. જ્યારે અક્ષરનો આધાર પુરુષોત્તમ છે.

અક્ષરધામને લીન કરવાની પુરુષોત્તમ પાસે વિશિષ્ટ શક્તિ છે. પણ આત્યંતિક પ્રલય વખતે જીવ અને ઈશ્વરની ઉપાધિ માયામાં લીન થાય છે. માયા બ્રહ્મમાં લીન થાય છે પણ બ્રહ્મ પરબ્રહ્મમાં લીન થાય છે તેમ કહ્યું નથી. પરંતુ ‘ભગવાનનું જે અક્ષરધામ ને તે ધામને વિષે રહી એવી જે ભગવાનની મૂર્તિ ને તે ધામને વિષે રહ્યા એવા જે ભગવાનના ભક્ત તે વિના... સર્વે નાશવંત છે.’ અર્થાત્ ધામ, ધામી અને મુક્ત આ ત્રણ આત્યંતિક પ્રલયને અંતે રહે જ છે. (વચ. ગ.મ. ૨૪)

## બ્રહ્મને પરબ્રહ્મ લીન કરે એટલે શું ?

આ છતાં પરબ્રહ્મ છે તે બ્રહ્મને લીન કરે છે એવું વચનામૃતમાં કહ્યું છે તે કેમ સમજવું ? બ્રહ્મને લીન કરે છે એટલે બ્રહ્મના ભાવને દબાવી પોતે સ્વરાટ્ થકા એકલા જ વિરાજમાન રહે છે. બ્રહ્મનો ભાવ પરબ્રહ્મના વિશેષ ભાવ કે ઐશ્વર્યમાં સમાઈ જાય છે પણ બ્રહ્મના સ્વરૂપનો લય થતો જ નથી.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : ‘‘જેને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે, તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે. અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે. જેમ અગ્નિ લોઢાને વિષે આવે છે ત્યારે લોઢાનો જે શીતળ ગુણ ને કાળો વર્ણ તેને ટાળીને પોતે પોતાના ગુણને પ્રકાશ કરે છે તથા જેમ સૂર્ય ઉદય થાય

છે ત્યારે તેના પ્રકાશમાં સર્વે તારા ચંદ્રમાદિકનાં તેજ લીન થઈ જાય છે ને એક સૂર્યનો પ્રકાશ રહે છે, **તેમ એ ભગવાન જેને જેને વિષે આવે છે ત્યારે તેના તેજનો પરાભવ કરીને પોતાના પ્રકાશને અધિકપણે જણાવે છે.**'' (વચ. પં. ૭)

(ઓઢાના) સમઢિયાળાના ભક્ત વીરા શેલડિયાના દીકરા લક્ષ્મણને ગુણાતીતાનંદ સ્વામીમાં વૃત્તિ જોડાઈ ગઈ અને સ્વામીને ઠેકાણે મહારાજ દેખાવા લાગ્યા. આ રીતે બ્રહ્મ છે તે પરબ્રહ્મના સ્વરૂપમાં લીન થયેલા તેને જણાયા.

## અક્ષરબ્રહ્મના દિવ્ય ગુણો

તાત્ત્વિક દૃષ્ટિએ ''બ્રહ્મ થકી પરબ્રહ્મ જે પુરુષોત્તમ નારાયણ તે નોખા છે ને એ બ્રહ્મના પણ કારણ છે ને આધાર છે ને પ્રેરક છે.'' (વચ. ગ.મ. ૩) છતાં અક્ષરબ્રહ્મમાં પરબ્રહ્મની નિત્ય ઇચ્છાથી જીવો અને ઈશ્વરોથી વિશિષ્ટ ગુણધર્મો રહેલા છે તે જોઈએ.

જેમ પુરુષોત્તમ માયાથી પર છે, તેમ અક્ષર પણ માયાથી પર છે. પુરુષોત્તમ મૂર્તિમાન છે, તેમ અક્ષર પણ મૂર્તિમાન છે. જેમ પુરુષોત્તમ ભગવાન જે જે પદાર્થ અંગીકાર કરે છે તે બ્રહ્મરૂપ થાય છે અને માયા પણ નિર્ગુણ થાય છે, તેમ અક્ષરબ્રહ્મમાં પણ એ ગુણ છે. અક્ષર પણ પુરુષોત્તમની જેમ જ અલિપ્ત, નિર્લેપ, એક અને અદ્વિતીય છે. પુરુષોત્તમ નારાયણની જેમ અક્ષર પણ ઉત્પત્તિ સર્ગ સાથે સીધા સંકળાયેલા નથી.

જ્યાં જ્યાં અનંત જીવોના કલ્યાણને અર્થે પુરુષોત્તમ નારાયણ મનુષ્ય જેવા થાય છે, ત્યાં ત્યાં તેમની સાથે જ અક્ષરબ્રહ્મ પણ મનુષ્ય દેહ ધારે છે. 'જેટલામાં રાજાનું રાજ્ય તેટલામાં રાણીનું રાજ્ય' – એ ન્યાયે જેવો પુરુષોત્તમનો પ્રતાપ છે તેવો જ અક્ષરબ્રહ્મનો પણ પ્રતાપ છે. જેમ પુરુષોત્તમ નારાયણ અનંત જીવોનું કલ્યાણ કરે છે તેમજ અક્ષરબ્રહ્મ પણ અનંત જીવોનું કલ્યાણ કરી શકે છે. (જો કે અક્ષરબ્રહ્મનું જે કાંઈ સામર્થ્ય છે તે પુરુષોત્તમને આધીન છે.)

## અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું તાત્પર્ય

અક્ષરપુરુષોત્તમ ઉપાસના એટલે અક્ષર અને પુરુષોત્તમ એમ બે

તત્ત્વોની ઉપાસના નહિ, પરંતુ અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના, અર્થાત્ બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના.

ઉપાસનાનો મુખ્ય અર્થ પરબ્રહ્મને સર્વકર્તા, સર્વોપરી, સાકાર અને પ્રગટ સમજવા તે જ છે. જે વચનામૃત પં. ૭, ગ.પ્ર. ૪૦, ગ.અં. ૩૫ વગેરે દ્વારા શ્રીજીમહારાજે સ્પષ્ટ સમજાવ્યું છે.

અક્ષરબ્રહ્મ વગેરે તમામ તત્ત્વોનું સામર્થ્ય પરબ્રહ્મ પરમાત્માને આધારિત છે. તેથી તેમની ઉપાસના કરવાની વાત હોય જ નહીં તે દીવા જેવું સ્પષ્ટ છે.

પૃથ્વી પર પધારેલ પરબ્રહ્મના સ્વધામગમન બાદ પ્રત્યક્ષ ગુરુહરિનો પ્રસંગ કરનાર મુમુક્ષુ પણ ઉપાસના તો પરબ્રહ્મની જ કરે છે, કારણ કે બ્રહ્મસ્વરૂપ ગુરુના ભાવને લીન કરીને તેમના દ્વારા પરમાત્મા જ સ્વયં વિચરતા હોય છે.

## અક્ષર તથા પુરુષોત્તમની સરખી સેવા-ભક્તિનો મહિમા

શ્રીજીમહારાજે નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ વગેરે પરોક્ષ દેવની મૂર્તિઓ પધરાવીને ભક્તે સહિત ભગવાનની સરખી સેવા કરવાનું જણાવ્યું છે.

સરખી સેવાની ભાવનાથી જ શિક્ષાપત્રીના શ્લોક-૧૧૧નું ભાષ્ય કરતાં સદ્ગુરુ શતાનંદમુનિએ લખ્યું છે : ‘‘જે મંદિરમાં શ્રીકૃષ્ણની એકલી મૂર્તિની પ્રતિષ્ઠા કરેલી હોય ત્યાં પણ શ્રીકૃષ્ણ રાધિકાદિ સેવકમંડળ સાથે જ છે એવી ભાવના કરવી.’’[૩૨]

એ જ ન્યાયે, જ્યાં શ્રીહરિકૃષ્ણ મહારાજની એક મૂર્તિની પ્રતિષ્ઠા થઈ હોય ત્યારે પણ શ્રીહરિકૃષ્ણ મહારાજ તેમના શ્રેષ્ઠ ભક્ત મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામી સાથે જ વિરાજમાન છે, એવી ભાવના કરીને બંનેની સરખી સેવા કરવી.

વચનામૃતમાં સો જન્મની કસર એક જન્મે ટાળવા માટેનો ઉત્તમ ઉપાય દર્શાવતાં શ્રીજીમહારાજ આ જ વાત જણાવે છે. આ સંદર્ભમાં નિત્યાનંદ

૩૨. अतो यत्र मन्दिरे एकैव श्रीकृष्णमूर्तिः स्यात्तत्रापि राधादिसेवकमण्डलसहित एव श्रीकृष्णो भावनीय इति आशयः। (શિક્ષાપત્રી ભાષ્ય, પૃ. ૪૩૯)

સ્વામીનો પ્રશ્ન અને શ્રીજીમહારાજનો ઉત્તર વાંચીએ :

“નિત્યાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, “એ કસર મટીને કનિષ્ઠ હોય તે આ જન્મને વિષે જ ઉત્તમ ભક્ત થાય કે ન થાય ?” પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમ જ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે; અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમ જ ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને તેને જમાડે; અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખરચ કરે તેમ જ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે. **એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દસ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. એવું ભગવાન ને તે ભગવાનના ભક્ત તેની સરખી સેવા કર્યાનું ફળ છે.”** (વચ. વર. ૫)

આ સાથે જ સમાજમાં પુછાતો પ્રશ્ન કે ‘સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તો સાધુઓ હતા, તેમને વસ્ત્ર, અલંકાર, આભૂષણો, પાઘ અને વાઘા ધરાવવાં યોગ્ય છે ?’ તેનો ઉત્તર પણ મળી જાય છે કે સો જન્મની કસર એક જન્મે ટળવા માટેનો ઉત્તમ ઉપાય શ્રીજીમહારાજે સરખી સેવાને દર્શાવી છે તે જ છે. જેની વિશેષ સ્પષ્ટતા ઉપસંહારમાં દર્શાવી છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે સ્વામી અને નારાયણ અર્થાત્ અક્ષરપુરુષોત્તમની કંઈ નવી વાત કરી નથી, પરંતુ શ્રીજીમહારાજના અંતર્ગત રુચિની સમગ્ર સંપ્રદાયને જાણ કરી છે અને એ રીતે અનંત જીવોનાં કલ્યાણનું દ્વાર ખોલ્યું છે.

શાસ્ત્રીજી મહારાજ એક વાત વારંવાર કહેતા કે આપણે રાવણ જેવા કે શૂર્પણખા જેવા ભક્ત ન થવું પણ વિભીષણ જેવા ભક્ત થવું. રાવણને સીતા ઉપર પ્રેમ ને રામ ઉપર રોષ હતો તો તેનું માથું કપાયું. તેમ જો ઉત્તમ ભક્ત જે ગુણાતીત તેની સાથે હેત રાખે અને ભગવાન જે મહારાજ તેનો દ્રોહ કરે તો માથું કપાય. અને શૂર્પણખાને રામ ઉપર પ્રેમ અને સીતા સાથે દ્વેષ હતો તો તેનાં નાક-કાન કપાયાં. તેમ ભગવાન સાથે હેત રાખે અને ઉત્તમ ભક્ત

જે ગુણાતીત તેનો દ્રોહ કરે તો પણ નાક-કાન કપાય અને વિભીષણને 'રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાનકી' એવી સમજણ હતી. તેમ આપણે પણ ઉત્તમ ભક્ત જે ધામ, ભગવાન જે ધામી અને તેમના સંબંધવાળા મુક્તો સાથે હેત રાખવું પણ તેમાંના કોઈ એકનો પણ દ્રોહ ન કરવો.

## સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર શાથી ?

શ્રીજીમહારાજે પોતાના પ્રાગટ્યનો હેતુ બતાવતાં પરમહંસોને કહ્યું : ''**આજ તો મેરા પ્રયોજન એહી હૈ જ્યોં અવિદ્યાકું નાશ કરના,** જીવકું બ્રહ્મરૂપ કરના.''

જીવ સાથે અનાદિ કાળથી વળગેલ આ માયાનો ભાવ ટાળવા અને બ્રહ્મરૂપ કરવા તથા પરબ્રહ્મની તત્ત્વે સહિત ઓળખાણ કરાવવા શ્રીજીમહારાજ અક્ષરબ્રહ્મને પૃથ્વી ઉપર સાથે લાવ્યા.

શ્રીજીમહારાજના આ શબ્દોને પ્રેમાનંદ સ્વામીએ પોતાના કીર્તનમાં ગૂંથ્યા છે :

મૂળ માયાનાં બંધન કાપવા આવ્યા,
ધામધામના વાસી આદિ બોલાવ્યા રાજ...ધર્મને (૨)
મૂળ અક્ષર પણ શ્રીહરિ સંગે,
મુક્ત મંડળને લાવ્યા ઉમંગે રાજ...ધર્મને (૩)

શ્રીજીમહારાજ પોતાનું અક્ષરધામ સાથે લઈને આ પૃથ્વી ઉપર પ્રગટ્યા. તો એ અક્ષરબ્રહ્મ કોણ ? એવો એક પ્રશ્ન સ્વાભાવિકપણે ઊઠે. સંપ્રદાયનો ઈતિહાસ તપાસીશું તો શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની નિષ્ઠા શરૂઆતમાં ઘણાને થવી મુશ્કેલ હતી. તો પછી મૂળ અક્ષરની વાત તો સમજાય જ ક્યાંથી ? આમ છતાં આપણે વિચાર્યું તેમ, મહારાજે અક્ષરનો મહિમા શાસ્ત્રોમાં લખી દીધો. વળી, જેમને વિશ્વાસ હતો તેવા ભક્તો - પરમહંસો પાસે, એ મૂર્તિમાન મૂળ અક્ષર - પોતાને રહેવાનું ધામ, તે બીજું કોઈ નહિ, પણ ગુણાતીતાનંદ સ્વામી જ છે એવી વાતો પણ પ્રસંગોપાત્ત કરી મહારાજે અક્ષરને ઓળખાવ્યા. આ ઉપરાંત, બીજા સદ્‌ગુરુઓનાં પ્રમાણો અને પ્રસંગોથી સદ્‌ગુરુ સ્વામી ગુણાતીતાનંદ જ મૂળ અક્ષર શાથી છે એ આપણે જોઈશું :

## (૧) શાસ્ત્રોનાં પ્રમાણો

મૂળજી શર્માને શ્રીજીમહારાજે ડભાણમાં સં. ૧૮૬૬ના પોષ સુદ ૧૫ પૂનમે, મહાવિષ્ણુયાગ કરી ભાગવતી દીક્ષા આપી ત્યારે શ્રીજીમહારાજે તેમનો મહિમા કહ્યો, તે આદિ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ રચિત 'શ્રીહરિલીલા-કલ્પતરુ' ગ્રંથમાં આ પ્રમાણે વર્ણવ્યો છે :

**मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते ।**
**भूयान्मेऽत्र समानन्दो यतो धामाक्षरं स मे ॥**
**मुक्तैरनन्तैः साकं मे यत्राऽखण्डतयोष्यते ।**
**ऊर्ध्वाधोभागरहितं तन्मूलं धाम चाक्षरम् ॥**

*(શ્રીહરિલીલાકલ્પતરુ : ૭-૧૭-૪૯, ૫૦)*

'આજે (ભાદરામાં પ્રગટ થયેલા) મૂળજી શર્માને દીક્ષા આપતાં અમને અત્યંત આનંદ થાય છે, કારણ કે તેઓ અધો-ઊર્ધ્વ અને પ્રમાણે રહિત તથા જેમાં હું મારા અનંત મુક્તો સાથે અખંડ રહું છું તે અમારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ધામ છે.'

તેમજ 'પુરુષોત્તમ ચરિત્ર'માં[૩૩] લખ્યું છે :

'વંદું ગુણાતીતાનંદ સ્વામી, જેહી પર રીઝે અંતર્યામી;
ભગવદ્‌વાર્તા સતત કરહી, ધ્યાન ધર્મનંદનકો ધરહી,
ઉત્તમકુલમાં ધરી અવતાર, શ્રીહરિ કાજ તજ્યો સંસાર;
રખે ધર્મ પુનિ ધર્મ રખાવે, આદિ હી અક્ષર આપ કહાવે.'

★

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે 'કીર્તનકૌસ્તુભમાળા,' પૃ. ૧૩માં લખ્યું છે :

**'અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, તેણે આપ્યાં વર્તમાન**
પોતે પાળીને પછી પળાવ્યાં, જનને દઈ ઘણું જ્ઞાન
આવોજી અવતારી, આનંદકારી, પ્રીતમ જીવનપ્રાણ.'

★

---

૩૩. આ ગ્રંથના રચયિતા લોધિકા દરબાર અભયસિંહજીએ આ ગ્રંથમાં, ભાદરામાં શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા કહ્યો હતો તેનું વર્ણન કર્યું છે.

બ્રહ્મચારી કૃષ્ણાનંદજીએ લખ્યું છે :

'ધામ ધામી જ સાથે પધાર્યા, સ્વામી ને મહારાજ,
એકાંતિક ધર્મ સ્થાપવા બની, અલૌકિક જોડી આજ રે,
આવો હે અવિનાશી, સુખના રાશી, અક્ષરના આધાર,
દયાળુ તમે દયા કરી લાવ્યા, મૂળ અક્ષરને સાથ;
ગુણાતીતાનંદ નામ છે જેનું, પાડ્યું છે પોતે હો નાથ રે,
આવો હે અવિનાશી, સુખના રાશી, અક્ષરના આધાર.'

આ ઉપરાંત, જૂનાગઢના જેરામ બ્રહ્મચારી, અખંડાનંદ બ્રહ્મચારી તથા જગદીશાનંદ બ્રહ્મચારીનાં કીર્તનમાં પણ આવા ઉલ્લેખો મળે છે.

## (૨) શ્રીજીમહારાજે સ્વમુખે કહેલા, 'સ્વામી અક્ષર છે' તે વિષેના પ્રસંગો :

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એ વાત સૌ પ્રથમ શ્રીજીમહારાજે સં. ૧૮૬૪માં જ્યારે તેઓ ભાદરા પધાર્યા ત્યારે મૂળજી ભક્તને ત્યાં જમવા પધાર્યા ત્યારે તેમનાં માતુશ્રીને કરી હતી કે ''મા ! તમને તો નહિ સમજાય પણ તમારા મૂળજી છે **તે તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે.** તે અમારી સાથે બંધાયા છે અને અમે તેમની સાથે બંધાયા છીએ. અમારું આ બંધન અતૂટ છે.'' ત્યાં બેઠેલા હરિભક્તોને પણ મૂળજી અક્ષરબ્રહ્મ છે એમ કહીને મૂળજી ભક્તનો અપાર મહિમા કહ્યો હતો.[૩૪]

ત્યાર પછી સં. ૧૯૦૫માં જન્માષ્ટમીના સમૈયા પછી જૂનાગઢમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ભાદરામાં હરિભક્તો પાસે શ્રીજીની પ્રસાદીની એ વાત કરાવી, એ વાતને વિશેષ પ્રસિદ્ધિ આપી.

આ.સં. ૧૮૬૮માં સારંગપુરમાં રાઠોડ ધાધલને ઘેર રંગોત્સવ કર્યો ત્યારે મહારાજે સંતો સાથે રાસ લીધો.

મહારાજે તે વખતે કબીર રચિત હોરીનું પદ ગાયું :

'જોગીયા ટાળત જનમ કેરા ફાંસલા રે;
પ્રેમના પ્યાલા જોગીઆ, જુગ જુગ જીવો સો જોગીઆ....

---

૩૪. વિસ્તૃત માહિતી માટે જુઓ 'ભગવાન શ્રી સ્વામિનારાયણ' (બીજી આવૃત્તિ), ભાગ-૨, પૃ. ૩૩૭; 'ગુણાતીતાનંદ સ્વામી', ભાગ-૧, પૃ. ૫૦.

કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ,
કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કથે જ્ઞાન;
સદ્‌ગુરુ ખેલે વસંત....'

પછી શ્રીજીમહારાજે પૂછ્યું કે 'એવા સદ્‌ગુરુ કોણ ?' પ્રથમ લોજ અને માંગરોળમાં આવા પ્રસંગે મહારાજે કહ્યું હતું કે 'એવા સદ્‌ગુરુ અમે છીએ.' તે પ્રમાણે સંતોએ કહ્યું : 'એવા સદ્‌ગુરુ તો આપ છો.'

શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં છડી અડાડી કહ્યું : ''અમે તો સર્વોપરી પુરુષોત્તમ નારાયણ છીએ અને આ પદમાં જે મહિમા સદ્‌ગુરુનો કહ્યો તે સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે. **આ અનાદિ સદ્‌ગુરુ એવા ગુણાતીતાનંદ સ્વામી તે ધામરૂપે અમને અને અનંત કોટિ મુક્તોને ધારી રહ્યા છે અને સાકાર રૂપે અક્ષરધામમાં અને અહીં અમારી સાથે અમારી સેવામાં સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા સારુ સદ્‌ગુરુ રૂપે પ્રગટ થયા છે.**''[૩૫]

★

વડતાલમાં માંદા સાધુની ગોદડીઓ ગોમતીમાં ધોઈને સ્વામી આવતા હતા. મહારાજ વાસણ સુથારને ત્યાંથી જમીને આવતા હતા. હનુમાનવાળા દરવાજે મહારાજ અને સ્વામી ભેગા થયા ત્યારે સ્વામીએ વૃત્તિથી મહારાજની મૂર્તિ પકડી લીધી. અઢાર ગોદડીઓના ભારથી સ્વામી પરસેવે રેબઝેબ થઈ ગયા હતા. મહારાજને પણ પરસેવો થવા લાગ્યો. થોડી ક્ષણ પછી મહારાજે સ્વામીની રજા માંગી : ''સાધુરામ, ચાલશું હવે ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''મહારાજ ! પધારો.''

સભામાં આવી મહારાજે કહ્યું : ''અમારે શરીરે બહુ ભાર લાગ્યો છે એટલે પરસેવો થાય છે.'' તેથી ભગુજી તથા બાપુ રતનજી મહારાજને પંખો નાખવા લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું : ''ઓલ્યા સાધુના ખભા ઉપરથી ગોદડીઓ ઉતારી લો તો અમારો ભાર હળવો થશે.'' તેથી ભગુજીએ બધી ગોદડીઓ સ્વામીના ખભા ઉપરથી લઈ લીધી.

પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી વગેરે સંતોને બોલાવીને

---

૩૫. આ પ્રસંગ રાઠોડ ધાધલે જસા ગોરને તથા નાગજી શેઠને કહ્યો હતો. તેમના થકી શાસ્ત્રીજી મહારાજે સાંભળ્યો હતો.

મહારાજે કહ્યું : ''સાણસામાં જેમ સાપ પકડે, તેમ અમારી મૂર્તિને ત્રણેય અવસ્થામાં આ સાધુએ ઝાલી રાખી છે (અર્થાત્ અમારી મૂર્તિને અખંડ દેખે છે). **એ અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. સર્વ થકી શ્રેષ્ઠ છે અને મોટા મોટાઓને પણ સમાગમ કરવા યોગ્ય છે.**''[૩૬]

★

જૂનાગઢ મંદિરની મહંતાઈનો હાર મહારાજે સ્વામીને પહેરાવ્યો ત્યારે મહારાજે પોતાનો સઘળો પોષાક સ્વામીને પ્રસાદી રૂપે આપ્યો અને પોતાના હાથે સ્વામીને માથે પાઘ મૂકી આશીર્વાદ આપ્યા.[૩૭] ત્યારે સભામાં આખા ગામના હરિભક્ત કુરજી દવેને પોતે આપેલું વચન યાદ દેવરાવી કહ્યું કે ''ભૂજનગરથી રામાનંદ સ્વામી દર્શન દેવા પધારે છે એ શુભ સમાચાર તમે અમને આપ્યા ત્યારે સૌએ તમને જુદી જુદી ભેટ આપી હતી. તે વખતે અમે તમને કહ્યું હતું કે 'અમે અમારું અક્ષરધામ બક્ષિસ આપીએ છીએ.' તમે તે વખતે કંઈ સમજ્યા નહિ પણ **આજે આ અમારું અક્ષરધામ જે ગુણાતીતાનંદ સ્વામી** તે તમને - સોરઠના હરિભક્તોને - બક્ષિસ આપીએ છીએ. સોરઠ દેશના સત્સંગીઓને અમારું સુખ અમે યથાર્થ આપી શક્યા નથી તેથી **આ સાધુ જે અમારું સર્વસ્વ છે તે અમે કૃષ્ણાર્પણ કરીએ છીએ.**''

★

સં. ૧૮૮૪માં ઠંડી બહુ પડી. સ્વામી સગડી પાસે રાખીને તાપતા હતા. વધુ પડતા તાપથી સ્વામીને ગરમી થઈ ગઈ. બરાબર તે જ વખતે ગઢડામાં મહારાજે કહ્યું : ''અમને ગરમી થાય છે માટે ટાઢું પાણી લાવો, અમારે નાહવું છે.'' સૌને આશ્ચર્ય થયું. તેથી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું ત્યારે મહારાજે કહ્યું : ''અમારું અક્ષરધામ તપવાથી અમે તપી ગયા.''

મુક્તાનંદ સ્વામીએ કહ્યું : ''મહારાજ ! અક્ષર તો શીતળ અને શાંત છે તે કેમ તપે ?''

મહારાજે હસતાં હસતાં કહ્યું : ''**અમારું મૂર્તિમાન અક્ષરધામ**

---

૩૬. આ પ્રસંગ શુકાનંદ સ્વામીએ ગઢડાના સિદ્ધાનંદ સ્વામીના શિષ્ય કૃષ્ણચરણદાસને કહ્યો હતો અને તેમના થકી શાસ્ત્રીજી મહારાજે મહુવામાં સાંભળ્યો હતો.
'શાસ્ત્રીજી મહારાજના પત્રમાંથી' - સ્વા. પ્રકાશ. જાન્યુ. ૧૯૮૭

૩૭. આ પ્રસંગનું વર્ણન 'પુરુષોત્તમ ચરિત્ર' ગ્રંથમાં પૃ. ૧૦૦ ઉપર છે.

**ગુણાતીતાનંદ સ્વામી**, સગડીથી તાપતાં, વધુ પડતા તાપથી તપી ગયા તેથી અમે પણ તપી ગયા.''

★

આવી જ રીતે ગઢડામાં ઘેલામાં સ્નાન કરતાં સ્વામીનો એક પગ ભેખડમાં ભરાઈ ગયો. કેમેય પગ નીકળે નહિ. મહારાજે દર્શન દઈ ધીરેથી પગ કાઢવા કહ્યું. તે વખતે અક્ષર ઓરડીમાં પણ મહારાજ બોલી રહ્યા હતા : ''અમારો પગ કાઢો, નહિ તો ભાંગી જશે.''

મૂળજી બ્રહ્મચારીએ પૂછ્યું : ''મહારાજ ! આપ તો ઢોલિયા ઉપર બેઠા છો, તો પગ કેમ ભાંગશે ?''

મહારાજ હસતાં બોલ્યા : **''અમારું ધામ જે ગુણાતીતાનંદ સ્વામી,** તેનો પગ ખળખળિયાની બખોલમાં ભરાઈ ગયો હતો તે માંડ કાઢ્યો.''

★

મહારાજે સ્વધામ જવાનો પાકો નિર્ણય કર્યો. ત્યારે તેમનો વિરહ સહન ન કરી શકે તેવા પ્રેમી સંતો અને ભક્તોને તેમણે ગુજરાતમાં ફરવા જવાની આજ્ઞા કરી દીધી. આથી ગોપાળાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : 'મહારાજ ! આ જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામી અહીં આવ્યા છે. તેમને આપના ઉપર અપાર પ્રેમ છે. આપના વિરહની વેદના તેઓ સહન નહિ કરી શકે તો તેમને પાછા જૂનાગઢ મોકલી દ્યો.''

તે સાંભળી મહારાજ બોલ્યા : ''સ્વામી ! એ **ગુણાતીતાનંદ સ્વામી તો ગુણાતીત એવું અમારું અક્ષરધામ છે. તેમને હું શી રીતે દૂર કરી શકું ? જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે. અમારાથી એ કઈ રીતે જુદા થઈ શકે ?''**

★

એકવાર પંચાળામાં પરમહંસોની પંક્તિમાં મુક્તાનંદ સ્વામી અને ભાયાત્માનંદ સ્વામીની વચ્ચે ગુણાતીતાનંદ સ્વામી જમવા બેઠેલા ત્યાં જઈને વણથળીવાળા કલ્યાણભાઈને મહારાજે કહ્યું : 'બે વાઘ વચ્ચે બકરી.' એમ હાસ્ય કરીને સ્વામી સામે આંગળી કરીને **કલ્યાણભાઈને કહ્યું : ''કલ્યાણભાઈ ! આ સાધુને ઓળખો છો ? આ તો અમારું અક્ષરધામ છે. ઓળખી રાખજો.''**

## શ્રીજીમહારાજે કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા

ભગવાન હોય તે જ પોતાના ઉત્તમ ભક્તનો મહિમા સમજી શકે અને સમજાવી શકે. શ્રીજીમહારાજે પોતાના ઉત્તમ ભક્ત ગુણાતીતાનંદ સ્વામી એ અક્ષરબ્રહ્મનો અવતાર છે તેવી સ્પષ્ટ ઓળખાણ કરાવી છે તે આપણે આગળ જોયું. આ ઉપરાંત અનેક પ્રસંગોએ પોતાના આ અનાદિ સેવક અને આદર્શ ભક્તનો અસાધારણ મહિમા પણ જ્યાં જ્યાં તક મળી છે ત્યાં ત્યાં તેમણે કહ્યો છે. તેવા થોડાક પ્રસંગો જોઈએ :

★

સં. ૧૮૭૭માં પંચાળામાં મહારાજે સૌ પરમહંસોને કપાળમાં તિલક કેમ કરવું તે શિખવાડતાં સૌપ્રથમ ગુણાતીતાનંદ સ્વામીના કપાળમાં તિલક કરી કહ્યું કે **"જુઓ, આ અમારા તિલક. આ જેવા કોઈ સાધુ નહિ ને હું જેવો કોઈ ભગવાન નહિ."**

★

સંતો વર્તમાન પાળે તે માટે ગઢડામાં મહારાજ પરસ્પર એક બીજાના જામીન લેતા હતા. ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢથી તે જ સમયે આવ્યા ત્યારે જામીન માટે કોઈ સંત તેમની જોડમાં બાકી રહ્યા ન હતા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ પૂછ્યું : 'આ ગુણાતીતાનંદ સ્વામીના જામીન કોણ થશે ?' શ્રીજીમહારાજે કહ્યું : **"તેમના તો નિરંતરના જામીન અમે છીએ."**

★

સ્વામી મહારાજનાં દર્શને ગઢડા પધાર્યા ત્યારે શુકસ્વામી તેમના માટે આસન શોધવા ગયા. ત્યારે મહારાજે કહ્યું કે **"એમની આસનથી મોટપ નથી, તેમની મોટપ તો અનાદિની છે."**

એક વાર મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે અઢાર સદ્‌ગુરુઓને, દરબારમાં ગોવાળમંડળીની જેમ બેસાડી મહારાજ જાતે પીરસવા પધાર્યા. તે વખતે મહારાજે સંતોને કહ્યું : "આ ગુણાતીતાનંદ સ્વામી જમે છે તેમ સૌ જમતાં શીખો."

એટલે બ્રહ્માનંદ સ્વામી મર્મમાં બોલ્યા : "સાધુ જમનારા સારા છે."

તે સાંભળી મહારાજ બોલ્યા : ‘‘તમે સમજો છો તેમ નથી. કેમ જે, એ સાધુ સ્વાદ તો મારી મૂર્તિનો લે છે અને જેમ કોઠીમાં દાણા ભરે તેમ અન્ન પેટમાં ભરે છે. **વળી પોતાનું સામર્થ્ય ઢાંકીને વર્તે છે, નહિ તો અમારી પાછળ જેટલા મનુષ્યો** ફરે છે તેટલા માણસ તેમની પાછળ પણ ફરે.’’

મહારાજનો અભિપ્રાય જાણી બ્રહ્માનંદ સ્વામીએ સાખ પૂરી કે ‘‘હા મહારાજ ! એ બહુ મોટા સાધુ છે.’’

★

શ્રીજીમહારાજે સ્વામીને જૂનાગઢ મોકલ્યા ત્યારે ગઢડામાં સભામાં કહ્યું કે ‘સ્વામી ભેગા જે જૂનાગઢ જશે તેની કરોડ જન્મની કસર એક જ જન્મે અમે ટાળીશું.’

★

સં. ૧૮૮૪માં જૂનાગઢ મંદિરમાં ઠાકોરજીની પ્રતિષ્ઠા શ્રીજીમહારાજે કરી અને પછી તેઓ ત્યાંથી નીકળ્યા ત્યારે જૂનાગઢના નવાબ હામદખાનજીએ મહારાજને કહ્યું : ‘‘હે મહારાજ ! આપ અહીં જ રહો.’’

ત્યારે મહારાજે કહ્યું : ‘‘અમારાથી નહિ રહેવાય, **પણ અમારા જેવા અહીં રાખીશું.’’ (હમ નહિ તો હમ જૈસા રખેંગે)** એમ કહી ગુણાતીતાનંદ સ્વામીને જૂનાગઢ રાખ્યા.

★

જૂનાગઢની મૂર્તિપ્રતિષ્ઠા કરી ત્યારે શ્રીજીમહારાજે સંપ્રદાયના આશ્રિત સંતોને જૂનાગઢ દર વર્ષે એક માસ રહેવાની આજ્ઞા કરી હતી.

‘વળી, સંતને આપી આગન્યા રે,
રે’વું નહિ આહીં આવ્યા વિના રે;
વરસો વરસ એક માસ રે,
કરવો આ મંદિર માંહી વાસ રે.’

*(નિ. કા. પુરુષોત્તમપ્રકાશ : ૩૨)*

સંપ્રદાયના તમામ સંતે પાળવાની આ આજ્ઞાનું હાર્દ તપાસતાં જણાશે કે શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના અને તેમનો મહિમા દૃઢ કરવા જૂનાગઢ રહી સ્વામીનો સમાગમ કરવાનું જરૂરી હતું, કારણ અક્ષરના સંગે જ અક્ષરરૂપ થવાય અને પુરુષોત્તમનો મહિમા સમજાય. શ્રીજીની આ આજ્ઞા

પાળી, સદ્. ગોપાળાનંદ સ્વામી પણ દર વર્ષે જૂનાગઢ પધારતા. કોઈ વર્ષે ન અવાયું હોય તો બીજે વર્ષે બે માસ રહેતા.

સંપ્રદાયમાં કેટલાક એમ કહે છે કે ગુણાતીતાનંદ સ્વામી અભણ હતા અને જૂનાગઢ મંદિર એક ખૂણે હતું. તેથી તેમને સમાગમનો લાભ મળે તેથી મહારાજે આવી આજ્ઞા કરી હતી. પરંતુ અક્ષરબ્રહ્મને આ લોકની વિદ્યા ભણવાની જરૂર જ નથી. વેદ પણ તેમને 'નેતિ નેતિ' કહે છે. વળી, ગુણાતીતાનંદ સ્વામીની વાતો વાંચતા પ્રતીતિ થાય છે કે **બ્રહ્મવિદ્યાનું મૂળ જ સ્વામી હતા.** જેથી સંપ્રદાયના તમામ સંતોને તેમના સમાગમની અપેક્ષા રહે. સંપ્રદાયમાં પ્રચલિત સદ્ગુરુઓની વાતોમાં, 'સ્વામીની વાતું' એવી વિશિષ્ટ અને અપૂર્વ છે તેથી સંપ્રદાયના સંતો પણ તેમની વાતોમાં 'સ્વામીની વાતું'નાં પ્રમાણો આપે છે.

★

શ્રીજીમહારાજે સ્વધામ પધારવાનો સંકલ્પ કર્યો ત્યારે સ્વામીને જૂનાગઢથી બોલાવ્યા અને તેમને એકાંતે મળી મહારાજ બોલ્યા :

'મીઠા વ્હાલા કેમ વિસરું, મારું તમથી બાંધેલ તન હો,
તરસ્યાને જેમ પાણીડું વ્હાલું, ભૂખ્યાને ભોજન હો....મીઠા.'

સ્વામીના અંતરમાંથી પણ એ જ ઊર્મિઓના સૂર નીકળતા હતા.

## સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહેલા 'પોતે અક્ષર છે' તે વિષેના પ્રસંગો

માયાથી પર એવા બ્રહ્મ અને પરબ્રહ્મને માયિક ઇન્દ્રિયો અંતઃકરણથી યથાર્થ ઓળખી ન શકાય. તે બંને કૃપાએ કરીને પોતે પોતાનું સ્વરૂપ ઓળખાવે તો જ ઓળખી શકાય. સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ પણ અતિ કરુણાએ કરીને પોતાનામાં જેને જેને વિશ્વાસ હતો તેવા સંતો-હરિભક્તોને પોતાનું અક્ષર સ્વરૂપ ઓળખાવ્યું છે. પોતાનો મહિમા પણ સમજાવ્યો છે, એવા થોડાક પ્રસંગો જોઈએ :

હિન્દુસ્તાની સાધુ કેશવજીવનદાસને ગોપાળાનંદ સ્વામીએ 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરનો અવતાર છે' એવી ઓળખાણ કરાવી તેમને સ્વામીશ્રીનો સમાગમ કરવા જૂનાગઢ મોકલ્યા હતા. ત્યાં અક્ષર વિષે જુદી જુદી વાત સાંભળીને તેમને મૂંઝવણ થઈ તેથી એક દિવસ તેમણે

ગુણાતીતાનંદ સ્વામીને પૂછ્યું : ‘‘સ્વામી ! મને તો ગોપાળાનંદ સ્વામીએ આપ અક્ષર છો એમ સમજાવ્યું છે. વળી, અહીં આ પ્રાગજી ભક્ત, જાગાભક્ત પણ આપને અક્ષર કહે છે. તો કોઈ બ્રહ્મમુનિને અક્ષર કહે છે અને કોઈ મૂળજી બ્રહ્મચારીને અક્ષર કહે છે માટે સાચું શું છે ? સ્વામી મને આપનો વિશ્વાસ છે માટે આનો સ્પષ્ટ ખુલાસો કરો.’’

પછી સ્વામીશ્રીએ ધીરે રહીને કહ્યું : ‘‘તને મારો વિશ્વાસ છે તો **તું મને અક્ષર માન. હું જ મૂર્તિમાન અક્ષર છું. બીજો કોઈ અક્ષર હોવાનો દાવો કરતો હશે તો તે પંચાત મારે છે.**’’ ગુણાતીતાનંદ સ્વામીનાં આ વચનોથી તેમને અક્ષરપણાની પાકી નિષ્ઠા થઈ ગઈ અને તેનું પ્રવર્તન કરવા લાગ્યા.

ગુણાતીતાનંદ સ્વામીની વધતી જતી ઉત્કૃષ્ટતાને લીધે ઈર્ષ્યાના અગ્નિમાં શેકાયેલા ત્યાગી વર્ગે સખત વિરોધ કર્યો. કોઈએ કેશવજીવન-દાસજીને કહ્યું : ‘‘તમે સ્વામીને અક્ષર સમજો છો પણ અહીં વરતાલમાં તે પ્રમાણે કહેવાશે નહિ, જો કહેશો તો ધોળાં લૂગડાં પહેરાવી દેશે.’’

સ્વામીશ્રીના વચનથી અક્ષરપણાની થયેલી દૃઢ નિષ્ઠાથી કેશવ-જીવનદાસ રોક્યા રોકાયા નહિ. તેમણે તો સ્પષ્ટ સંભળાવી દીધું : ‘‘**કહુંગી, કહુંગી, કહુંગી, કાલા પહેરકે ભી સ્વામી કો અક્ષર કહુંગી.**’’ પછી તો આચાર્યશ્રી ભગવત્પ્રસાદજી મહારાજે તેમના ભગવાં ઉતરાવીને ધોળાં પહેરાવ્યાં છતાં આ ઉપાધિથી ડર્યા વગર તેમણે અક્ષરપણાનું પ્રતિપાદન તો ચાલુ રાખ્યું.

★

સં. ૧૯૨૩ની સાલમાં ચૈત્રી પૂનમનો સમૈયો કરવા ગુણાતીતાનંદ સ્વામી વરતાલ આવવાના હતા. અગાઉ પવિત્રાનંદ સ્વામી વગેરેએ પ્રબંધ કરેલો કે કોઈએ સામેથી ગુણાતીતાનંદ સ્વામીનું સ્વાગત કરવા ન જવું. છતાં ગુણાતીતાનંદ સ્વામીના આકર્ષણથી સભા ઊઠીને સામે ગઈ. વળી સભામાં આવ્યા પછી પણ સર્વે ગુણાતીતાનંદ સ્વામીને પગે લાગવા આવવા લાગ્યા તેથી મોટી ધક્કામુક્કી થઈ. આગળથી જ સ્વામીને ઠપકો આપવાનું ગોપાળજી દાદાએ (રઘુવીરજી મહારાજના મોટાભાઈએ) માથે રાખેલું હતું. તેથી આ પ્રસંગે તેઓ એકદમ બોલી ઊઠ્યા : ‘‘પ્રેમલા થઈને ધક્કામુક્કી કરો છો. વળી, સ્વામીને પણ ભગવાન થવું છે માટે કોઈને કાંઈ કહેતા નથી.’’

આ વાત સાંભળી સ્વામીશ્રી સભામાં ઊભા થયા અને ઊંચે સાદે બોલ્યા : ''કોઈ અમને ભગવાન કહેશો નહિ. ભગવાન તો એક સર્વોપરી અને સર્વાવતારના કારણ એવા પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી છે અને **શાસ્ત્રમાં જેને મૂળ અક્ષર કહ્યા છે તે આજે આ સભામાં તમારી સામે વાતો કરે છે, માટે ઓળખી રાખજો.**''

વિરોધના વંટોળ વચ્ચે પણ કોઈનાથી ડર્યા સિવાય નિધડકપણે કરેલી પોતાના અક્ષર-સ્વરૂપની સ્પષ્ટતાથી સર્વે ટાઢા પડી ગયા.

★

સારંગપુરના વાઘાખાચર કારણ દેહના ભાવ ટાળવા ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. જૂનાગઢ આવતાં રસ્તામાં ભગતજીએ તેમને 'ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે' એવી વાત કરી. પણ તેમને રુચ્યું નહિ. જૂનાગઢમાં એક વખત સ્વામીશ્રીની આજ્ઞાથી સર્વે હરિભક્તો મંદિરની વાડીએ પથ્થર તથા નાના કાંકરા વીણી વાડી ચોખ્ખી કરતા હતા. ત્યાં સર્વેને આનંદમાં અલમસ્ત જોઈને વાઘાખાચરે મહુવાના દામા શેઠને પૂછ્યું : ''આ બધાને આનંદ આવે છે એવો આનંદ મને કેમ નથી આવતો ?''

ત્યારે દામા શેઠે કહ્યું : ''તમે આ પ્રાગજી ભક્તમાં વિશ્વાસ લાવી 'સ્વામી મૂળ અક્ષર છે' એમ સમજો તો તમને પણ આનંદ થાય.''

ત્યારે તેમણે કહ્યું : ''સ્વામી પંડે કહે તો હું માનું.''

થોડી વાર પછી ભગતજીની વૃત્તિથી ખેંચાઈને આવેલા ગુણાતીતાનંદ સ્વામીને તેમણે પૂછ્યું : ''સ્વામી ! આ પ્રાગજી ભણતો છે કે 'સ્વામી આપોઆપ મૂળ અક્ષર છે' તે વાતનું નિરાકરણ કરી આપો.''

ત્યારે સ્વામી કહે : ''જેમ પ્રાગજી કહે છે તેમજ છે.''

તે સાંભળીને વાઘાખાચરે પૂછ્યું : ''સ્વામી તમે પંડે અક્ષર ?'' એટલે સ્વામીએ 'હા' પાડી. આથી વાઘાખાચરને ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે તે પ્રતીતિ થતાં જ નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ અને પરમ આનંદ થયો.

★

એક વખત જન્માષ્ટમીના સમૈયા પર આવેલ નાજા કામળીએ એક સભા પ્રસંગે ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો : ''સ્વામી ! શ્રીજીમહારાજને

સર્વ અવતારના અવતારી, ગોપાળાનંદ સ્વામી તે અક્ષરમુક્ત જાણીએ છીએ, પણ મૂર્તિમાન અક્ષરને કેમ જાણવા અને સમજવા ?''

તે સાંભળી સ્વામીશ્રીએ કહ્યું : **''તમોને પાસે બેસારીને જે હમણાં વાતો કરે છે તે જ અક્ષર છે.''**

★

વળી, મહુવાના હરિભક્તોને પ્રસંગોપાત્ત પોતાના સ્વરૂપની વાત કરતાં કહેલું : ''આ ટાણે અક્ષરધામ તમારી ભેગા કાંકરા વીણે છે.'' તથા ''તમારા ભેગા ખાખરાનાં પાનના પડિયા બનાવે છે.''

★

જૂનાગઢથી છેલ્લી વિદાય લઈને ગુણાતીતાનંદ સ્વામી વંથળી પધાર્યા તે વખતે કલ્યાણભાઈના પુત્ર દેવજીભાઈએ સ્વામીશ્રીની પૂજા કરીને પ્રશ્ન પૂછ્યો : ''સ્વામી ! આપણે સૌ અક્ષરબ્રહ્મની વાત કરીએ છીએ તે અક્ષર કેવું હશે ?''

એટલે સ્વામીએ તેને કહ્યું : ''આ તારા ઘરમાં બેઠું છે એ જ અક્ષર છે.''

## સદ્. ગુણાતીતાનંદ સ્વામીના 'પોતે અક્ષર છે' તે વિષેનાં 'સ્વામીની વાતું'નાં પ્રમાણો

''બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, મહારાજને પુરુષોત્તમ જાણવા ને **આ સાધુને અક્ષર જાણવા** ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા (સ્વયં) મૂળ અક્ષર છે, તે પણ આંહીં દેહ ધરીને આવ્યા છે.'' (સ્વા.વા. ૩/૩૮)

★

''ગામ દેવરાજિયામાં વાત કરી જે, દેહને મૂકીને જેને પામવા હતા, જેને મળવું હતું તે ભગવાન આપણને મળ્યા, ને દેહ મૂકીને ભગવાનને પામવા હતા, સાધુને પામવા હતા, તે ભગવાન ને સાધુ આ આપણને મળ્યા એ જ છે. એમ ગાદી ઉપર હાથ પછાડીને કહ્યું, ને **આ સાધુ છે તે ભગવાનનું ધામ છે.''** (સ્વા.વા. ૪/૫૮)

★

''એક ભક્તે પૂછ્યું જે, 'આત્મા કે દેખાતો નથી ?' પછે સ્વામી કહે,

'દેખાય તો છે પણ મનાતો નથી. જ્ઞાન થાશે ત્યારે મનાશે, '**આ છે એ બ્રહ્મ ને** ગયા એ પરબ્રહ્મ.' એમ મર્મમાં વાત કરી.'' (સ્વા.વા. ૬/૨૦૮)

★

''અક્ષરધામ બહુ જ છેટું છે, પણ આપણને ભગવાને થડમાં (નજીક, પાસે) કર્યું છે. આ મનુષ્ય જેવા થઈને બેઠા છીએ.'' (સ્વા.વા. ૪/૬૧)

★

**''આ સાધુ અક્ષર છે.** તેનો દિવ્યભાવ ને મનુષ્યભાવ એક સમજવો ને આ તો અજન્મા છે, ગર્ભમાં આવ્યા નથી. ને એમની રીત તો નટની માયાની પેઠે સમજવી ને આ તો મહારાજના સંકલ્પે કરીને અહીં દેખાય છે.'' (સ્વા.વા. ૫/૧૮૩)

## સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ કહેલો પોતાનો અસાધારણ મહિમા

''ગામ પીઠવાજાળમાં વાત કરી જે, કોઈ કહેશે જે અક્ષરધામ કેવું હશે ? તો આપણે તો ભગવાન દીઠા છે, અક્ષરધામમાં રહેનારા દીઠા છે, ભગવાનની હજૂરના ને ભગવાનની પાસે રહેનાર દીઠા છે, ને કાનમાં વાતું કરી છે, હવે તો તેજ દેખાતું નથી એટલું બાકી છે. માટે **આ સાધુ છે તેમાં જ ભગવાન રહ્યા છે, માટે વિશ્વાસ રાખજો.''** (સ્વા.વા. ૪/૬૬)

★

''આ સાધુ તો ભગવાનની હજૂરના રહેનારા છે, પળમાત્ર છેટે રહે તેવા નથી ને એ રહ્યા છે તે કોઈ જીવના કલ્યાણને અર્થે રહ્યા છે. ને આ સમે એક વાત થાય છે તેવી વાત બીજા સાધુ જન્મારામાં પણ કરી શકે નહિ ને કરતાં આવડે નહિ ને જન્મારો અભ્યાસ કરે તો પણ એવી વાતો શીખાય નહિ.'' (સ્વા.વા. ૫/૨૦)

★

''....આજ વર્તમાનકાળે જેણે દેહ ધર્યા છે તેને તો એક પગલું અક્ષરધામમાં છે ને જેને **આ સાધુની ઓળખાણ થઈ છે તેને તો બેય પગલાં અક્ષરધામમાં જ છે...''** (સ્વા.વા. ૩/૨૬)

★

**''....આ દેખાય છે એવી ને એવી મૂર્તિ અક્ષરધામમાં છે.** લગારે ફેર

નથી. એમાં તેજ વધારે દેખાડે છે એટલો જ ફેર છે. આ દેખાય એ જ મૂર્તિ અક્ષરધામમાં છે એમ સમજવામાં કાચ્યપ એટલી કાચ્યપ છે; માટે દિવ્યભાવ, મનુષ્યભાવ એક સમજવો એટલે થઈ રહ્યું. બીજું તો તેની પછવાડે આફૂડું સમજાશે.'' (સ્વા.વા. ૫/૨૫૫)

★

''વરતાલમાં વાત કરી જે, બીજું કાંઈ કરવાનું નથી, એના થઈને એને જીવ સોંપી દેવો, એટલે બધુંય કરી રહ્યા છીએ. અને **અક્ષરધામમાં મહારાજ આમ ને આમ ઉત્તરાદે મુખારવિંદે બેઠા છે,** એમ વાત કરીને પગના અંગૂઠાથી તે શિખાપર્યંત હાથની આંગળીએ કરીને બતાવ્યું.'' (સ્વા.વા. ૪/૮૯)

★

આ તો પરદેશી સાધુ છે, તથા મહારાજ પ્રગટ થયા ત્યારે આ સાધુ દીઠા, નહિ તો આ સાધુ બીજે હોય નહિ. (સ્વા.વા. ૪/૭૦, ૫૧)

## સદ્. ગોપાળાનંદ સ્વામીએ કહેલા 'સ્વામી અક્ષર છે' તે વિષેના પ્રસંગો

સં. ૧૯૦૬ના ફાગણ માસમાં સદ્. ગોપાળાનંદ સ્વામી નાવલી પધાર્યા. અહીં એક હિંદુસ્તાની સાધુ કેશવજીવનદાસજી હતા. તેમણે દંડવત્ કરી રડતાં રડતાં સ્વામીને કહ્યું કે ''હું અમદાવાદ દેશનો છું છતાં આપની પાસે વડતાલ રહું છું તેથી સૌ મને કહે છે કે તારું કલ્યાણ નહીં થાય.''

ત્યારે સ્વામીએ તેને ધીરજ આપતાં કહ્યું : ''તું શા માટે મૂંઝાય છે ? હું તને છતી દેહે અક્ષરધામમાં બેસારીશ.''

એ જ સાલમાં ચૈત્ર માસમાં સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામી વરતાલ પધાર્યા ત્યારે સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામી તરફ આંગળી ચીંધીને કહ્યું કે ''મેં તને છતી દેહે અક્ષરધામમાં બેસારીશ એમ કહ્યું હતું તે વાત યાદ છે ને ? **આ ગુણાતીતાનંદ સ્વામી શ્રીજીમહારાજના અક્ષરધામનો અવતાર છે.** તેઓ તને મહારાજના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન કરાવશે. તેમની પાસે રહેજે. વાતો કરતાં તેમનું માથું દુખતું નથી અને મારું તો માથું દુઃખી જાય છે.''

★

એક વખત ગુણાતીતાનંદ સ્વામી ચૈત્રી પૂનમના સમૈયે વરતાલ પધાર્યા

હતા. બંને દેશના આચાર્યો અને મોટા સદ્‌ગુરુઓ આ સમૈયામાં ભેગા થયા હતા. તે વખતે સભામાં સંતપંક્તિમાં પાટ ઉપર પ્રથમ ગોપાળાનંદ સ્વામી, પછી નિત્યાનંદ સ્વામી, શુકસ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી બેઠા હતા.

તે વખતે ગોપાળાનંદ સ્વામીને વિષે હેતવાળા ભોયકાના હરિભક્ત માલજી સોનીને સદ્. ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''મેં તને કહ્યું હતું ને કે હું તને અક્ષરધામ બતાવીશ. **આ ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરધામનો અવતાર છે.** મહારાજે ઘણીવાર તેમને અક્ષરધામ તરીકે ઓળખાવ્યા છે. માટે તું ઓળખી લે !''

સત્સંગમાં કર્ણોપકર્ણ અને પરંપરાથી ચાલી આવતી આ વાતની સત્યતાની ખાતરી કરવા સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજ પોતે ભોયકા ગયા હતા અને માલજી સોનીના સ્વમુખે આ વાત તેમણે સાંભળી હતી. તે પછી યોગીજી મહારાજ અને બીજા સંત-હરિભક્તોને પણ ત્યાં લઈ જઈ તેમના મુખે વાત કહી સંભળાવી હતી.[૩૮]

એક દિવસ મહુવાના ઝીણાભાઈ, પ્રાગજી ભક્ત તથા જાગા ભક્તે મળીને એક પ્રશ્ન ગોપાળાનંદ સ્વામીને પૂછવાનું નક્કી કર્યું અને તે પ્રશ્ન પ્રાગજી ભક્તે સ્વામીને પૂછ્યો : ''અક્ષરધામમાં આપની અને શ્રીજી-મહારાજની પાસે અખંડ રહેવાય અને સર્વ કસર ટળી જાય તે ગૃહસ્થ હોઈએ ત્યારે થાય કે ત્યાગી થઈએ ત્યારે થાય ?''

ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જાણીને અને આ (સામે પોઢેલા ગુણાતીતાનંદ સ્વામી તરફ આંગળી ચીંધીને) **સ્વામી ગુણાતીતાનંદ શ્રીજીમહારાજને રહેવાનું અનાદિ અક્ષરધામ છે** એમ સમજી તેમનામાં જીવ જોડી દે તો ત્યાગી રહે અથવા ગૃહસ્થ રહે પણ અમારાથી અને મહારાજથી કંઈ છેટું ન રહે અને તે વિના તો બંનેથી છેટું જ છે.''

સં. ૧૯૦૫ના જન્માષ્ટમીના સમૈયા ઉપર સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ પધાર્યા, અને અહીં શ્રાવણ વદ નવમીની સભામાં સૌને કહ્યું હતું : ''તમે બધા સ્વામીને જેવા છે તેવા ઓળખતા નથી. મને મહારાજે એકાંતમાં સ્વમુખે સ્વામીનો મહિમા કહ્યો છે કે **આ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર**

૩૮. શાસ્ત્રીજી મહારાજના રેકોર્ડ કરેલા પ્રવચનમાં આનો ઉલ્લેખ છે.

**છે.**'' એમ કહી ભાદરાના હરિભક્તો ડોસાભાઈ, રત્નાભાઈ તથા વશરામ સુથાર પાસે, ભાદરામાં સૌ પ્રથમ મહારાજે ગુણાતીતાનંદ સ્વામીનો જે મહિમા કહ્યો હતો તે વાત સભામાં કરાવી.

★

સં. ૧૯૦૮માં ધામમાં જતાં પહેલાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો. તે વખતે વડોદરાના ભક્તો બાપુ રાયજી, પ્રેમાનંદ વગેરેએ સ્વામીને પ્રાર્થના કરી કે ''સ્વામી ! એકવાર વડોદરા સામી દૃષ્ટિ કરો.'' (પહેલાં સ્વામી વડોદરા બહુ રહ્યા હતા).

ત્યારે સ્વામી બોલ્યા : ''હવે વડોદરા સામી દૃષ્ટિ ન હોય. હવે તો અક્ષરધામમાં જ્યાં મહારાજ બિરાજે છે ત્યાં દૃષ્ટિ હોય કાં જૂનાગઢમાં જૂનાગઢના જોગી જે સાક્ષાત્ અક્ષરધામ છે ત્યાં દૃષ્ટિ હોય.''

આ વાત સાંભળી બોટાદના શિવલાલ શેઠે સ્વામીને પૂછ્યું : ''જૂનાગઢના જોગી સામું દૃષ્ટિ રાખવાનું કહ્યું તે શું ?''

ત્યારે સ્વામીએ કહ્યું : ''**આ જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી તે મહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. મહારાજ તેમનાથી અણુમાત્ર છેટા નથી.**''

★

## સદ્. ગોપાળાનંદ સ્વામીએ કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા

જૂનાગઢ આવતાં રસ્તામાં ગઢડામાં એક વખત ગોપાળાનંદ સ્વામીએ વાત કરી હતી : ''મહારાજે જુદા જુદા મંદિરના મહંત નીમ્યા પણ ખરો વ્યવહાર તો જૂનાગઢના મહંત ગુણાતીતાનંદ સ્વામીને આવડ્યો કહેવાય, કેમ જે એમણે નાગરોની આટલી ઉપાધિમાં પણ મંદિર પૂરું કર્યું. મંદિરનો વ્યવહાર સુધાર્યો. આખા સોરઠ દેશમાં સત્સંગ ફેલાવ્યો. સાધુઓને ધર્મ નિયમમાં વર્તાવ્યા. આચાર્ય રઘુવીરજી મહારાજને રાજી કર્યા અને સાથે સાથે અખંડ કથાવાર્તા કરીને એક ક્ષણ પણ મહારાજની મૂર્તિને ભૂલ્યા નથી. માટે એવા સદ્‌ગુરુ તો આખા સત્સંગમાં નથી. **એ તો સર્વજ્ઞ છે, સર્વદક્ષ છે અને ધન્વંતર વૈદ્ય છે.''**

★

એક વખત ગોપાળાનંદ સ્વામી જૂનાગઢ વિરાજમાન હતા. મંદિરમાં ઢોર માટે ઘાસ કાપવા પાર્ષદો ડુંગરમાં જતા હતા. તેમને જતાં જોઈ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : 'ભેંસલા ડુંગર પર વાદળો બેઠાં છે. માટે વરસાદ બહુ થશે અને તમે બધા પલળી જશો. માટે ઘાસ લેવા જશો નહિ.'

તેઓ પાછા વળ્યા ત્યાં ગુણાતીતાનંદ સ્વામી તેમને સામે મળ્યા અને કહ્યું : 'ઠાકોરજીને ગાયનું દૂધ જ ભાવે છે. તે ગાયો લીલું ઘાસ ખાધા વગર દૂધ ક્યાંથી આપશે ? માટે જાઓ, વરસાદ પછી પડશે.'

પાર્ષદો તો ગયા અને તેઓ પાછા આવ્યા પછી જ વરસાદ ધોધમાર પડ્યો. ગોપાળાનંદ સ્વામીને આશ્ચર્ય થયું. પણ જ્યારે તેમને પાર્ષદોએ કહ્યું કે સ્વામીની આજ્ઞાથી ગયા હતા, ત્યારે તેમણે કહ્યું કે ''અહો ! **આ તો જોગીનું કામ છે. મારું કહ્યું તો એ જ ફેરવી શકે.**''

★

સં. ૧૯૦૮માં સદ્. ગોપાળાનંદ સ્વામીએ અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો અને આ લોકમાંથી ઉદાસ થઈ ગયા. આ જોઈ બોટાદના શિવલાલ શેઠ ઊંડા ઊતરી ગયા અને થોડીવાર પછી ગળગળા થઈને ગોપાળાનંદ સ્વામીને પૂછ્યું : ''સ્વામી ! હવે અમારો કોઈ આધાર ?''

એટલે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''તારે શું આધાર જોઈએ છે ? જો વ્યવહાર શીખવો હોય તો સુંદરિયાણાના પૂજા શેઠ પાસે જજે અને **વ્યવહાર અને મોક્ષ બંને શીખવા હોય તો જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજે. સ્વામી જેવા સમર્થ કોઈ સાધુ નથી.''**

★

એક વખત પ્રાગજી ભક્તને ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''પ્રાગજી ! તું જૂનાગઢ જઈશ ? પ્રાગજી ! તું જૂનેગઢ જજે અને મેં તને જે જે કોલ આપ્યા છે તે સર્વે ત્યાં પૂરા થશે.''

★

ગોપાળાનંદ સ્વામી ધામમાં પધાર્યા ત્યારે જાગા ભક્તને સ્વપ્નમાં દર્શન દીધાં. જાગા ભક્તે પૂછ્યું : ''સ્વામી ! તમે તો ચાલ્યા, હવે મારે શું કરવું ? મારું ધાર્યું થતું નથી.''

સ્વામીએ તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં, મળ્યા અને પૂછ્યું : ''શું

ધાર્યું કરવું છે ?''

જાગા ભક્તે કહ્યું : ''ત્યાગી થઈ જૂનાગઢ સ્વામીની સેવામાં રહેવું છે.''

સ્વામીએ કહ્યું : **''જૂનાગઢ સ્વામીની સેવામાં રહો એમાં અમારો બહુ રાજીપો છે.''**

આ ઉપરાંત, ગોપાળાનંદ સ્વામીએ બ્રહ્મચારી અચિંત્યાનંદજી, માધવચરણદાસજી વગેરે અનેક ત્યાગીઓ તથા નથુ પટેલ, દેહાખાચર, જેઠા-ખાચર, મનજી ઠક્કર, જીભાઈ શેલત, વાઘજીભાઈ, કરશનભાઈ દેસાઈ વગેરે અનેક હરિભક્તોને પણ ગુણાતીતાનંદ સ્વામીમાં જોડ્યા હતા.

## અન્ય પરમહંસોએ કહેલા 'સ્વામી અક્ષર છે' તે વિષેના પ્રસંગો

સંવત ૧૯૩૯માં ઘનશ્યામ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય પ્રાગજી ભગત સુરત આવ્યા હતા. તે વખતે તેમની દૃષ્ટિ શ્રીજીમહારાજના મળેલા વિદ્વાન પરમહંસ સ્વામી વિજ્ઞાનાનંદજીના શિષ્ય સાધુ યજ્ઞપુરુષદાસ (શાસ્ત્રીજી મહારાજ) પર પડી. તેમને 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે' તે પ્રતીતિ કરાવવા તેમણે સ્વામી વિજ્ઞાનાનંદજીને પ્રશ્ન પૂછ્યો : ''સ્વામી તમારા વખતમાં ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે એવી જે વાત થતી હતી તે આજે કહો.''

પ્રાગજી ભક્તની આ વાત સાંભળી તેમણે આજુબાજુ જોયું અને પછી ધીરેથી બોલ્યા : **''સ્વામી મૂળ અક્ષર છે એ વાત મેં ઘણીવાર મહારાજ પાસેથી સાંભળી છે. વળી, ગોપાળાનંદ સ્વામી પણ એ વાતનું ઘણું જ પ્રતિપાદન કરતા. તેથી એ વાત મારા જીવમાં છે.''**

એટલી વાત કરી એટલામાં ઢોલિયા નીચે સંતાયેલા યજ્ઞપુરુષદાસ બહાર નીકળ્યા અને તેમને કહ્યું : ''આ વાત તમે મને કેમ અત્યાર સુધી ન કહી ?''

વિજ્ઞાનાનંદ સ્વામીએ કહ્યું : ''જુઓ, હજુ મહારાજનું પુરુષોત્તમપણું આ સત્સંગમાં ઘણાને સમજાતું નથી. ત્યાં સ્વામી અક્ષર છે એવી ગેડ કેમ બધાને બેસે ? એટલા માટે રુચતું રુચતું કહેવું. પણ **તમે આ વાત સાંભળી છે તો તે સાચી છે અને જીવમાં એ પ્રમાણે સમજી રાખશો.''**

★

એક વખતે ગઢડામાં નૃસિંહાનંદ સ્વામી, ઈંગોરાળાવાળા કુંવરજી પટેલને

કહે : ''કુંવરજી પટેલ ! આ ગઢડા મંદિરના કાંગરા કેટલા છે ?''

તો કહે : ''ઘણા.''

ત્યારે નૃસિંહાનંદ સ્વામી કહે : ''જો ગુણાતીતાનંદ સ્વામી પોતે અક્ષરધામ છે એ વાત ખોટી હોય તો કાંગરે કાંગરે એક બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ (મને લાગે). તારે માનવું હોય તો માન, નહીં માને તો રેણે દે (રહેવા દે).''

★

શ્રીજીમહારાજના અંગત સેવક નાજા જોગિયા મહારાજના સ્વધામગમન પછી સાધુ થયા હતા. તેમનું નામ ઘનશ્યામદાસ હતું. તેઓ ધ્યાનમાં બેઠા હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ તેમનો સંકલ્પ પકડ્યો હતો.

તેમનો આવો પ્રતાપ જોઈ તેઓ બોલ્યા : ''આજ સુધી તો હું તમને ખંડિયા રાજા જેવા સમજતો હતો પણ **તમે તો ચક્રવર્તી છો. તમે 'અખ્ખર' (અક્ષર) ખરા.''**

## અન્ય પરમહંસોએ કહેલો 'સ્વામી'નો અસાધારણ મહિમા

સદ્. શુક સ્વામીએ એક વખત સુરતમાં કહ્યું હતું કે ''જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી વાતો કરે છે તેથી મહારાજની વાતો જેટલો સમાસ થાય છે.''

★

સદ્. નિત્યાનંદ સ્વામીએ જૂનાગઢમાં સ્વામીની વાતો સાંભળી કહ્યું હતું : ''અહોહો ! સ્વામી તો શ્રીજીમહારાજે જેવા કહ્યા હતા તેવા આજે જ સમજાયા. ઠીક મંડ્યા છે. કેટલા બળથી ઉપદેશ કરે છે ! બીજાથી આવું ન બોલાય. પંડનું વર્તન સારું ન હોય તો શું બોલી શકે ? અને કદાચ બોલે તો કોઈને ભાર ન પડે. સ્વામીનું તો જેવું વર્તન તેવી જ વાણી. વાણીમાં કદાચ સંકોચ રાખે પણ વર્તનમાં તો શ્રીજીની આજ્ઞામાં રંચમાત્ર પણ ફેર પડવા દેતા નથી. આખો સોરઠ ધ્રુજાવી દીધો છે. શ્રુતિમાં કહ્યું છે કે –

**यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम् ॥**

*(કઠોપનિષદ : ૨/૧-૨૩; મુંડકોપનિષદ : ૩-૨-૩)*

જેના ઉપર ભગવાનની કૃપા થાય છે તેને જ તે વરે છે. સ્વામી ઉપર મહારાજની અનહદ કૃપા છે, એટલે **સ્વામી મહારાજનું સ્વરૂપ છે.** વળી, પોતે

પણ કૃપા કરે છે તેને પોતાના જેવા કરી દે છે.''

★

સદ્. બ્રહ્માનંદ સ્વામીએ મૂળીમાં સ્વામીને કહ્યું હતું કે ''સ્વામી ! હું તો હવે ધામમાં જાઉં છું, પણ તમો ધામમાં આવવાની ઉતાવળ કરશો નહિ, ધીરા રહેજો. શ્રીજીમહારાજનું પુરુષોત્તમપણું પ્રવર્તાવવા ગોપાળાનંદ સ્વામી રહ્યા છે અને તમારે પણ તે સારુ રહેવાનું છે. જે વાત પ્રવર્તાવવા સારુ આપણે ધામમાંથી આવ્યા છીએ તે વાત બરોબર પ્રવર્તાવી પછી જ ધામમાં આવજો.''

★

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ તેમના કીર્તનમાં લખ્યું છે :

'જેવા એ સંત કહીએ શિરોમણિ, એવા હરિ સૌ શિરમોડ,
નિષ્કુળાનંદ નિહાળતાં ન જડે એ બેની જોડ,[૩૯]
અનુપ સંતને આપું ઉપમા....'

★

શ્રીજીમહારાજે વરતાલમાં સદ્. બ્રહ્માનંદ સ્વામી અને સદ્. મુક્તાનંદ સ્વામીની વચ્ચે સ્વામીને બેસાડી તેમનો બહુ મહિમા કહ્યો. પછી બીજે દિવસે સ્વામીએ મુક્તાનંદ સ્વામી પાસે પ્રસાદી માંગી ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા : ''ભા, બહુ છેતર્યા; હવે એ દિવસ ગયા. હવે પ્રસાદી ન અપાય.''

★

સદ્. ભાઈ આત્માનંદ સ્વામીને સ્વામીએ સર્વોપરી નિષ્ઠા કરાવી. પછી સ્વામીએ તેમની પ્રસાદી માગી ત્યારે ભાઈ આત્માનંદ સ્વામી બોલ્યા : ''ઊલટી ગંગા ન હોય. આજ સુધી ગંગા ઊલટી હતી તે આજે સવળી થઈ છે.'' (ભાઈ આત્માનંદ સ્વામી મોટા હતા, તેથી કાયમ સ્વામીને પ્રસાદી આપતા, પણ આ વાત સમજ્યા પછી પ્રસાદી ન આપી).

★

---

૩૯. 'એ બેની જોડ' એટલે મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી. આ સિદ્ધાંત સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પણ પ્રવર્તાવ્યો છે. કારણ, તેમને એ બંને સ્વરૂપોની ઓળખાણ હતી, એમ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મોટા સદ્‌ગુરુઓ થકી સાંભળેલું કહેતા.

સ્વામીનું વર્તન અને વાણી જોઈ સદ્. કૃપાનંદ સ્વામી કહેતા કે ''તમને તો ગુરુ કરવા જોઈએ.''

★

આદિ આચાર્ય રઘુવીરજી મહારાજે પોતાની પાંચેય ગ્રંથિઓ ગાળવાની સ્વામીને વિનંતી કરી. સ્વામી કહે : ''તમે તીર્થવાસી થઈ જૂનાગઢ આવો તો ગાળી દઉં.''

આચાર્ય મહારાજે કહ્યું : ''હું તીર્થવાસી થઈ જૂનાગઢ ન આવું તો હું રઘુવીરજી નહિ.''

ત્યારે સ્વામીએ કહ્યું : ''હું ગ્રંથિઓ ન ગાળું તો હું ગુણાતીત નહિ.''

આચાર્ય મહારાજને પણ સ્વામીની આવી અતુલ શક્તિમાં સંપૂર્ણ વિશ્વાસ હતો. પોતે તીર્થવાસી થઈ જૂનાગઢ રહ્યા અને સ્વામીએ તેમની સઘળી કસર દૂર કરી.

એક પ્રસંગે સ્વામીએ પરભાવમાં આવી અલૌકિક વાતો કરી ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું : ''સ્વામી ! આજ તો ઘણી સમજવા જેવી વાતો કરી. આ વાતો તો કરોડો જન્મની કસર ટાળીને સાક્ષાત્ અક્ષરધામની પ્રાપ્તિ કરાવે તેવી વાતો છે.''

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : ''મહારાજ **! હું એકેય ધારતો નથી. એ તો માંહી રહીને શ્રીજીમહારાજ પંડે બોલે છે.''**

એટલે રઘુવીરજી મહારાજ બોલ્યા : ''હા, સ્વામી ! એ તો પ્રત્યક્ષ દેખાય છે કે **તમારે વિષે રહીને મહારાજ સદાય વાતું કરે છે.''**

★

શ્રીજીમહારાજના અંગત સેવક બાપુ રતનજી સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા હતા. સ્વામીને તેમણે કહ્યું : ''જેવો મહારાજે આપનો મહિમા કહ્યો હતો એવા જ આપને મેં જાણ્યા છે. મારી કોઈ ખામી હોય તો ભાંગી નાખજો અને સદા દૃષ્ટિ રાખજો. મહારાજ તમારા દ્વારા અખંડ રહ્યા છે એમ નજરે દેખાય છે. માટે મારી સંભાળ તમે રાખજો.'' એમ કહી વિદાય લીધી.

તે પછી તેમને વિદાય આપવા ગયેલા જાગા ભક્તને તેમણે કહ્યું : ''વાતો કરનારા અને ઝીલનારા તમારા જેવા જૂનાગઢમાં જ છે. મહારાજ

ઘણી વાર કહેતા કે 'આ ગુણાતીતાનંદ સ્વામી જેવા કોઈ સમર્થ સાધુ નથી.' બીજા કેટલાય મુક્તો મહારાજ સાથે પધાર્યા હતા, પણ તેમની મોટપ અક્ષર તુલ્ય તો નથી જ. સ્વામીની મોટપ તો આગળ જણાશે. માટે સ્વામીના ઓશિયાળા થજો, પણ તેમને ઓશિયાળા કરશો નહિ. શ્રીજીમહારાજ છતે સત્‌યુગ વર્તતો હતો, તેથી કામના અને ઊંઘના સંકલ્પો જુવાનીમાં પણ થતા નહિ. સ્વામી પાસે પણ એવો જ સત્‌યુગ વર્તે છે. માટે સ્વામીને રાજી કરશો તો મહારાજ રાજી થયા છે તેમ માનજો.''

આ ઉપરાંત સદ્. આનંદાનંદ સ્વામી, સદ્. પવિત્રાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓ અને લોધિકાના દરબાર અભેસિંહજી વગેરે હરિભક્તોના સ્વામી વિષે સ્વાનુભાવના મહિમાના ઉદ્‌ગારો છે, જે સંપ્રદાયમાં પ્રચલિત છે.

## 'સ્વામી અક્ષર છે' તે વિષેનાં અન્ય પ્રમાણો

અક્ષરની વાત નવી નથી. શ્રીજીમહારાજના સમયથી જ એ વાત ચાલી આવે છે. શાસ્ત્રીજી મહારાજ વરતાલથી નીકળ્યા પહેલાં જ સંપ્રદાયમાં આ અંગે ઉલ્લેખો છે.

દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ જે ઓરડીમાં રહેતા તે ઓરડી ત્યારથી જ '**અક્ષર ઓરડી**' તરીકે ઓળખાય છે. આમ, મહારાજને રહેવાનું સ્થાન અક્ષર છે.

★

જેતપુરમાં જ્યાં શ્રીજીમહારાજનો પટ્ટાભિષેક કરવામાં આવ્યો હતો ત્યાંના જૂના મંદિરમાં ચાંદીના ઉપાડની ગુણાતીતાનંદ સ્વામી અને મહારાજની યુગલ મૂર્તિ છે, જેમાં ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ નીચે '**મૂળ અક્ષરમૂર્તિ** ગુણાતીતાનંદ સ્વામી' અને મહારાજની મૂર્તિ નીચે 'પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદ સ્વામી' લખેલું છે.

★

ગોંડલમાં વરતાલ તાબાના જૂના મંદિરમાં આરસના સિંહાસનમાં (જે સ્થળે ગુણાતીતાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો હતો) અક્ષરપુરુષોત્તમ એટલે કે ગુણાતીતાનંદ સ્વામી અને મહારાજની મૂર્તિઓ છે.

★

વરતાલ તાબાના જૂનાગઢ મંદિરમાં સભામંડપમાં ગુણાતીતાનંદ સ્વામીની તૈલરંગી (ઓઇલપેઇન્ટ) ભવ્ય ચિત્રપ્રતિમા નીચે **'અનાદિ મૂળ અક્ષરમૂર્તિ** શ્રી ગુણાતીતાનંદ સ્વામી' લખેલું હતું.[૪૦]

★

નવા સભામંડપમાં (જૂના સભામંડપમાં જ્યાં સ્વામીનું આસન હતું ત્યાં) આરસની દેરી બનાવી, ચરણારવિંદ પધરાવી, આ પ્રમાણે લેખ છે : ''પ્રસાદીની જૂની ધર્મશાળામાં આ સ્થળે **અનાદિ મૂળ અક્ષરમૂર્તિ** સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ ૪૦ વર્ષ બિરાજી કથાવાર્તા કરી હતી.''

આ સિવાય સિંહાસનની બાજુમાં, સ્વામી સ્નાન કરતા તે પ્રસાદીની ચોકડી, પ્રદક્ષિણામાં આરસની છત્રીમાં વગેરે અનેક પ્રસાદીનાં સ્થાનોએ સ્વામીનો **'મૂળ અક્ષર'** તરીકે ઉલ્લેખ કરી લેખો કોતરેલા છે.

આ ઉપરાંત સોરઠ દેશમાં પંચતીર્થનાં અનેક પ્રસાદીનાં સ્થળો જ્યાં ગુણાતીતાનંદ સ્વામીનો ઉલ્લેખ છે ત્યાં **'અનાદિ મૂળ અક્ષર'** શબ્દો એમના નામની આગળ લેખોમાં કોતરેલા જ છે.

★

તેમજ સોરઠ દેશમાં – જૂનાગઢ દેશમાં વરતાલ તાબાનાં (રાજકોટ, ગોંડલ, જેતપુર, પીપલાણા, વંથળી, પંચાળા, ધોરાજી, ઉપલેટા વગેરે સ્થાનોમાં) શિખરબદ્ધ મંદિરો અને હરિમંદિરોમાં અક્ષરપુરુષોત્તમની પટમૂર્તિઓ (ચિત્ર-પ્રતિમાઓ), જૂનાગઢના સદ્. બાળમુકુંદદાસજી, સદ્. કૃષ્ણચરણદાસજી વગેરેએ દરેક સ્થળે પધરાવી છે. અને દરેક જગ્યાએ ગુણાતીતાનંદ સ્વામીના નામ આગળ **'અનાદિ મૂળ અક્ષર'** એવા શબ્દો લખેલા છે.

★

ગુણાતીતાનંદ સ્વામીના દેહને જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો તે વાડીમાં, ગોંડલનાં તે વખતનાં રાજમાતા મોંઘીબાએ દેરી ચણાવી તે પર મહારાજનાં પ્રસાદીનાં ચરણારવિંદ પધરાવ્યાં છે. આ દેરી તે વખતથી એટલે કે શાસ્ત્રીજી મહારાજે મંદિર કર્યું તે પહેલાં વર્ષોથી **'અક્ષર દેરી'** તરીકે જ સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે.

---

૪૦. ગુણાતીતાનંદ સ્વામીએ બંધાવેલો મહાપ્રસાદીનો જૂનો સભામંડપ ભસ્મીભૂત થતાં, આ મૂર્તિ હવે રહી નથી.

સં. ૧૯૨૩થી લગભગ ૬૫ વર્ષ સુધી એ દેરી અને તેની આજુબાજુની જગ્યા, જે એક સુંદર વાડી હતી, તેનો વહીવટ વરતાલ તાબાનું ગોંડલનું સ્વામિનારાયણ મંદિર (જૂનું મંદિર) કરતું હતું. તે મંદિરના આ સાલના હિસાબના ચોપડાઓમાં પણ આ વાડીનો ખર્ચનો ઉલ્લેખ **'અક્ષર વાડી'**ના ખર્ચ તરીકે છે.

★

જૂના ખરડામાં શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને શ્રીકૃષ્ણ, મુક્તાનંદ સ્વામીને નારદજી, નિત્યાનંદ સ્વામીને વ્યાસજી, શુકમુનિને શુકજી તથા ગુણાતીતાનંદ સ્વામીને **'અક્ષર'** લખાવ્યા છે.

આ પ્રમાણે શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમનાં મંદિરો કર્યાં તે પહેલાંના આ બધા ઉલ્લેખો છે. તેથી અક્ષરની વાત શાસ્ત્રીજી મહારાજે નવી પ્રવર્તાવી નથી પણ શ્રીજીમાન્ય સિદ્ધાંત અનુસાર જ તે પ્રવર્તાવી છે.

★

**'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે'** તે વાતની સત્યતા માટે શાસ્ત્રીજી મહારાજે પોતાની વિચક્ષણ બુદ્ધિથી ખૂબ જ ચકાસણી કરી છે. આગળ જણાવેલ બધા જ પ્રસંગો તથા તે ઉપરાંત પણ ઘણા પ્રસંગો તેમને કોઈ ન કોઈ થકી પોતે સ્વયં સાંભળીને તેના સત્યપણાની ચકાસણી કરી છે. ક્યા પ્રસંગો કોના થકી સાંભળ્યા છે, તે ઉલ્લેખ સાથે તેમણે એક પત્ર આફ્રિકાના હરિભક્તોને લખેલો છે. તે પત્રમાં એક પ્રસંગનો ઉલ્લેખ કરતાં તેઓ લખે છે :

''વિશેષમાં કોઠારી ગોરધનભાઈને મેં ખાનગી પૂછેલું કે આપ તથા બીજા કેટલાક 'સ્વામી અક્ષર છે' તેમાં વિરુદ્ધ છો, પણ રઘુવીરજી મહારાજ સમાગમ કરવા જતા હતા તે સમજ્યા હતા કે નહિ ? ત્યારે ખાસ કોઠારીએ કહ્યું કે 'પ્રથમ જતા હતા, ત્યારે તો નક્કી ન બોલતા, પણ સત્તરની સાલે ગયા ત્યારે તો સ્વામીરૂપ થઈ ગયા હતા ને **'સ્વામી અક્ષર છે'** એમ જાણતા હતા, તે હું પ્રતિજ્ઞાપૂર્વક આપને જણાવું છું.''

અંતે એ પત્રમાં તેઓ લખે છે :

**''મને ખોટી વાત ગોઠવણી કરીને બીજાને સમજાવી સ્વાર્થ સાધવો એવું આવડતું નથી.** ને અસત્યમાં ઘણું પાપ છે. ભાગવતમાં લખ્યું છે કે 'નાસત્યાત્ પરં પાપમ્' વળી, પૃથ્વીએ કહ્યું કે બધા પાપી પુરુષોનો ભાર હું સહન કરી

શકું છું પણ અસત્ય બોલનારનો ભાર સહન કરી શકતી નથી. મારે કોઈ પ્રકારે અસત્ય વાતમાં દુરાગ્રહ કરવો હોય નહિ. **માટે ખાસ મારો વિશ્વાસ હોય તો; સાચાબોલો, પ્રામાણિક પુરુષ હોઉં એમ માનતા હો, તો ઉપરની વાત સાચી માની, ખરા અંતઃકરણથી 'સ્વામી અનાદિ અક્ષર છે ને શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે' – તે વાતની નિષ્ઠા કરશો.''**[૪૧]

આ રીતે 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે' એ વાત સત્ય હતી તો શ્રીજીમહારાજની ઇચ્છાનુસાર એ સિદ્ધાંતનું પ્રવર્તન થયું.

ગુણાતીતાનંદ સ્વામી અક્ષર છે એ સિદ્ધાંતના પ્રવર્તન પછી સદ્. ગોપાળાનંદ સ્વામી અક્ષરનો અવતાર છે, તેવો વ્યવસ્થિત પ્રચાર[૪૨] શરૂ થયો અને મંદિરોમાં પણ પાછળથી ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ નીચે 'મૂળ અક્ષરમૂર્તિ ગોપાળાનંદ સ્વામી' એમ લખેલું જણાય છે.

આથી, ગુણાતીતાનંદ સ્વામીને ભલે મૂળ અક્ષર તરીકે કોઈ કદાચ ન સ્વીકારે, પણ અક્ષરપુરુષોત્તમનો સિદ્ધાંત સત્ય છે અને મહારાજની પૂજા-ભક્તિ-ઉપાસના તેમના ભક્ત સાથે થાય એ સિદ્ધાંત આપોઆપ સ્વીકારાઈ જાય છે. અર્થાત્ શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત સત્ય ઠરે છે.

## 'સ્વામી અક્ષર છે' – જીવન અને કાર્યના આધારે

ગુણાતીતાનંદ સ્વામીનું જીવન અને કાર્ય શ્રીજીમહારાજના બીજા કોઈપણ પરમહંસોનાં કે ભક્તોનાં જીવન અને કાર્યની તુલનામાં શ્રેષ્ઠ અને સર્વોપરી છે, તે તેમના જીવનના અનેક પ્રસંગથી દેખાય છે. તેમાંથી મુખ્ય મુદ્દાઓ જોઈએ :

બાલ્યકાળથી જ સ્વામી મહારાજને અખંડ દેખતા. ચાર વર્ષની ઉંમરે તેમણે તેમનાં માતાને કહ્યું કે ''મા ! આજે જનોઈનાં ગીત ગાઓ. અયોધ્યામાં ભગવાનને આજે જનોઈ દેવાય છે.''

---

૪૧. જુઓ : 'સ્વામિનારાયણ પ્રકાશ'; ફેબ્રુઆરી, ૧૯૮૮.

૪૨. આ પ્રવર્તન સદ્. ગોપાળાનંદ સ્વામીના શિષ્ય ગઢડાના માના ભગતે શરૂ કર્યું હતું. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે તેમને કહ્યું : 'તમે આ શિક્ષાપત્રી હાથમાં લઈને કહો કે ગોપાળાનંદ સ્વામી અક્ષર છે.' ત્યારે તેઓ થડક્યા અને બોલ્યા : 'તે સમયે એવી કોઈ વાત થઈ ન હતી.' (શાસ્ત્રીજી મહારાજના રેકોર્ડ કરેલા પ્રવચન ઉપરથી).

ઘનશ્યામ વનવિચરણ કરવા નીકળ્યા ત્યારે તેમણે માતાને કહ્યું કે ''મા ! આજે ધામના ધણી વનવિચરણ કરવા નીકળ્યા છે.''

★

મહેમદાવાદમાં બ્રહ્મના મિથ્યાજ્ઞાનથી ઉન્મત્ત બનેલા વિદ્વાનોનો તેમણે પોતાના ઐશ્વર્યથી પરાભવ કર્યો હતો.

★

તેમણે પોતાના સમગ્ર જીવન દરમ્યાન પોતાના અસાધારણ સામર્થ્યથી અનેક ચમત્કારો બતાવીને કેટલાયના અસાધ્ય રોગ દૂર કર્યા. ઘણાને નવું જીવન અર્પ્યું. કેટલાયને મહાકષ્ટોમાંથી મુક્ત કર્યા હતા. ઘણાને સમાધિ કરાવી અક્ષરધામનાં દર્શન કરાવ્યાં હતાં.

★

સ્વામીએ માણસાના વાલેરો વરુ, લીલાખાના મુંજો સુરુ, કામરોળના દરબાર દાજીભાઈ વગેરે અનેક પાપી આસુરી જીવોનું પરિવર્તન કરીને તેઓને સત્સંગી કર્યા હતા.

★

સ્વામીએ પોતાના આશ્રિત સાધુઓમાં શ્રીજીએ સ્થાપેલ ધન-સ્ત્રીના ત્યાગની મર્યાદા દૃઢ પળાવી હતી અને પોતાના આશ્રિત હરિભક્તો પણ પંચ-વર્તમાને યુક્ત, પંચવિષયથી અલિપ્ત આદર્શ જીવન જીવતા હતા. શિરસાટે સત્સંગ રાખે તેવા આદર્શ ભક્તો તેમણે કર્યા હતા.

★

સ્વામીએ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તથા અનેક સાધુ હરિભક્તોને પોતાના અક્ષરપણાનો અનુભવ કરાવી શુદ્ધ બ્રહ્મસ્થિતિ કરાવી, મહારાજમાં જોડ્યા હતા. તેમાં ભગતજી મહારાજ, જાગા સ્વામી, બાળમુકુંદદાસ સ્વામી, યોગેશ્વરદાસ સ્વામી, માધવપ્રિયદાસ સ્વામી, માધવચરણદાસ સ્વામી, કૃષ્ણજી અદા, બોટાદના શિવલાલ શેઠ, વસોના વાઘજીભાઈ, વણથલીના કલ્યાણભાઈ, બગસરાના વેલો સથવારો, કમીગઢના રયો દેસાઈ, હામાપરના કરસન બાંભણિયો, ચાડિયાના રામ ભંડેરી, ઉપલેટાના લાલાભાઈ, અરજણભાઈ વગેરે હતા.

★

સ્વામીની વાતોમાં સ્વરૂપનિષ્ઠા, બળ, માહાત્મ્ય અને શૂરવીરતાના જેવા પડકારા છે એવા બીજા સદ્‌ગુરુઓની વાતોમાં મળતા નથી. તેમણે જ્યાં જ્યાં સત્સંગ કરાવ્યો ત્યાં શ્રીજીમહારાજની શુદ્ધ સર્વોપરી નિષ્ઠા કરાવી અને બીજા અવતારો, દેવ-દેવીઓ, મંત્ર, જંત્ર, દોરા, ધાગાનો ભાર રહેવા દીધો નહિ.

★

વળી, સ્વામીએ હરિલીલાકલ્પતરુ જેવો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ રચાવી, સર્વોપરી નિષ્ઠા અને સત્સંગ સાહિત્યની અપૂર્વ પુષ્ટિ કરાવી.

★

જૂનાગઢ મંદિરોનો વ્યવહાર અપૂર્વ વ્યવસ્થાશક્તિથી કરવા છતાં તેમણે કદી ખરડો કર્યો ન હતો. તેમનો સિદ્ધાંત શ્રીજીની નિષ્ઠા દૃઢ કરાવવાનો હતો. એ થયા પછી હરિભક્તો વાપરે ક્યાં ? નિષ્ઠા દૃઢ થયા પછી મહારાજ, સ્વામી અને મંદિરો માટે સર્વસ્વ આપનાર હરિભક્તો તૈયાર થયા હતા. એટલે તો ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું : 'મહારાજ ! આ જૂનાગઢની ખેંગારવાવ સોરઠના સત્સંગીઓનાં માથાં વડે ભરવી હોય તો ભરી દઉં, એવો સત્સંગ સમજાવ્યો છે.'

★

મંદિરનો મોટો વ્યવહાર, સતત ચાલુ રહેતાં કારખાનાં વગેરે અનેક પ્રકારની પ્રવૃત્તિ હોવા છતાં સ્વામીએ કથાવાર્તા ક્યારેય ગૌણ પાડી નથી. સતત કથાવાર્તાનો અખાડો ચાલુ રાખ્યો.

★

ગુણાતીતાનંદ સ્વામીના વિશિષ્ટ વ્યક્તિત્વમાં સાધુતાની પરાકાષ્ઠા, શ્રીજીમહારાજ વિષેની પરાભક્તિની ઉત્કૃષ્ટતા, પંચવર્તમાનની દૃઢતા, શ્રીજીમહારાજના પડ્યા બોલ ઝીલવાની તત્પરતા અને નિષ્ઠા કે નિયમ-ધર્મમાં કોઈપણ મહોબત કે બીક રાખ્યા વગર, નીડરતાથી સાચી વાત કરવામાં સ્પષ્ટવક્તાપણું, અનેક માન-અપમાનના પ્રસંગોમાં સ્થિતપ્રજ્ઞતા જેવા અનેક વિશેષ ગુણો હતા.

★

સૌથી વિશેષ તો તેમની શિષ્યપરંપરામાં બ્રાહ્મીસ્થિતિ આજ પર્યંત

ચાલી આવે છે. જ્યારે બીજે એવી ઉજ્જ્વળ શિષ્યપરંપરા દેખાતી નથી.

આ રીતે તેમનું જીવન, કાર્ય અને ઉપદેશ જોતાં તેઓ શ્રીજીમહારાજના પરમ કૃપાપાત્ર, ધામરૂપ મૂળ અક્ષર અને ઉત્તમ અદ્વિતીય ભક્ત તરીકે પ્રસિદ્ધ થયા. તેથી જ જીવમાત્રને બ્રહ્મરૂપ થવા માટે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અનિવાર્ય આદર્શ છે.

આપણા સદ્‌ગુરુઓ બ્રહ્મ અને પરબ્રહ્મના મહિમાની આ ધૂન નિત્ય બોલાવતા :

સ્વામી અને નારાયણ,
સ્વામી તે ગુણાતીત સ્વામી,
નારાયણ સહજાનંદ સ્વામી.
અક્ષર અને પુરુષોત્તમ,
અક્ષર તે ગુણાતીત સ્વામી,
પુરુષોત્તમ સહજાનંદ સ્વામી.
બ્રહ્મ અને પરબ્રહ્મ,
બ્રહ્મ તે ગુણાતીત સ્વામી,
પરબ્રહ્મ સહજાનંદ સ્વામી.

આ પ્રમાણે અક્ષરપુરુષોત્તમની ઉપાસના જીવમાં દૃઢ કરી, એ ઉપાસનાના ધારક પ્રગટ સત્પુરુષ પ્રાતઃસ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ - શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીના સ્વરૂપને ઓળખી, તેમાં જોડાઈ, તેમની આજ્ઞામાં રહીએ, તો ઉપાસનાનું આ જ્ઞાન સિદ્ધ થાય. સૌ મુમુક્ષુ જીવોએ આ જ્ઞાન સિદ્ધ કરી તેનું વિશેષ પ્રસારણ કરવા પોતાની સેવા આપવી જોઈએ, જેથી શ્રીજીમહારાજના કૃપાના ભાગી બને.

# ઉપસંહાર

## ઉપાસનામાં શું સમજવું ?

અંતમાં આ પુસ્તકના અભ્યાસ પછી, ઉપાસના સંબંધી ખાસ લક્ષમાં રાખવાના મુદ્દાઓ સમજીએ. ભગવાન સ્વામિનારાયણના આ સંપૂર્ણ ઉપાસના સિદ્ધાંતનો જેમના જીવનમાં સાંગોપાંગ સાક્ષાત્કાર છે, તેવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સ્વયં પોતાના પ્રાસાદિક શબ્દોમાં આ ઉપાસના સિદ્ધાંતનો ઉપસંહાર લખ્યો છે. તેને જીવનમાં દૃઢ કરીએ અને ભગવાન સ્વામિનારાયણના સાચા ઉપાસક બનીએ.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના તાત્ત્વિક સિદ્ધાંતો : જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ – એ પાંચ તત્ત્વો નિત્ય છે, સત્ય છે અને પરસ્પર સ્વરૂપતઃ સદાય જુદાં છે.

### પરબ્રહ્મ

અક્ષરાધિપતિ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ નિત્ય, સર્વોપરી, સદા દિવ્ય, સદા સાકાર, નિર્દોષ, માયાપર, એક અને અદ્વિતીય ચૈતન્ય તત્ત્વ છે.

તેઓ પોતાના દિવ્ય અક્ષરધામમાં સદા દિવ્ય દ્વિભુજ આદિ સર્વાંગ સંપૂર્ણ પુરુષાકૃતિ, અતિ પ્રકાશવાન, કિશોરમૂર્તિ થકા દિવ્ય સિંહાસનમાં વિરાજમાન છે. અને મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તથા તે અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામેલા બ્રાહ્મીતનુયુક્ત અનંતકોટિ મુક્તો દાસભાવે તેમને ભજે છે. તેઓ સદા

સ્વાભાવિક અનંત દિવ્ય કલ્યાણકારી ગુણોથી યુક્ત અને માયિક ગુણોથી રહિત છે, નિર્દોષ છે, સર્વદા સર્વઐશ્વર્યસંપન્ન છે, સર્વજ્ઞ છે, સર્વકર્તાહર્તા છે. સકળ સૃષ્ટિના નિમિત્ત અને ઉપાદાન કારણ છે. તેઓ પોતાના દિવ્ય અક્ષરધામમાં વ્યતિરેકસ્વરૂપે વિરાજમાન થકા જ અન્વયસ્વરૂપે અનંતકોટિ બ્રહ્માંડોમાં અંતર્યામીપણે વ્યાપક અને તેના આધાર છે. તેઓ સદાય જીવ, ઈશ્વર, માયા, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મ – એ સર્વે કરતાં અનંત ઘણા સમર્થ અને એ સર્વેના સ્વતંત્રપણે નિયંતા, પ્રેરક અને શરીરી છે. તેઓ પોતાની ઇચ્છાથી સર્વે જીવો તથા ઈશ્વરોના કર્મફળપ્રદાતા છે; અને તેઓની ઇચ્છાશક્તિ, જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિના પ્રેરક છે.

માયિક ઇન્દ્રિય-અંતઃકરણને અગોચર એવા આ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ સ્વયં પોતાના દિવ્ય સંકલ્પથી, કરુણાએ કરીને, અનંત જીવો તથા ઈશ્વરોના આત્યંતિક કલ્યાણને અર્થે અને પોતાના ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે અક્ષરધામમાં રહ્યા થકા જ, પોતાનાં સર્વ દિવ્ય ગુણ, ઐશ્વર્ય આદિ સહિત જ બ્રહ્માંડ-બ્રહ્માંડ પ્રત્યે સાક્ષાત્ મનુષ્યરૂપે પ્રગટ થઈ સર્વેને નયનગોચર થાય છે.

એ પ્રત્યક્ષ પરબ્રહ્મ પરમાત્મા સહજાનંદ સ્વામી મહારાજ, શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. તેઓ જ આપણા સૌના પરમ ઉપાસ્ય છે. અને સદા કાળ પોતાની પ્રત્યક્ષપણે ઉપાસના કરાવવા પોતે અંતર્ધાન થયા પછી પણ સાક્ષાદ્ અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુહરિ દ્વારા સમ્યગ્, અન્વયસ્વરૂપે સદા પ્રગટ રહે છે.

તેઓ સર્વ અવતારના કારણ છે, અવતારી છે, અધિપતિ છે. કોઈ વિશેષ કાર્ય નિમિત્તે તેઓ જ્યારે જીવો તથા ઈશ્વરોના ચૈતન્યોમાં સંકલ્પવિશેષરૂપ અનુપ્રવેશ કરે છે ત્યારે અવતારો સંભવે છે. આ પ્રત્યેક અવતારોના ચૈતન્યો સ્વરૂપ-સ્વભાવે કરીને એકબીજાથી જુદા છે. આ અવતારોની જેમ જ વાસુદેવાદિક ચતુર્વ્યૂહ તથા કેશવાદિક ચોવીસ મૂર્તિઓ વગેરેના ચૈતન્યો પણ સ્વરૂપ-સ્વભાવે કરીને એકબીજાથી જુદા છે.

## અક્ષરબ્રહ્મ

અક્ષરબ્રહ્મ પરબ્રહ્મથી ભિન્ન અને પરબ્રહ્મની જેમ નિત્ય, એક અને

ત્રિગુણાતીત એવું ચૈતન્ય તત્ત્વ છે. તે સદા દિવ્ય છે, અનંત કલ્યાણમય ગુણોથી યુક્ત અને માયિક ગુણોથી રહિત, સદા નિર્દોષ છે. આ અક્ષરબ્રહ્મનાં સ્વરૂપ, ગુણ, ઐશ્વર્ય વિગેરે એકમાત્ર પરબ્રહ્મને જ આધીન છે. અને પરબ્રહ્મની નિત્ય ઈચ્છાથી તે જડચિદાત્મક સકલ સૃષ્ટિનું કારણ, આધાર, વ્યાપક, નિયામક અને શરીરી છે.

આ અક્ષરબ્રહ્મ તત્ત્વતઃ એક જ હોવા છતાં ચાર રૂપે વિભિન્ન સેવારૂપ કાર્ય કરે છે.

અક્ષરબ્રહ્મ ચિદાકાશરૂપે અનંતકોટિ બ્રહ્માંડોની અંદર અને બહાર વ્યાપીને રહે છે, તથા તેને ધારણ કરી રાખે છે.

અક્ષરબ્રહ્મ ધામરૂપે પરબ્રહ્મ અને તેમની સેવામાં રહેલ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તથા અનંતકોટિ અક્ષરમુક્તોનું દિવ્ય નિવાસસ્થાન છે. આ અક્ષરધામ એક જ, નિત્ય અને સદા ત્રિગુણાતીત છે. અક્ષરબ્રહ્મના સાધર્મ્યને પામેલા મુક્તો જ તેમાં પ્રવેશી શકે છે.

અક્ષરબ્રહ્મ સેવકરૂપે એ જ અક્ષરધામમાં પરબ્રહ્મની જેમ જ દિવ્ય, દ્વિભુજ આદિ સર્વાંગ સંપૂર્ણ પુરુષાકારે સદાય પરબ્રહ્મની સેવામાં અક્ષરમુક્તોના આદર્શરૂપે રમમાણ રહે છે.

વળી, એ જ અક્ષર સંસારમાં બદ્ધ જીવો તથા ઈશ્વરોને પોતાના દિવ્ય પ્રસંગથી બ્રહ્મરૂપ કરી પરબ્રહ્મનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કરાવવા માટે, તેઓના આત્યંતિક કલ્યાણ માટે તથા સદા પરમાત્માના પ્રગટપણાની અનુભૂતિ કરાવવા માટે પરબ્રહ્મના સમ્યગ્ અને અખંડ ધારક ગુરુરૂપે તે તે બ્રહ્માંડોમાં પરમાત્મા સાથે મનુષ્યરૂપ ધરી અવતરે છે, સંપ્રદાયની પરંપરાને રક્ષે છે અને સર્વેને પરમ સુખનો અનુભવ કરાવે છે. અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુણાતીત ગુરુઓની આ પરંપરામાં ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ પ્રગટ થયા છે. અને આ પરંપરા અખંડ ચાલુ જ રહે છે. એક કાળે આવા એક જ ગુરુ દ્વારા આત્યંતિક કલ્યાણ(નો) માર્ગ ચાલુ રહે છે.

## માયા

માયા ત્રિગુણાત્મક, પરિણામી નિત્ય, જડ, અનંતકોટિ બ્રહ્માંડરૂપ

સૃષ્ટિનું ઉપાદાન અને વિવિધ વિસ્મયકારી એવી પરબ્રહ્મની શક્તિ છે. આ જ માયા જીવો તથા ઈશ્વરોની અહં-મમતાનો હેતુ હોઈ તેઓની અનાદિ સંસૃતિનું કારણ બને છે. અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ સદાય આ માયાથી અત્યંત નિર્લેપ, પર અને તેના શરીરી છે.

## ઈશ્વર

ઈશ્વર એ પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ અને જીવોથી ભિન્ન એવું નિત્ય ચૈતન્ય તત્ત્વ છે. આ ઈશ્વરો અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મની અપેક્ષાએ અત્યંત અસમર્થ હોવા છતાં જીવોની અપેક્ષાએ વધુ સામર્થ્ય અને જ્ઞાન ધરાવે છે. પરમાત્મા તેઓ(ને) પોતાની ઈચ્છાથી તે તે બ્રહ્માંડની ઉત્પત્તિ વિગેરે કાર્યમાં પ્રેરે છે. આ ઈશ્વરો જીવની જેમ અસંખ્ય, સ્વરૂપતઃ અણુવત્ સૂક્ષ્મ, અચ્છેદ્યાદિ લક્ષણે યુક્ત, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાતા, અનાદિકાળથી માયાથી બદ્ધ, શુભાશુભ કર્મના કર્તા અને તે તે કર્મફળના ભોક્તા છે. પ્રધાનપુરુષ, વિરાટ-પુરુષ, તેનાં ઇન્દ્રિયો-અંતઃકરણના દેવતાઓ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ વિગેરે ઈશ્વર તત્ત્વના ચૈતન્યો છે, અને તે ચૈતન્યો સ્વરૂપ-સ્વભાવે કરીને પરસ્પર જુદા છે.

## જીવ

જીવ એ પરબ્રહ્મ, અક્ષરબ્રહ્મ અને ઈશ્વરોથી ભિન્ન એવું નિત્ય ચૈતન્ય તત્ત્વ છે. આ જીવો અસંખ્ય, સ્વરૂપતઃ અણુવત્ સૂક્ષ્મ, અચ્છેદ્યાદિ લક્ષણે યુક્ત, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાતા, અનાદિકાળથી માયાથી બદ્ધ, શુભાશુભ કર્મના કર્તા અને તે તે કર્મફળના ભોક્તા છે.

## સાધના અને ફળ

આત્યંતિક કલ્યાણ માટે મુમુક્ષુએ પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ, તથા તેમના અખંડધારક પ્રગટ અક્ષરબ્રહ્મસ્વરૂપ ગુરુહરિને વિષે નિર્દોષબુદ્ધિ, પરમ દિવ્યભાવ અને પ્રત્યક્ષ પરબ્રહ્મના ભાવથી દૃઢ પ્રીતિ કરવી. મન, કર્મ, વચને તેમનો દૃઢ પ્રસંગ કરી તેમને અતિશય રાજી કરવા.

આ રીતે સાધના કરનાર મુમુક્ષુઓ એવા જીવો તથા ઈશ્વરો પરબ્રહ્મની કૃપાથી એકાંતિક ધર્મ સિદ્ધ કરી, બ્રહ્મરૂપ થઈ એટલે કે અક્ષરબ્રહ્મના સાધર્મ્યને

પામી પરબ્રહ્મની પરાભક્તિને પામે છે. તેમનાં સઘળાં દુઃખ તથા દોષ કાયમ માટે નાશ પામે છે, અને છતી દેહે પરમાત્માના પરમ આનંદને અનુભવતો રહે છે. પરમાત્માની ઈચ્છાથી આવો બ્રહ્મરૂપ ભક્ત દેહ મૂકીને અર્ચિમાર્ગે પરમાત્માના અક્ષરધામને પામી, બ્રાહ્મીતનુએ યુક્ત થઈ સદાય અક્ષરધામાધિપતિ પરબ્રહ્મની દાસભાવે દર્શનરૂપ સેવા કરતો થકો દિવ્ય આનંદને ભોગવતો રહે છે.

## અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનું તાત્પર્ય

અક્ષરપુરુષોત્તમ ઉપાસના એટલે અક્ષર અને પુરુષોત્તમ – એમ બે તત્ત્વોની ઉપાસના નહીં, પરંતુ અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ઉપાસના. અર્થાત્ બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના. તેથી મનુષ્યરૂપે વિચરતા પરબ્રહ્મના સ્વધામગમન બાદ પણ બ્રહ્મસ્વરૂપ ગુરુના ભાવને લીન કરીને તેમના દ્વારા પરમાત્મા જ સ્વયં વિચરતા હોવાથી તે પ્રત્યક્ષ ગુરુહરિનો પ્રસંગ કરનાર મુમુક્ષુને ઉપાસના તો એકમાત્ર પરમાત્માની જ રહે છે.

અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના આ તાત્પર્યમાં જ સ્વામિનારાયણ મહામંત્રના અર્થનો સમાવેશ થઈ જાય છે. જેમ કે, સ્વામીરૂપ અર્થાત્ અક્ષરરૂપ થઈને નારાયણની અર્થાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની દાસભાવે ભક્તિ-ઉપાસના કરવી.

## સમાપન

આમ, આ તાત્ત્વિક સિદ્ધાંતો વૈદિક, સનાતન, શ્રીજીપ્રબોધિત અને ગુણાતીત ગુરુપરંપરા દ્વારા પ્રવર્તાવેલ છે. તેથી બોચાસણવાસી શ્રી અક્ષર-પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના સૌ આશ્રિતોએ આ પ્રમાણે સમજણ દૃઢ કરવી, અને અન્ય મુમુક્ષુઓને કરાવવી.

**– શા. નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના જય સ્વામિનારાયણ.**

ગુરુપૂર્ણિમા, સંવત ૨૦૬૪, બોચાસણ.
(સને ૨૦૦૮)

★

## ઉપાસનામાં શું ન સમજવું ?

૧. પુરુષોત્તમ નારાયણ જે શ્રીજીમહારાજ તે અવતારાદિક કે આચાર્ય કે ભક્ત જેવા છે, તેમ ન સમજવું.
૨. ભગવાન પૃથ્વી પર પ્રગટે છે ત્યારે તેઓ ધામમાં હોતા નથી (ધામ ખાલી હોય છે), તેમ ન સમજવું.
૩. એકલા પુરુષોત્તમ જ છે અને અક્ષર (અક્ષરબ્રહ્મ જેવું તત્ત્વ) નથી, તેમ ન સમજવું.
૪. એકલા અક્ષરબ્રહ્મ જ છે. પુરુષોત્તમ પણ તેમાં જ રહ્યા છે, અને તે દ્વારે જ રહી શકે છે. અર્થાત્ સ્વરૂપ-સ્વરૂપી ભેળા છે, તેમ ન સમજવું.
૫. મુક્તિ અવસ્થામાં પણ મુક્તનો આત્મા અક્ષરબ્રહ્મના સાધર્મ્યને નથી પામતો, તેમ ન સમજવું.
૬. જીવાત્મા અને પરબ્રહ્મ જુદા નથી (એક જ છે), તેમ ન સમજવું.
૭. મુક્ત અને અક્ષરબ્રહ્મ જુદા નથી (એક જ છે), તેમ ન સમજવું.
૮. મુક્ત અને પુરુષોત્તમ જુદા નથી (એક જ છે), તેમ ન સમજવું.
૯. અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મ જુદા નથી (એક જ છે), તેમ ન સમજવું.
૧૦. સેવકરૂપે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે જ નહિ, અક્ષરબ્રહ્મ કેવળ નિરાકાર છે, અથવા કેવળ ધામ છે, અથવા કેવળ દિવ્ય તેજ છે, તેમ ન સમજવું.
૧૧. શ્રીજીમહારાજની ચાખડી, ડગલી, ગોદડી, ઓરડી વગેરે સંબંધવાળી વસ્તુઓ મૂળ અક્ષરબ્રહ્મ છે, તેમ ન સમજવું. (શ્રીજીમહારાજના સંબંધવાળી વસ્તુઓ દિવ્ય છે પણ તેને અક્ષરબ્રહ્મ ન કહી શકાય.)
૧૨. સદ્. ગુણાતીતાનંદ સ્વામી ઉપરાંત બીજા પરમહંસોને પણ અનાદિ મૂળ અક્ષરબ્રહ્મ કહી શકાય, તેમ ન સમજવું.
૧૩. પરબ્રહ્મ પરમાત્મા તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત વગર કેવળ મૂર્તિ કે શાસ્ત્રને આશરે બ્રહ્મરૂપ - એકાંતિક થઈ શકાય છે, તેમ ન સમજવું.
૧૪. આજ્ઞા પાળ્યા વગર, શિક્ષાપત્રી પાળ્યા વગર, અથવા તેને ગૌણ કરીને મોક્ષ મળી શકે છે, તેમ ન સમજવું.
૧૬. વચનામૃતાદિ સત્શાસ્ત્રોનું રહસ્ય તથા ભગવાનનો નિશ્ચય[૪૩] પ્રગટ

---

૪૩. 'શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ ઇત્યાદિક સંતનાં લક્ષણ તેને ➤

બ્રહ્મસ્વરૂપ સંતના સમાગમ કે કૃપા વગર સ્વતંત્રપણે સમજી-સમજાવી શકાય છે, તેમ ન સમજવું.

સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય માટે એવા સંતના વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો ને તેના વચનમાં દૃઢ વિશ્વાસ કરવો તેને નિશ્ચય કહીએ.' (વચ. ગ.અં. ૨૭).

# પરિશિષ્ટ

## અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંત અને સંપ્રદાય અંગે કેટલાક પ્રશ્નો અને તેના ઉત્તરો

સ્વામિનારાયણીય ઉપાસનાના સિદ્ધાંતો આપણે સૂક્ષ્મ રીતે તપાસ્યા. આ લઘુ પુસ્તકમાં વિશદ અને વિસ્તૃત છણાવટને અવકાશ નથી છતાં વચનામૃતો, સ્વામીની વાતો, સંપ્રદાયના અન્ય પ્રચલિત ગ્રંથો, સંપ્રદાયનો ઈતિહાસ, મોટા મોટા પરમહંસોના પ્રસંગો અને બ્રહ્મસ્વરૂપ સત્પુરુષની વાણીના આધારે આપણે જોઈ શક્યા કે આ સિદ્ધાંતો સત્ય, તર્કબદ્ધ, શાસ્ત્રસંમત અને પ્રતીતિકર છે. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે કશું નવું કર્યું નથી કે નથી નવો સંપ્રદાય સ્થાપ્યો. તેમણે તો શ્રીજીમહારાજે નિરૂપેલ બ્રહ્મ-પરબ્રહ્મની ઉપાસનાના સિદ્ધાંતને સાચા સ્વરૂપે જગત સમક્ષ મૂક્યો. તેમણે જો આ કાર્ય ન કર્યું હોત તો પરંપરા અને રૂઢિપ્રિયજનોએ આ સિદ્ધાંતને બહાર જ આવવા ન દીધો હોત. પણ શ્રીજીનું દિવ્ય કાર્ય ઢંકાઈ જવા નિર્માયું જ નથી. આમ છતાં શાસ્ત્રીજી મહારાજના કાર્યમાં અવરોધો ઘણા આવ્યા. પરંતુ શાસ્ત્રીજી મહારાજની ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી પ્રત્યેની અપૂર્વ નિષ્ઠા, શુદ્ધ બ્રાહ્મી સ્થિતિ, ઊંડો શાસ્ત્રાભ્યાસ અને તત્ત્વાન્વેષણ દૃષ્ટિથી રૂઢિચુસ્તોના અવરોધોના આવા પ્રયાસો મિથ્યા થયા, એટલું જ નહીં પણ તેમની નિર્મત્સર સાધુતા આવા પ્રયાસોથી વિશેષ ઝળકી.

કેટલાક પ્રશ્નોના શાસ્ત્રસંમત જવાબો અહીં આપ્યા છે જેથી ગતાનુગતિક, પ્રાવાહિક અણસમજણો દૂર થાય.

**પ્રશ્ન :**

શ્રીજીમહારાજે બાંધેલ મૂળ સંપ્રદાયથી બે ગાદીથી જે જુદા પડ્યા છે એવા વિમુખોની વાત ન સાંભળવી, તેમનો સંગ ન કરવો. નખ, કેશ, દાંત ગમે તેવા સારા હોય પણ સ્થાનમાં હોય તો જ શોભે. સ્થાનભ્રષ્ટ થયા પછી તેનો સ્પર્શ પણ ન થાય. મૂળનું રક્ષણ જેને નથી મળતું તેમાં ધર્મ રહી શકતો નથી વગેરે, અણસમજણો દૂર કરવા શું સમજવું ?

**ઉત્તર :**

આમાં 'સ્થાન' શબ્દ મહત્ત્વનો છે. શ્રીજીમહારાજે સ્થાનનો અર્થ કર્યો છે : **''ચાર વર્ણ અને ચાર આશ્રમ તેને જો પોતપોતાનો ધર્મ તેને સ્થાન જાણવું.** અને તમે ત્યાગી છો તો તમારાથી જો ત્યાગનો પક્ષ મૂકીને ગૃહસ્થને માર્ગે ચલાય તો તે સ્થાન થકી ભ્રષ્ટ થવાણું એમ જાણવું. માટે ગમે તેવો આપત્કાળ પડે અથવા અમે આજ્ઞા કરીએ તો પણ તમારે પોતાના ધર્મમાંથી ચળવું નહીં.'' (વચ. સા. ૯). તથા શિક્ષાપત્રીમાં કહ્યું છે કે ''આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે અમારા સંપ્રદાય થકી બાહેર છે.'' (શિક્ષા. ૨૦૭)

મુમુક્ષુઓએ વિચારવું ઘટે કે પંચવર્તમાનમાં અને અષ્ટ પ્રકારે ધન-સ્ત્રીના ત્યાગમાં સંપૂર્ણ રહેતા સંતો સ્થાનમાં કહેતાં 'સંપ્રદાયમાં' છે ? કે સંપ્રદાયની સ્થૂળ બાંધણીને વળગી રહેતા અને યથેચ્છ વર્તન કરતા ભગવાંધારીઓ ?

શુદ્ધ મુમુક્ષુને શ્રીજીમહારાજે આદેશ આપ્યો છે કે **''સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય ત્યાં કલ્યાણને ઈચ્છવું અને ત્યાં અતિદૃઢ મન કરીને રહેવું.''** (વચ. સા. ૭) આ શબ્દોમાં કોઈ સ્થાન, મંદિર કે વ્યક્તિનો નિર્દેશ નથી. કેવળ ભગવાનના એકાંતિક સાધુનો જ નિર્દેશ છે. શુદ્ધ મુમુક્ષુએ અહીં પણ સંપ્રદાયની માન્ય દેશરેખાઓ ઓળંગી શુદ્ધબુદ્ધિથી એકાંતિક સંતને ઓળખી પોતાનું કલ્યાણ કરવું એવો શ્રીજીમહારાજનો આદેશ છે.

છતાં સત્સંગથી બાહેર નીકળી જવાણું હોય તો પણ જેને સ્વરૂપનિષ્ઠા દૃઢ છે તેને માટે શ્રીજીમહારાજની હૈયાધારણા છે જ. શ્રીજીમહારાજ કહે છે : ''સર્વોપરી ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે

ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. અને જે એમ જાણતો હોય ને તેથી જો કદાચિત્ સત્સંગથી બાહેર નીસરી જવાણું તોય પણ તેને ભગવાનની મૂર્તિમાંથી હેત ટળતું નથી. અને તે હમણાં તો સત્સંગથી બાહેર છે, પણ દેહ મૂકીને તો અંતે ભગવાનનું જે અક્ષરધામ તેને વિષે ભગવાનને સમીપે જશે અને હમણે સત્સંગમાં રહેતો હશે અને શાસ્ત્રના વચનમાં પણ રહેતો હશે અને તેને જો ભગવત્સ્વરૂપની પાકી નિષ્ઠા નહીં હોય તો તે જ્યારે દેહ મૂકશે ત્યારે કાં તો બ્રહ્મના લોકમાં જશે ને કાં તો કોઈક બીજા દેવતાના લોકમાં જશે પણ તે પુરુષોત્તમ ભગવાનના ધામને વિષે નહિ જાય.'' (વચ. ગ.મ. ૯)

શાસ્ત્રીજી મહારાજે બહાર (સ્થૂળ અર્થમાં બહાર) રહીને પણ અનેક જીવોને આવી સર્વોપરી નિષ્ઠા કરાવી તો તે ભગવાનની સમીપમાં જ છે.

ધર્મનું કુળ કયું ? જે ધર્મસુતનાં વચન પાળે તે જ ધર્મકુળ છે. ધર્મ સંબંધી ભગવાનના કલ્યાણકારી ગુણો ધારી રહે તે ધર્મકુળ.

શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે : **''એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે તે જ અમારે તો સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે ને ભગવાનના ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે.''** (વચ. ગ.અં. ૨૧)

આથી, જે ધર્મ પાળે છે તે જ શ્રીજીમહારાજને વહાલા છે, તેની સાથે જ તેમનો સંબંધ છે. શ્રીજીમહારાજે કહેલી આજ્ઞાઓ જે લોપે છે તેને જ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં વિમુખ કહ્યા છે.

**પ્રશ્ન :**

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો, સંપ્રદાયના ગ્રંથોમાં ખાસ ઉલ્લેખ નથી. તે છતાં તેમની આટલી મોટપ શાથી ?

**ઉત્તર :**

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''બ્રહ્મા બેઠા હોય ત્યાં શુકજી તથા સનકાદિકથી વાત થાય નહિ, કેમ જે લોકમાં એમની વાત પ્રમાણ થાય નહિ, શાથી જે તેમની લોકમાં પ્રસિદ્ધિ નહિ, ને જેનું નામ લોકમાં પ્રમાણ થતું હોય તેનું તો ઠેકાણું ય ન હોય.'' (સ્વા.વા. ૪/૬૩)

માટે ગ્રંથોમાં જેમનો ઉલ્લેખ મળે છે તે સર્વ મોટા જ હોય છે એવું પણ ઘણી વાર નથી હોતું અને જેમનો ઉલ્લેખ ગ્રંથોમાં ન મળતો હોય તે સર્વે મોટા નથી એવું પણ નથી બનતું.

સ્વામીની વાતુંમાં પણ લખ્યું છે કે ''પર્વતભાઈનું નામ ગ્રંથમાં ક્યાંય લખ્યું નથી પણ એ તો અતિશય મોટા હતા.'' (સ્વા.વા. ૫/૧૪૩)

શ્રીમદ્‌ભાગવતમાં શ્રી રાધાજીનું નામ ક્યાંય નથી અને ગોલોક ધામનો પણ કોઈ ઠેકાણે ઉલ્લેખ નથી. વૈકુંઠનો જ ઉલ્લેખ છે, છતાં જો રાધાજી ખરા ભક્ત હતાં તો પ્રગટ થયાં અને શ્રીકૃષ્ણ ભગવાનનું ધામ ગોલોક હતું તો સૌને જણાયું.

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પણ ચોસઠપદીમાં કહ્યું છે :

'જોને શુકજીને જડભરત કો' કોણે મોટા જાણ્યા રે,
હતા નિષ્કુળાનંદ એ સમર્થ, પછી સહુએ પરમાણ્યા રે.'

*(નિ. કા. ચોસઠપદી : ૪૬)*

શુકદેવજી અને જડભરત ખરેખર મોટા હતા તો પાછળથી પ્રસિદ્ધ થયા. અને સહુએ તેમની મોટપનું પ્રમાણ કર્યું. તે જ પ્રમાણે સ્વામી અને મહારાજનાં સ્વરૂપો જે સનાતન સત્ય છે તેમની મોટપ દિગંતમાં પ્રસરી છે એ સ્વામી અને મહારાજનો પ્રતાપ છે.

**પ્રશ્ન :**

શિક્ષાપત્રીમાં લખ્યું છે કે ''આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી.'' (શિક્ષા. ૬૧)

પૂજાની મૂર્તિઓ પણ આચાર્યશ્રી આપે તો જ પૂજાય. દીક્ષા આપવાનો અધિકાર પણ આચાર્યશ્રીને જ છે. તો મહારાજની આ આજ્ઞાનો અભિપ્રાય શો છે ?

**ઉત્તર :**

શાસ્ત્રકારો આચાર્યની વ્યાખ્યા કરતાં કહે છે : ''કેવળ શાસ્ત્રનો અભ્યાસ જ નહિ, પણ તે મુજબનું આચરણ જેનું હોય તે આચાર્ય કહેવાને

યોગ્ય બને છે.''[૪૪]

એવા સદ્‌ગુણોએ યુક્ત આચાર્ય પ્રતિષ્ઠા કરે તો જ મૂર્તિમાં દૈવત આવે છે. તેથી અખંડ નૈષ્ઠિક વ્રતધારી બ્રાહ્મીસ્થિતિના અખંડ ધારક શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામીના વરદ હસ્તે પ્રતિષ્ઠિત મૂર્તિઓ દિવ્ય કલ્યાણકારી હોય એમાં આશ્ચર્ય શું છે ?

સંપ્રદાયમાં બુરાનપુર, ધરગામ, ભરૂચ વગેરે મંદિરોમાં અનુક્રમે પરમ-ચૈતન્યાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામીએ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી હતી.

'પછી સંતને કહે સુખકંદ, સુણો પરમચૈતન્યાનંદ;
તમે બુરાનપુરમાં સિધાવો, લક્ષ્મીનારાયણ પધરાવો;
અમોથી જનને સુખ જેવું, તમોથી પણ ત્યાં થશે તેવું;
સુણો સ્વયંપ્રકાશાનંદ, તમે પણ મુનિગણના છો ચંદ;
માટે જાઓ તમે ધરગામ, કરો જૈને પ્રતિષ્ઠાનું કામ.'

*(શ્રીહરિલીલામૃત : ૯-૬)*

શ્રીજીમહારાજે પોતાની હયાતીમાં (સં. ૧૮૮૬ના માગશર સુદ ૬) બુરાનપુર અને ધરગામનાં મંદિરોમાં પોતાના કૃપાપાત્ર સંતો દ્વારા મૂર્તિ-પ્રતિષ્ઠા કરાવી હતી. આચાર્યશ્રીએ આરતી તો તે પછી ઘણાં વર્ષે ઉતારી હતી. આ ઉપરાંત, બીજા પણ એવા દાખલા છે કે જ્યાં આચાર્યશ્રીએ મૂર્તિ-પ્રતિષ્ઠા પછી ઘણા સમય બાદ મૂર્તિઓની આરતી ઉતારી હોય. શું ત્યાં સુધી સંપ્રદાયના આશ્રિતોએ એ મંદિરોમાં મૂર્તિનું દર્શન-સેવન કર્યું ન હતું ?

હરિભક્તોને પૂજામાં અપાતી મૂર્તિઓ બધી જ શું આચાર્ય આપે છે ? છતાં આ મૂર્તિઓની નિત્યપૂજા હરિભક્તો કરતા નથી ?

આચાર્યને પણ વર્તમાન મોટા સંતો ધરાવે છે. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજને સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીએ વર્તમાન ધરાવ્યાં હતાં. તે તેમણે પોતાના કીર્તનમાં નોંધ લીધી છે :

---

૪૪. आचिनोति हि शास्त्रार्थानाचारे स्थापयत्यपि ।
स्वयमाचरते यस्मादाचार्यस्तेन चोच्यते ॥
स्वयमाचरते यस्तु स्वाचारे स्थापयत्यपि ।
आचिनोति हि शास्त्रार्थान् आचार्यस्तेन चोच्यते ॥ (लिंगपुराण, उत्तर, २०/२०)

'અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી, તેણે આપ્યાં વર્તમાન.'

દીક્ષાની બાબતમાં પણ 'સત્સંગિજીવન'માં શ્રીજીમહારાજ કહે છે : 'આ લોકમાં ધર્મભક્તિયુક્ત અર્થાત્ પરમ એકાંતિક સંત થકી દીક્ષા ગ્રહણ કરીને, ભક્તિના આધારભૂત ભગવાનની જે દિવ્યમૂર્તિ તે સદ્‌ગુરુ થકી મેળવવી, કારણ કે એવા ગુરુએ પૂજેલી પ્રતિમા જ શિષ્યના ધ્યાન માટે યોગ્ય છે, એ રીતે ગુરુ થકી દીક્ષા પ્રતિમા (અર્ચા) આદિક પામીને ગુરુના કહેવા મુજબ ભગવાનની ભક્તિ, આળસનો ત્યાગ કરીને કરવી.'[૪૫]

આ શ્લોકમાં શ્રીજીમહારાજે જણાવ્યા પ્રમાણે ધર્મભક્તિનિષ્ઠ એવા પરમ ભાગવત સંત દીક્ષા આપવા માટે તથા પ્રતિમાની પ્રતિષ્ઠા કરવા સર્વથા યોગ્ય જ છે.

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના પુત્ર માધવજીભાઈને તથા સદ્‌ગુરુ અદ્‌ભુતાનંદ સ્વામીના બંને ભાઈઓને દીક્ષા આપી હતી તેવા ઉલ્લેખો છે.[૪૬]

**પ્રશ્ન :**

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તો સાધુઓ હતા, તેમને વસ્ત્ર, અલંકાર, આભૂષણો પાઘ અને વાઘા ધરાવવાં યોગ્ય છે ?

**ઉત્તર :**

શ્રીજીમહારાજના ધામમાં આ ભક્તો ગુણાતીતાનંદ સ્વામી કે ગોપાળાનંદ સ્વામી રૂપે જ રહે છે ? વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : ''ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે. એને વિષે તો મનુષ્યભાવ લાવવો જ નહિ.'' (વચ. ગ.મ. ૬૩) તથા ''ભગવાન જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ અને

---

૪૫. संप्राप्य दीक्षामिह भक्तिधर्मयुक्ताद् गुरोर्भागवतीं नरः प्राक्।
अर्चां ततः प्राप्य तदुक्तरीत्या भक्तिं विदध्यादपतन्द्रि विष्णोः॥
(સત્સંગિજીવન : ૨/૫૧/૯)

૪૬. જુઓ નિષ્કુળાનંદ સ્વામીનું જીવનચરિત્ર - ભક્તચિંતામણિ તથા નિષ્કુળાનંદ કાવ્યના અગ્ર ભાગમાં. પ્રસિદ્ધકર્તા વડતાલ સંસ્થાન.

ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ અને પોતાનાં જે સર્વે ઐશ્વર્ય તે સહિત પધારે છે, પણ એ બીજાના દેખ્યામાં આવે નહિ.'' (વચ. ગ.પ્ર. ૭૧). તે સૌ ધામના મુક્તો છે તેમના વિષે 'આ સાધુ છે, ને આ લોકના મનુષ્ય છે' તેવો ભાવ લાવે તે પ્રાકૃત બુદ્ધિવાળા છે.

આ સિદ્ધાંત અનુસાર જ બ્રહ્મચારીઓ, પૂજારીઓ પણ રાધિકાજી, લક્ષ્મીજી આદિ ભક્તો સ્ત્રીઓ છે છતાં તેમને વસ્ત્ર-અલંકાર ધરાવે છે અને તેમની પૂજા-આરતી કરે છે. જો તેમાં દેવ બુદ્ધિ ન હોય તો તેમની પૂજા સાધુ-બ્રહ્મચારીથી થાય જ નહિ. હનુમાનજી જેવા બ્રહ્મચર્ય વ્રતધારી ભક્તોને પણ જરિયાન વસ્ત્રો અને મુકુટ ધરાવાય છે તો પ્રગટ ભગવાનના ભક્તોને કેમ નહિ ?

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : ''એ સાધુ જ્યારે ભગવાનના ધામને પામે છે, ત્યારે અનંત કોટિ બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક ઈશ્વર તો ભગવાનને અર્થે જેમ અનંત પ્રકારની ભેટ સામગ્રીઓ લાવે છે તેમ સાધુને અર્થે પણ લાવે છે.'' (વચ. ગ.મ. ૨૨). જો બ્રહ્માદિક ઈશ્વરો એવી ભેટ-સામગ્રીઓ ધરે તો આપણે એ ભક્તોની એવી રીતે પૂજા કરીએ તેમાં ખોટું શું છે ? શ્રીજીમહારાજે પોતે ગુણાતીતાનંદ સ્વામીને અનેક વખત પોતાની પ્રસાદીનાં વસ્ત્રો, પાઘ વગેરે અર્પણ કર્યાં હતાં તે વાત શ્રી અચિંત્યાનંદ બ્રહ્મચારીએ સ્તુતિમાં લખી છે :

**मुहुर्यस्मै प्रादात्पुरुमुदमितो यद्वरगुणै-**
**र्हरिर्हारान् पौष्पान्निजतनुधृतानङ्गदमुखान् ।**
**स्वभुक्तं सद्भोज्यं वरवसनमुख्यं स्वविधृतं**
**गुणातीतानन्दं मुनिवरमहं नौमि सततम् ॥**

અર્થાત્ જેમના શ્રેષ્ઠ ગુણોથી ભગવાન શ્રી સહજાનંદ સ્વામી અત્યંત પ્રસન્ન થતા અને તે જ કારણે પોતાના શરીર પર ધારણ કરેલા પુષ્પના હાર તથા બાજુબંધ વગેરે, તેમજ પોતે જમેલ પ્રસાદી તથા પોતે ધારણ કરેલાં પ્રસાદીભૂત શ્રેષ્ઠ વસ્ત્રો વગેરે પણ જેમને અર્પણ કરતા હતા, તે મુનિવર શ્રી ગુણાતીતાનંદ સ્વામીની હું નિરંતર સ્તુતિ કરું છું.

ગઢપુરમાં અક્ષર ઓરડીમાં તથા અમદાવાદમાં અક્ષર ભવનમાં જે અક્ષરધામનો તક્તો - ચિત્રપ્રતિમા છે તેમાં શ્રીજીમહારાજની જેમ જ દરેક

અક્ષરમુક્તને દિવ્ય વસ્ત્ર, અલંકાર તથા મુકુટસહિત જ બતાવ્યા છે.

આથી, વચનામૃત વચ. વર. ૫ પણ સો જન્મની કસરને એક જન્મમાં ટાળવાનો ઉપાય ભગવાન સાથે ઉત્તમ ભક્તની સરખી સેવાને દર્શાવી છે. તો આને આ જન્મે કરીને આવા ઉત્તમ ફળથી શા માટે વંચિત રહેવું અને શા માટે સો જન્મની કસર આ જન્મે જ ટાળી ન નાખવી ?

**પ્રશ્ન :**

શ્રીજીમહારાજ સિવાય કોઈનું ધ્યાન ન થાય. શિક્ષાપત્રીમાં પણ બ્રહ્મવેત્તાનું ધ્યાન કરવાનો નિષેધ છે. તો સંતનું ધ્યાન થાય જ કેમ ?

**ઉત્તર :**

ધ્યાન અર્થાત્ મનન, સ્મરણ, ચિંતવન.

શિક્ષાપત્રીમાં ૧૧૬મા શ્લોકમાં પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે એકતાની વિભાવના કરવાની કહી છે, તે એક પ્રકારે અક્ષરબ્રહ્મના ધ્યાનની જ આજ્ઞા છે, કારણ કે ભાવના કરવામાં અક્ષરબ્રહ્મનું ચિંતવન તો અવશ્ય કરવું પડે. તે એક પ્રકારનું ધ્યાન જ છે.

તે જ રીતે બ્રહ્મરૂપ થવા માટે શ્રીજીમહારાજ કહે છે : ''એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે.'' (વચ. ગ.મ. ૩૧)

તો મનન કરતાં તેમનાં ગુણો, વિભૂતિ, ઐશ્વર્યનું ધ્યાન ન થાય ?

ધ્યાનના અનેક પ્રકાર શાસ્ત્રમાં ગણાવ્યા છે :

(૧) સાંગ ધ્યાન અર્થાત્ પરમાત્માનાં શ્રીઅંગોનું ધ્યાન

(૨) સપાર્ષદ ધ્યાન અર્થાત્ ભક્તે સહિત ભગવાનનું ધ્યાન.

વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : ''રાધિકાએ સહિત એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેનું ધ્યાન કરવું.'' (વચ. ગ.પ્ર. ૫) તે રીતે ભક્તે સહિત ભગવાનનું ધ્યાન કરવામાં શ્રીજીમહારાજ પોતાની રુચિ જણાવે છે, જે સપાર્ષદ ધ્યાનમાં ગણી શકાય.

શ્રીજીમહારાજ કહે છે : ''એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે અને તે તેજોમય એવું જે

અક્ષરબ્રહ્મ, તેને વિષે મૂર્તિમાન એવા તે પુરુષોત્તમ ભગવાન ને તે ભગવાનના જે ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે.'' (વચ. ગ.મ. ૫૦) જો ભગવાન જ ભક્ત સાથે પ્રીતિ જોડે, તો આપણને શો વાંધો હોય ?

નિર્વિકલ્પ નિશ્ચય પામવા પણ શ્રીજીમહારાજ કહે છે : ''એવું જે પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે.'' (વચ. લો. ૧૨) ધામરૂપ અક્ષરરૂપે થવા માટે પણ તેમનું ધ્યાન અનિવાર્ય બને છે.

શ્રીજીમહારાજ અહીં સ્પષ્ટ આજ્ઞા કરે છે : ''જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમજ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે.... તો સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે.'' (વચ. વર. ૫)

બ્રહ્મસ્વરૂપ સત્પુરુષનો ભાવ લીન કરીને જ્યારે સ્વયં શ્રીજીમહારાજ જ વિચરતા હોય ત્યારે બ્રહ્મસ્વરૂપ સત્પુરુષનું ધ્યાન કરનાર સાક્ષાત્ શ્રીજીમહારાજનું ધ્યાન કરે છે.

તેથી કહ્યું છે :

**ध्यानमूलं गुरोर्मूर्तिः पूजामूलं गुरोः पदम् ।**
**शास्त्रमूलं गुरोर्वाक्यम् मोक्षमूलं गुरोः कृपा ॥**

તેથી શ્રીજીમહારાજના ધામરૂપ અક્ષરબ્રહ્મ સાકાર મનુષ્ય સ્વરૂપે પૃથ્વી ઉપર બિરાજમાન હોય ત્યારે તે સ્વરૂપ પણ શ્રીજીમહારાજ તથા તેમના અર્ચા સ્વરૂપની માફક સદા ધ્યાન કરવા યોગ્ય છે.

શિક્ષાપત્રીમાં બ્રહ્મવેત્તાનું ધ્યાન કરવાની ના પાડી છે (શિક્ષા. ૧૧૫), કારણ જીવદશામાંથી જે જ્ઞાન પ્રાપ્ત થવાથી મુક્તદશા પામ્યા હોય તેનું ધ્યાન કરવામાં લાભ નથી.[૪૭] આ પ્રમાણે કહેતાં સદ્. શતાનંદ મુનિ પોતાના શિક્ષાપત્રી-ભાષ્યમાં ખાસ જણાવે છે કે શૌનક મુનિના કથન[૪૮] અનુસાર 'નૈસર્ગિક' અર્થાત્ 'અમલબ્રહ્મ' શબ્દોથી અનાદિ શુદ્ધ ચૈતન્ય બ્રહ્મનું ભગવાન

૪૭. पश्चादुद्‌भूतबोधाश्च ध्याने नैवोपकारकाः ।

૪૮. नैसर्गिको न वै बोधस्तेषामप्यन्ततो यतः ।
तस्मात्तदमलं ब्रह्म निसर्गादेव बोधवत् ॥

સાથે ધ્યાન કરવામાં કોઈ બાધ નથી.

**પ્રશ્ન :**

સ્વામિનારાયણ એક જ શબ્દ છે. તેની સ્વામી અને નારાયણ વ્યુત્પત્તિ શું સંભવિત છે ?

**ઉત્તર :**

શ્રીજીમહારાજ રામાનંદ સ્વામી પાસે પધાર્યા. રામાનંદ સ્વામીએ મહારાજને ધર્મધુરા સોંપી અને ધામમાં પધાર્યા તે વખતે મુક્તાનંદ સ્વામી, લાલજી સુતાર, પર્વતભાઈ, આણંદજી સંઘેડિયા વગેરે રામાનંદ સ્વામીના શિષ્યોએ મનમાં ગાંઠ વાળેલી કે રામાનંદ સ્વામી આપણા ગુરુ અને વર્ણી (મહારાજ) તો આપણા ગુરુભાઈ છે. તે વર્ણી હથેળીમાં આપણને રાધાકૃષ્ણ દેખાડે તો પણ આપણે રામાનંદ સ્વામી વગર બીજા કોઈને ભગવાન માનવા નહિ. આવો દૃઢાવ સૌએ કરેલો. આ પરિસ્થિતિમાં રામાનંદ સ્વામીના તેરમાને દિવસે મહારાજે 'સ્વામિનારાયણ'નું ભજન કરાવ્યું, તે કઈ રીતે કરાવ્યું હતું તે વિચાર માગી લે છે.

કારણ, હજુ તો રામાનંદ સ્વામીના વિરહની વેદના ભક્તોને શમી નથી. સૌને રામાનંદ સ્વામીના સ્વરૂપમાં અવિચળ નિષ્ઠા છે અને રામાનંદ સ્વામીની પાદુકાનું જ સૌ પૂજન કરે છે અને ગુરુએ વર્ણીને ગાદીએ સ્થાપેલા છે છતાં હજુ સૌ તેમને ગુરુની ગાદીએ બેસાડતા નથી પણ બાજુમાં જ બેસાડે છે. તેવા સંજોગોમાં શ્રીજીમહારાજ સૌને સ્વામિનારાયણનું ભજન કરાવે છે તે કઈ માન્યતાથી ?

આના અનુસંધાનમાં ઉત્તરોત્તર ઘણા પ્રસંગો વિચારવા જેવા છે.

રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને દીક્ષા આપી અને 'સહજાનંદ' તથા 'નારાયણમુનિ' એવા નામ પાડ્યાં હતાં. તો જો મહારાજને પોતાનું એકલાનું જ ભજન કરાવવું હોય, તો 'નારાયણમુનિ, નારાયણમુનિ....' એવું ભજન કરાવત.

વળી, મહારાજે સમાધિ પ્રકરણ શરૂ કર્યું ત્યારે મુક્તાનંદ સ્વામી અકળાઈ ગયા અને કચ્છથી દોડતાં આવ્યા અને મહારાજને ખૂબ ઠપકો

આપતાં કહ્યું કે 'આ શું પાખંડ ચલાવો છો ?' ત્યારે મહારાજે જે ઉત્તર આપ્યો તે બહુ વિચારવા જેવો છે.

મહારાજે નમ્રતાથી મુક્તાનંદ સ્વામીને સમજાવ્યું કે **"અમે તો અમારા ગુરુ રામાનંદ સ્વામીનું ભજન સૌને કરાવીએ છીએ અને તેમાં સૌને આ સમાધિ થઈ જાય છે તેમાં અમે શું કરીએ ?"** હવે મહારાજ તો 'સ્વામિનારાયણ' મંત્ર બોલાવતા હતા. તેમાં રામાનંદ સ્વામીનું નામ તો આવ્યું નહિ, તો રામાનંદ સ્વામીનું ભજન કઈ રીતે થયું ? પણ અહીં 'સ્વામિનારાયણ' શબ્દમાં 'સ્વામી' એટલે રામાનંદ સ્વામી કહેતાં 'સદ્‌ગુરુ ભક્ત' અને તેમનામાં 'નારાયણ' કહેતાં શ્રીકૃષ્ણ રહ્યા છે. એટલે 'સ્વામિનારાયણ' એમ શબ્દનું તાત્પર્ય સમજવાનું છે.

કારણ, રામાનંદ સ્વામી ઉદ્ધવનો અવતાર હતા, ઉદ્ધવ શ્રીકૃષ્ણના ભક્ત હતા. રામાનંદ સ્વામીને પણ શ્રીકૃષ્ણની ઉપાસના હતી. તેથી ભક્ત તરીકે તેમનામાં શ્રીકૃષ્ણ રહ્યા છે અને તેવા ભક્તે સહિત ભગવાનનું, ગુરુએ સહિત ગોવિંદનું, સ્વામીએ સહિત નારાયણનું ભજન શરૂઆતમાં મહારાજે પ્રવર્તાવ્યું. તે મુક્તાનંદ સ્વામીને આપેલા તેમના ઉત્તરમાંથી ચોક્કસ થાય છે.

પછી સૌને મહારાજનો મહિમા સમજાયો. મુક્તાનંદ સ્વામીને કાલવાણીમાં રામાનંદ સ્વામીએ દર્શન દીધાં ને તેમણે મહારાજને ઊંચકીને રામાનંદ સ્વામીની ગાદીએ બેસાર્યા અને 'જય સદ્‌ગુરુ સ્વામી....' આરતી ઉતારી. આથી સૌ સમજવા લાગ્યા કે રામાનંદ સ્વામી એ જ આ સહજાનંદ સ્વામી છે – 'સદ્‌ગુરુ' છે અને તેમનામાં 'નારાયણ' કહેતાં શ્રીકૃષ્ણ રહ્યા છે. તેમ સમજીને 'સ્વામિનારાયણ' મંત્રનું ભજન કરતા.

જ્યારે સંવત ૧૮૬૮માં સારંગપુરમાં રાઠોડ ધાધલને ત્યાં ફૂલદોલ ઉત્સવ થયો ત્યારે મહારાજ સંતો સાથે રાસ રમ્યા અને કબીરની હોરી બોલ્યા :

'કોટિ કૃષ્ણ જોડે હાથ... સદ્‌ગુરુ ખેલે વસંત...'

મહારાજે પૂછ્યું : "એ સદ્‌ગુરુ કોણ ?"

ત્યારે સૌ સંતો બોલ્યા કે "એવા સદ્‌ગુરુ તો મહારાજ આપ !"

ત્યારે ગુણાતીતાનંદ સ્વામીની છાતીમાં છડી અડાડી મહારાજ બોલ્યા કે **"એવા સદ્‌ગુરુ તો ગુણાતીતાનંદ સ્વામી છે અને અમે ભગવાન છીએ !"**

અહીં સ્પષ્ટ થાય છે કે સૌ સંતો મહારાજને સદ્‌ગુરુ તરીકે જાણતા હતા

પણ હજુ ભગવાનપણાનો ભાવ લાવી શક્યા ન હતા. તેમજ ગુણાતીતાનંદ સ્વામીને 'સદ્ગુરુ' તરીકે ઓળખાવી મહારાજે સૌને સમજાવ્યું કે તેમનામાં 'નારાયણ' એવો 'હું' અખંડ રહ્યો છું.

અહીં લક્ષણા લેવાની હોય છે. જેમ 'ખોરડા ઉપર બીજ' તેમાં બીજ ખોરડા ઉપર નથી પણ ખોરડાની નિશાની રાખી, તેના ઉપર બીજ જોવાની છે.

તે જ પ્રમાણે શિક્ષાપત્રીમાં મહારાજે શ્લોક ૧૦૯-૧૧૦ કહ્યું છે કે ''રાધિકાજીએ યુક્ત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા તથા લક્ષ્મીજીએ યુક્ત હોય ત્યારે 'લક્ષ્મીનારાયણ' તથા અર્જુને યુક્ત હોય ત્યારે 'નરનારાયણ' એવે નામે જાણવા.'' તેમાં નવું શું કહ્યું ? મહારાજને શા માટે સ્પષ્ટતા કરવી પડી ? લોકમાં તો સૌ તે જાણતા હતા, પણ મહારાજનું કહેવાનું તાત્પર્ય એ છે કે જેવી રીતે રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ તેવી રીતે **પોતાના ઈષ્ટદેવ જે સહજાનંદ સ્વામી – 'નારાયણ' તેમને પણ તેમના ઉત્તમ ભક્તે સહિત – ગુણાતીતાનંદ 'સ્વામીએ સહિત' – જ્યારે આપણે ભજીએ ત્યારે તેમને 'સ્વામિનારાયણ' એવે નામે જાણ્યા કહેવાય.**

કારણ, વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે ''જેવું પરોક્ષ ભગવાન ને સાધુનું માહાત્મ્ય સમજે છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન અને તેના સાધુનું સમજે તો કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નથી.'' (વચ. ગ.મ. ૨૧)

અને જો મહારાજને બ્રહ્મ અને પરબ્રહ્મ, અક્ષર અને પુરુષોત્તમની વાત ન પ્રવર્તાવવી હોત તો વનવિચરણમાં દરેક જગ્યાએ પાંચ ભેદ સંબંધી પ્રશ્નો શા માટે પૂછ્યા ? બ્રહ્મ અને પરબ્રહ્મને અભેદપણે તો સૌ ભજતું જ હતું. તો પછી મહારાજે પ્રગટ થઈ નવું શું કર્યું ? કયો સનાતન સિદ્ધાંત પ્રવર્તાવ્યો ? કઈ રીતે સર્વોપરી ગણાયા ?

'વેદરસ'ના નિર્માની પ્રકરણમાં મહારાજે આ રહસ્ય સમજાવ્યું છે : ''અને અક્ષરને પોતાના આત્માને વિષે એકપણે કરીને જે પુરુષોત્તમ પરમાત્મા છે તેની ઉપાસના કરે છે તે પુરુષને ધન્ય છે.... અને જે પુરુષોત્તમને વિષે સ્વામી-સેવકપણે નથી વર્તતા અને એકત્વપણે કરીને વર્તે છે તેને ધિક્કાર છે.''

કેટલાક વ્યાકરણની દૃષ્ટિએ 'સ્વામિનારાયણ' શબ્દની વ્યુત્પત્તિ બતાવતાં કહે છે કે 'સ્વામિનારાયણ' એક શબ્દ છે. તો પછી મહારાજે

શિક્ષાપત્રીમાં લક્ષ્મીનારાયણ, નરનારાયણ વગેરે શબ્દોની જે વ્યુત્પત્તિ પાડી તે ખોટી પડી જાય. જો ત્યાં આગળ મહારાજ આપણને લક્ષ્મીએ યુક્ત નારાયણ, તથા નરે યુક્ત નારાયણ ભજવાનું કહે છે, તો સ્વામીએ યુક્ત નારાયણ એ પણ એ જ રીતે આપોઆપ પુરવાર થાય છે.

❧ ❧ ❧